# પ્રસાદ નં. ૧૦૮

## સમયસાર ગાથા ૯૪ના પ્રવચનમાંથી.

## (પ્રસાદ નં. ૯૯ના અનુસંધાનમાં)

(માહ સુદ ૧૫, બુધવાર)

અજ્ઞાનથી કર્મ કેવી રીતે ઉત્પન્ન થાય છે, તેનો અધિકાર ચાલે છે. આત્મા પોતાના ચૈતન્ય સ્વભાવને ભૂલીને નવાં કર્મ ઉત્પન્ન કરે છે, તે વાત કહે છે.

**ટીકા :—**સામાન્ય એટલે અજ્ઞાનરૂપ જે ઊંધી માન્યતા, ઊંધું જ્ઞાન અને ઊંધું આચરણ—એ ત્રણ પ્રકારના વિકારી પરિણામ તે, સ્વ-પરના સમસ્ત ભેદને છુપાવે છે. પર એટલે વિકારી ભાવ તથા પરપદાર્થ અને સ્વ એટલે પોતે જાણનાર-દેખનાર, તે બન્નેમાં અવિશેષપણું—એકપણું માને છે અને બેમાં એકપણાનું જ્ઞાન તથા એકપણે લીનતા કરે છે.

ચિદાનંદ સ્વરૂપ આત્મા તથા વિકારના ભેદને ઢાંકી દઈને એટલે કે બન્નેના ભેદને નહિ જાણતો, બન્નેમાં એકપણું કરતો અર્થાત્ આત્મા પરમાત્મસ્વરૂપનો પણ આધાર છે અને વિકારનો પણ આધાર છે, તેમ અજ્ઞાની માને છે. આત્મા વિકારને અને સંસારને લાયક છે એ ભાવ્ય અને ભાવક એટલે જે કર્મ છે તેની ભાવના ભાવતો, પણ આત્મા ચૈતન્ય શુદ્ધ છે તેમ ન ભાવતો, ભાવ્યભાવકભાવને પામેલાં ચેતન-અચેતનપણાનો એક આધાર માની વિકારનો કર્તા થાય છે. ચિદાનંદ સ્વરૂપ આત્મા છે તેને ન ભાવતાં વિકારી પર્યાય ક્ષણે ક્ષણે નવી થાય છે તેની ભાવના ભાવનાર આત્માને અહીં મિથ્યાદ્રષ્ટિ કહ્યો છે.

ચૈતન્ય સ્વભાવને ભૂલીને વિકારની ભાવના ભાવનારને આત્માનો વેરી કહ્યો છે. તે ક્રોધના ભાવને ઉત્પન્ન કરે છે. વ્રત, દયા, દાન, પૂજા આદિની જ માત્ર ભાવના ભાવનાર, આત્માના ત્રિકાળી સ્વભાવનો અનાદર કરે છે. અહો ! પરનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નહિ ટકતો અને પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના આધારે ટકતો એવો આત્મા પર પદાર્થો મેળવવાના અને છોડવાના ભાવની પીંજણીમાં પીંજાઈ ગયો છે. ચૈતન્ય દ્રવ્ય છે તે પોતાની શક્તિ વગરનું કદી હોઈ શકે નહિ, તેવા સ્વભાવને ચૂકીને પરની લીનતામાં આત્મા પોતાનો વિકલ્પ કરે છે કે હું ક્રોધ છું, એટલે આત્માનો વેરી છું.

હું વિકાર છું એમ માનનાર હું નિર્વિકાર નથી, એમ માને છે. સ્વભાવના પડખે જવું તે અઠીક ને વિકારના પડખે જવું તે ઠીક તેમ માનનારને અહીં અનંતાનુબંધી ક્રોધ કહ્યો છે.

ખાનદાન કુટુંબનો દીકરો હોય, ઘરમાં બધી સરખાઈ હોય છતાં પણ હલકી સ્ત્રીની પ્રીતિમાં પડેલો હોય તો તેને ઘરની ખાનદાન સ્ત્રીમાં પ્રીતિ રહેતી નથી. તેમ જે આત્માને વિકારની રુચિ છે તેને ચૈતન્ય શુદ્ધ સ્વભાવની પ્રીતિ રહેતી નથી. વિકારની રુચિવાળો માને છે કે હું ક્રોધ છું, ક્રોધ તે જ આત્મા છે. દયાદાનાદિ કરવાવાળો આત્મા છે તેવો વિકલ્પ ઉત્પન્ન કરે છે. ચૈતન્યદળ જે નિરાલંબી છે તેને વિકારમય માનીને વિકારના ભાવનો તે કર્તા થાય છે.

જેમ ચૂલા ઉપર તપેલામાં ખીચડી રાંધવા મૂકી હોય ત્યારે ધુમાડો થયો હોય તો તેને લીધે અંદરનું પાણી તો દેખાય નહિ પણ આ તપેલુ છે કે માટીનું હાંડલું છે તે પણ દેખાતું નથી. તેમ અજ્ઞાનના ધુમાડામાં આત્મા દેખાતો નથી. તે બફમમાં હું ક્રોધ છું એવો વિકલ્પ ઉત્પન્ન કરી વિકારનો કર્તા થાય છે. બહારમાં સુખદુઃખ માની પરપદાર્થને છોડવા તથા ગ્રહવાના ભાવોમાં રોકાય છે. તેની રુચિ ત્યાં જ કામ કરે છે. આ જ સંસારમાં રખડવાનું કારણ છે.

જેમ પીપળાના ઝાડમાં ઉપર ડાળીની ફાટમાં કોઈ પક્ષીએ લીંબોળી નાખી હોય અને અદ્ધરથી લીંબડો થાય તો તે મૂળ બીજમાંથી થયો હોતો નથી, તેમ આત્મામાં વિકારરૂપી લીંબડો અદ્ધરથી ફાટ્યો છે, મૂળમાં વિકાર નથી, મૂળ બીજમાં કડવાશ નથી. પુણ્યાદિની કડવાશનો ભાવ પર્યાયબુદ્ધિમાંથી ઉત્પન્ન થયો છે, આનું નામ સંસાર છે.

**માન :** એ રીતે અજ્ઞાની માને છે કે હું માની છું, બધું ભલે જાય પણ માન જવું ન જોઈએ. માન માટે મોટી ધમાલ મચાવે. માન મૂકવું પાલવે નહિ. પણ એકેન્દ્રિયપણે અનંતવાર મૂળામાં મફત વેચાયો ત્યારે માન ક્યાં ગયું? તેનું તેને ભાન નથી. વળી પોતાનો નિર્માન સ્વભાવ છે તેની ભાવના ભાવતો નથી, તેથી તે માનનો કર્તા થાય છે.

**માયા :** આત્માનો સ્વભાવ માયા રહિત છે તેની ભાવના નહિ ભાવતાં અજ્ઞાની માયાની ભાવના ભાવ્યા કરે છે. કાંઈ ગુનો કર્યો હોય તેને છુપાવવાના પ્રપંચમાં બીજો ગુનો કરી તેની પૂણી સાંધ્યા કરે છે. અહો! અનંતકાળે મનુષ્યભવ મળ્યો, તેમાં આત્માની ભાવના ભાવતો નથી, પણ કપટના ભાવમાં તલ્લીન રહે છે છતાં બહારમાં તો જે સત્ હોય તે જ આવે છે. અજ્ઞાની કપટના ભાવ કરતો—તેની રુચિ કરતો તેનો કર્તા થાય છે.

**<u>લોભ :</u>** હું લોભી છું. નિર્લોભ એવા આત્મસ્વભાવના ભાન વગર બહારમાં ત્યાગી થાય તો આચાર્ય, ઉપાધ્યાય આદિ પદવીના લોભની ભાવના ભાવે છે અને તેની રુચિ કર્યા કરે છે. અને ગૃહસ્થાવસ્થામાં પૈસા હોવા છતાં, વધારે મેળવવાની ભાવનાના લોભમાં તણાય છે. તે પર્યાયદ્રષ્ટિવાળો હું લોભી છું એવો વિકલ્પ કરી, આત્મા જાણે લોભી જ હોય તેમ તે વિકારભાવનો કર્તા થાય છે.

**<u>મોહ :</u>** હું મોહી છું એમ અજ્ઞાની માને છે. પરમાં સાવધાન રહે છે. પૈસા રાખવા, છોકરાને સાચવવા, દીકરીને સારે ઠેકાણે આપવી વગેરે અનેક પ્રકારે પરની સાવધાનીમાં પોતાની સાવધાનીને ભૂલી જાય છે. પોતે જ્ઞાતા ચૈતન્ય સ્વભાવી છે તેને ભૂલીને, શરીરની ક્રિયામાં તથા દયાદાનાદિના ભાવની ભાવનામાં સાવધાન રહે છે. પણ તેને ભાન નથી કે ક્ષણભરમાં દેહ છૂટી જશે. તે વખતે શરણ ક્યાંય પરમાં નથી. આત્મા જ શરણરૂપ છે, માટે આત્મામાં સાવધાન થા. સંસારમાં પણ કહેવાય છે કે 'સમય વર્તે સાવધાન.' આત્માને સમજવાના આ ટાણાં આવ્યાં છે તો આત્માની ભાવનામાં સાવધાન થા. પણ અજ્ઞાની પરની સાવધાનીમાં રહી મિથ્યાભ્રાંતિનો કર્તા થાય છે. તેથી સ્વભાવની ભાવના તેને રહેતી નથી એટલે તે મોહરૂપ થાય છે.

**<u>રાગ :</u>** હું રાગી છું એવી ભાવના ભાવતો અજ્ઞાની શુભાશુભ ભાવોનો કર્તા થાય છે. આત્મા વીતરાગ સ્વરૂપ છે તેને ભૂલીને પરમાં પ્રીતિભાવ કરે છે અને તેની ભાવનામાં લીન રહે છે. તેને સ્વની પ્રીતિ રહેતી નથી, તે રાગનો કર્તા થાય છે.

**<u>દ્વેષ :</u>** હું દ્વેષી છું એમ અજ્ઞાની ભાવના ભાવે છે. ધર્મ ખાતર આટલો તો દ્વેષ કરવો જોઈએ. કોઈ ધર્મનો વેરી આવે તો તેને મારવો જોઈએ. એવી દ્વેષની ભાવના ભાવીને દ્વેષી થાય છે. તે પોતે દ્વેષનો કર્તા થઈને અદ્વેષી એવા આત્મસ્વભાવને ભૂલી જાય છે અને દ્વેષને જ કર્તવ્ય માને છે. તે દ્વેષની ભાવનાવાળો દ્વેષનો કર્તા થાય છે.

**<u>કર્મ :</u>** હું કર્મ છું એમ અજ્ઞાની માને છે. કર્મને યોગ્ય આત્મા છે. આઠ કર્મોનો આધાર આત્મા છે. હું છું તો કર્મ થાય છે, તેમ અજ્ઞાની ભાવના ભાવે છે. પણ હું છું તો વીતરાગતા થાય છે તેવી ભાવના તેને હોતી નથી. કર્મરહિત આત્મા ત્રણેકાળે છે તેનું તેને ભાન નથી. જ્ઞાનાવરણીય આદિ કર્મનો આધાર આત્મા છે એટલે કે આત્માએ વિકાર કર્યો તો કર્મ બંધાયું તેમ અજ્ઞાની માને છે. તેને વિકાર કરવામાં સૂઝ પડે છે પણ આત્મા ત્રિકાળ ચૈતન્યસ્વરૂપ છે, તેની સૂઝ તેને પડતી નથી.

આઠે કર્મો જે જડ છે તે જાણે આત્માની પર્યાયમાંથી ઉત્પન્ન થતા હોય તેમ તે માને છે અને તેનો કર્તા થાય છે.

**નોકર્મ :** એટલે બહારના સંયોગો આત્માને આધારે આવે છે તેમ અજ્ઞાની માને છે. પણ સંયોગો આત્માને આધીન નથી. આત્મામાં જ્ઞાનની ખીલવટ થવાની હતી માટે ગુરુ અને શાસ્ત્રને આવવું પડ્યું, એમ તે માને છે. આત્મસ્વભાવની ભાવના નહિ ભાવતો તે ચૈતન્યને ભૂલીને, નિમિત્ત અને સંયોગનો પોતે આધાર છે એમ માની તેનો કર્તા થાય છે.

**મન :** અજ્ઞાની મનની ભાવના ભાવે છે. મન હોય તો ધર્મ થાય. અસંજ્ઞીને ધર્મ થતો નથી કેમ કે તેને મન નથી. માટે અજ્ઞાની મન માગે છે. તે આત્માની ભાવના ભાવતો નથી અને આત્મા છે તેને માનતો નથી. મન જોઈએ એટલી વાત તો રાખો કેમકે મન હશે તો કોઈક દિવસ ધર્મ થશે એમ માની અજ્ઞાની મનનો કર્તા થાય છે.

**વાણી :** આત્માથી વાણી થાય છે તેમ માનીને અજ્ઞાની વાણીનો કર્તા થાય છે. સારી વાણી બોલવાનો આધાર આત્મા છે. આત્માની ઇચ્છા મુજબ વાણી નીકળે છે, એમ તે માને છે. વાણીરહિત માત્ર જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવવાળો આત્મા છે, તેને તે ભૂલી જાય છે. વાણીની ભાવનામાં આત્માની ભાવના રહેતી નથી, તેથી અજ્ઞાની વાણીનો કર્તા થાય છે.

**શરીર :** શરીરનો આધાર આત્મા છે તેમ અજ્ઞાની માને છે. ધ્યાન રાખે તો શરીર સરખું રહે અને ધ્યાન ન રાખે તો સરખું ન રહે, એમ તે માને છે. તે આત્માની ભાવના ભાવતો નથી પણ શરીરની ભાવના ભાવે છે. શાસ્ત્રમાં નિમિત્તથી કથન આવે પણ ખરેખર આત્માથી પરમાં કાંઈ થાય તેમ માનવું તે ભ્રાંતિ છે, ને તે સંસારમાં પરિભ્રમણનું કારણ છે.

**કાન :** અજ્ઞાની માને છે કે કાન સારા હોય, તો જ્ઞાનીની વાણી સાંભળી શકાય ને તેથી ધર્મ થાય, પણ અજ્ઞાનીને ખબર નથી કે કાનને લઈને ધર્મ થતો નથી. આત્માની ભાવનાને મૂકીને કાનથી ધર્મ થાય એમ માની કાનનો કર્તા થાય છે. નરકમાં પરમાધામી કાનમાં સીસું રેડતા હોય તે વખતે પીડાનું બાહ્ય નિમિત્ત હોવા છતાં ત્યાં કોઈ જીવ વિચાર કરે કે અહો! આ દુઃખનો નાશ કરવાનો કોઈ ઉપાય હશે ખરો કે નહિ ? અને તેમ વિચાર કરતાં પૂર્વે સત્પુરુષ પાસેથી સાંભળ્યું છે તેના વિચારમાં એકાગ્ર થતાં ધર્મ પામે છે. આ કાન અને દુઃખના ભાવરહિત હું નિરુપાધિ સ્વરૂપ છું, એમ ભાવના ભાવતાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે.

**આંખ :** ભગવાનનાં દર્શન કરવાથી સમ્યગ્દર્શન થાય છે. માટે આંખ હોય તો ધર્મ થાય એમ અજ્ઞાની માને છે. પણ આંધળો હોય અને તેણે ભગવાનનાં દર્શન ન કર્યાં હોય તો પણ પોતાના આત્મભગવાનનો વિચાર કરતા સમ્યગ્દર્શન થાય છે. ચૈતન્ય સ્વભાવની એકાગ્રતામાં આંખોની જરૂર પડતી નથી. આંખોનો આધાર આત્મા નથી. મારી કાળજીથી આંખો સારી રહે, એવી ભાવનાવાળાને ચૈતન્યસ્વભાવની ભાવના હોતી નથી.

**નાક :** નાક સારું હોય તો દયા પાળી શકાય કેમ કે કોઈ અનાજ સડેલું હોય તો તેની દુર્ગંધ ઉપરથી ખબર પડે માટે નાક હોય તો ધર્મ થાય, પણ નાકનો આધાર આત્મા નથી. આત્મા ચૈતન્યઘન છે તેની ભાવના ભાવતો નથી તે નાકનો કર્તા થાય છે.

**જીભ :** જીભનો આધાર આત્મા નથી. જીભ સારી હોય તો ભગવાનના ગુણ ગવાય ને તેથી ધર્મ થાય એમ અજ્ઞાની જીભની ભાવનાની પીંજણીમાં પીંજાય છે, પણ આત્માની ભાવના ભાવતો નથી.

સ્પર્શ : અજ્ઞાની સ્પર્શની ભાવના ભાવે છે અને આત્માને તેનો આધાર માને છે. પણ સ્પર્શને ઇન્દ્રિય વગરનો આત્મા છે તેને અજ્ઞાની ચૂકી જાય છે. આ સિવાય જેટલી પરની ભાવના ભવાય છે તેનાથી આત્મા ચુકાઈ જવાય છે.

**ભાવાર્થ :** અજ્ઞાનરૂપ એટલે કે મિથ્યાદર્શન—અજ્ઞાન—અવિરતિરૂપ ત્રણ પ્રકારનું જે સવિકાર ચૈતન્ય પરિણામ તે પોતાનો અને પરનો ભેદ નહિ જાણીને ‘હું ક્રોધાદિ છું’ એમ માને છે. તેથી અજ્ઞાની જીવ સવિકાર ચૈતન્ય પરિણામનો કર્તા થાય છે અને તે અજ્ઞાનરૂપ ભાવ તેનું કાર્ય થાય છે.

*

## પ્રસાદ નં. ૧૦૯

## સમયસાર ગાથા ૯૫ના પ્રવચનમાંથી.

(માહ વદ ૧, ગુરુવાર)

**'હું ધર્મ આદિ' વિકલ્પ એ ઉપયોગ ત્રણવિધ આચરે,**

**ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને. ૯૫.**

**અન્વયાર્થ :** ત્રણ પ્રકારનો આ ઉપયોગ 'હું ધર્માસ્તિકાય આદિ છું' એવો પોતાનો વિકલ્પ કરે છે; તેથી આત્મા તે ઉપયોગરૂપ પોતાના ભાવનો કર્તા થાય છે.

ગાથા ૯૪માં કહ્યું હતું કે શુભાશુભભાવોરૂપ વિકારી પરિણામનો આધાર આત્મા માને છે તેથી આત્મા તે સ્વ અને વિકાર તે પર—તેનો ભેદ નહિ જાણતો અજ્ઞાની જીવ વિકારને પોતાનું કાર્ય માની વિકારનો કર્તા થાય છે, તે સંસારનું કારણ છે. અહીં ગાથા ૯૫માં કહે છે કે ધર્માદિ છ પદાર્થો પરજ્ઞેય છે, તે મારા ચૈતન્યના આધારે છે, એમ અજ્ઞાની વિકલ્પ કરે છે. પોતાનો સ્વ-પરપ્રકાશક જ્ઞાતા સ્વભાવ ચૂકીને છ દ્રવ્યોને પોતાનાં માની વિકારી કાર્યનો કર્તા થાય છે, તે સંસારનું કારણ થાય છે.

## સવિકાર પરિણામનું કારણ અજ્ઞાન છે.

**ટીકા :** આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે, તેની ખબર અજ્ઞાનીને નથી. ધર્માદિ દ્રવ્યોના તથા દેવ-ગુરુ-શાસ્ત્રના જે વિકલ્પ આવ્યા તેને લીધે ધર્મ થાય છે, એમ રાગને તથા જ્ઞાનસ્વભાવી આત્માને તે એક માને છે. પરપદાર્થ સન્મુખ બુદ્ધિ-રાગબુદ્ધિને તથા આત્માના શુદ્ધ સ્વભાવને તે જુદો પાડતો નથી—એક કરે છે તેવી ઊંધી માન્યતા, તેવું ઊંધું જ્ઞાન તથા રાગમાં ઊંધી લીનતા—એવા ત્રણ પ્રકારના વિકારી ચૈતન્યના પરિણામ અજ્ઞાની જીવ કરે છે. તે સ્વ-પરને અવિશેષ એટલે સામાન્ય એક જાણે છે. તેથી સ્વ ને પરના સમસ્ત ભેદને છુપાવે છે. જ્ઞેયોના વલણમાં પોતાનું સ્વરૂપ માની ચૈતન્ય ત્રિકાળી સ્વભાવ ને પર તરફના વલણ વચ્ચે ભેદ પાડતો નથી અર્થાત્ જ્ઞાન—જ્ઞેયનું એક જ અધિકરણ માનવાથી ભ્રાંતિ ઉત્પન્ન કરે છે.

## પોતાનો શુદ્ધ આત્મા ચેતન છે. બાકી બધા અચેતન છે.

એક બાજુ પોતે ચેતનદ્રવ્ય છે ને બીજી બાજુ છએ દ્રવ્યો છે. આ આત્માની અપેક્ષાએ સર્વજ્ઞ ભગવાન પણ આ ચેતન નથી. દેવ-ગુરુ-શાસ્ત્રના લક્ષે રાગ

ઉત્પન્ન થાય છે ને પરલક્ષ હોવાથી પોતાની ચૈતન્યશક્તિનો વિકાસ થતો નથી. છ દ્રવ્યો તેમ જ તે તરફનો રાગ ચેતનને શરણભૂત નથી તેથી છ દ્રવ્યોને તેમ જ તે તરફના વલણને અહીં અચેતન કહ્યાં છે, ને પોતાનો જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવ તે એક જ ચેતન છે.

આત્મા જ્ઞાયક છે ને અર્હંત, પ્રતિમા, કુટુંબ તથા રાગ ને દ્વેષ પોતાનાં જ્ઞેયો છે તેવી દ્રષ્ટિ કરી જ્ઞાનાદિની શુદ્ધપર્યાયને રચે ને કરે તો ચેતન ચેતનપણે રહે છે. પણ જ્ઞાયક સ્વભાવની રુચિ છોડીને છ દ્રવ્યો તરફ વલણ કરી રાગ ઉત્પન્ન કરે છે. ચેતનની જાગૃતિનો આધાર તો ચેતન છે છતાં છ દ્રવ્યોને તથા તે તરફના રાગને ચેતનની જાગૃતિનો આધાર માને છે તેથી પોતાની જાગૃતિ રોકાય છે. આત્મા પોતે એક જ ચેતન છે, બાકી બધા અચેતન છે.

## અજ્ઞાની જીવ ચેતન જ્ઞાયક તથા અચેતન જ્ઞેયનો આધાર એક જ માને છે.

જ્ઞાયક આત્મા ત્રિકાળી નિરાલંબી, પરની અપેક્ષા વિનાનો છે. તેનું પોતાને જ્ઞાન થતાં સ્વ-પરપ્રકાશક શક્તિ ખીલી જાય છે. **પોતાની જ્ઞાનશક્તિ ખીલતાં છ દ્રવ્યોનું જ્ઞાન થઈ જાય છે એવો જ્ઞાયક શક્તિનો ભંડાર છે.** પોતે જ્ઞાયક છે ને છ પદાર્થો તથા રાગ પોતાના સ્વસામર્થ્યરૂપી જ્ઞાનમાં જણાવાયોગ્ય જ્ઞેયો છે. પણ અજ્ઞાનીને તેની ખબર નથી. તેથી છ દ્રવ્યોનું જ્ઞાન છ દ્રવ્યો છે માટે થાય છે ને છ દ્રવ્યોનો આધાર હું છું, તેમ માને છે. વળી છ દ્રવ્યોનો વિચાર કરતાં તથા શાસ્ત્ર ભણતાં એકલા પર તરફના વલણવાળી દશાથી જે જ્ઞાનનો ઉઘાડ થાય છે, તે ઉઘાડ ચૈતન્યના વિકાસને મદદ કરશે, એમ અજ્ઞાની માને છે. **સમય સમયનો જ્ઞાનપર્યાય પરને લીધે થાય છે, તેમ અજ્ઞાની માને છે. એકાંત પરને જાણવાવાળું જ્ઞાન સ્વ તથા પર એકેને જાણતું નથી. પર તરફના વલણવાળું જ્ઞાન સ્વને જ્ઞેય બનાવતું નથી. તેથી તેને અચેતન કહ્યું છે.** જ્ઞાયક ને જ્ઞેય જુદા હોવા છતાં તે બન્નેનો આધાર એક જ છે. એમ અનુભવન કરવાથી અજ્ઞાની પોતામાં ભ્રાંતિ ઉત્પન્ન કરે છે.

## અજ્ઞાનીની પર્યાયબુદ્ધિ.

કામક્રોધાદિ પર પદાર્થને લીધે અથવા કર્મને લીધે થાય છે અથવા કર્મ માર્ગ આપે તો વિચાર કરી શકાય તેવા સ્થૂલ અજ્ઞાનીની તો વાત જ નથી પણ વિચાર કરવાની પોતાની સ્વતંત્ર લાયકાત છે ને છ દ્રવ્યોનો વિચાર કરતાં જે રાગની મંદતા થાય તે પોતાના ચેતનને મદદ કરશે અથવા રાગની મંદતાની ભૂમિકામાં ઊઘડેલા **જ્ઞાનનો અંશ પોતાના ત્રિકાળી સ્વભાવને મદદ કરશે, એમ**

માન્યું તેણે અંશથી લાભ માન્યો પણ અંશી એવા જ્ઞાયક સ્વભાવથી લાભ માન્યો નહિ. તેને અહીં પર્યાયબુદ્ધિ કહ્યો છે. હું વિકારને યોગ્ય છું કે અંશને યોગ્ય છું એમ માનનારને ભેદબુદ્ધિ—અંશબુદ્ધિ—પર્યાયબુદ્ધિ થઈ પણ સ્વભાવબુદ્ધિ થઈ નહિ. વિકાર જેટલો માનવાની અંશબુદ્ધિ તે મારું સ્વરૂપ નથી એમ માની અંશી તરફ વળે તો નિમિત્તના વલણથી ખસ્યો કહેવાય પણ તેમ વલણ કરતો નથી, તેથી મિથ્યાદ્રષ્ટિ છે.

## અજ્ઞાની જીવ જ્ઞેયોમાં ભેદ પાડે છે.

અજ્ઞાની માને છે કે કેવળીનો આદર કરું તો મને લાભ થશે ને નિગોદની દયા પાળું તો મને લાભ થશે. સર્વજ્ઞ છે માટે મારે આદર કરવો જોઈએ ને નિગોદ છે માટે મારે દયા પાળવી જોઈએ—એમ તે માને છે, તે ભૂલ છે કારણ કે પોતાના જ્ઞાયકસ્વભાવમાં નિગોદથી લઈને સિદ્ધ સુધીના બધા જીવો જ્ઞેયો છે, તેમાં ભેદ નથી, છતાં તે જ્ઞેયોમાં ભેદ પાડે છે. વળી તે તરફની ઊઠતી આદરની તથા અનુકંપાની વૃત્તિ પણ પોતાનું જ્ઞેય છે. તે જ્ઞેયો—સર્વજ્ઞ વગેરે તથા શુભરાગ મને બિલકુલ મદદગાર કે શરણભૂત નથી, તેમ નહીં માનતાં પોતાના ચૈતન્યની સત્તાને ચૂકીને છ દ્રવ્યોનો તેમ જ રાગનો આશ્રય લ્યે છે તથા પોતે જ્ઞાયકનો તેમ જ છ દ્રવ્યો તથા રાગ વગેરે જ્ઞેયોનો આધાર એક જ છે, એમ માની ભ્રાંતિ સેવે છે, તે મિથ્યાદ્રષ્ટિ છે. નમસ્કારમંત્ર તથા શાસ્ત્ર બન્ને પર છે, તેનાથી આત્માને લાભ નથી. તે જ્ઞેય માત્ર છે. તેના તરફનું વલણ છૂટે તો ચૈતન્યનો વિકાસ થાય છે. આત્મા ચૈતન્યસ્વભાવી અભેદસ્વરૂપ છે, તેના આધારે જ્ઞાનનો વિકાર થાય છે, તેમ નહિ માનતાં પરથી લાભ થશે ને જ્ઞાન થશે, એમ માની ચેતન ને અચેતનનો એક આધાર માને છે, તેને ધર્મ થતો નથી.

## "હું ધર્માદિ છું" એવો વિકલ્પ કરે છે.

ભગવાન સિવાય અન્ય મતમાં ધર્મદ્રવ્ય કહ્યું નથી માટે ભગવાનનાં કહેલાં શાસ્ત્રો વાંચીને ધર્મનો વિચાર કરતાં જ્ઞાન થાય છે, એમ અજ્ઞાની માને છે. પોતાના સ્વ-પરપ્રકાશક સ્વભાવના આધારે જ્ઞાન થાય છે એમ નહીં માનતાં પરને આધારે જ્ઞાન થયું માને છે. તે જ્ઞાન ને જ્ઞેયોનો આધાર એક છે—એમ માને છે.

ગતિ કરતા જીવ અને પુદગલ સ્થિર થાય તેમાં **અધર્મદ્રવ્ય** નિમિત્ત છે, એમ ભગવાને કહ્યું છે. તેમ પરના આશ્રયે રાગ મંદ કરીને અધર્મનું જ્ઞાન થવું માને છે તે જીવ પોતાની સ્વશક્તિના આધારે જ્ઞાન થાય છે તેને ચૂકીને જ્ઞાન ને જ્ઞેયોનો એક આધાર માને છે.

ભગવાને **આકાશ ક્ષેત્ર**થી અનંત કહ્યું છે. આવડું મોટું આકાશ મારા ખ્યાલમાં લેતાં મને આકાશનું જ્ઞાન થયું, એમ અજ્ઞાની માને છે. પણ અંતર્મુખ શક્તિના આધારે સ્વને જાણતાં આકાશ વગેરે પર જણાઈ જાય છે, એમ તે માનતો નથી.

પરનું હોવાપણું છે માટે પરનું જ્ઞાન થાય છે—એમ નથી. ચૈતન્યનું હોવાપણું છે માટે સ્વ-પર જણાય છે, એમ નહીં માનતાં સંયોગથી જ્ઞાન થયું, એમ જે માને છે, તે જ્ઞાન અને જ્ઞેયને એક કરી ભ્રાંતિ સેવે છે.

ભગવાને અરૂપી અસંખ્ય **કાળાણુ** કહ્યા છે. તેની સત્તાનો વિચાર કરતાં મને જ્ઞાન થયું, એમ અજ્ઞાની માને છે. સ્વને છોડી પરલક્ષે પરનો એકલો બોધ તેને અચેતન કહેવામાં આવે છે. જ્ઞાન કહેવામાં આવતું નથી. તે જ્ઞાન અને જ્ઞેયને એક કરી ભ્રાંતિ સેવે છે.

અજ્ઞાની માને છે કે હું શરીર છું. વળી શરીર સરખું રહે તો જ્ઞાન થાય. આત્મા છે તો વાણી બોલાય છે તથા શરીર ચાલે છે. જીવ હોય ત્યાં સુધી શરીર સરખું રહે ને જીવ ચાલ્યો જતાં શરીર પડી જાય છે. શરીરને કડક રાખવામાં જીવ આધાર છે એમ માને છે. પુદ્‌ગલનો આધાર પુદ્‌ગલ ને ચૈતન્યનો આધાર ચૈતન્ય, એમ માનવું જોઈએ. તેને બદલે શરીર વગેરે જડ તથા આત્મા બન્નેનો આધાર એક માને છે. જ્ઞાતાના આધારે જ્ઞાન ખીલે છે, તેમ નહીં માનતાં ઇન્દ્રિયોના આધારે જ્ઞાન ખીલે છે, એમ અજ્ઞાની માને છે.

પ્રશ્ન :—જ્ઞેય પ્રમાણ જ્ઞાન છે ને ?

ઉત્તર :—તેનો અર્થ એ છે કે જેટલાં જ્ઞેયો છે તે બધાંને જ્ઞાન જાણે છે, પણ તેથી જ્ઞેયને લીધે જ્ઞાન થાય છે, એમ નથી. પેંડા અને તેને વજન કરવા માટેનાં કાટલાં જુદાં છે, તેમ આ જ્ઞાનસ્વભાવ ચૈતન્ય પેંડો છે. શરીર તે કાટલા સમાન છે. શરીરને લીધે જ્ઞાન નથી. શરીર છૂટવા છતાં જ્ઞાન ટકી રહે છે પણ શરીરને લીધે જ્ઞાન થયું, એમ અજ્ઞાની માને છે. આમ જ્ઞાન તથા જ્ઞેયને તે એક કરે છે.

## ‘હું અન્ય જીવ છું’ એવો વિકલ્પ કરે છે.

અજ્ઞાની માને છે કે સ્ત્રી, કુટુંબ, પરિવાર, માવજત કરનારા હોય તો ધર્મ થાય ને પરિણામ સારા રહે. વળી માને છે કે દેવ-ગુરુ છે તો ધર્મ ટકે છે. વળી શાસ્ત્રમાં પણ કથન આવે કે શ્રાવકના આધારે મુનિપણું ટકે છે કારણ કે ધર્મોપદેશ માટે મુનિને શરીરના નિમિત્તની જરૂર છે. શરીર ટકવામાં આહારની જરૂર છે અને શુદ્ધ આહાર શ્રાવક હોય તો મળે છે. આ પ્રકારે વ્યવહારનાં કથનો આવે છે. તેનો અર્થ અજ્ઞાની સંયોગભાવથી કરે છે કેમ કે તે વ્યવહારનાં કથનને સમજતો નથી.

મુનિ પોતામાં સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્રની પર્યાય પોતાના કારણે ટકાવે છે. તે વખતે શરીરની સ્થિતિ હોય ને શરીર ટકવાનું હોય ત્યારે આહાર હોય, આહાર આવવાનો હોય ત્યારે તેને આપવાનો શુભભાવ કરનાર શ્રાવક હોય—એમ નિમિત્તનું જ્ઞાન કરાવે છે. એકને લઈને બીજું તત્ત્વ ટકે, એમ કદી બનતું નથી.

આવી રીતે જીવની સત્તા અને સ્વ જીવની સત્તાનો એક આધાર માની "હું અન્ય જીવ છું" એવો વિકલ્પ ઊભો કરી ભ્રાંતિ સેવે છે.

આવી રીતે છ દ્રવ્યોની હયાતી તેના કારણે છે, એમ નહીં માનતાં મારે લીધે તે છ દ્રવ્યો છે ને છ દ્રવ્યો છે તો મને જ્ઞાન થાય છે. ને પરનું જ્ઞાન મારા આત્માના વિકાસને મદદ કરશે એવી જે ભ્રાંતિ કરે છે તે પોતાના સ્વ-પરપ્રકાશક જ્ઞાનસ્વભાવને ભૂલી જાય છે ને વિકારી ભાવરૂપે પરિણમે છે ને તે ભાવનો તે કર્તા થાય છે.

## સ્વના જ્ઞાન વિના એકલું પરપ્રકાશક જ્ઞાન મિથ્યા છે.

પરને લીધે જ્ઞાન થાય તથા પરપ્રકાશક જ્ઞાન સ્વપ્રકાશક જ્ઞાનને મદદ કરે તે માન્યતા મિથ્યા છે. પરને લીધે જ્ઞાન તો થતું નથી પણ **સ્વશક્તિને ચૂકીને દેવ-ગુરુ-શાસ્ત્ર તરફના વલણથી થયેલું એકાંત પરપ્રકાશકજ્ઞાન પણ મિથ્યાદ્રષ્ટિનું ખોટું છે. તેને સ્વનું જ્ઞાન તો છે જ નહિ પણ તેનું પરનું જ્ઞાન ગમે તેટલા ઉઘાડવાળું હોય તોપણ બધું મિથ્યા છે.**

## અક્રમ સ્વભાવના જ્ઞાન વિના ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય થઈ શકતો નથી.

દ્રવ્ય એક છે ને પર્યાયો અનેક છે. વળી પર્યાયમાં જે વિચિત્રતા દેખાય છે તે પરપદાર્થને લીધે નથી પણ તે વખતના તેના પર્યાયસ્વભાવના કારણે છે. તે બધી પર્યાયો એક પછી એક થાય છે. તે બધીને છદ્મસ્થ જીવ એકી સાથે, એક સમયમાં જ્ઞાનમાં લઈ શકતો નથી તો પછી, ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય છદ્મસ્થ જીવે કેવી રીતે કરવો ?

**પોતાનો જ્ઞાતા શુદ્ધ સ્વભાવ અક્રમ છે તેનાં શ્રદ્ધા ને જ્ઞાન વિના ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય થઈ શકે નહિ. અક્રમસ્વભાવી સ્વ-પરપ્રકાશક સ્વભાવ સામર્થ્યની પ્રતીતિ ને જ્ઞાનના નિર્ણયમાં જ ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય થાય છે.** પણ અજ્ઞાની જીવ સ્વશક્તિને ચૂકીને પરપદાર્થો તથા તેને લક્ષે થતાં વિકારથી પોતાની શક્તિ ખીલશે, એમ માની વિકારી ચૈતન્ય પરિણામનો કર્તા થાય છે. પણ તે સ્વભાવભાવ નથી પરંતુ ઔપાધિકભાવ છે માટે તેને અધર્મ કહે છે.

*

# પ્રસાદ નં. ૧૧૦

## સમયસાર ગાથા ૯૫ના પ્રવચનમાંથી.

(માહ વદ ૨, શુક્રવાર)

આ ગાથામાં અજ્ઞાની આત્મા છ દ્રવ્યોને પોતાનાં માનીને મિથ્યાત્વનો કર્તા થાય છે, તે કહે છે. આત્મા સ્વને જાણતાં પર તેમાં જણાઈ જણાય છે. તે જાણવાનું કામ પોતાનું છે, એમ ન માનતાં પરને કરવાનું કામ મારું છે, એમ જે માને છે તે મિથ્યાત્વભાવનો કર્તા થાય છે.

**ભાવાર્થ : ધર્માસ્તિકાય :**—હું અન્ય નિમિત્ત વિના જ ગતિ કરું છું એમ જે માને છે તે પોતાને ધર્મદ્રવ્યરૂપ માને છે. આત્મામાં ગતિ કરવાની યોગ્યતા પોતાની છે તેમાં ધર્માસ્તિકાય નિમિત્ત છે, એમ ન માનતાં તેનું કામ હું કરી દઉં છું તેમ માનનાર ધર્મદ્રવ્યરૂપ પોતાને માને છે. અહીં તો કહે છે કે નિમિત્ત અને તેના નિમિત્તો પોતાની પર્યાયમાં ગતિની યોગ્યતા તેને જાણવાનો સ્વભાવ છે તેમ ન માનતાં પર્યાયની યોગ્યતા અને નિમિત્તનું કામ હું કરું છું, તે ધર્માસ્તિકાયરૂપ પોતાને માને છે.

**અધર્માસ્તિકાય :** હું અન્ય નિમિત્ત વિના જ સ્થિર રહું છું. આત્મા ગતિપૂર્વક સ્થિર રહે છે ત્યારે અધર્માસ્તિકાય નિમિત્ત હોય છે—એમ ન માનતાં તેનું કામ હું કરું છું એમ જે માને છે તે અધર્માસ્તિકાયરૂપ પોતાને માને છે.

**આકાશ :** આકાશદ્રવ્યના નિમિત્ત વિના જ અવગાહ પામું છું તેમ માનનાર આકાશની ક્રિયા કરનાર છું, એમ માને છે, તે પોતાને આકાશરૂપ માને છે.

**કાળ :** આત્માના પરિણમનમાં કાળદ્રવ્ય નિમિત્ત છે. પોતાનું જ્ઞાન થતાં કાળદ્રવ્ય છે, એમ યથાર્થ જાણે તે તો આત્મા સ્વભાવ છે પણ તેમ ન માનતાં કાળદ્રવ્ય છે તેનું કાર્ય હું કરું છું, એમ જે માને છે તે કાળદ્રવ્યરૂપ પોતાને માને છે.

**પુદ્‌ગલ :** પૌદ્‌ગલિક પદાર્થોની ક્રિયાને હું જ કરું છું, એમ જે માને છે તે પોતાને પુદ્‌ગલદ્રવ્યરૂપ માને છે. શરીરાદિની ક્રિયા મારાથી થાય છે, એમ માનનાર શરીરાદિની ક્રિયાનો હું જાણનાર છું, એમ માનતો નથી તેથી પુદ્‌ગલની ક્રિયાનો કર્તા થાય છે.

**જીવ :** અન્ય જીવનું હિતાહિત હું જ કરું છું. મારા ભાવથી તેને સુખી—દુઃખી કરું છું, એમ જે માને છે તે પોતાને અન્ય જીવરૂપ માને છે.

કોઈ વખતે આ આત્માથી પર સમજે અને કોઈ વખતે ન સમજે, એમ અનેકાંતનું સ્વરૂપ નથી, એ તો એકાંત છે. પણ એનાથી એ સમજે છે અને મારાથી

સમજતો નથી—તે અનેકાંત છે. કોઈ પરજીવનું હિત કે અહિત નિશ્ચયથી તો કરી શકે નહિ પણ વ્યવહારથી કરી શકે, એમ માનવું તે ભ્રમ છે.

અથવા તો આ પ્રમાણે પણ સમજવું :–ધર્માદિના વિકલ્પ વખતે જે, પોતે શુદ્ધ ચૈતન્યમાત્ર હોવાનું ભાન નહિ રાખતાં, ધર્માદિના વિકલ્પમાં એકાકાર થઈ જાય છે તે પોતાને ધર્માદિરૂપ માને છે. આત્મા પોતાને ભૂલીને છ દ્રવ્યના વિકલ્પરૂપ રાગને પોતાનું સ્વરૂપ માને તે છ દ્રવ્યરૂપ પોતાને માને છે.

છ દ્રવ્યો જ્ઞેય છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તેમ ન માનતાં જ્ઞેયનું કામ જ્ઞાન કરે તેમ જે માને છે, તે જ્ઞેયને પોતારૂપ માને છે.

આ પ્રમાણે, જ્ઞાતા દ્રવ્યના ભાન વિના અજ્ઞાનરૂપ ચૈતન્યપરિણામ ધર્માદિરૂપ પોતાને માને છે તેથી તે અજ્ઞાની અજ્ઞાનરૂપ સોપાધિક ચૈતન્યપરિણામનો કર્તા થાય છે અને અજ્ઞાનરૂપ ભાવ તેનું કાર્ય થાય છે. ।।૯૫।।

તેથી કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું. ધર્માદિ છ દ્રવ્યોની ક્રિયાના કર્તાપણાનું મૂળ તો અજ્ઞાન છે. પરદ્રવ્ય છે માટે જીવ કર્મનો કર્તા થાય છે—એમ નથી પણ કર્તાનું મૂળ તો વિકારી પર્યાયમાં અને પરમાં એકાકાર થવુ તે છે, તે હવે કહે છે :—

## ગાથા ૯૬

**જીવ મંદબુદ્ધિ એ રીતે પરદ્રવ્યને નિજરૂપ કરે,**

**નિજ આત્મને પણ એ રીતે અજ્ઞાનભાવે પર કરે. ૯૬.**

**અર્થ :** આ રીતે મંદબુદ્ધિ એટલે અજ્ઞાની પોતાની સત્તાની ખાણમાં તો સ્વ-પરને જાણવાનું છે. પણ પરની ક્રિયા કે રાગનું કામ મારું છે જ નહિ એમ જાણતો નથી તેથી તે પરદ્રવ્યને પોતારૂપ કરે છે અને પોતે સ્વ-પરપ્રકાશક છે તેને પરમાં ખતવી નાખી પોતાને પર કરે છે.

**ટીકા :—**ખરેખર આ રીતે, 'હું ક્રોધ છું' ઇત્યાદિ ગાથા ૯૪માં આવ્યું હતું તે પ્રમાણે પરદ્રવ્યને પોતારૂપ માને છે. આત્માની વિકારપર્યાય તે ભાવ્ય છે અને દ્રવ્યકર્મ તે ભાવક છે. તેથી મોહની પર્યાયનો કર્તા ખરેખર કર્મ છે તેમ ન માનતાં અજ્ઞાની પર્યાયબુદ્ધિવાળો તે વિકારી પર્યાયનો કર્તા થાય છે. સ્વભાવને ભૂલીને પરની સાવધાની કરી 'હું ક્રોધ છું' એવા ભાવનો તે કર્તા થાય છે. પણ હું તે ભાવનો કર્તા નથી. હું છું તો જ્ઞાતાદ્રષ્ટાના પરિણામ થાય તેમ તે માનતો નથી.

ખરેખર હું ચૈતન્ય સ્વભાવના સામર્થ્યવાળો નથી પણ વિકારની ભાવનાનો કરનાર છું. કર્મ તે ભાવક અને મારી વિકારી પર્યાય તે ભાવ્ય. તેટલો જ હું છું;

દયા, દાન, વ્રત, પૂજા આદિના પરિણામ મને ભવોભવ હજો. તે વિકારની ભાવનાવાળો વિકારને જ સ્વીકારે છે. પણ પોતાના સ્વભાવમાંથી વીતરાગતા થાય છે, એમ સ્વીકારતો નથી. 'હું ક્રોધ છું' એમ પરદ્રવ્યને પોતારૂપ માને છે.

ધર્માસ્તિકાય વગેરે છ દ્રવ્યોનું હું કરું છું અને તે તરફના વિકલ્પને પોતાપણે માનીને છ દ્રવ્યોને પોતારૂપ માને છે. કાંઈ છ દ્રવ્ય પોતારૂપ થતાં નથી પણ પોતે તેનું કરી શકે છે, એમ અજ્ઞાની માને છે, તેથી તે પરદ્રવ્યને પોતારૂપ કરે છે, એમ કહેવાય છે.

હું વિકાર જેટલો છું, એમ અજ્ઞાની માને છે. તે જ્ઞાતાસ્વભાવમાં ન જોડાતાં એકલી રાગની અને નિમિત્તની યોજનામાં રોકાય છે. તે સ્વને પરરૂપ કરે છે પણ ભિન્ન રહેતો નથી. તેથી આ આત્મા, જો કે સમસ્ત વસ્તુઓના સંબંધથી રહિત, બેહદ શુદ્ધ ચૈતન્ય ધાતુમય છે તોપણ અજ્ઞાનને લીધે વિકારનો કર્તા થાય છે. સમસ્ત વસ્તુ એટલે વિકાર અને નિમિત્ત જે પરવસ્તુ છે તેના સંબંધ વગરનો છે. સમસ્ત સંબંધ રહિત છે, એમ કહેતાં જ નિમિત્તનૈમિત્તિક સંબંધથી પણ રહિત છે, એ તેમાં આવી જ ગયું. નિમિત્તનૈમિત્તિક સંબંધ બે દ્રવ્યની ભિન્નતા બતાવે છે. જેવો કર્મનો ઉદય હોય તેવો રાગ થાય, એમ તો છે જ નહિ પણ આત્મામાં જેવા વિકારીભાવ થાય તેવો કર્મનો બંધ તેના કારણે થાય તેવો નિમિત્તનૈમિત્તિક સંબંધમાત્ર હોવા છતાં તે સંબંધથી પણ આત્મા રહિત છે, એમ અહીં કહેવું છે. આત્માની પર્યાયમાં વિકાર થવાની યોગ્યતાનો સંબંધ સ્વીકારવો તે પણ પર્યાયબુદ્ધિનો વિષય છે, સ્વભાવદ્રષ્ટિનો વિષય નથી.

આત્મા પરના સંબંધ રહિત છે, તે તો નાસ્તિથી કથન થયું. હવે અસ્તિસ્વભાવ શું છે ? તે કહે છે. આત્મા બેહદ ચૈતન્ય ધાતુમય છે. વિકારમાં અટકે તેવી મર્યાદાવાળો ચૈતન્ય ધાતુમય સ્વભાવ નથી. આત્માનો સ્વભાવ પરના કારણે અટકે તેવો તો નથી પણ પોતાના કારણે વિકારમાં—રાગમાં અટકે એવો પણ દ્રવ્યસ્વભાવ નથી. આત્મામાં હદવાળું જ્ઞાન સ્વીકારે છે તે પર્યાયની અલ્પશક્તિને સ્વીકારે છે પણ સ્વભાવને સ્વીકારતો નથી. કોઈ કહે કે સિદ્ધ થાય ત્યારે સંબંધ રહિત થાય. તો તેને કહે છે કે અહીં સિદ્ધની વાત નથી પણ સાધકદશામાં સ્વભાવની દ્રષ્ટિ થતાં મોહનો સંબંધ છૂટી ગયો છે, તેની વાત ચાલે છે. નબળાઈથી રાગદ્વેષ થાય તેને અહીં ગૌણ કર્યા છે. જ્ઞાતામાં અભેદ થયો તેને બેહદ સ્વભાવની રુચિ થઈ. આ કાંઈ કેવળીને કહેવાતું નથી, પણ સાધકને કહે છે કે પરમાં રોકાવું તે તારો સ્વભાવ નથી. તારો સ્વભાવ તો બેહદ શુદ્ધ ચૈતન્ય

ધાતુમય છે, તેવો નિર્ણય તો હદવાળી પર્યાયમાં થાય છે પણ તે પર્યાયનો વિષય હદવાળો નથી. હદવાળી પર્યાય બેહદ સ્વભાવને સ્વીકારે છે.

શુદ્ધ ચૈતન્ય ધાતુમય આત્માનો સ્વભાવ અનાદિઅનંત હોવા છતાં, પર્યાયનો એટલે ભેદ અને વિકારનો સ્વીકાર કરે છે એવા અજ્ઞાનને લીધે જ આત્મા પોતે પોતાના વિકારી ભાવનો કર્તા થાય છે. અહીં 'અજ્ઞાનને લીધે જ' એમ કહ્યું છે પણ કર્મના કારણે વિકારનો કર્તા થાય છે, તેમ કહ્યું નથી. સ્વભાવના આદર વિના અજ્ઞાની ઔપાધિકભાવમાં તન્મય થાય છે. તેથી તે તે પ્રકારના ભાવોનો તે કર્તા થાય છે.

હું છું તો મકાન, કુટુંબ, પુસ્તક વગેરેનાં કામો થાય છે. વ્યવસ્થાપક હોય તો પરમાં વ્યવસ્થા બરાબર થાય એમ પોતે ઔપાધિકભાવ કરે છે. તે ચૈતન્યના પરિણામ છે, જડના પરિણામ નથી અને જડે તે પરિણામ કરાવ્યા નથી. પણ આત્મા પોતે સ્વને ભૂલી પરમાં ચેતાઈ ગયો છે. 'પરપદાર્થનું કાર્ય તો તેના ઉપાદાનથી થાય છે પણ એમાં આપણે નિમિત્ત તો થવું જોઈએ ને?' એમ માનીને અજ્ઞાની ઔપાધિકભાવ કરે છે. ત્યાં પર્યાય તો હજુ થઈ નથી અને પોતે અત્યારે નિમિત્ત થવા માગે છે, તે પર તરફની બુદ્ધિ ઔપાધિક ભાવને ઊભો કરે છે. તે સોપાધિકભાવનો કર્તા થાય છે.

જેમ કોઈ મૂઢ માણસ લોઢાનો ગોળો લઈને તેમાંથી રૂની પૂણીની જેમ ચરખામાં નાખીને તાણોવાણો કાઢવાનો પરિશ્રમ ઉઠાવે તો તે મિથ્યા ઔપાધિકભાવ છે કેમકે તે લોઢામાંથી તાણાવાણા નીકળે નહિ, તેમ અજ્ઞાની પરદ્રવ્યનો કે વિકારી ભાવનો કર્તા થઈને ઔપાધિકભાવ કરે છે પણ તે મફતનો છે. અજ્ઞાની છ દ્રવ્યમાં ફેરફાર કરવા માગે છે પણ ફેરફાર થતો નથી. પરમાં સુધારો કે બગાડો કરવા માગનાર મફતનો પરિશ્રમ ઉઠાવે છે. કોઈક વખત મેળ ખાઈ જાય તો માને કે આ મારા ભાવથી થયું છે, તેમ અજ્ઞાનથી પરને પોતાપણે માનીને, આકુળતા ઉત્પન્ન કરીને તે ભાવનો તે કર્તા થાય છે. આત્માના ભાન વગર વિકારાદિની તથા પરદ્રવ્યની એકત્વબુદ્ધિમાં અજ્ઞાની ઔપાધિકભાવનો કર્તા પ્રતિભાસે છે.

*

# પ્રસાદ નં. ૧૧૩

## સમયસાર ગાથા ૯૬ ટીકાના પ્રવચનમાંથી.

(માહ વદ ૩, શનિવાર)

આત્મા વિકારભાવનો કર્તા અજ્ઞાનભાવે થાય છે. શુભાશુભ ભાવો જે થાય છે તે મારું કામ છે, તેમ અજ્ઞાની માને છે. અને પરવસ્તુ છે તેની એકાગ્રતામાં પોતાની એકાગ્રતા ચૂકી જાય છે ને તેથી પરને પોતાનું માને છે. તે બન્ને વાતને અહીં આચાર્ય દ્રષ્ટાંત આપીને સમજાવે છે :—

કોઈને અશાતાનો ઉદય એવા પ્રકારનો હોય કે તેના શરીરમાં ભૂત પ્રવેશ કરે અને વ્યંતરાદિ દેવો કૌતૂહલી હોય છે તે કોઈક વખત આવે છે. એવું બને છે ખરું. અત્યારે તો ભૂતને નામે ખોટા ઢોંગ બહુ વધી ગયા છે. ઘરમાં પોતાનું ધાર્યું થતું ન હોય તો તે ખાતર પણ ઘણી સ્ત્રીઓ ખોટા ઢોંગ કરે છે ને ભૂત આવે છે, તેમ કહે છે. પણ તે વાત અહીં નથી. અહીં તો સાચા ભૂતની વાત છે. જ્યારે શરીરમાં ભૂત પ્રવેશ કરે છે ત્યારે તે પુરુષ ભૂતને અને પોતાને એક માનતો થકો, મનુષ્યને અનુચિત એટલે મનુષ્યને ન શોભે એવી વિશિષ્ટ ચેષ્ટાના આલંબન સહિત ખોટા આચરણથી ભરેલા અમાનુષ વ્યવહારવાળો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા થાય છે. ભૂતાવિષ્ટ પુરુષ પોતાને ઉચિત નથી, એવાં કાર્યો કરે છે. કોઈ સારા માણસ બેઠા હોય તો તેની મર્યાદા રાખે નહિ, પોતે ખાનદાન છે, અમુક જાતનો છે, તે બધું ભૂલી જાય છે. માણસપણું ભૂલીને ભૂતનાં જેવાં કામો કરે છે, ખાસ જુદા પ્રકારનાં ગાંડાઈનાં કામો તેનાં હોય છે.

તેવી રીતે આ આત્મા પણ અજ્ઞાનને લીધે જ હું જ્ઞાતા ચૈતન્ય છું, તેમ ભૂલ્યો છે. ક્રોધ, માન, માયા આદિ જે ભાવ્ય છે તે પરના આશ્રયે થયેલ છે. દયા, દાન, પૂજા આદિના ભાવો તે નિમિત્તના આશ્રયે થાય છે. તે ભૂતડાં જેવાં છે અને ભાવક એવા કર્મનું કાર્ય છે, પણ આત્માનું કાર્ય નથી. એમ છતાં અજ્ઞાનને લીધે તે વિકારભાવને અને પોતાને એક કરતો થકો, અવિકાર ચૈતન્ય અનુભૂતિમાત્ર પોતાનો સ્વભાવ છે તેને ભૂલીને ન શોભે એવા વિચિત્ર પ્રકારના વિકારી ભાવોનો કર્તા અજ્ઞાની થાય છે. તે વિકારમાં પોતાપણું માને છે અને સ્વભાવનો અનાદર કરે છે. ચૈતન્ય સ્વભાવનો તદ્દન નાશ થતો નથી પણ પર્યાયમાં જે વિકાર થાય છે તેમાં અટકતો હોવાથી ખરેખર પોતાના નિર્વિકાર ચૈતન્ય સ્વભાવને ભૂલીને

વિકારમિશ્રિત ચૈતન્યપરિણામવાળા ભાવનો તે કર્તા થાય છે. અજ્ઞાનરૂપ ભૂત વળગ્યું છે એટલે વિકારવાળો જ હું છું, એમ તે માને છે.

વળી જેમ અપરીક્ષક આચાર્યના ઉપદેશથી પાડાનું ધ્યાન કરતો કોઈ ભોળો પુરુષ અજ્ઞાનને લીધે પાડાને અને પોતાને એક કરે છે. પાડાનું ધ્યાન ધરતો ભોળો પુરુષ જાણે કે હું પાડો થઈ ગયો છું, એમ માને છે ને તેના વિચારમાં 'હું મનુષ્ય છું' તે વાત ભૂલી જાય છે અને તેથી જે ઓરડીમાં પોતે ધ્યાન કરવા બેઠો હોય તે ઓરડીના બારણામાંથી હું મોટાં શિંગડાંવાળો પાડો છું માટે નીકળી શકીશ નહિ— એમ માને છે અને તેવા પ્રકારના ભાવોનો કર્તા થાય છે. પાડો થયો નથી તોપણ જાણે હું પાડો છું એવા ભાવનો કર્તા થઈને મનુષ્યપણાને ભૂલી જાય છે. આ દ્રષ્ટાંત ઉપરથી એમ નક્કી થાય છે કે આવા અનેક પ્રકારનાં કુધ્યાન કરીને અજ્ઞાનીઓ આનંદ માને છે પણ તે સાચું ધ્યાન નથી. અને એવા કુધ્યાનના બતાવનારા અપરીક્ષક કુગુરુઓ પણ હોય છે ખરા. એવા ધ્યાન કરનાર, તે પ્રકારનું ધ્યાન કરીને, તે ભાવના કર્તા થાય છે.

તેવી રીતે આ આત્મા પણ અજ્ઞાનને લીધે જ્ઞેયજ્ઞાયકરૂપ પરને અને પોતાને એક કરતો, 'હું પરદ્રવ્ય છું' એવા અધ્યાસથી પરદ્રવ્યનો કર્તા થાય છે. આત્માનો સ્વભાવ તો જ્ઞાન છે તેમાં અનેક જ્ઞેયો જાણવાની શક્તિ છે તેથી તે જ્ઞેયોને જાણે છે પણ જ્ઞેયરૂપ થતો નથી. છતાં અજ્ઞાની પરદ્રવ્યરૂપ થઈ ગયો હોવાનું માને છે. પરદ્રવ્યના કામમાં એકાકાર થતાં પરદ્રવ્યથી છૂટા થવાની તેની તાકાત રહેતી નથી. જ્ઞાનને સ્વસત્તા તરફ વળવું જોઈએ તેને બદલે ચૈતન્યસત્તાને ભૂલીને પરદ્રવ્યના ફેરફાર તથા સુધાર—બગાડ કરવાના ભાવમાં એકાકાર થઈ જાય છે પણ પરના ફેરફારના કર્તૃત્વ રહિત પોતાનો સ્વભાવ છે અને પરના ફેરફારે મારામાં કાંઈ થતું નથી, તે તેને સૂઝતું નથી.

અહીં 'અપરીક્ષક આચાર્ય' કહ્યા છે. એટલે કે જે આત્માની મુખ્યતા મૂકીને એકલા પરના વિચારથી કલ્યાણ થશે, એમ કહેનાર બધા અપરીક્ષક આચાર્યો સમજવા. શાસ્ત્રમાં કર્મનાં પ્રકારો, દેવલોક, નારકી, દ્વીપ, સમુદ્રાદિ, પરમાણુ, સ્કંધ વગેરે અનેક જ્ઞેયોના પ્રકારોની વાત આવે. અજ્ઞાની પોતાના સ્વભાવને ચૂકીને એકલા પરના જ્ઞાનમાં રોકાય છે. તે પરદ્રવ્યમાં એકાકાર થઈ તેનો કર્તા થાય છે.

શાસ્ત્રમાં સ્વજ્ઞેય-પરજ્ઞેયની વાત કરી હોય તો તે બધાનું પ્રયોજન એક સ્વને જાણવા માટે છે, પણ પરમાં એકાગ્રતા કરવા માટે નથી. પરદ્રવ્યના વિચારથી ચૈતન્યસત્તાને ભૂલવા માટે નથી.

ઘરમાં દીકરા-દીકરીનાં લગ્નમાં, વેપાર તથા નામા આદિની ક્રિયામાં, શરીરાદિની ક્રિયામાં, દેવ-ગુરુ-શાસ્ત્રના વિચારમાં, લોક—અલોકના વિચારમાં ઇત્યાદિ પરપદાર્થના વિચારમાં જે લીન થાય છે, તે પરદ્રવ્યરૂપ થઈને તેનો કર્તા થાય છે. તે પરના જ્ઞાનમાં રોકાય છે પણ આત્માને યાદ કરતો નથી. ચૈતન્ય જ્ઞાયકસત્તાની ધીરજપૂર્વક જાળવણી કર્યા વગર માત્ર પરમાં એકાકાર થાય તે છ દ્રવ્યના ભંગમાંથી નીકળી શકતો નથી.

અજ્ઞાની પરને અને પોતાને એક કરવાના અધ્યાસથી એવો ટેવાઈ ગયો છે કે તેને કહેવામાં આવે કે પરદ્રવ્યના જ્ઞાનમાંથી છૂટીને સ્વનું જ્ઞાન કર, આત્માને સમજવા માટે શ્રવણ કર તો તે તેને રુચે નહિ ને ઊલટો દલીલ કરે કે પરને જાણવામાં દોષ થતો નથી. તેને ખબર નથી કે સ્વને જાણ્યા વગર એકલું પરનું જ્ઞાન કરવામાં કલ્યાણ નથી. સ્વનું જ્ઞાન થતાં પર જણાઈ જાય છે, તેમાં દોષ થતો નથી. પણ એકલું પરનું જ્ઞાન કરવા જાય તો પાડાનું ધ્યાન કરનારની માફક પરદ્રવ્યમાં એકાકાર થઈ જાય છે.

હું પર દ્રવ્યરૂપ છું એવા અભ્યાસને લીધે મનના વિષયરૂપ કરવામાં આવેલાં ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્ગલ અને અન્ય જીવ વડે પોતાની શુદ્ધ ચૈતન્યધાતુ રોકાયેલી હોવાથી તે પ્રકારના ભાવોનો અજ્ઞાની કર્તા થાય છે. સ્ત્રી, કુટુંબાદિ અશુભનો વિષય છે અને દેવ-ગુરુ-શાસ્ત્ર શુભનો વિષય છે, પણ તે આત્માનો વિષય નથી. આત્મા જ્ઞાયક છે તેને મૂકીને જ્ઞેય–જ્ઞાયકને એક માનવાની ટેવને લઈને મનના વિષયરૂપ કરવામાં આવેલાં છ દ્રવ્યો, પછી સિદ્ધ હોય કે અરિહંત હોય—તે બધાં મનનો વિષય છે. તે સ્વભાવને ચૂકીને કરવામાં આવેલ હોવાથી તેમાં શુદ્ધ ચૈતન્ય ધાતુ રોકાયેલ હોવાથી તે તે ભાવનો તે કર્તા થાય છે.

ઇન્દ્રિયોના વિષયરૂપ કરવામાં આવેલા રૂપી પદાર્થો વડે પોતાનો કેવળ બોધ ઢંકાયેલ હોવાથી તે પ્રકારના ભાવનો તે કર્તા પ્રતિભાસે છે. ઇન્દ્રિયોના વિષયો જે સ્થૂળ છે તેમાં રોકાઈ ગયો છે. તેથી આત્મસત્તાનું જ્ઞાન ઢંકાઈ ગયું છે. ઇન્દ્રિયોના વિષયોમાં એકાકાર થઈને અજ્ઞાનીને તેમાંથી બહાર નીકળવું ગોઠતું નથી. પાડાના ધ્યાનવાળાને જેમ ઓરડી બહાર નીકળવું ગોઠતું નથી તેમ પરપદાર્થના જ્ઞાનમાં લીન થયેલાને તેમાંથી છૂટવું ગમતું નથી, તેનો કેવળ બોધ ઢંકાઈ ગયો છે તેથી તે તે ભાવોનો તે કર્તા થાય છે.

અને શરીર—મૃતક્ કલેવર વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન પોતે મૂર્છિત થયો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા થાય છે. ચૈતન્ય જાગૃત સત્તા છે અને શરીર અજાગૃત એટલે મૃતક છે. એવા મૃતક કલેવરની મૂર્છામાં આઠે પહોર નવરો

થાય નહિ. ટાઈમ ટેબલ પ્રમાણે આખો દિવસ સંભાળ રાખે. આત્મ ભગવાન પરમ અમૃતમય વિજ્ઞાનઘન છે તે મૃતક કલેવરમાં મોહાયો છે. અજ્ઞાની શરીરનાં વખાણ કરે છે અને જ્ઞાની શરીરને મળમૂત્રની ખાણ જાણે છે. શરીરની સંભાળમાં આત્મા અમૃતમય છે તેની સંભાળ કરતો નથી અને તે તે પ્રકારના ભાવોનો તે મૂર્છિત જીવ કર્તા થાય છે.

*

## સમયસાર ગાથા ૯૬ ટીકા (ચાલુ)

(માહ વદ ૪, રવિવાર)

આ ગાથામાં કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું, એમ કહે છે. આત્મા જ્ઞાયક છે અને બીજા પદાર્થો જ્ઞેય એટલે જણાવાયોગ્ય છે. છતાં પોતે અજ્ઞાનભાવે તેનો કર્તા થઈ પરવસ્તુને પોતાની માનીને તેને કર્મ બનાવે છે.

### છ દ્રવ્યો મનનો વિષય નથી પણ જ્ઞાનનો વિષય છે.

જેવી રીતે પાડાનું ધ્યાન કરવાવાળો 'હું પાડો છું' એમ એકાકાર થઈને તે ભાવનો કર્તા થાય છે તેવી રીતે અજ્ઞાની 'હું પરદ્રવ્ય છું' એવા અભ્યાસને લીધે છ દ્રવ્યોને મનનો વિષય બનાવીને પોતાની ચૈતન્યધાતુને રોકે છે પણ ખરેખર તો છ દ્રવ્યો મનનો વિષય નથી પણ જ્ઞાનનાં જ્ઞેય છે. હું જ્ઞાયક છું એવું ભાન ભૂલીને હું પરદ્રવ્યરૂપ છું, એમ જ્ઞાયકના વિષયને મનનો વિષય બનાવે છે, તે અજ્ઞાની છે.

આ રીતે અહીં આત્મા કર્તા કેમ થાય છે ને કર્મ પણ કેમ થાય છે, તે વિષય લીધો છે. જ્ઞાનને જ્ઞાનમાં રોકવું જોઈએ તેને બદલે મનમાં રોકાણ કર્યું તેથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે.

આત્મવસ્તુ શું છે? પોતાની પોતાને ખબર નથી એટલે આ વાત સમજતાં કઠણ લાગે છે પણ જો વિચાર કરે તો આત્મા તો જાણનાર—દેખનાર જ છે ને છ પદાર્થો તો જ્ઞાનનાં જ્ઞેય છે. તેને બદલે પરપદાર્થનો કર્તા થઈને રાગદ્વેષમાં એકાગ્ર થાય છે.

મનના વિષયરૂપ કરવામાં આવેલાં ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્ગલ અને અન્ય જીવ વડે શુદ્ધ ચૈતન્ય અટકી ગયેલ છે. પણ જો છ દ્રવ્યોનું જ્ઞાન કરે તો ચૈતન્ય ધાતુ રોકાતી નથી. છ દ્રવ્યમાં મનનું જોડાણ કરવાથી, જ્ઞાયકને

જ્ઞાનમાં ધરવો જોઈએ, તેને બદલે મનના વિષયમાં જોડી દીધો તે અજ્ઞાનનું કાર્ય ઠર્યું.

## રૂપી પદાર્થો ઇન્દ્રિયનો વિષય નથી પણ જ્ઞાનનું જ્ઞેય છે.

ઇન્દ્રિયોના વિષયરૂપ કરવામાં આવેલા રૂપી પદાર્થો વડે પોતાનો કેવળ બોધ ઢંકાયેલ હોવાથી તે પ્રકારના ભાવોનો કર્તા થાય છે. હું જ્ઞાયક છું અને પર પદાર્થ તે જ્ઞેય છે તેવો સંબંધ છોડીને 'હું પરદ્રવ્ય છું' એમ રૂપી પદાર્થોને ઇન્દ્રિયના વિષય બનાવ્યા—રૂપી પદાર્થ ઇન્દ્રિયનો વિષય નથી. જો ઇન્દ્રિયનો વિષય હોય તો કેવળી ભગવાન જાણી શકે નહિ. નિંદા કે પ્રશંસા, સુંવાળું કે કર્કશ, સુગંધ કે દુર્ગંધ, મીઠો રસ કે કડવો રસ આદિ રૂપી પદાર્થો છે. તે ખરેખર ઇન્દ્રિયોના વિષય જ નથી, કેમ કે ઇન્દ્રિયોનો આત્મામાં અભાવ છે. વિષયો તો જ્ઞાનનાં જ્ઞેય છે છતાં અજ્ઞાની જ્ઞાન અને જ્ઞેયને એક માને છે તેથી તેનો ચૈતન્ય બોધ ઢંકાઈ ગયો છે.

## મૃતક કલેવરમા પરમ અમૃતમય આત્મા મૂર્છાયો છે.

આત્મા પરમ અમૃતમય વિજ્ઞાનઘન છે. તે પોતે મૃતક કલેવર (શરીર) કે જે જ્ઞાનનું જ્ઞેય છે તેમાં મૂર્છાયો છે. આત્મા વિજ્ઞાનઘન, સહજાનંદ, નકોર વસ્તુ છે, ને અમૃતમય છે તથા આ શરીર છે તે મૃતક ક્લેવર એટલે મડદું છે તેમાં મોહાયો છે એટલે તેણે મડદાને વિષય બનાવ્યો. જીવતાએ મડદા સાથે મીંઢળ બાંધ્યા. શરીર તો જ્ઞાતાનું જ્ઞેય છે, તે ભૂલ્યો એટલે તે શરીરમાં મૂર્છાઈ ગયો. તેથી તે પ્રકારના ભાવોનો તે અજ્ઞાની કર્તા પ્રતિભાસે છે.

કોઈ પ્રશંસા કરે કે નિંદા કરે તો અજ્ઞાની તેમાં એકાકાર થઈ જાય છે. કોઈ હીણપ કરે તો ગોઠતી નથી પણ પોતે હીણપ કરી રહ્યો છે, તેની તેને ખબર નથી. કોઈએ ગધેડો કહ્યો હોય તો તેની સાથે કષાય કરે પણ પોતે ગધેડા થવાના ભાવ કરી રહ્યો છે, તેની તેને ખબર નથી. આ રીતે અજ્ઞાની મન, ઇન્દ્રિયો તથા શરીરાદિને વિષય બનાવે છે. જ્ઞાયક થવું જોઈએ તેને બદલે શરીરમાં મૂર્છાઈ જાય છે. આ રીતે કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું.

## અજ્ઞાનમાં જ કર્તાપણાનું મૂળ છે.

**ભાવાર્થ :—**આ આત્મા ચૈતન્ય સ્વભાવના ભાનના અભાવને લીધે, જડ પુદ્‌ગલકર્મ ભાવક છે અને આત્માના વિકારી ભાવ તેનું ભાવ્ય છે. તે બન્ને અચેતન છે. તેને ચેતન ભાવક સાથે એકરૂપ માને છે. આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાતા છે તેની

દ્રષ્ટિ ન રહી એટલે કર્મદ્રષ્ટિ રહી. પોતે જ્ઞાતાદ્રષ્ટાના ભાવનો કર્તા છે, તે ભૂલીને વિકાર સાથે પોતાને એકરૂપ માને છે. ભૂત જેના શરીરમાં પેઠું હોય તે દ્રષ્ટાંત પ્રમાણે વિકારી ભાવનો કર્તા થાય છે. વળી તે, જ્ઞેયરૂપ ધર્માદિ દ્રવ્યો તથા બીજા જીવો કે જે આ જીવની અપેક્ષાએ અજીવ છે તેને પણ જ્ઞાયકની સાથે એકરૂપ માને છે. તેથી તે સવિકાર અને સોપાધિક ચૈતન્ય પરિણામનો કર્તા થાય છે.

અહીં, ક્રોધાદિક સાથે એકપણાની માન્યતાથી ઉત્પન્ન થતું કર્તૃત્વ સમજાવવા ભૂતાવિષ્ટ પુરુષનું દ્રષ્ટાંત કહ્યું અને ધર્માદિક અન્ય દ્રવ્યો સાથે એકપણાની માન્યતાથી ઉત્પન્ન થતું કર્તૃત્વ સમજાવવા ધ્યાનાવિષ્ટ પુરુષનું દ્રષ્ટાંત કહ્યું છે. ॥૯૬॥

તેથી ઉપર કહેલા કારણથી એમ સિદ્ધ થયું કે જ્ઞાનથી કર્તાપણાનો નાશ થાય છે. તે હવે કહે છે :—

## ગાથા ૯૭

**એ કારણે આત્મા કહ્યો કર્તા સહુ નિશ્ચયવિદે,**
**--એ જ્ઞાન જેને થાય તે છોડે સકલ કર્તૃત્વને. ૯૭.**

**અન્વયાર્થ :—**આ પ્રથમ કહેલા કારણથી નિશ્ચયના જાણનારા જ્ઞાનીઓએ તે આત્માને કર્તા કહ્યો છે—આવું નિશ્ચયથી જે જાણે છે તે જ્ઞાની થયો થકો સર્વ કર્તૃત્વને છોડે છે. એનો અર્થ એ છે કે જ્ઞાતાદ્રષ્ટા થયો એટલે પરનો કર્તા થતો નથી. તેને કર્તૃત્વભાવને છોડે છે, એમ કહેવામાં આવ્યું છે.

**ટીકા :—**કારણ કે આ આત્મા અજ્ઞાનને લીધે પર એટલે જડ અને વિકારની સાથે આત્માની એકપણાની માન્યતા અને રાગ ઉત્પન્ન કરે છે તેથી પુણ્યપાપ અને શરીરનો કર્તા પ્રતિભાસે છે—આવું જે જાણે છે અને સ્વભાવસન્મુખ થાય છે એટલે કે પરથી ભેદજ્ઞાન કરે છે તેને પરના કર્તાપણાનો ભાવ થતો નથી. તે સ્પષ્ટ સમજાવાવમાં આવે છે :—

## અજ્ઞાની અજ્ઞાનને લીધે રાગનો સ્વાદ લે છે. પણ જડનો સ્વાદ લેતો નથી.

આ આત્માએ અનાદિથી અજ્ઞાનને લીધે ચૈતન્યસ્વભાવ આત્માનું ભાન કર્યું નથી. અનાદિથી એટલે પહેલાં સંસાર ન હતો અને નવો થયો છે, એમ નથી. પોતાનો સ્વભાવ શાંત અનાકુળ આનંદરૂપ છે, તેને ભૂલીને અજ્ઞાની કર્મ તરફના વિકારી પરિણામનો સ્વાદ લે છે, પણ જડનો સ્વાદ તો કોઈ આત્મા લઈ શકતો

નથી. અજ્ઞાની પોતાનો ચૈતન્ય સ્વભાવ છે તેને રાખીને પર્યાયમાં વિકારનો સ્વાદ લે છે. તેથી મિશ્રિત સ્વાદ લેતો, એમ કહ્યું છે. મિશ્રિત સ્વાદ એટલે થોડો આત્માનો અને થોડો વિકારી ભાવનો સ્વાદ લે છે, એમ એનો અર્થ નથી.

## શુભ ભાવની મીઠાશ (એકત્વબુદ્ધિ) દુઃખ છે.

સર્પ કરડ્યો હોય તેને લીંબડો ખવડાવે તો મીઠો લાગે છે. ઝેર ચડ્યું છે તેથી લીંબડાની કડવાશ તેને જણાતી નથી. તેમ અજ્ઞાનીને અજ્ઞાનરૂપ ઝેર ચડ્યું છે તેથી તેને વિકાર દુઃખદાયક જણાતો નથી. અજ્ઞાની સીગારેટ, દૂધપાક, પૂરી આદિના રાગના સ્વાદની મીઠાશમાં વિકારી પરિણામને અનુભવી રહ્યો છે. આત્માની સત્તાનો સ્વાદ ભૂલ્યો છે તેથી રાગના સ્વાદની એકતામાં પરના જુદાપણાની શક્તિ ઢંકાઈ ગઈ છે. નવમી ગ્રૈવેયકે જાય એવા મંદ રાગના પરિણામ કરવા છતાં પણ ચૈતન્યજ્ઞાતા રાગ અને મનના વિષય વિનાનો છે, તેનું ભાન ભૂલ્યો છે, એવો અનાદિથી જ અજ્ઞાની છે.

## અજ્ઞાની શુભભાવ વખતે પણ સ્વરૂપની અરુચિરૂપ ક્રોધ કરી રહ્યો છે.

એક તંબુની હજાર ખીલી હોય તેમાંથી એક ખીલી ઢીલી પડે તો સત્તાપ્રિય માણસને તે પોસાતું નથી તો વાવાઝોડામાં આખો તંબુ ઊડી જાય તો તેની શી દશા થાય? એમ અહીં કહે છે કે શરીરનું એક અંગ ફરે ત્યાં અજ્ઞાનીને ગોઠતું નથી તો આખું શરીર છોડવાનાં ટાણાં આવશે ત્યારે કેવી રીતે શાંતિ રાખશે? જેને શરીર અને આત્માની એકપણાની બુદ્ધિ છે તે 'હું ક્રોધ છું' એમ માને છે. જેને દયાદાનાદિની મીઠાશ છે તેને આત્માનો અણગમો છે તે 'ક્રોધ હું છું' એમ માનીને તે ભાવનો કર્તા થાય છે.

## શુભરાગથી આત્માને લાભ થાય એમ માનવું તે મિથ્યાત્વ છે.

અજ્ઞાની એમ કહે છે કે 'દેવ-ગુરુ-શાસ્ત્રથી આત્મામાં લાભ થાય છે એમ માને તો દેવ-ગુરુ-શાસ્ત્રને માન્યા કહેવાય' પણ તે વાત ખોટી છે. દેવ-ગુરુ-શાસ્ત્રને માનતાં શુભભાવ થાય છે પણ ધર્મ થતો નથી અને દેવ-ગુરુ-શાસ્ત્રથી લાભ થાય અથવા તેના તરફના શુભભાવથી લાભ થાય એમ માનવું તે મિથ્યાત્વ છે. જેનાથી લાભ માને તેનાથી જુદા પડવાનું રહે નહિ માટે પરપદાર્થથી લાભ પણ નથી અને નુકશાન પણ નથી—એમ સમજવું જોઈએ.

આ રીતે અજ્ઞાની 'હું ક્રોધ છું' ઇત્યાદિ આત્મવિકલ્પ કરે છે અને તેથી નિર્વિકલ્પ (રાગરહિત) અકૃત્રિમ (પુણ્યપાપ કૃત્રિમ છે તેનાથી રહિત), એક

વિજ્ઞાનઘન સ્વભાવને ચૂકીને વારંવાર અનેક વિકલ્પરૂપે પરિણમતો થકો કર્તા પ્રતિભાસે છે. વારંવાર પરની ક્રિયામાં સાવધાની રાખનારને આત્મા ભિન્ન છે તે ભાસતું નથી. વ્યવહારની કુશળતા એટલે મૂઢપણાની કુશળતા અથવા તો વિષ્ટાનો વહીવટ કરવા જેવું છે. તે વ્યવહાર કરવા જેવો નથી પણ આત્મવ્યવહાર કરવા જેવો છે.

*

# પ્રસાદ નં. ૧૧૫

## સમયસાર ગાથા ૯૭ ટીકાના પ્રવચનમાંથી.

(માહ વદ ૫, સોમવાર)

અજ્ઞાનીના કર્તા અને કાર્યની વાત થઈ ગઈ. હવે જ્ઞાની એટલે ધર્મી થાય ત્યારે તેનું કાર્ય શું હોય છે ? તે કહે છે.

અનાદિનો અજ્ઞાની શુદ્ધ ચૈતન્ય સ્વભાવને નહિ જાણતો હોવાથી શુભાશુભ ભાવના અનુભવના કાર્યને આત્માનું માની તેને જ ઠીક માની રહ્યો હતો. જેમ અંધારામાં સોનું અને લોઢું એક લાગે છે તેમ અજ્ઞાનમાં આત્માનો અને શુભાશુભ ભાવનો ભેદ જણાતો નથી. તે અનાદિના અજ્ઞાની જીવને જ્યારે સાચું જ્ઞાન થાય છે ત્યારે તેને આત્માના શાંત નિરાકુળ આનંદરસનું અને પુણ્યપાપરૂપ આકુળતાના સ્વાદનું ભેદજ્ઞાન—એટલે પૃથક્ પૃથક્પણાનું જ્ઞાન થાય છે. તેને ભેદ સંવેદન શક્તિ ખીલી ગઈ હોય છે, એવો જ્ઞાની હોય છે.

## જ્ઞાની આત્માના શાંતરસને અનુભવે છે.

પુણ્યપાપરૂપી આકુળતા તે આત્માનો ખરો સ્વાદ નથી. પૈસા, કપડાં, લાડવા વગેરેનો સ્વાદ તો આત્મા લઈ શકતો નથી કેમ કે તે જડ છે તેથી તેનો આત્મામાં અભાવ છે. અજ્ઞાની પણ પૈસા, આબરૂ વગેરેનો સ્વાદ લેતો નથી પણ તેને પોતાના માની રાગદ્વેષનો સ્વાદ લે છે. આત્મા પૂર્ણ સ્વભાવને પ્રગટ કરે તે નાણું છે અને સ્વભાવનો વિશ્વાસ કરે તે ખરેખર નોક અને આબરૂ છે. બાકી જગતનાં નોક—આબરૂ આત્મામાં છે જ નહિ. આત્મા તો અવિકારી શુદ્ધ જ્ઞાતા છે. તે પુણ્ય-પાપથી રહિત છે, એમ ભેદજ્ઞાન શક્તિ જેની ખીલી ગઈ છે, તેવો જ્ઞાની હોય છે.

## દેહની ઉત્પત્તિથી આત્મા જન્મતો નથી અને દેહના નાશથી મરતો નથી.

આત્મા અજ્ઞાનપણે વિભાવનો સ્વાદ લે છે અને જ્ઞાન થવાથી સ્વભાવનો સ્વાદ લે છે. પણ કોઈ પરપદાર્થોનો સ્વાદ લેતો નથી. આત્મા તો શાંત રસવાળો છે, તેને ભૂલીને અનુકૂળતામાં સુખ અને પ્રતિકૂળતામાં દુઃખ માનીને અજ્ઞાની આકુળતાનો સ્વાદ લે છે. એક ચીજનો બીજી ચીજમાં પ્રવેશ જ નથી. વિકાર છે તે ક્ષણપૂરતો છે. તે આત્માની પર્યાયમાં થાય છે પણ તેને ધર્મી પોતાનો સ્વભાવ માનતો નથી. ધર્મી તો આત્માને અનાદિનિધન માને છે એટલે આત્મપદાર્થ છે તેની શરૂઆત નથી તેમ જ અંત પણ નથી, એટલે કે તે દેહનો સંયોગ થતાં

આત્મા જન્મતો નથી ને દેહ છૂટી જાય તો આત્મા મરી જતો નથી. જેમ સાકર મોઢામાં નાખી હોય તો આંતરા વગર તેનો સ્વાદ આવે છે તેમ આત્મામાં શાંતરસ ભરેલો છે તેનો સ્વાદ એક સમય પણ વિરહ પડ્યા વગર જ્ઞાનીને આવે છે.

દયા, દાન, વ્રતાદિના ભાવોનો સ્વાદ આકુળતામય છે. તેનાથી ભિન્ન અત્યંત મધુર શાંતરસ છે, તે આત્માનો સ્વાદ છે, એમ જ્ઞાની જાણે છે. વિષય, આબરૂ, દીકરો જન્મે, લગ્ન થાય, બે પાંચ લાખ રૂપિયા મળે, તે વખતે જે હરખ થાય છે તે દુઃખ છે. જેમ ત્રિદોષ એટલે સન્નિપાત લાગુ પડ્યો હોય ત્યારે જે હરખાય અને હસતો દેખાય, તે સુખી નથી પણ દુઃખી છે. તેમ આત્માના સ્વભાવથી વિરુદ્ધ જે માન્યતા, જ્ઞાન અને આચરણ છે તે ત્રિદોષ અનાદિનો અજ્ઞાનીને લાગુ પડ્યો છે. તેને સંસારમાં સુખ લાગે છે પણ તે ખરેખર સુખ નથી. ધાધર થાય છે ત્યારે ખુજલી આવે તો તેને ઘસે (ખંજોળે) એટલે ઠીક લાગે છે, પણ લોહી નીકળે છે, તેનું તેને ભાન નથી. તેમ આત્મા સ્વભાવને ભૂલીને, પુણ્ય પાપને પોતાનાં માનીને આત્માને ઘસી નાખે છે, તે સુખ નથી પણ ધાધર ઘસવા જેવું દુઃખ છે. પરપદાર્થમાં સુખદુઃખ કાંઈ નથી.

## <u>સાંસારિક સુખ લોહીમાંથી થતા પરૂના લબકારા જેવું દુઃખરૂપ છે.</u>

જ્ઞાની જાણે છે કે શરીર, વાણી, મન તે હું નહિ, તે તેના કારણે છે અને હું મારા કારણે છું. કુટુંબનું સુખ, પૈસાનું સુખ, તે બધું દુઃખરૂપ છે, કેમ કે તેના પ્રત્યેનો રાગ આત્માના અત્યંત મધુર શાંતરસની વિપરીતદશા છે, તે શાંતિને લૂંટનાર છે, તે પરની પ્રીતિ હોવાથી આત્માની પ્રીતિને ભૂલાવે છે. આત્માનો સ્વભાવ તો અનાકુળ ઉપશાંત રસનો અનુભવ તે છે. અને કષાયો તો બેસ્વાદ છે. દયાદાનાદિના ભાવો પણ કષાયો છે. તેમની સાથે એકપણાનો વિકલ્પ કરવો તે અજ્ઞાન છે. ધર્મી તો પુણ્યપાપથી રહિત છું એમ જાણી શાંતરસને અનુભવે છે.

અકૃત્રિમ એટલે ધ્રુવ શુદ્ધ જ્ઞાન તે જ હું છું. પોતાના સ્વભાવ તરફ ઢળતી પર્યાય અકૃત્રિમ છે. અને કામ, ક્રોધ, દયા, દાનાદિના ભાવો તે બધા કૃત્રિમ અને અનિત્ય છે, તે હું નથી—એમ જાણતો થકો, હું ક્રોધ છું ઇત્યાદિ આત્મવિકલ્પ જરાપણ જ્ઞાની કરતો નથી, હું એક જ્ઞાન છું—એમ પર્યાયધ્રુવને સ્વીકારે છે. એવું જ્ઞાન, શ્રદ્ધા અને આચરણ તે જ હું છું. પર્યાયો ભલે નવી થાય પણ સ્વભાવના લક્ષે થતી હોવાથી તે અભેદ થાય છે તેથી તેને એક જ ગણવામાં આવી છે. અકૃત્રિમ સ્વભાવ તે જ હું છું અને કૃત્રિમ એવા રાગદ્વેષ તે હું નથી. આમ સ્વભાવ તરફ ઢળતાં રાગદ્વેષ છૂટી જાય છે, ત્યારે પરસન્મુખમાં લાભ છે એવો જરાએ

વિકલ્પ કરતો નથી. અસ્થિરતા આવે તેની વાત અહીં કરી નથી. ચૈતન્યની અને વિકારની એકતાનો રાગ કરતો નથી, તેથી સમસ્ત કર્તૃત્વને છોડી દે છે. એનો અર્થ એ છે કે સ્વભાવ તરફનું પરિણમન થતાં રાગનું પરિણમન થતું જ નથી. તેને કર્તૃત્વ છોડી દે છે, એમ કહ્યું છે.

## હું જાણનાર–દેખનાર છું એવા અભિપ્રાયથી પરપદાર્થનું કર્તૃત્વ રહેતું નથી.

તેથી સદાય ઉદાસીન અવસ્થાવાળો થયો થકો જ્ઞાની માત્ર જાણ્યા જ કરે છે. શરીર, વાણી, મન તથા વિકારના પરિણામ મારી હાજરીથી થયા નથી. જાણવું–દેખવું એ જ મારું સ્વરૂપ છે અને એ જ ધર્મ છે. જાણ્યા કરે તે જ ધર્મીની ક્રિયા છે. પર્યાયમાં નબળાઈથી રાગદ્વેષ છે તે મારો સ્વભાવ નથી. જ્ઞાની નિર્વિકલ્પ એટલે રાગરહિત, અકૃત્રિમ, વિજ્ઞાનઘન મારું સ્વરૂપ છે એમ માને છે તેથી વિકારાદિને કર્તા પ્રતિભાસતો નથી પણ અત્યંત અકર્તા પ્રતિભાસે છે.

**ભાવાર્થ :—**જે પરદ્રવ્યના અને પરદ્રવ્યના ભાવોના કર્તૃત્વને અજ્ઞાન જાણે એટલે કે શરીરાદિનું તથા વિકારનું કર્તાપણું તે અજ્ઞાન છે, એમ જાણે તે પોતે કર્તા શા માટે બને ? અજ્ઞાની રહેવું હોય તો પરદ્રવ્ય એટલે શરીરાદિની ક્રિયાનો કર્તા બને ! પણ જો જ્ઞાન થાય તો પરદ્રવ્યનું કર્તાપણું રહેતું નથી.

હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

## કળશ ૫૭

**અર્થ :—**ખરેખર આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે છતાં પોતાના સ્વરૂપના અભાનને લીધે જે જીવ, ઘાસ સાથે ભેળસેળ સુંદર આહારને ખાનારા હાથી આદિ તિર્યંચની માફક રાગ કરે છે તે આકુળતાનો સ્વાદ લે છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, રાગસ્વરૂપ નથી છતાં જેમ હાથી ચૂરમા ભેગું ઘાસ ખાય છે અને તેનો ભેદ પાડતો નથી તેમ અજ્ઞાની રાગનો સ્વાદ લે છે. તે ચૈતન્યને ઓળખતો નથી. તે રાગને ચૈતન્યનું કાર્ય માનીને, તેને અનુભવે છે.

આત્માને અને વિકારને ભેગા કરીને સ્વાદ લે છે એનો અર્થ એ છે કે આત્મા તો શુદ્ધ સ્વભાવી છે તેને ભૂલીને વિકાર એટલે રાગનો સ્વાદ અજ્ઞાની લે છે. આત્માનો શાંત રસરૂપ સ્વાદ છે તેને ભૂલીને દયા, દાન, સેવા, પૂજા, ભક્તિ આદિના ભાવ જે ઘાસ સમાન છે, તેને અજ્ઞાની અનુભવે છે.

દહીંનો સ્વભાવ ખાટો છે અને ખાંડનો સ્વભાવ મીઠો છે. બન્નેના સ્વાદ જુદા છે. એનું જેને ભાન નથી તે શીખંડને ખાય છે, તો દૂધ ખાતો હોય એમ લાગે છે.

દારૂ પીધેલો માણસ હોય તેને શીખંડનો સ્વાદ આવતો નથી પણ દૂધનો સ્વાદ આવે છે. તેમ અજ્ઞાની—દારૂ પીધેલાની જેમ આત્માના શાંત રસરૂપી સ્વાદને અને પુણ્યપાપાદિના આકુળતામય સ્વાદના ભેદને જાણતો નથી તેથી તેને આત્માના શાંતરસનો અનુભવ થતો નથી. શાંતરસની રુચિ જેને નથી તેને પર પદાર્થની લોલુપતામાં સ્વભાવનો સ્વાદ આવતો નથી.

**ભાવાર્થ :—**જેમ હાથીને ઘાસના અને સુંદર આહારના ભિન્ન સ્વાદનું ભાન નથી તેમ અજ્ઞાનીને પુદ્‌ગલ કર્મના એટલે કર્મ તરફના વિકારી ભાવના સ્વાદની અને પોતાના શાંત રસના સ્વાદની ભિન્નતાનું ભાન નથી. તેથી તે એકાકાર થઈને પરપદાર્થની પ્રીતિમાં વર્તે છે. જેમ શીખંડનો ગ્રદ્ધી માણસ, સ્વાદભેદ નહિ પારખતાં, શીખંડના સ્વાદને માત્ર દૂધનો સ્વાદ જાણે છે તેમ અજ્ઞાની જીવ સ્વપરના ભિન્ન સ્વભાવને નહિ જાણતો વિકારના સ્વાદને અનુભવે છે.

## અજ્ઞાનથી જ જીવ વિકારી ભાવોનો કર્તા થાય છે. કળશ ૫૮

**અર્થ :—**અજ્ઞાનને લીધે મૃગજળમાં જળની બુદ્ધિ થવાથી હરણો તેને પીવા દોડે છે. ઝાંઝવાના પાણીમાં પાણી નથી છતાં હરણ અજ્ઞાનને લીધે તે પાણી છે, એમ માનીને પીવા માટે દોડે છે. લીલું ઘાસ કે ઠંડી હવા પણ આવતી નથી છતાં અજ્ઞાનને લીધે દોડ્યા કરે છે. તેમ આત્માના સ્વભાવનો અજાણ પુણ્યપાપાદિના ભાવો તે ઝાંઝવાના પાણી જેવા છે તેમાં આત્માનો શાંત રસ માનીને એટલે ધર્મ માનીને એમાંથી સુખ મેળવવા માગે છે પણ વિચારતો નથી કે આખી જિંદગી શરીરની ક્રિયા કરી હોય, સામાયિક, ઉપવાસ, પૌષધાદિની ક્રિયા કરી હોય છતાં તેમાં આત્માની શાંતિની હવા દેખાતી ન હોય તોપણ તેને ધર્મ માની અજ્ઞાની દોડધામ કર્યા કરે છે ને ખેદખિન્ન થાય છે.

## જેમ ઝાંઝવાના પાણીમાં પાણી નથી, તેમ સંસાર સુખમાં સુખ નથી.

ધર્મ તો એવો હોવો જોઈએ કે જે ધર્મથી આત્મામાં શાંતિ થાય. પરમાં આમ કરું તો ધર્મ થાય, એમ અજ્ઞાની માને છે પણ સ્વભાવને જોઉં તો ધર્મ થાય તેમ તે માનતો નથી. તે હરણની જેમ ઝાંઝવાના પાણીમાં પાણી માનીને દુઃખી થાય છે. શાસ્ત્રની ચર્ચા કરીને ઘણાને હરાવ્યા હોય પણ તે પર સન્મુખતા છે, તેમાં ધર્મ હોય નહિ. સ્વસન્મુખ થયા વગર ધર્મ થતો નથી, એમ તે સમજતો નથી તેથી હેરાન થાય છે અને સ્વસન્મુખની રુચિ કરતો નથી. પરની ઓછી ક્રિયા કરીએ છીએ, તે વધારે કરીએ તો ધર્મ થાય, તેને તો પર સન્મુખપણું જ રહ્યું, પણ સ્વસન્મુખપણું આવ્યું નહિ. *

# પ્રસાદ નં. ૧૧૭

(માહ વદ-13, સોમવાર, તા. 5-3-1951)

## આત્મામાં પવિત્રતા લાવે તેને મંગળ કહે છે

બેનોના સ્વાધ્યાય માટેનું સ્વતંત્ર મકાન બન્યું છે, તેનું ઉદ્ઘાટન આજે થાય છે. શ્રી કુંદકુંદાચાર્ય ભગવાને સમયસારની પહેલી ગાથામાં માંગલિક કરેલ છે. મંગળ એટલે શું ? મંગ = પવિત્રતા, લ = લાતિ, લાવે છે. જે પવિત્રતાને—સુખને પમાડે તેને મંગલિક કહે છે. આત્માના સ્વભાવના ભાન સહિત આત્મામાં જે પવિત્ર પર્યાય પ્રગટ થાય છે, તે ભાવને મંગલિક કહે છે. આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે તેની યથાર્થ પ્રતીતિ—શ્રદ્ધા, તેનું સ્વસંવેદન જ્ઞાન, તેમાં અનુભવ ને સુખની ઝલકરૂપી નિર્વિકારી વીતરાગતા—એ પર્યાયને મંગલિક કહે છે—એ અસ્તિથી અર્થ કર્યો.

## મિથ્યાત્વ, પુણ્ય-પાપના અહંકારને ગાળે તેને મંગળ કહે છે.

હવે મંગળનો નાસ્તિથી અર્થ કરે છે. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે, શરીરની ક્રિયા આત્મા કરી શકતો નથી, પુણ્યપાપ તે આત્માનું સ્વરૂપ નથી, એમ જ્ઞાન કરી, પર પદાર્થના કર્તાપણારૂપ અહંકારને જે ટાળે છે–ગાળે છે. તેને માંગલિક કહે છે.

## આચાર્ય ભગવાન પોતાના આત્મામાં સિદ્ધને સ્થાપે છે.

શ્રી કુંદકુંદાચાર્ય ભગવાન સમયસારની પહેલી ગાથામાં કહે છે :—

वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गइं पत्ते

वोच्छामि समयपाहुडमिणमो सुयकेवलीभणीयं ॥१॥

ભગવાન કુંદકુંદાચાર્ય આત્મામાં પ્રતિષ્ટા કરે છે. આ પ્રતિષ્ટાનો દિવસ છે. કુંદકુંદાચાર્ય ભગવાન કહે છે કે નિરંજન, નિરાકાર, અનંત શક્તિના ધારક ને અનંતા સુખનો અનુભવ કરનારા સિદ્ધોને નમસ્કાર કરું છું એટલે કે સર્વ સિદ્ધોને મારા આત્મામાં સ્થાપન કરું છું.

જેમ લૌકિકમાં વાર—કવાર હોય ત્યારે બહારગામ જવા માટે પ્રસ્થાનું મૂકે છે, તેમ આચાર્ય ભગવાન કહે છે કે સિદ્ધદશા પ્રગટ કરવાને હજી અલ્પ વાર છે. મારા પુરુષાર્થની નબળાઈ છે ને પંચમકાળ છે તેથી પ્રસ્થાનું મૂકું છું.

આચાર્ય ભગવાન કહે છે કે અનંત સિદ્ધોને અમારા હૃદયમાં સ્થાપન કરીને તમારા હૃદયમાં સ્થાપું છું.

## નમસ્કારના ફળમાં સિદ્ધદશા પ્રગટે છે ને વિકાર તથા અલ્પજ્ઞતાનો નાશ થાય છે.

નમસ્કાર કરવાનો અર્થ એ છે કે જેનો આદર હોય, તેની પ્રતિષ્ઠા હોઈ શકે. જેના હૃદયમાં જેનું સ્થાન હોય તેને નમસ્કાર કરે. આ ચૈતન્ય બંગલામાં—જ્ઞાનરૂપી બંગલામાં ચૈતન્યમૂર્તિના જ્ઞાનમાં અનંતા સિદ્ધોને બિરાજમાન કરું છું, તેવી જ રીતે શ્રોતાઓના આત્મામાં પણ અનંતા સિદ્ધોને બિરાજમાન કરું છું.

સિદ્ધોને મારામાં સ્થાપન કરું છું, તેનો અર્થ એમ છે કે જે કાંઈ અલ્પજ્ઞતા છે, પુણ્યપાપના ભાવો છે તે મારામાંથી નીકળી જાઓ. કારણ કે હું સિદ્ધની સ્થાપના કરું છું. 'वंदित्तु सव्व सिद्धे' સર્વ સિદ્ધોને નમસ્કાર કરું છું. કેવા છે તે સિદ્ધો ? ધ્રુવ એટલે નિત્ય, અચલ એટલે કદી ચળે નહિ તેવી તથા અનુપમ એટલે જેને કોઈની ઉપમા ન આપી શકાય એવી પરમ ગતિને સિદ્ધો પામેલા છે. તેવા સિદ્ધોને મારા હૃદયમાં સ્થાપીને પણ સ્થાપું છું. સિદ્ધ સિવાય બીજો ભાવ મારામાંથી નીકળી જાઓ, એવી ભાવના ભાવે છે. આવી સ્થાપના કરનાર જીવ સિદ્ધને યથાર્થ નમસ્કાર કરે છે ને તે વિકાર રહિત થઈ સિદ્ધદશાને પ્રાપ્ત કરે છે.

પંડિત બનારસીદાસજી પણ કહે છે કે :—

ચેતનરૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો.

સિદ્ધ–સમાન મારું પદ છે. વિકાર છે તે મારામાંથી નીકળી જાઓ.

## મારામાં સિદ્ધને બિરાજમાન કરું છું.

એક તપેલું પાણીથી પૂરું ભરેલું હોય તેમાં તેના માપ જેવડો જ લાકડાનો ડટો નાખવામાં આવે તો પાણી બધું નીકળી જાય છે તેમ ચૈતન્યમૂર્તિ આત્મા ભાજન સમાન છે. તેમાં પરિપૂર્ણ શુદ્ધતાને પ્રાપ્ત એવા સિદ્ધોને બિરાજમાન કરતાં અનંત જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય પ્રગટે છે ને મલિનતા તથા અલ્પજ્ઞતા નીકળી જાય છે.

હું મારા શુદ્ધ સ્વભાવના અમૃતને પ્રગટ કરવા માગું છું, મારામાં કેવળજ્ઞાન પ્રગટ કરવા માગું છું, ચેતનનો પુરુષાર્થ કરું છું, તેમાંથી શુદ્ધ નિર્મળદશા પ્રગટ થશે. આત્માની ધૂનમાં હું કેવળજ્ઞાનની પર્યાયને પ્રગટ કરીશ. તેથી અલ્પજ્ઞતા ને વિકારનો નાશ થશે.

આ પ્રમાણે અનંત સિદ્ધોને પોતાના આત્મામાં સ્થાપીને બીજાના આત્મામાં પણ સિદ્ધોને સ્થાપે છે.

હવે શ્રી અમૃતચંદ્રાચાર્ય તે ગાથાના પ્રથમ કળશમાં કહે છે :—

## શુદ્ધ આત્માને નમસ્કાર એ મહા મંગલ છે.

नमः समयसाराय स्वानुभूत्या चकासते ।

चित्स्वभावाय भावाय सर्वभावांतरच्छिदे ॥1॥

મારા સ્વરૂપનું ભાન કરી, તેમાં લીન થાઉં છું. વંદું છું—નમસ્કાર કરું છું. તે નમસ્કાર અંતરની ક્રિયા દ્વારા થાય છે. દયા, દાનના પરિણામથી સ્વભાવ પ્રગટ થાય તેવો નથી પણ સ્વાનુભવથી પ્રગટ થાય તેવો છે. તે શુદ્ધ આત્માને નમસ્કાર કરું છું. કેવો છે ભગવાન આત્મા ? જ્ઞાનસ્વભાવી છે. શુદ્ધ જ્ઞાતાસ્વરૂપ વસ્તુ છે તથા સર્વ પદાર્થોને એક જ સમયે જાણનારો છે.

આવા આત્મસ્વભાવની પ્રતીતિ કરવી તે જ ધર્મ છે, ને આ પ્રમાણે ધર્મદશા પ્રગટ કરવી તે માંગલિક છે.

લ્યો આ ઉદ્ઘાટનનું માંગલિક થયું.

*

# પ્રસાદ નં. ૧૧૭

## સમયસાર કળશ ૫૮

(માહ વદ ૬, મંગળવાર)

અજ્ઞાનથી જીવો કર્તા થાય છે, તેની વાત ચાલે છે. આત્મા અંતર્મુખ જુએ તો શાંતિ થાય છે પણ તેને છોડીને પર સન્મુખતામાં દોડધામ કરી રહ્યો છે. વસ્તુસ્વભાવ શાંતરસરૂપ હોવા છતાં અજ્ઞાનને લીધે જેમ હરણ પાણીને માટે મૃગજળને પીવા જાય છે તેમ આત્મા પવિત્ર સ્વરૂપ છે, તેને ભૂલીને વિકારમાં સુખ છે, એમ માનીને પર સન્મુખ થઈ રહ્યો છે. જેમ હરણ ઝાંઝવામાં જળ નહિ હોવા છતાં પણ જળ માટે દોડધામ કરી રહ્યું છે—તે તેનું અજ્ઞાન છે, એમ અજ્ઞાની જીવો પર સન્મુખ થઈને સ્ત્રીનું, કુટુંબનું, નાતનું, જાતનું, દેશનું વગેરેનું કરું એમ માનીને તથા પરમાં સુખ માનીને અનંતકાળથી દોડધામ કરી રહ્યા છે. વિકારનો કર્તા અને વિકાર મારું કાર્ય એમ માનીને એમાં જ દોડ્યા કરે છે પણ શાંતિ મળતી નથી. આત્મા જ્ઞાતાદ્રષ્ટા ધ્રુવ શાંત રસરૂપ વસ્તુ છે તેમાં શાંતિ અને સુખ ભરેલું છે તેમ પ્રથમ નિશ્ચય કરે તો શાંતિનો અનુભવ થાય.

## પુણ્યની રુચિવાળો જીવ આત્માના સ્વભાવની વાતથી ભયભીત થઈને ભાગે છે.

અજ્ઞાનને લીધે અંધકારમાં પડેલી દોરડીમાં સર્પનો અધ્યાસ થવાથી લોકો ભયથી ભાગે છે, તેમ અજ્ઞાનને લીધે અંતરાત્મ સ્વભાવની વાત કોઈ કરે તો ભયથી ભાગે છે. બહારમાં કંઈક કરીએ તો ધર્મ થાય, એમ માને છે. એકલા આત્માની આખો દિવસ વાત કરવાથી શુષ્ક થઈ જવાય, એમ માનીને અજ્ઞાની ભયથી ભાગે છે અને વિકારનો કર્તા થાય છે. અજ્ઞાનીને નિવૃત્તિ લેવાનું કહેવામાં આવે તો ગમે નહિ, ધંધામાંથી છૂટવાનું ગમે નહિ.

અજ્ઞાનને લીધે આ જીવો, પવનથી તરંગવાળા સમુદ્રની માફક વિકલ્પોના સમૂહને કરે છે. દરિયો તો સ્થિર—શાંત હોય છે પણ પવનના નિમિત્તે ડામાડોળ થાય છે તેમ જ્ઞાન દરિયો ચૈતન્ય શાંત જળસ્વરૂપ છે, તે સંયોગની અને વિકારની રુચિમાં સંકલ્પ—વિકલ્પના પવનથી ડામાડોળ થયા કરે છે. સંયોગની ક્રિયામાં એકાકાર થઈને, ધર્મ કરીને સ્વર્ગમાં જઈશું અને ત્યાંથી ભગવાન પાસે જઈશું—એમ ડામાડોળ થાય છે અને આકુળતાને વેદે છે પણ શાંતિને વેદતો નથી. શુદ્ધ

જ્ઞાનમય આત્માનો સ્વભાવ હોવા છતાં, આકુળ બનીને પોતાની મેળે વિકાર આદિનો કર્તા થાય છે.

**ભાવાર્થ :—**અજ્ઞાનથી શું શું નથી થતું ? અજ્ઞાનથી ઝાંઝવાને પાણી જાણીને હરણ પીવા દોડે છે અને ખેદખિન્ન થાય છે. અંધારામાં પડેલા દોરડાને સર્પ માનીને માણસો ડરીને ભાગે છે. તેવી જ રીતે વિષયોમાં ત્રણકાળમાં સુખની ગંધ પણ નથી છતાં અજ્ઞાની આત્માના શાંત સ્વભાવને ભૂલીને ખેદખિન્ન થાય છે. જેમ પવનથી દરિયો ક્ષુબ્ધ થાય છે તેમ અજ્ઞાનને લીધે અનેક વિકલ્પો કરતો થકો અજ્ઞાની ક્ષુબ્ધ થાય છે. પરમાર્થે તે શુદ્ધ જ્ઞાનઘન છે તો પણ અજ્ઞાનથી કર્તા થાય છે.

## જ્ઞાનથી આત્મા કર્તા થતો નથી.

## કળશ ૫૯

હવે જ્ઞાનીની વાત કરે છે. ધર્મીજીવ આત્મસન્મુખ હોવાથી પુણ્યપાપાદિ વિકારી ભાવનો કર્તા થતો નથી. પરવસ્તુમાં આત્માનું હિત કે અહિત છે જ નહિ. આત્માની નિર્વિકલ્પ દશામાં જ શાંતિ અને સુખ છે—એમ જ્ઞાની જાણે છે. જેમ હંસ દૂધ અને પાણીના તફાવતને જાણે છે. હંસની ચાંચમાં ખટાશ હોય છે તેથી પાણીને તથા દૂધને જુદા પાડે છે, દૂધનો ફોદો ખાય છે અને પાણી પડ્યું રહે છે, તેમ ધર્માત્મા ધ્રુવ, ટંકોત્કીર્ણ, ચૈતન્ય ધાતુ તે હું છું અને વિકાર—કામ, ક્રોધ, દયા, દાનાદિના ભાવો તે મારો સ્વભાવ નથી, એમ ભેદજ્ઞાનરૂપી ખટાશથી વિકારને અને સ્વભાવને ભિન્ન જાણે છે.

## જ્ઞાની માત્ર જાણે જ છે, કાંઈ પણ કરતો નથી. (કર્તા થતો નથી.)

મારો ચૈતન્યધ્રુવ સ્વભાવ વિકારની વધઘટથી કાંઈ વધતો—ઘટતો નથી. રાગથી મારી મોટાઈ નથી, એમ જ્ઞાની જાણે છે. આત્મા અચળ છે અને પુણ્યપાપ ચળાચળ છે—એમ જ્ઞાતા સન્મુખ વલણ કરતો થકો, અંતર્મુખ દ્રષ્ટિમાં સુખ અને આનંદ છે, એમ સ્વભાવનો આશ્રય કરતો થકો માત્ર જાણે છે. સંયોગ ગમે તેવો હોય પણ તેનો જ્ઞાનીને આશ્રય હોતો નથી. તે માત્ર જાણવાનું કામ કરે છે, તે જ ધર્મ છે. 'આત્માને જાણ' એમ કહેતાં જ જાણવામાં ધર્મ આવી જાય છે. પરસન્મુખપણાની દ્રષ્ટિ હતી તે બદલીને સ્વસન્મુખપણું થયું. તેથી આત્માને પરની સાથે કાંઈ સંબંધ નથી, એમ માની તે પરનું કાંઈ કરતો નથી પણ માત્ર જાણે છે.

જ્ઞાની જાણે છે કે મારી ચૈતન્યઋદ્ધિ બહારથી આવે એમ નથી અને નિર્ધનતાથી જાય એમ નથી. આત્મા ચૈતન્ય આબરૂવાળો છે, તે જ્ઞાતા જ રહે છે પણ કર્તા થતો નથી. જે સ્વ-પરનો ભેદ જાણે તે જ્ઞાતા જ છે, કર્તા નથી. એટલે કે આત્મા જ્ઞાતાદ્રષ્ટા રહે તે જ ધર્મ છે.

હવે, જે કાંઈ જણાય છે તે જ્ઞાનથી જ જણાય છે, એમ કહે છે :—

## કળશ ૬૦

હવે આચાર્ય ન્યાય આપે છે કે ગરમ પાણીમાં અગ્નિની ઉષ્ણતાનો અને પાણીની શીતળતાનો ભેદ, જ્ઞાનથી જ પ્રગટ થાય છે. અહીં પાણીનો જે શીતળ સ્વભાવ છે તે અને વર્તમાન પર્યાયમાં ઉષ્ણતા છે તેનો ભેદ બતાવવો છે. વર્તમાન નિમિત્તના પ્રસંગમાં જે ઉષ્ણતા દેખાય છે તેને નિમિત્ત તરફની કહીને તે પાણીનો સ્વભાવ નથી, એમ કહે છે. ગરમ પાણીને ઇન્દ્રિય વડે જોવામાં આવે તો કોઈ રીતે તે પાણીનો સ્વભાવ શીતળ છે તે જણાશે નહિ, પણ જ્ઞાન તેનો વિવેક કરે છે. અતીન્દ્રિય જ્ઞાન અતીન્દ્રિય પદાર્થનો નિર્ણય કરી શકે છે. પાણી છે તે અગ્નિ નથી એમ જ્ઞાન જ નક્કી કરે છે.

## ઇન્દ્રિયોથી પાણીનો સ્વભાવ જણાતો નથી.

ગરમ પાણીનાં ઝરણાં જમીનના ઊંડાણમાંથી આવતાં હોય છતાં પણ પાણી પદાર્થ ઉષ્ણ હોય નહિ. ભલે વર્તમાન ઉષ્ણતા દેખાતી હોય છતાં તે પાણી ઠરી જશે, એમ બધાને અનુભવ છે. તે ઉષ્ણતાનો અને શીતળ સ્વભાવનો ભેદ જ્ઞાનથી જ નક્કી થાય છે. ઇન્દ્રિયનું અવલંબન લીધા વગર જ્ઞાન જ્ઞાનથી જ નક્કી કરે છે, તેમ નિરુપાધિક સ્વભાવ અને ઔપાધિક પર્યાયનો ભેદ જ્ઞાનથી જ નક્કી થાય છે. આત્મા ચૈતન્ય ધાતુ છે અને પર્યાયમાં વર્તમાન ક્રોધાદિના ભાવો છે, તેનો ભેદ કરતું જ્ઞાન જ પ્રગટ થાય છે.

## જ્ઞાનથી જ કર્તાપણાનો ભાવ ભેદાય છે.

શાકના સ્વાદથી લવણના સ્વાદની તદ્દન ભિન્નતા જ્ઞાનથી જ પ્રકાશિત થાય છે. કારેલાં અને તુરિયાં વગેરેનો સ્વાદ અને મીઠાનો સ્વાદ બન્ને જુદા છે. મીઠાનો સ્વાદ ખારો અને કારેલાંનો કડવો છે, તે જ્ઞાન નક્કી કરે છે. તે જીભ નક્કી કરી શકે નહિ. બન્નેની તદ્દન જુદાઈ જ્ઞાનથી નક્કી થાય છે. તેવી રીતે આત્માનું અંતરનું જ્ઞાન તથા નિત્ય ચૈતન્ય ધાતુની શાંતિ અને અનાકુળતા પ્રગટ થાય છે તે અને

વિભાવભાવનો ભેદ તો જ્ઞાનથી જ થાય છે અને તે જ્ઞાન થતાં કર્તાપણાનો ભાવ ભેદાય છે.

## સ્વભાવ સન્મુખ થવું તે જ ભેદજ્ઞાન છે.

આત્માનું અંતર્મુખ વલણ તે સુખ છે અને પર વસ્તુના વલણમાં કર્તાબુદ્ધિ છે તે મારું કર્તવ્ય નથી, એમ વિકાર તરફનું વલણ છોડવું અને સ્વભાવ તરફ વલણ કરવું તે જ આત્માનો ધર્મ છે અને જ્ઞાનથી જ તે પ્રગટ થાય છે.

જેમ પાણી ઉષ્ણ ન હોય, શાક ખારું ન હોય, તેમ જ્ઞાન નક્કી કરે છે. તેવી રીતે આત્મામાં વિકાર ન હોય તે જ્ઞાન નક્કી કરે છે. મારો સ્વભાવ શાંત છે, વિકાર તરફ વળે એવો નથી, એમ જ્ઞાન નક્કી કરે છે. મીઠું કડવું હોય નહિ અને શાક ખારું હોય નહિ, તેમ આત્મા કદી વિકારી હોય નહિ, શાંત જ્ઞાતામાં વિકાર હોઈ શકે નહિ. આત્મા શાંત ચૈતન્યઘન છે, તે શાંત ન હોય તેમ કદી બને નહિ, એમ જ્ઞાન નક્કી કરે છે. આ રીતે સ્વસન્મુખ થઈને વિકારને તોડી પાડે છે એટલે કે સ્વભાવના લક્ષે વિકારનો કર્તા થતો નથી. આ રીતે જ્ઞાતા સ્વભાવની સન્મુખતામાં કર્તાપણાની દ્રષ્ટિ રહે નહિ. આ એક જ રીત છે, બીજી કોઈ રીત નથી.

હવે, અજ્ઞાની પણ પોતાના જ ભાવને કરે છે પરંતુ પુદ્‌ગલના ભાવને કદી કરતો નથી. એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક કહે છે :—

## કળશ ૬૧

આ રીતે ખરેખર પોતાને અજ્ઞાનરૂપ કે જ્ઞાનરૂપ કરતો આત્મા પોતાના જ ભાવનો કર્તા છે, પર ભાવનો એટલે પુદ્‌ગલના ભાવોનો આત્મા કર્તા તો કદી નથી.

## જ્ઞાની કે અજ્ઞાની કોઈ પરની ક્રિયા કરતો નથી

શરીર, વાણી અને મન તે પુદ્‌ગલ—જડ છે. તેનું કામ તે રૂપે થઈને આત્મા કદી કરે નહિ. આમ નક્કી થતાં પર સન્મુખતા રહેતી નથી અને સ્વસન્મુખતા થાય છે. અજ્ઞાની પણ દુકાને બેઠા ધંધાની ક્રિયા કરતો નથી પણ ધંધો હું કરું છું, એવા વિકારી ભાવની ક્રિયા કરે છે. અને જ્ઞાની હોય તો જ્ઞાનનો કર્તા થાય છે પણ પર પદાર્થને તો કોઈ આત્મા કરતો નથી. પર પદાર્થની ક્રિયા થવા કાળે તેના કારણે થાય છે પણ અજ્ઞાની અજ્ઞાનભાવે રાગાદિનો કર્તા થાય છે અને જો સ્વભાવનો નિર્ણય કરે તો જ્ઞાનભાવને કરે છે. આત્મા જ્ઞાન અથવા અજ્ઞાનનો કર્તા થાય પણ

કદી પરની ક્રિયાનો કર્તા થઈ શકતો નથી, એમ માને તો સ્વભાવનું જ્ઞાન પ્રગટ થાય.

*

જય જય જય સબ મિલકર બોલો સીમંધર ભગવાનકી.
વિદેહક્ષેત્રમે જો હૈ *રાજે,સમવસરણ બિચ અધર બિરાજે;
દેવદુંદુભિ જહાં નિત બાજે,ષટ્ ઋતુકે ફલ ખીલતે તાજે;
મહિમા અતિ ભગવાનકી.........૧
સમવસરણકી શોભા ભારી,દ્વાદશ સભા બની જહાં પ્યારી;
માનસ્થંભ માનમદહારી,હૈં ઉત્તંગ ચહુંદિશ સુખકારી;
સુર, સેવામેં ભગવાનકી.......૨
દિવ્યધ્વનિ પ્રભુકી જહાં હોતી,જીવમાત્રકા સંશય ખોતી;
વસ્તુસ્વરૂપ દીખાતી જ્યોતિ,રાગાદિક સબ **કલ્મશ ધોતી;
વાણી શ્રી ભગવાનકી.....૩
વિદેહક્ષેત્રસા બના સોનગઢ,સમવસરણ જહાં બના લલિત દ્રઢ;
ધર્મવૃક્ષકી જમી જહાં જડ,પૂજ્ય કહાનજી સમયસાર પઢ;
ખોલી હાટ સુજ્ઞાન કી.....૪
આજ દરશ કર તનમન ફૂલા,નિજાનંદ પથ પાયા ભૂલા;
આત્મબોધકા ઝૂલા જૂલા,બન સૌભાગ્ય ધર્મ અનુકૂલા,
પાયી નિધિ કલ્યાનકી......૫

માહ વદ ૩, સોમવારને દિને ગવાયેલ ધૂન
* બિરાજમાન
** કાલિમા, મેલ
રચયિતા : ડો. સોભાગમલ દોશી,પ્રધાનમંત્રી,
શ્રી દિગમ્બર જૈન સંગીત મંડળ,અજમેર.

# પ્રસાદ નં. ૧૧૮

## સમયસાર કળશ ૬૨

(માહ વદ ૭, બુધવાર)

આ અધિકાર કર્તાકર્મનો છે. આત્મા શું કરી શકે ? આત્માનું શું કર્તવ્ય છે ? તે કહે છે :–

## કળશ ૬૨

आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम् ।

परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम् ॥६२॥

**અર્થ :—**આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે, એનું સ્વરૂપ જ્ઞાન છે. એ તો ભેદથી વાત કરી. આત્મા પોતે જ જ્ઞાન છે—તે અભેદથી કહ્યું છે. આ આત્મા જ્ઞાનસ્વરૂપ છે. તે ગુણગુણી ભેદથી વાત કરી ખરી, પણ અભેદતાથી જ્ઞાન તે જ આત્મા છે. તે જ્ઞાન સિવાય શું કરે ? જે હોય તે કરે કે ન હોય તે કરે? જે છે તે કરે. તો આત્મા તો જ્ઞાન છે તેથી તે જ્ઞાન કરે, એ સિવાય પરનાં કામ કરે નહિ.

## આત્મા જ્ઞાન સ્વરૂપ છે. તે જ્ઞાન સિવાય કાંઈ કરે નહિ.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન તે જ આત્મા છે માટે આત્મા પરનું કાંઈ કરતો નથી. મન, વાણી ને દેહ છે તો આત્મા જાણે છે, એમ માનવું તે મૂઢ જીવોનો અજ્ઞાનભાવ છે. **આત્માને પરભાવનો કર્તા માનવો તે વ્યવહારી જનોનો અજ્ઞાનભાવ છે.** પરની ક્રિયા આત્મા ત્રણકાળમાં કરી શકતો જ નથી. હું છું તો દુકાન ચાલે છે. હું છું તો દાળ, ભાત, રોટલા થાય છે. હું છું તો શરીરાદિની ક્રિયા થાય છે, એમ માનવું તે બધો મૂઢ જીવોનો અજ્ઞાનભાવ છે.

હવે વ્યવહારી જીવો શું કહે છે ? તે કહે છે.

## ગાથા ૯૮

**ઘટ-પટ-રથાદિક વસ્તુઓ, કરણો અને કર્મો વળી,**

**નોકર્મ વિધવિધ જગતમાં આત્મા કરે વ્યવહારથી. ૯૮.**

**અન્વયાર્થ :—**વ્યવહારી લોકો માને છે કે જગતમાં આત્મા ઘડો, કપડું, રથ ઇત્યાદિ વસ્તુઓને, વળી ઇન્દ્રિયોને, અનેક પ્રકારનાં ક્રોધાદિ દ્રવ્યકર્મોને અને શરીરાદિ નોકર્મોને કરે છે.

## કુંભાર ઘડો કરે છે—એવી માન્યતા તે અજ્ઞાન છે.

આત્મા છે તે જ્ઞાન છે, તે જાણે છે કે માટીમાંથી ઘડો થાય છે પણ જ્ઞાન છે માટે ઘડો થતો નથી. અજ્ઞાની મૂઢ જીવો—વીતરાગમાર્ગના અજાણ અને ભગવાન શું કહે છે તેની જેને ખબર નથી એવા વ્યવહારી જનો કહે છે કે કુંભાર ઘડો કરે છે, કુંભાર છે તો ઘડો થાય છે—એમ માનનાર વીતરાગદેવની આજ્ઞાને માનતો નથી. માટીમાં કુંભારનો પ્રવેશ નથી અને કુંભારમાં માટીનો પ્રવેશ નથી. કુંભારના ખ્યાલમાં એમ છે કે માટીમાંથી ઘડો થાય છે અને માટીના કારણે માટી આવે છે. માટીમાં અમુક વખતે ઘડો થવાની તાકાત છે તો માટી કેળવાય છે પણ રેતી કેળવાતી નથી—એમ જ્ઞાન જાણે છે છતાં અજ્ઞાની ઘડો થવા વખતે હું છું તો ઘડો થાય છે તેમ માને છે. તેને વસ્તુના સ્વભાવની ખબર નથી.

## આત્મા ઘડો કરે છે, એમ માનનાર માટીના તથા જ્ઞાનના સ્વભાવને જાણતો નથી.

મૂઢ જીવો એમ કહે છે કે કુંભારે ઘડો કર્યો, જગતમાં જડ અને ચેતન વસ્તુ ન હતી પણ તેને ઈશ્વરે બનાવી—એમ માનનારની જેમ કુંભાર પણ ઘડાનો ઈશ્વર થયો. તે બન્ને વાત સાચી નથી. કેમ કે જડ અને ચેતન બન્ને સ્વતંત્ર પદાર્થ છે, તેને તેણે માન્યા નહિ. વળી માટીમાં ઘડો થવાની તાકાત છે એને પણ તેણે માની નહિ. માટીના સ્વભાવને અને જ્ઞાનના સ્વભાવને નહિ જાણનાર, માટીના સ્વભાવને જ્ઞાન કરે છે, એમ માને છે. **માટી ઘડાનો કર્તા છે અને જ્ઞાન તેને જાણે છે.** છતાં કુંભારથી ઘડો થાય, એમ જે માને છે, તે મૂઢ છે.

વણકર કપડું કરે છે. આત્મા કપડું કરે છે, તે માન્યતા મૂઢની છે. જ્ઞાનસ્વભાવ કપડું કરે નહિ. સુતારે રથ કર્યો નથી. લાકડાં રથરૂપે થાય છે. સુતાર રથરૂપે થતો નથી. સુતાર રથને જાણે પણ કરે નહિ. આત્મા ઘટ, પટ, રથને કરે છે, એમ માને તે મૂઢ છે. તે વસ્તુના સ્વભાવને જાણતો નથી એટલે કે વીતરાગના ધર્મને જાણતો નથી.

ઘડા આદિ થવાનો પર્યાય જડનો છે, આત્માનો નથી. વકીલ દલીલ કરે છે—એ વાત ખોટી છે, કેમ કે ભાષા જડ છે, તેને આત્મા કરી શકે નહિ. દરેક આત્મા જ્ઞાનસ્વભાવી છે. તે પરવસ્તુનાં કામ કરી શકતો નથી. શરીરની ક્રિયા કોઈ આત્મા કરી શકતો નથી. આ સિદ્ધની વાત નથી, પણ દરેક આત્માની વાત છે.

## આત્માનો જ્ઞાનવાન છે.

આત્મા ચૈતન્યમૂર્તિ જ્ઞાનવાન છે અર્થાત્ આત્માનો 'વાન' જ્ઞાન છે. શરીરનો રંગ કાળો હોય ને દૂધ વગેરે સફેદ વસ્તુ ખાય તો પણ શરીરનો રંગ ધોળો થાય નહિ, એમ જ્ઞાનવાન આત્માનો સ્વભાવ છે, તે જ્ઞાન સિવાય બીજું કાંઈ કરે નહિ.

## આત્મા જડનું કરી શકે નહિ.
## એ માન્યતા થતાં મમતા ઘટ્યા વગર રહે નહિ.

કોઈ કહે કે જડની ક્રિયા આત્મા કરી શકતો નથી. દાન પણ આત્મા આપી શકતો નથી. તો આ વાત સાચી ક્યારે જાણી કહેવાય ?—કે વિકારભાવ આત્મા કરે પણ જડનું કાંઈ કરે નહિ, એમ કહેતાં જ અંશ તરફની દ્રષ્ટિ ટળી ને અસંગ આત્માની દ્રષ્ટિ થઈ, ત્યારે કષાયની મંદતા થાય અને તેનું સ્વામીપણું પણ રહે નહિ. ત્યારે જડની ક્રિયા હું કરી શકતો નથી, તે સાચું માન્યું કહેવાય.

વળી ઇન્દ્રિયો પાંચ છે. જોવું હોય તો આંખ ઊંચી કરે તો દેખાય, એમ અજ્ઞાની માને છે પણ આંખ ઊંચી કરવાની ક્રિયા આત્મા કરી શકતો નથી. જીભ વડે રસ ચાખી શકે, સ્પર્શ વડે ભોગવી શકે, કાન વડે વાણી સાંભળી શકે–તેમ અજ્ઞાની માને છે. પણ આત્મા તે ક્રિયા કરી શકતો નથી કેમ કે જડની ક્રિયા જડથી થાય છે. વિચાર અને રાગ જીવ કરે પણ જડનું કાંઈ કરી શકે નહિ. આમ સ્વભાવદ્રષ્ટિ થઈ તેના જોરમાં વિકારની અલ્પતા થાય જ અને તેનું સ્વામીપણું રહેતું નથી.

## જ્ઞાનીને સ્વપ્નમાં પણ હું પરનો કર્તા છું, એમ આવે નહિ.

જેમ કોઈ દેખતો માણસ હોય તેને અંધપણાનું સ્વપ્નું આવે નહિ તેમ જે આત્માને 'હું જ્ઞાન છું' એમ ભાન થાય તેને અજ્ઞાનભાવનું સ્વપ્નું કદી આવે નહિ. આંધળાને રંગનું દ્રશ્ય હોય નહિ. અને જન્મથી અંધ નથી એને હું જન્મઅંધ છું, એવું સ્વપ્નું આવે નહિ; તેમ જ્ઞાનીને સ્વપ્નમાં પણ હું પરનો કર્તા છું, એમ આવે નહિ.

આત્મા જ્ઞાનસ્વભાવી છે. તે જ્ઞાન કરે પણ અજ્ઞાની માને છે કે હું ક્રોધાદિ દ્રવ્યકર્મોનો કર્તા છું અને શરીરાદિ નોકર્મોનો કર્તા છું. 'શરીરની ક્રિયા આત્મા કરે છે. આત્મા હોય તો વાણી બોલાય છે.' એમ અજ્ઞાની માને છે પણ વાણી આદિની ક્રિયા આત્મા કરી શકે નહિ.

**ટીકા :—**જેથી આત્મા પોતાના ઇચ્છારૂપ વિકલ્પ અને હસ્તાદિની ક્રિયારૂપ વ્યાપાર વડે ઘટપટાદિ પરદ્રવ્યસ્વરૂપ બાહ્યકર્મને કરતો વ્યવહારીઓને પ્રતિભાસે છે. હું છું તો ઘટપટાદિની ક્રિયા થાય છે, તેનો અર્થ એ છે કે તે ક્રિયા મારાથી થાય છે. આ રીતે મિથ્યાદ્રષ્ટિનું બધું કર્તવ્ય અધર્મનું હોય છે. તેવી રીતે આત્મા ક્રોધાદિ

પરદ્રવ્ય સ્વરૂપ સમસ્ત અંતરંગ કર્મને પણ કરતો અજ્ઞાનને પ્રતિભાસે છે. પરદ્રવ્ય તે બહિરંગ કર્મ છે અને ક્રોધાદિ તે અંતરંગ કર્મ છે. એ રીતે બન્ને કર્મો પરદ્રવ્ય સ્વરૂપ હોઈને તેમનામાં તફાવત નહિ હોવાથી તેમનો કર્તા થાય છે.

## રાગનો કર્તા થાય છે, તે પરનો કર્તા થાય છે.

જે પરનો કર્તા થાય છે, તે રાગનો કર્તા થાય છે અને જે રાગનો કર્તા થાય છે, તે પરનો કર્તા થાય છે. જે પરની ક્રિયાનો કર્તા થતો નથી, તે રાગનો કર્તા થતો નથી. પરના કર્તાપણાનો ભાવ તે વ્યવહારીજનોનો મૂઢતાનો ભાવ છે. અજ્ઞાની કહે છે કે ભક્તિ કરો, પૂજા કરો, જાત્રા કરો પણ તેને ખબર નથી કે આત્મા જ્ઞાન સિવાય બીજું કાંઈ કરી શકતો નથી. અજ્ઞાની બહારની ક્રિયાનો અને અંતરંગ ક્રોધાદિનો કર્તા થાય છે.

**ભાવાર્થ :—**ઘટ-પટ, કર્મ-નોકર્મ ઇત્યાદિ પરદ્રવ્યોને આત્મા કરે છે, એમ માનવું તે વ્યવહારી જનોનો વ્યવહાર છે, અજ્ઞાન છે. આત્માનો સ્વભાવ ભિન્ન છે અને પરનો સ્વભાવ પણ ભિન્ન છે, તે ત્રણે કાળે ભિન્ન છે. પદાર્થ ભિન્ન છે તો તેની વર્તમાન પર્યાય પણ ભિન્ન જ છે. વર્તમાન જુદા છે તે એકબીજાનું શું કરી શકે? કાંઈ કરી શકે નહિ. છતાં કરી શકે છે એમ માનવું તે મૂઢ જનોનો વ્યવહાર છે.

ઇન્દ્રિયો વડે આત્મા જાણે, એમ મૂઢ જીવો માને છે. અજ્ઞાની માને છે કે ઈશ્વર વગર એક પાંદડું પણ ફરે નહિ. તો ગાયો કપાય, લડાઈઓ થાય, તે બધું શું ઈશ્વર કરતા હશે ?–ના. તેવું ઈશ્વર કરે નહિ. ઈશ્વર તો શુદ્ધસ્વભાવી છે. તે ત્રણ કાળ ત્રણલોકને જાણે, તે સિવાય કોઈનું કાંઈ કરે નહિ. વળી કોઈ કહે કે મારા દ્વારા ઈશ્વર જગતમાં સારું કરાવે છે, તો તેમ માનનાર પણ મૂઢ છે. તેવી જ રીતે જે એમ માને છે કે મારાથી જડનાં કામ થાય, તે મૂઢ છે.

વ્યવહારી લોકોની 'પરને હું કરું છું' એવી માન્યતા સાચી નથી. તે કહે છે :–

### ગાથા ૯૯

**પરદ્રવ્યને જીવ જો કરે તો જરૂર તન્મય તે બને,**
**પણ તે નથી તન્મય અરે ! તેથી નહિ કર્તા ઠરે. ૯૯.**

**અન્વયાર્થ :—**જો આત્મા પરદ્રવ્યોને કરે તો તે નિયમથી તન્મય અર્થાત્ પરદ્રવ્યમય થઈ જાય, પરંતુ તન્મય નથી તેથી તે તેમનો કર્તા નથી.

ભગવાન કુંદકુંદાચાર્યદેવ સારી અને સહેલી રીતથી કહે છે કે પાણીના કુવારામાંથી પાણી ઝરે પણ અગ્નિ ઝરે નહિ તેમ આત્મ ચૈતન્યકુવારો છે, તેમાંથી જ્ઞાન ઝરે પણ તેના કુવારામાંથી જડની ક્રિયા થાય નહિ. જડની ક્રિયા જડથી થાય છે.

# પ્રસાદ નં. ૧૧૯

## સમયસાર ગાથા ૯૯

(માહ વદ ૮, ગુરુવાર)

**ટીકા :**—જો નિશ્ચયથી આ આત્મા પરદ્રવ્યસ્વરૂપ કર્મને કરે તો, પરિણામ—પરિણામીપણું બીજી કોઈ રીતે બની શકતું નહિ હોવાથી, તે આત્મા નિયમથી પરદ્રવ્યમય થઈ જાય.

## પરિણામીથી પરિણામ જુદા હોય નહિ

શરીર, વાણી, મન, ઘડો, વસ્ત્ર, રથ, દાળ, ભાત, રોટલી વગેરે કોઈ પરદ્રવ્યની અવસ્થાને ખરેખર જો આત્મા કરે તો તે પરદ્રવ્યમય થઈ જાય, કેમકે આત્મા પરિણામી ને પરદ્રવ્યની અવસ્થા પરિણામ, તેમ પરિણામ—પરિણામીપણું બની શકતું નથી. આ આત્મા સિવાય બીજા બધા આત્મા પરદ્રવ્ય છે. હું ધ્યાન રાખું તો છોકરા સુધરે, હું ધ્યાન રાખું તો કઢી ઉભરાય નહિ ને ધ્યાન ન રાખું તો ઉભરાય, હું ધ્યાન રાખું તો નોકરની પર્યાય બરાબર રહે અને ધ્યાન ન રાખું તો ન રહે. હું ધ્યાન રાખું તો ફળીમાંના દાણા ઢોર ન ખાય, ધ્યાન ન રાખું તો ખાય. દાક્તર કહે કે હું ધ્યાન રાખું તો ઓપરેશન સારું થાય અને ધ્યાન ન રાખું તો ન થાય. આ બધી વાત બરાબર છે નહિ. કેમ કે નિશ્ચયથી એટલે ખરેખર આત્મા પરદ્રવ્યની અવસ્થાને બનાવે તો પરિણામી પોતે થયો અને પરિણામ પરમાં થયા. એ રીતે પરિણામ—પરિણામીપણું બનતું નથી. પરિણામ પરિણામીપણું સ્વદ્રવ્યમાં જ હોય.

## આત્મા પરદ્રવ્યને કરે તો બે પદાર્થ એક થઈ જાય.

આ લાકડું છે તે જડ છે ને તેની પર્યાય પણ જડ છે. જડ પરિણામી પદાર્થ છે તે પરિણામપણે પરિણમ્યો છે. છતાં આત્મા છે તો લાકડાની પર્યાય થઈ, એટલે કે આત્મા છે તો આ લાકડું ચાલ્યું, એમ માને તો પરિણામ અને પરિણામીનું એકપણું થવાથી લાકડું અને આત્મા તન્મય થઈ જાય અને એમ થતાં આત્માનો નાશ થાય પણ એમ બનતું નથી. જીવ ધ્યાન રાખે તો પૈસાની કમાણી થાય અને આત્માના પરિણામથી ઘોડાગાડી ચાલે, એમ માનવામાં આવે તો તો જીવ પરિણામી થયો અને ગાડીનું ચાલવું તથા પૈસાની કમાણી તેના પરિણામ થયા, એમ થતાં બન્ને એક થઈ જાય. આત્મા કાયમી પદાર્થ છે, તે પરિણામી છે અને સામા પદાર્થની પર્યાય આત્મામાંથી થઈ એમ માને તો પરિણામી અને પરિણામ

અભેદ થતાં બે પદાર્થ જુદા રહેતા નથી, એક થઈ જાય છે, પણ એમ કદી બનતું નથી.

કોઈ એમ કહે કે પરપદાર્થમાં યોગ્યતા નથી, આત્મા જેવી ઇચ્છા કરે તેવી પરની અવસ્થા કરે. તો તેનું સમાધાન : પરદ્રવ્યની અવસ્થા આત્મા ધારે તેવી કરે તો પરદ્રવ્યની અવસ્થા તે પરિણામ અને આત્મા પરિણામી–એમ ઠરતાં આત્મા જુદો રહેતો નથી તેથી આત્માના નાશનો પ્રસંગ આવે છે, પણ એમ બનતું નથી.

અજ્ઞાની કહે છે કે પરવસ્તુમાં અવસ્થા થવાની ન હતી પણ જીવ ધારે એવી તેની અવસ્થા કરે. ઘડો હોય અને આત્મા તેમાં પાણી ભરવા ઇચ્છે તો પાણી ભરે અને ખાલી રાખવો હોય તો ખાલી રાખે અને ફોડવો હોય તો ફોડી નાખે. એમ પરદ્રવ્યની અવસ્થાને આત્મા કરે છે, એવી અજ્ઞાનીની માન્યતા છે.

ભગવાન કુંદકુંદાચાર્યદેવ કહે છે કે પરિણામ–પરિણામીપણું બીજી કોઈ રીતે બની શકતું નથી. આ આત્મા પરિણામી અને પરચીજની અવસ્થા તેનું પરિણામ—તે પરમાં એકાકાર થયા વગર રહે નહિ, પણ તેમ બનતું નથી.

સર્વજ્ઞદેવે જ્ઞાનમાં જાણ્યું તે વાણીમાં આવ્યું, તે અહીં કહેવાય છે. પણ ભગવાનઆત્મા વાણીનો કરનાર નથી. વાણીને આત્મા કરે તો આત્મા જુદો રહે નહિ. વાણીની પર્યાય સ્વતંત્રપણે જડ પરિણામીની યોગ્યતાથી થાય છે.

અજ્ઞાની માને છે કે ઘડીઆળમાં યોગ્યતા નથી. આત્મા તેને બંધ કરવા માગે તો બંધ કરી શકે, તોડી નાખવા માગે તો તોડી શકે, જેવું નિમિત્ત આવે તેમ તેની પર્યાય કરે. પણ તે વાત ખોટી છે. હે ભાઈ ! આત્મા છે તે ઘડીઆળના પરિણામ કરે તો તે પરિણામમાં પરિણામી આત્મા પેઠા વગર થાય નહિ અને અંદર પેસી જાય એટલે કે એકમેક થાય તો આત્મા જુદો રહેતો નથી. તેથી આત્માના નાશનો પ્રસંગ આવે છે. માટે ખરેખર ઘડીઆળ પોતાની યોગ્યતાથી ચાલે છે, આત્માથી ચાલતી નથી.

## જેવું નિમિત્ત આવે તેવી યોગ્યતા ઉપાદાનમાં થાય, એમ અજ્ઞાની માને છે.

રોટલીની અવસ્થા તાવડી અને અગ્નિ કરે તો તાવડી અને અગ્નિ રહે નહિ અને અગ્નિની તથા તાવડીની અવસ્થા માણસ કરે તો માણસ રહે નહિ. કેમ કે તે અવસ્થા જડના પરિણામ છે. તે પરિણામી આત્માથી થાય, તો બન્ને એક થતાં પરિણામી એવા આત્માનો અભાવ થાય. અજ્ઞાની માને છે કે લોટામાંથી સ્ત્રી રોટલી કરવા માગે તો રોટલી થાય, પૂરી કરવા માગે તો પૂરી થાય અને ભાખરી કરવા

માગે તો ભાખરી થાય. એટલે જેવું નિમિત્ત આવે તેવું કાર્ય થાય, પણ તે વાત સાચી નથી. એમ થાય તો બે પદાર્થ જુદા રહેતા નથી, એક થઈ જાય તો પદાર્થનો અભાવ થાય.

## આત્મા વ્યાપ્યવ્યાપક ભાવે પરદ્રવ્યનો કર્તા નથી.

આત્મા વ્યાપ્ય-વ્યાપકભાવે પરદ્રવ્યની પર્યાયને કરતો નથી. પરદ્રવ્યના પરિણામ તે વ્યાપ્ય અને આત્મદ્રવ્ય વ્યાપક–એમ બને નહિ. જો એમ બને તો બન્ને દ્રવ્ય એક થઈ જાય. વ્યાપ્યવ્યાપકભાવે આત્મા પરનો કર્તા નથી, એમ તો ઘણા કહે છે પણ કુંભાર વગર ઘડો થતો નથી અને કુંભાર આવે તો ઘડો થાય છે. તેમ પણ તેઓ કહે છે, પણ તે વાત બરાબર નથી, એમ માનનાર પણ વ્યાપ્યવ્યાપકપણે જ કર્તાપણું માને છે. તેણે આત્માના કારણે ઘડાની અવસ્થાને માની છે પણ ખરેખર આત્મા ઘડાની અવસ્થાને કરતો નથી.

**ભાવાર્થ :—**એક દ્રવ્યનો કર્તા અન્ય દ્રવ્ય થાય તો બન્ને દ્રવ્યો એક થઈ જાય. એક દ્રવ્યનો એટલે દ્રવ્યની અવસ્થાનો કર્તા બીજું દ્રવ્ય નથી, જે એમ માને છે કે શરીરનું ધ્યાન રાખવાથી શરીર સારું રહે છે, તે આત્માને અને શરીરને એક માને છે. સ્ત્રી, પુત્ર વગેરેના પરિણામને કોઈ અન્ય આત્મા કરી શકે નહિ. કડકાઈ કરવાથી છોકરો નમી જાય—એમ માનનાર તે છોકરાથી જુદો રહે નહિ. પરદ્રવ્યની ક્રિયા એના કારણે થતી હોય અને 'હું કરું છું' એમ માને તે અજ્ઞાની છે.

## કર્તાકર્મપણું અને પરિણામ—પરિણામીપણું એક દ્રવ્યમાં જ હોઈ શકે.

આત્મા પોતાના પરિણામ કરે અને એ પરિણામ તેનું કર્મ થાય, એમ પરિણામ-પરિણામીપણું એક વસ્તુમાં જ હોય. ઘોડા ઉપર માણસ બેઠો હોય અને બન્નેની ગતિ એક સાથે થાય છે ત્યારે અજ્ઞાની માને છે કે ઘોડાના કારણે માણસ ચાલે છે. પણ તે વાત બરાબર નથી, કેમ કે પરિણામ—પરિણામીપણું એક દ્રવ્યમાં જ હોય છે.

માણસો એમ કહે છે કે તમો કહો છો કે કોઈ આત્મા પરદ્રવ્યનું કાંઈ કરી શકતો નથી પણ આખો દિવસ પરદ્રવ્યની ક્રિયા કર્યા વગર તો રહેતા નથી. ભક્તિ, પૂજા, જિનમંદિર, પુસ્તક આદિની ક્રિયા પણ કરો છો—એમ અમને દેખાય છે. તો તેનું સમાધાન :–ભાઈ, તે બધી જડની ક્રિયા થાય છે. તેને આત્મા કરતો નથી. તે જડના પરિણામ થાય છે તે જડ એવા પરિણામીથી થાય છે. કેમ કે પરિણામ—પરિણામી એક હોય છે. ॥૯૯॥

હવે કહે છે કે આત્મા ઉપર કહ્યા પ્રમાણે વ્યાપ્ય—વ્યાપકપણે તો પરદ્રવ્યનો કર્તા નથી પણ નિમિત્ત-નૈમિત્તિક ભાવથી પણ કર્તા નથી. પરમાં જે અવસ્થા થઈ તે નૈમિત્તિક અને આત્મા તેમાં નિમિત્ત–એમ પણ નથી. તે વાત કહે છે :–

## ગાથા ૧૦૦

**જીવ નવ કરે ઘટ, પટ નહિ, જીવ શેષ દ્રવ્યો નવ કરે;**
**ઉત્પાદકો ઉપયોગયોગો, તેમનો કર્તા બને. ૧૦૦.**

**અન્વયાર્થ :—**જીવ ઘટને કરતો નથી, પટને કરતો નથી, બાકીનાં કોઈ દ્રવ્યોને (વસ્તુઓને) કરતો નથી; પરંતુ જીવના યોગ અને ઉપયોગ ઘટાદિને ઉત્પન્ન કરનારાં નિમિત્ત છે, તેમનો કર્તા જીવ થાય છે.

આત્મા ઘડાની અવસ્થાને કરતો નથી. આત્મા બીજા જીવોની અવસ્થાને પણ કરતો નથી. અજ્ઞાની કહે છે કે છોકરાને હરખથી થાબડીએ તો તે ડરતો નથી પણ કડકાઈથી મારીએ તો ડરી જાય છે. જેવી આપણે ચેષ્ટા કરીએ તેવી અસર સામામાં થાય છે, પણ એમ છે નહિ. લૂંટારાઓ પૈસા લેવા માટે છોકરાને ઉપાડી જાય છે અને જંગલમાં સંતાડી રાખે છે. તેને ખાવાનું સારું સારું આપે અને કહે કે અમો તને મારશું નહિ છતાં એનો ડર ખસતો નથી. તે ડર લાગ્યો છે તે લૂંટારાના કારણે નથી પણ તે ભયના પરિણામનું કારણ તે પરિણામી આત્મા પોતે છે. નિમિત્ત એવું મળ્યું માટે ડર લાગ્યો છે—એમ નથી. કાંઈ આત્મા પર આત્માના પરિણામ કરે નહિ. પોતે અજ્ઞાનભાવે પોતાના યોગ અને રાગનો કર્તા થાય છે.

*

# પ્રસાદ નં. ૧૨૦

## સમયસાર ગાથા ૧૦૦ના પ્રવચનમાંથી.

(માહ વદ ૯, શુક્રવાર)

## આત્મા પર દ્રવ્યનો વ્યાપ્ય-વ્યાપકભાવે તો કર્તા નથી પરંતુ નિમિત્ત-નૈમિત્તિકભાવે પણ કર્તા નથી.

ગાથા ૯૯માં કહ્યું હતું કે આત્મા પરની પર્યાયને કરે તો આત્મા તેનો પરિણામી થયો અને પરદ્રવ્યની પર્યાય તેના પરિણામ થયા. એમ થતાં આત્મા પરથી જુદો રહેતો નથી તેથી આત્માનો નાશ થવાનો પ્રસંગ આવે છે. માટે આત્મા પરદ્રવ્યની અવસ્થાનો વ્યાપ્ય-વ્યાપકભાવે કર્તા નથી. હવે ગાથા ૧૦૦માં નિમિત્ત-નૈમિત્તિક ભાવે પણ આત્મા પરનો કર્તા નથી. તે કહે છે :–

ટીકા :–ખરેખર ઘડો, વસ્ત્ર, પૈસા, શરીર વગેરેની અવસ્થા, શરીરમાં રોટલા આવવા કે ન આવવાની અવસ્થા અને ક્રોધાદિક દ્રવ્ય કર્મની અવસ્થા—તે બધું પરદ્રવ્યસ્વરૂપ પરિણામ છે. તેને આત્મા વ્યાપ્ય—વ્યાપકભાવે તો કરતો નથી કારણ કે પોતે વ્યાપક થઈને તેને કરે તો તન્મયપણાનો પ્રસંગ આવે.

## આત્મા રચનાર થઈને પરને રચતો નથી.

આત્મા રચનારો થઈને કોઈ પરદ્રવ્યની અવસ્થાને રચતો નથી. જો આત્મા પરની અવસ્થાને રચે તો તે અવસ્થામાં આત્મા ભળી જાય તો બે પદાર્થ જુદા રહે નહિ, આત્મા ને પર પદાર્થ એકરૂપ થઈ જાય, પણ એમ કદી બનતું નથી.

હવે આ ગાથાની વિશેષતા કહે છે :–

(વળી) આત્મા નિમિત્ત-નૈમિત્તિક ભાવે પણ પરની અવસ્થાને કરતો નથી કારણ કે જો એમ કરે તો નિત્ય કર્તૃત્વનો એટલે કે સર્વ અવસ્થાઓમાં કર્તાપણું રહેવાનો પ્રસંગ આવે.

ઘડાની, વસ્ત્રની, રથની કે પરનું શરીર છૂટવા કે રહેવાની અવસ્થાનો આત્મા નિમિત્તપણે પણ કર્તા નથી કારણ કે જો નિમિત્તપણે પણ આત્મા તેને કરતો હોય તો નિમિત્તપણા રહિત કદી થઈ શકે નહિ. આત્મા ધ્રુવ કાયમનો સ્વભાવવાન પદાર્થ છે. એ પરના પરિણામને નિમિત્ત થઈને પણ જો કરે એટલે કે ધ્રુવ પદાર્થ છે તેમાં પરને નિમિત્ત થવાનું કારણ હોય તો આત્માને કદી નિમિત્તરૂપ થવાનું મટે

નહિ. એનો અર્થ એ થયો કે તેને પરદ્રવ્યની સાથેનો સંબંધ કદી છૂટે નહિ એટલે કે આત્માની મુક્તિ કદી થાય નહિ.

## આત્મા પરનો નિમિત્તકર્તા હોય તો સંસારપરિભ્રમણ ટળે નહિ.

આત્મા નિત્યપદાર્થ છે. તેને પરપદાર્થની અવસ્થાના નિમિત્ત કર્તાપણાનો આરોપ આવે તો તેનાથી રહિત થવાનો પ્રસંગ તેને કદી આવે નહિ. આત્મવસ્તુ જ્ઞાન આદિ અનંતગુણોનો પિંડ છે. તે નિમિત્તપણે પર પદાર્થની અવસ્થા વખતે કર્તાપણાના સંબંધવાળો હોય તો પરના નિમિત્તકર્તાપણાના સંબંધ વિનાનો થઈને તે કદી વીતરાગતા પ્રગટ કરી શકે નહિ. એટલે કે તેનું સંસાર પરિભ્રમણ ટળે નહિ.

હું આત્મા ચૈતન્યવસ્તુ છું, એવી દ્રષ્ટિમાં પરપદાર્થની અવસ્થા વખતે હું નિમિત્તપણે પણ તેનો કર્તા છું, એમ જ્ઞાની માનતો નથી. જ્ઞાનાનંદ ધ્રુવ સ્વભાવ છે. તેનો નિમિત્તપણાના આરોપિતપણે કર્તાપણાનો સ્વભાવ હોય તો અણારોપિત શ્રદ્ધાજ્ઞાન અને રમણતાનો પ્રસંગ રહેતો નથી.

## પરદ્રવ્યની ક્રિયામાં આત્મા નિમિત્તપણે પણ કર્તા નથી.

અહીં આચાર્ય ભગવાન કહે છે કે અનંત વસ્તુના પરિણામના કાળે, પોતે હોય તો તેનું પરિણમન થાય, એમ જો માને તો આત્માના નાશનો પ્રસંગ આવે. વળી અનંત પર પદાર્થો છે, તેનું પરિણમન તો તેના કારણે થાય પણ તે વખતે આત્માએ તેના નિમિત્તકર્તારૂપે થવું જોઈએ, તો તે સંબંધથી ક્યારેય છૂટવાનું રહેતું નથી. પણ પરના નિમિત્તપણે કર્તા થવાનો આત્માનો સ્વભાવ નથી, એમ સમજે તો તેનો સંસાર ત્રણકાળમાં રહે નહિ. રોટલી, વસ્ત્ર, રથાદિની ક્રિયામાં આત્માને નિમિત્તકર્તાપણાનો આરોપ આવે તો તેના કાર્ય વખતે આત્માની ગેરહાજરી બની શકશે નહિ. એટલે કે નિમિત્તપણે કર્તા થવાનો આત્માનો સ્વભાવ હોય તો તેનાથી રહિત થવાનો પ્રસંગ આવે નહિ.

## આત્મા નિમિત્તકર્તા હોય તો કાયમ વિભાવદશા રહે.

પાંચ લાખ રૂપિયા આવ્યા, તે પરિણામ પુદ્‌ગલે કર્યાં છે પણ આત્મા તેનો નિમિત્તકર્તા છે, એમ જો માનવામાં આવે તો લક્ષ્મીની મમતા રહિતપણે થવાની દશા રહે નહિ, એટલે કે કાયમ મમતાવાળો રહેશે, અર્થાત્ તેનો સંસાર ઊભો રહેશે.

## આ ગાથા અલૌકિક છે તેમાં અદ્‌ભુત ભાવો ભર્યા છે.

અહીં કોઈ કહે કે આત્મા પૈસાને પરિણમાવતો નથી. બાઈ રોટલીની અવસ્થાને કરતી નથી. તેના પરિણામ તો તેના કારણે થાય છે પણ આત્મા નિમિત્ત તો થાય છે ને ? નિમિત્ત આવે તો થાય ને ? કુંભારને ઘડામાં નિમિત્તકર્તાપણાનો આરોપ આવે છે ખરો ને ?—તો કહે છે કે 'ના.' કુંભારનો આત્મા નિમિત્તપણે પણ તેનો કર્તા નથી. જો તેના આત્માને નિમિત્તકર્તાપણાનો આરોપ આપવામાં આવે તો રાગરહિત થવાનો પ્રસંગ રહેશે નહિ. એટલે અનંત કાળ સુધી સંબંધરહિત થઈ શકશે નહિ.

શરીર, વાણી આદિ જડની અવસ્થા બનવાની હોય તે વખતે જીવદ્રવ્યને તે પરિણામનો નિમિત્તકર્તા માનવામાં આવે તો આત્માને રાગરહિત થવાનો પ્રસંગ રહેતો નથી. એક વખત પણ પરની અવસ્થામાં આત્માને તેના નિમિત્તકર્તાપણાનો પ્રસંગ બને તો તેના નિમિત્તકર્તાપણાનો આરોપ છૂટશે નહિ અને જ્ઞેય-જ્ઞાયકપણાનો પ્રસંગ કદી આવશે નહિ.

## અજ્ઞાનીનો યોગ અને ઉપયોગ નિમિત્તપણે કર્તા છે.

પ્રશ્ન :–આત્મા પરદ્રવ્યના પરિણામનો નિમિત્તપણે કર્તા નથી તો નિમિત્તપણે કર્તા કોણ છે? શરીર, વાણી, મન આદિની અવસ્થા જ્યારે જ્યારે તેના કારણે થાય છે તે વખતે નિમિત્તકર્તાપણાનો આરોપ કોને અપાય ?

ઉત્તર :–યોગકંપન અને રાગદ્વેષરૂપ જે વિકારી પરિણામ થાય છે તેનો કર્તા અજ્ઞાની થતો હોવાથી તે વિકારી પરિણામને નિમિત્તપણે પરદ્રવ્યના કર્તાપણાનો આરોપ અપાય છે. કેમ કે અજ્ઞાનીની દ્રષ્ટિ રાગ અને પર ઉપર છે. જે જીવ ક્ષણિકબુદ્ધિ છે એટલે કે જેની પર્યાયદ્રષ્ટિ છે તેના રાગદ્વેષ તથા યોગકંપન નિમિત્તપણે કર્તા છે.

## જ્ઞાનીને નિમિત્તકર્તાપણાનો આરોપ પણ આવતો નથી.

વસ્ત્ર, ભાષા, રથ, શરીર, પૈસો વગેરે પદાર્થોની અવસ્થા તેના કારણે થાય છે. તે વખતે વિકાર અને યોગ ઉપર જેની દ્રષ્ટિ છે, તે વિકારી ભાવનો જે કર્તા છે, ક્ષણિકપર્યાયનો જેને આશ્રય છે. તેવા જીવના વિકારી પરિણામને નિમિત્તકર્તાપણાનો આરોપ આવે છે.

આત્માની વિકારી અવસ્થા અનિત્ય છે, તે જ્ઞાનીની દ્રષ્ટિનો વિષય નથી. તેથી જ્ઞાની નિમિત્તપણે પણ કર્તા થવાની લપમાં પડતો નથી. શુદ્ધ સ્વભાવની

દ્રષ્ટિમાં, નિમિત્તકર્તાપણાનો આરોપ આવતો નથી, સંયોગીદ્રષ્ટિમાં નિમિત્તકર્તાપણાનો આરોપ આવે છે.

## જેને એક વખત પણ નિમિત્તકર્તાપણે રહેવું છે, તેને નિમિત્તપણાથી કદી છૂટવું નથી.

અત્યારે નિમિત્તકર્તાપણાનો જગતમાં ઘણો ગોટાળો ચાલે છે. આત્મા નિમિત્તકર્તા છે એમ માનનારને સર્વપદાર્થના નિમિત્તકર્તા થવાનો ભાવ પડ્યો છે, તેનાથી છૂટવાનો ભાવ તેને નથી. વિકારી પરિણામનો જે જીવ કર્તા થાય છે તે અજ્ઞાની જીવની રાગની પર્યાય ઉપર નિમિત્તકર્તાપણાનો આરોપ આવે છે. જ્ઞાનીને નિમિત્તકર્તાપણાનો આરોપ આવતો નથી કેમ કે તેને વિકારી ભાવના કર્તાપણાની બુદ્ધિ નથી.

## પ્રસાદ નં. ૧૨૧

## સમયસાર ગાથા ૧૦૦ ટીકાના પ્રવચનમાંથી.

(માહ વદ ૧૦, શનિવાર)

આ અધિકાર કર્તાકર્મનો છે. તે ગઈકાલે ચાલ્યો હતો, પણ આજે ફરી વખત લેવાય છે.

**ટીકા :—**વ્યાપ્ય-વ્યાપકપણે આત્મા પરદ્રવ્યના પરિણામ કરે તો આત્મા તન્મય થઈ જાય, એમ ગાથા ૯૯માં કહ્યું હતું. આ ગાથાની વિશેષતા એ છે કે આત્મા પરદ્રવ્યનો નિમિત્ત-નૈમિત્તિકભાવે પણ કર્તા નથી, તે સમજાવે છે.

### (૧) આત્મા પરના પરિણામ કરે તો તેમાં તે એકાકાર થઈ જાય ને તેથી તેનો અભાવ થાય.

આ જગતમાં ઘડો, વસ્ત્ર, રથ, ભાષા, શરીર વગેરે જે પરવસ્તુ છે, તેની જે અવસ્થા થાય છે, તેને આત્મા વ્યાપક થઈને એટલે તેમાં પેસીને કરે તો પરની પર્યાય ને આત્મા તન્મય થઈ જાય. આત્મા ભિન્ન પદાર્થ છે છતાં તે પરનું કાંઈ કરે તો તે ભિન્ન રહેતો નથી, પરમાં એકાકાર થઈ જાય છે અને તેમ થતાં આત્માનો નાશ થાય છે. આત્માનો નાશ થાય છે, એનો અર્થ એ છે કે એની માન્યતામાં આત્માની હયાતી રહેતી નથી.

પર જીવનો તેના શરીર સાથેનો સંયોગ ટકવો કે વિયોગ થવો, પરચીજનું નજીક આવવું કે દૂર જવું, વગેરે અવસ્થાનો કર્તા આત્મા હોય તો આત્મા તેમાં ભળી જાય અને તેમ થતાં આત્માનો અભાવ થાય—આત્મા જુદો રહે નહિ. જો આત્મા જુદો રહે છે તો જુદાનું જુદો આત્મા કાંઈ કરી શકે નહિ. આ એક એક આત્મા જુદો છે. શરીરાદિથી જુદો છે, સ્ત્રી, કુટુંબ, પરિવારથી જુદો છે તેથી તેની પર્યાયને આત્મા ગ્રહણ કરે કે છોડે તો આત્મા તેમાં તન્મય થઈ જાય અને એ રીતે આત્માનો અભાવ થાય.

હોંશિયાર માણસ હતો માટે પૈસા ભેગા થયા—એમ નથી. આત્માની ઇચ્છાથી શરીર સોનગઢ આવ્યું, એમ નથી. પણ પૈસાના કારણે પૈસા આવ્યા છે, શરીરના કારણે શરીર આવ્યું છે. જો આત્માના કારણે માનવામાં આવે તો આત્માનો નાશ થાય છે. આ તો આત્મા પોતે વ્યાપક થઈને પરવસ્તુને કરતો નથી, તેમ કહ્યું. હવે નિમિત્તપણે પણ આત્મા કર્તા નથી, તે કહે છે.

### (૨) આત્માને પરના નિમિત્તકર્તાપણાનો આરોપ આવે તો તેના સંબંધથી

## કદી છૂટે નહિ અને ધર્મ કદી થાય નહિ.

આત્મા છે તો પરની અવસ્થા થાય છે. તે વાત તો ત્રણે કાળે ખોટી છે પણ પરની અવસ્થા તો પરના કારણે થાય, એટલે કે ઉપાદાન કર્તા તો તે પદાર્થ છે. પણ તે વખતે આત્મા તેનો નિમિત્તકર્તા છે એવો આરોપ પણ આપવામાં આવે તો નિત્ય કર્તૃત્વનો પ્રસંગ આવે.

પર જીવની બચવાની અવસ્થા કે મરવાની અવસ્થા તથા રોટલી વગેરેની અવસ્થા તેના બનવા કાળે બની છે. આત્માથી તે અવસ્થા થઈ નથી પણ તે અવસ્થાનો આત્મા નિમિત્તકર્તા છે, તેમ કહેવું તે વાત પણ ખોટી છે. જો આત્માને નિમિત્તકર્તા કહેવામાં આવે તો જ્યાં જ્યાં એવો પ્રસંગ બને ત્યાં ત્યાં તેના નિમિત્તકર્તાપણાનો આરોપ છૂટે નહિ અને આત્માની મુક્તિ કદી થાય નહિ.

જગતનો મોટો પ્રવાહ ધર્મને બહાને એવો ચાલ્યો છે કે આત્મા હતો તો શરીર ચાલ્યું પણ તે વાત કહેનારા તો મોટા મૂઢ છે. શરીરમાં જે અવસ્થા થવાની નહોતી તે અવસ્થા આત્માએ કરી એમ માનતા આત્મા તેમાં ભળી જાય એટલે શરીરથી જુદો રહે નહિ.

**પ્રશ્ન :—**રોટલી વગેરેની અવસ્થા તેના કારણે થઈ એટલે કે ઉપાદાન કર્તા તો રોટલીના પરમાણુ પોતે પણ આત્માને તેમાં નિમિત્તકર્તા કહેવામાં વાંધો શું ?

**ઉત્તર :—**જો આત્માને નિમિત્તકર્તા માનવામાં આવે તો તો નિમિત્તકર્તાપણું છૂટશે નહિ અને મુક્તિ કદી થશે નહિ. કારણ કે જ્યારે જ્યારે એવાં કાર્યો થશે ત્યારે ત્યારે આ જીવને તેમાં નિમિત્ત થવા માટે ત્યાં હાજર રહેવું પડશે ને તેથી તેના સંબંધથી છૂટવાનો પ્રસંગ રહેશે નહિ.

## આ ગાથા સંસારનું મૂળ ખોદી નાખે એવી છે પણ સમજે એને.

શરીર એની મેળે ચાલે છે, એ વાત અજ્ઞાનીને ગળે ઊતરતી નથી. ડ્રાઈવરના ભાવથી રેલ્વે ચાલતી નથી

(૧) આત્મા શરીર અને ગાડીના પરિણામ કરે તો તેમાં ભળી જાય.

(૨) તે પદાર્થો તેના કારણે ચાલે પણ આત્માને નિમિત્તકર્તાનો આરોપ આવે તો તે રાગના સંબંધ રહિત થઈ શકે નહિ.

મૂંઝવણ થાય તો પણ આ ગાથાનો ભાવ યથાર્થ સમજતાં તે ટળી જાય તેમ છે. ઘણા વખતથી મકાનમાં કચરો પડ્યો હોય તો સાફ કરતાં ઊડે પણ ખરો,

તેમ અનાદિનું અજ્ઞાન ટાળવાનો ઉપાય સમજતાં વાર લાગે તો વાંધો નહિ પણ સત્ય શું છે તે પ્રથમ જાણવું જોઈએ.

પૈસા આવવામાં આત્માને નિમિત્તપણે કર્તા માનવામાં આવે તો જ્યારે જ્યારે પૈસાની અવસ્થા થાય ત્યારે ત્યારે આત્માને હાજર રહેવું પડે, છૂટા થવાનું રહેશે નહિ, એટલે રાગથી છૂટી શકશે નહિ. સંયોગની રુચિનો રાગ રહેશે તો તેથી નિગોદમાં જવાનો પ્રસંગ રહેશે, સમ્યગ્દર્શન થવાનો પ્રસંગ રહેશે નહિ. પૈસા મારા પુણ્યના કારણે આવ્યા, એમ માને તે તો મૂઢ છે પણ એના કારણે આવ્યા તે વખતે હું નિમિત્ત હતો તો આવ્યા, એમ માને તે પણ મૂઢ છે.

કર્તા કર્મ તથા નિમિત્તનૈમિત્તિક ભાવની આવી સ્પષ્ટ વાત આવી છે એટલે ઘણા લોકો અહીંનું સાહિત્ય વાંચીને વાતો કરે છે પણ સાચી સમજણ અને રુચિ વગર ખરે વખતે તેનો ભ્રમ બહાર આવ્યા વગર રહેતો નથી. એક ભવાયો નાટકમાં બાવાનો વેશ ભજવતો હતો, શ્વાસ રોકીને તેણે સમાધિ ચડાવી. તે સમાધિ સાચી ન હતી એટલે ઉતારતાં આવડી નહીં. મરેલ માની દાટી દીધો. બાર વરસ થયાં, શ્વાસ ઊતરી ગયો એટલે તે સાચો બાવો ન હતો તેથી શ્વાસ ઊતરતાં જ થૈ થૈ થૈ કરીને ઊભો થયો. તેવી રીતે સાચી સમજણ અને રુચિ વગર અંતરમાં આ વાત પરિણમે નહિ ને સમ્યગ્દર્શન સમાધિરૂપ ફળ આવે નહિ. ઊંધી શ્રદ્ધા રાખીને દબાઈ જાય પણ ખરે વખતે તે બહાર આવ્યા વિના રહે નહિ.

મહાન સિદ્ધાંત મૂક્યો છે કે :–

(૧) જો પરનો વ્યાપકપણે કર્તા થાય તો વસ્તુનો નાશ થાય અને

(૨) નિમિત્તપણે કર્તા થાય તો વસ્તુ તો રહી પણ જ્યારે જ્યારે પરની અવસ્થા થાય ત્યારે ત્યારે ત્યાં હાજર રહેવું પડશે ને તેથી પરના સંબંધ રહિતપણાનો અવસર રહેશે નહિ. એમ બે બોલ થયા. હવે

## <u>યોગકંપન અને રાગદ્વેષના પરિણામમાં નિમિત્તકર્તાપણાનો આરોપ.</u>

અજ્ઞાનીના અનિત્ય યોગ અને ઉપયોગ નિમિત્તપણે કર્તા છે. આત્મા વસ્તુ, ત્રિકાળ ધ્રુવ સ્વભાવ તો નિમિત્તપણે પણ કર્તા નથી. **<u>સમ્યગ્દ્રષ્ટિ તો પોતાને નિમિત્તકર્તાપણે પણ માનતો નથી.</u>** મિથ્યાદ્રષ્ટિનો યોગ અને રાગની પર્યાય પરવસ્તુના નિમિત્તપણે કર્તા છે. એટલે કે અજ્ઞાનીની દ્રષ્ટિ સ્વભાવ ઉપર નથી. તેથી તેને રાગદ્વેષ, ઇચ્છા અને કંપનની જે અવસ્થા થઈ છે તેમાં નિમિત્તકર્તાનો આરોપ આપવામાં આવે છે.

**પ્રશ્ન :**—જગતમાં નિમિત્તકર્તાપણું કહેવાય છે તો તે વાચકનું વાચ્ય ક્યાંય લાગુ પડે છે કે નહિ ?

**ઉત્તર :**—હા. અજ્ઞાનીના યોગ અને વિકારને નિમિત્તકર્તાનો આરોપ આપી શકાય છે. શરીર, વાણી, ઘટ, પટ, રથાદિના પરિણામ તો તેના કાળે તેનાથી થાય છે. તે વખતે જે આત્મા પુણ્ય-પાપની રુચિવાળો છે, પર્યાય બુદ્ધિવાળો છે, તેવા આત્માની ઇચ્છા અને કંપનને નિમિત્તકર્તાનો આરોપ આવે છે.

## (૪) અજ્ઞાનથી યોગ અને ઉપયોગનો આત્મા કર્તા થાય છે.

રાગાદિરૂપ વિકાર તથા આત્માના પ્રદેશોના ચલનરૂપ વ્યાપારનો કદાચિત્ અજ્ઞાનથી આત્મા કર્તા થાય છે. કદાચિત્ એટલે અજ્ઞાન વખતે કર્તા થાય છે. અજ્ઞાનનો નાશ કરે તો કર્તા થતો નથી, એમ કહેવું છે. યોગ અને વિકારની રુચિવાળો યોગ અને ઉપયોગનો કર્તા થાય છે. માટે અજ્ઞાનીના વિકારને તથા યોગકંપનને નિમિત્તકર્તાનો આરોપ આવે છે. સમ્યગ્દ્રષ્ટિને નિમિત્તકર્તાપણું લાગુ પડતું નથી.

આ ચાર બોલ મહોત્સવ વખતે યાદ રાખવા જેવા આવ્યા છે. નિમિત્તકર્તાપણે યોગ અને ઉપયોગને કહ્યા તો તે છે, એમ નક્કી થયું. તો જે છે તેનો કર્તા કોણ ? તો કહે છે કે જેને સ્વભાવની અનાદિથી ખબર નથી તેવો અજ્ઞાની તે વિકારી પરિણામનો કર્તા થાય છે.

(૧) પરની સત્તા આત્માથી થાય તો સ્વસત્તાનો નાશ થાય.

(૨) નિમિત્તકર્તાનો આરોપ આત્માને આવે તો ધર્મની સત્તાનો નાશ થાય.

(૩) જગતમાં પરના પરિણામ થાય તેનો નિમિત્તકર્તા અજ્ઞાનીના યોગ અને વિકાર છે.

(૪) વિકારી પર્યાય છે તેનો કર્તા કદાચિત્ અજ્ઞાની છે. (અર્થાત્ અજ્ઞાન રાખે ત્યાં સુધી તે કર્તા છે.)

અજ્ઞાની સ્વસત્તાને સ્વીકારતો નથી એટલે અજ્ઞાનીને કર્તા કહેવાય પણ જ્ઞાનીને કહેવાય નહિ. અજ્ઞાની યોગ અને ઉપયોગનો કર્તા છે પણ પરદ્રવ્યનો તો કદી કર્તા નથી.

*

# પ્રસાદ નં. ૧૨૨

## સમયસાર ગાથા ૧૦૦ ટીકાના પ્રવચનમાંથી.

(માહ વદ ૧૨, રવિવાર)

## આ ગાથા અલૌકિક અને ખાસ ઘૂંટણ કરવા જેવી એટલે કે વારંવાર અભ્યાસ કરવા જેવી છે.

અનંતકાળે નહિ સાંભળેલી એવી આ વાત છે. બહુ ધીરો થઈને શ્રવણ કરે તો કામ લાગે એમ છે. અલૌકિક ગાથા છે. આ એક એક આત્મા છે તે પરવસ્તુની અવસ્થાને વ્યાપ્યવ્યાપકભાવે કરે, એટલે કે પર પદાર્થની પર્યાયને આત્મા કરે તો પરમાં અભેદ થઈ જવાથી તે આત્માનો નાશ થાય છે. દરેકનો આત્મા અને શરીર, વાણી, મન આદિ પર્યાયોનું અસ્તિત્વ છે તે તેમનો કાળ છે. તેમનું હોવાપણું મારા આત્માના હોવાપણાને લઈને હોય તો આ આત્માનું હોવાપણું એમાં ચાલ્યું જાય છે.

વિશેષ એવી પર અવસ્થાને આત્મા કરે તો વિશેષસહિતનું સામાન્ય હોવું જોઈએ. આત્માથી શરીર ચાલે છે અને વાણી થાય છે, એમ કોઈ માને તો વર્તમાનમાં આત્માનું સામાન્ય રહેતું નથી, તે પરમાં ભળી જાય છે એટલે કે સામાન્યની સત્તાનો નાશ થાય છે. પરના પરિણામ થાય તેમાં પરિણામી આ આત્મા હોય તો પરિણામથી પરિણામી જુદો નહિ રહેતાં આત્માનો નાશ થાય છે.

ચાર પ્રકારના હોવાપણાની વાત ટૂંકામાં કહેવાય છે :–

૧. આત્મા પરની અવસ્થા કરે તો આત્માનો નાશ થાય કેમ કે કોઈ પણ પરિણામ, પરિણામી વગર ન હોય અને પરિણામ પરિણામથી જુદા ન હોય તો પરના પરિણામમાં આત્મા ભળી જતાં આત્માનો અભાવ થાય.

૨. પરપદાર્થની અવસ્થા થાય છે તો તેના કારણે પણ આખો આત્મા છે. તેને તેના નિમિત્તપણે કર્તા થવાનો આરોપ આવે તો આત્મા તેના તરફના વિકારીભાવ અને કંપન વગરનો કદી બની શકતો નથી. તેથી આત્માની મુક્તિનો વિભાવ થાય છે. આત્માને પરપદાર્થની સાથે જ્ઞેયજ્ઞાયક સંબંધ પણ વ્યવહારે છે, પરમાર્થે તો જ્ઞેયજ્ઞાયક સંબંધ પણ નથી. તો પછી ત્રિકાળી દ્રવ્યમાં પરના નિમિત્તકર્તા થવાનો સંબંધ જ્ઞાની કે અજ્ઞાનીને કોઈને રહેતો નથી. છતાં જો માનવામાં આવે તો આત્મા રાગરહિત કદી થઈ શકે નહિ.

3. આ જગતમાં પરપદાર્થની જે પર્યાય થાય છે, તેનો નિમિત્તકર્તા જગતમાં કોઈ છે કે નહિ ? "હા" પરની ક્રિયા તો તેના કારણે થાય છે. તે વખતે જે

આત્મા રાગદ્વેષ અને કંપન જેટલો હું છું એમ માને છે તેના રાગદ્વેષ, કંપન પરપદાર્થમાં નિમિત્તકર્તાપણે થાય છે.

૪. અજ્ઞાની રાગાદિ પર્યાયનો કર્તા છે. રાગાદિવાળો વિકલ્પ તથા યોગનું કંપન—તેને અજ્ઞાની પોતાનાં માને છે. પર પદાર્થની પર્યાય તો આત્માથી થતી જ નથી પણ દયા દાન વ્રતાદિના પરિણામ મારાથી થયા છે, એમ અજ્ઞાની માને છે તેથી તેનો તે કર્તા થાય છે.

અજ્ઞાની, મૂઢ, મિથ્યાદ્રષ્ટિ જીવ સ્વભાવને ભૂલીને ક્ષણિક વિકારી પર્યાયનો ભલે કર્તા હો, છતાં પર દ્રવ્યની પર્યાયનો કર્તા તો તે કદી નથી. અહો ! અલૌકિક વાત છે. જિંદગીભરમાં કાને પડવી પણ મુશ્કેલ છે.

**અહો ! આત્મા પરના પરિણામ કરે નહિ. પરના પરિણામ વખતે નિમિત્તકર્તાપણે હોય નહિ, નિમિત્તકર્તાપણે યોગ અને ઉપયોગરૂપ અજ્ઞાનભાવ હો ! જ્ઞાની તો નિમિત્ત પણ નથી. અહો ! આ વાત સમજે તો આખું વીતરાગદર્શન આવી જાય છે.** સાંભળવાના અવસર મળે નહિ અને અવસર મળે તો વિચારે નહિ. અજ્ઞાની માને છે કે લાકડું ઊંચું થાય તે આત્મા હોય તો થાય. તો તો બે પદાર્થ એક થાય છે. પણ લાકડું તેના કાળે ઊંચું થાય છે, તે વખતે નિમિત્તપણે પણ આત્મા નથી પણ અજ્ઞાની કર્તા થાય છે. તેથી તેની વિકારી પર્યાયને કર્તાપણાનો આરોપ અપાય છે.

જુઓ, ભાઈ! આત્મભગવાન નિર્વિકલ્પ ચૈતન્યમૂર્તિ છે. એની પર્યાયમાં ક્ષણિક વિકાર થાય તેનો આરોપ આખા જ્ઞાયક આત્માને આપી દેવામાં આવે તો આખો આત્મા વિકારમય થાય છે. તો વિકારરહિત થવાનો પ્રસંગ રહેતો નથી. વિકારી પર્યાયનો કર્તા અજ્ઞાનીનો આત્મા ભલે હો પણ પરદ્રવ્યનો કર્તા તો આત્મા કદી પણ નથી. 'મેં રોટલા છોડી દીધા' એવું માનનાર મૂઢ મિથ્યાદ્રષ્ટિ છે. કોઈ જીવ પરની ક્રિયા તો કરી શકતો નથી પણ મેં પરની ક્રિયા કરી એવા અજ્ઞાનભાવથી અજ્ઞાનનો કર્તા થાય છે.

આત્મા ગુણપર્યાયના પિંડરૂપ છે. ત્રિકાળ ધ્રુવ દ્રવ્ય છે, અસંખ્ય પ્રદેશ એનું ક્ષેત્ર છે. એક સમયની પર્યાય તેનો કાળ છે અને ત્રિકાળ શક્તિઓ તે ભાવ છે. તેના સામાન્ય અને વિશેષ બે ભાગ પડે છે. પર્યાય તે વિશેષ છે અને ત્રિકાળી સ્વભાવ તે સામાન્ય છે. જે આત્મા વિકારી પર્યાયનો કર્તા થાય છે તે પર પદાર્થની પર્યાય થતી વખતે હું હતો, એમ નિમિત્તપણે કર્તા થાય છે પણ તે અજ્ઞાની પરદ્રવ્યની પર્યાયનો તો કદી કર્તા થતો નથી. જે વિકારી પર્યાયનો કર્તા થતો નથી તેને નિમિત્તકર્તાનો આરોપ પણ આવતો નથી.

અહો ભાઈ ! સાંભળ તો ખરો ! ત્રિલોકનાથ તીર્થંકરદેવે કહેલી વાત કાને પણ પડી નથી. જેની વિશેષ (–પર્યાય) ઉપર બુદ્ધિ છે તે અજ્ઞાનીના વિકારી ભાવને પરના

નિમિત્તપણે કર્તાનો આરોપ આવે છે. ગજબ વાત કરી છે. કુંદકુંદાચાર્યદેવ અને અમૃતચંદ્રાચાર્યદેવે કેવળજ્ઞાનનું રહસ્ય ખુલ્લું કર્યું છે. ન સમજાય તો મૂંઝાવું નહિ પણ સમજવા માટે વિશેષ પુરુષાર્થ કરવો.

ધર્મ તો આત્માની પર્યાયમાં થાય છે. તે પર્યાય સ્વભાવના આશ્રયે પ્રગટે છે, પણ પરના આશ્રયે પ્રગટતી નથી. અજ્ઞાની માને છે કે નિમિત્ત આવે તો ઉપાદાનમાં કાર્ય થાય છે, પણ તે વાત ખોટી છે. પર્યાયમાં વિકારી ભાવ થાય તેનો કર્તા અજ્ઞાની ભલે હો પણ પર પદાર્થોનો નિમિત્ત તરીકે કર્તા કદી પણ નથી. ધ્રુવ સામાન્ય સ્વભાવ તો નિમિત્તપણે પણ કર્તા નથી.

<u>ભાવાર્થ :</u>—યોગ એટલે મન, વચન, કાયાના નિમિત્તથી આત્મપ્રદેશોનું ચલન અને ઉપયોગ એટલે જ્ઞાનનું કષાયો સાથે જોડાવું. આ યોગ અને ઉપયોગ ઘટાદિક અને ક્રોધાદિકને નિમિત્ત છે. આત્માનો ધર્મ સ્વને આશ્રયે પ્રગટે અને આત્મામાં જે કંપન અને રાગ થાય એટલે કે મન-વચન-કાયાના નિમિત્તમાં આત્માનું જોડાણ થાય છે, તે વિભાવ છે. નિમિત્તના આશ્રયે થયેલ કંપન અને વિભાવભાવ—તે સ્વભાવના આશ્રયે થયેલી વસ્તુ નથી. ઘડો થાય છે, રોટલી થાય છે, હીરો ઊંચો-નીચો થાય છે એને કંપન તથા વિકારી પરિણામો નિમિત્ત છે તેથી તેનો કર્તા અજ્ઞાની છે. પણ આત્મા ત્રિકાળી ધ્રુવ નિમિત્તકર્તા પણ કહેવાય નહિ.

ન્યાયથી સમજે તો આ વાત યથાર્થપણે બેસે એવી છે. ભૂલ હોય તેનો વાંધો નથી પણ ભૂલ કાઢી નાખે, તેની બલિહારી છે. બહારની ક્રિયામાં, વેશ—ભેખમાં અજ્ઞાની એવો સલવાઈ (–પકડાઈ) ગયો છે કે પત્તો ખાતો નથી. અહીં તો કહે છે કે વસ્ત્ર મેં છોડયું એમ માને તે તો મૂઢ છે. પણ વસ્ત્ર છૂટવામાં નિમિત્તપણે પણ હું કર્તા છું, એમ માને તે પણ મૂઢ છે. અજ્ઞાનીનો વિકારભાવ નિમિત્તપણે કર્તા કહેવાય છે પણ આત્માને ત્રણકાળમાં નિમિત્તપણાનો આરોપ આવતો નથી.

અહીં તાત્પર્ય આ પ્રમાણે છે કે આત્મા ચિદાનંદ જ્ઞાતા છે એવી દ્રષ્ટિ થઈ એટલે કોઈ અન્ય દ્રવ્યની પર્યાયનો કર્તા થતો નથી. દ્રવ્યદ્રષ્ટિવાન કોઈ દ્રવ્યની પર્યાયનો કર્તા નથી. શુદ્ધ ચૈતન્ય છું, એવી દ્રષ્ટિમાં ધર્મી પરદ્રવ્યનો ઉપાદાન કે નિમિત્ત તરીકે કર્તા નથી, પરંતુ પર્યાયદ્રષ્ટિથી કોઈ દ્રવ્યનો પર્યાય વિકાર વખતે અન્ય દ્રવ્યની પર્યાયમાં નિમિત્ત થાય. પર્યાયદ્રષ્ટિવાળો પર્યાય દ્રષ્ટિ વખતે નિમિત્તકર્તા કહેવાય છે તેથી આ અપેક્ષાએ એક દ્રવ્યના પરિણામ અન્ય દ્રવ્યના પરિણામના નિમિત્તકર્તા કહેવાય છે. પરમાર્થે દ્રવ્ય પોતાના જ પરિણામનું કર્તા છે, અન્યના પરિણામનું અન્ય દ્રવ્ય કર્તા નથી.

*

# પ્રસાદ નં. ૧૨૭

## સમયસાર ગાથા ૧૦૦

(માહ વદ ૧૩, સોમવાર)

હવે ગાથા ૧૦૧ માં જ્ઞાની જ્ઞાનનો કર્તા છે, તે કહે છે. ગાથા ૧૦૦ માં મિથ્યાદ્રષ્ટિની વાત હતી. તેમાં શું અધિકાર ચાલ્યો ?

### (૧) પરનું હું કરી શકું છું, એમ જે માને છે તે મિથ્યાદ્રષ્ટિ છે

આ આત્મા અનંતગુણનો પિંડ છે. એક એક આત્મા છે, તે નિરાળું ચૈતન્ય તત્ત્વ છે. એક આત્મા શરીરાદિ જડની અને બીજા આત્માની પર્યાયને કરી શકતો નથી. જો પરપદાર્થના પરિણમનને તે કરે તો તે પદાર્થમાં ભળી જતાં આત્માનો નાશ થઈ જાય છે. માટે એક આત્મા બીજા આત્માનું અને જડનું કરી શકે છે, એમ જે માને છે તે મિથ્યાદ્રષ્ટિ છે.

### (૨) આત્માને પરપદાર્થનો નિમિત્તકર્તા જે માને છે, તે પણ મિથ્યાદ્રષ્ટિ છે.

બીજા આત્માના તથા જડના પરિણામ થાય છે તેને આ આત્મા કરે તો નહિ પણ તેનો નિમિત્તકર્તા થાય એવો આ આત્મા છે, એમ માનવામાં આવે તો રાગદ્વેષરહિત થવાનો પ્રસંગ રહેતો નથી. પરપદાર્થના પરિણામ વખતે હું નિમિત્તકર્તા તો ખરોને ? એમ માનનાર મિથ્યાદ્રષ્ટિ છે. કેમ કે એમ માને તો તેના સંબંધરહિત થવાનો પ્રસંગ રહેતો નથી. માટે ભગવાન આત્મા પરની અવસ્થા થવા વખતે થાય છે તેનો નિમિત્તપણે પણ કર્તા છે જ નહિ. જો નિમિત્તકર્તા માને તો ધર્મ થવાનો પ્રસંગ રહેતો નથી.

### (૩) રાગદ્વેષના પરિણામને નિમિત્તકર્તાનો આરોપ આવે છે, તે પણ મિથ્યાદ્રષ્ટિની વાત છે.

જડના તથા બીજા આત્માના પરિણામ થાય છે, તેમાં અજ્ઞાનીના રાગદ્વેષરૂપ પરિણામ થાય તેને નિમિત્તકર્તાના આરોપપણાનો વ્યવહાર થઈ શકે છે. રાગદ્વેષના પરિણામ થાય એનો હું કર્તા છું એટલે કે એ જ મારું કર્તવ્ય છે, એમ જે માને છે તે નિમિત્તપણે પરપદાર્થોનો કર્તા થાય છે માટે તે પણ મિથ્યાદ્રષ્ટિ છે.

### (૪) અજ્ઞાની રાગદ્વેષનો કર્તા થાય છે માટે મિથ્યાદ્રષ્ટિ છે.

અજ્ઞાની દયા, દાન, કામ, ક્રોધાદિ પરિણામો જે થાય છે તેનો અજ્ઞાનભાવે કર્તા થાય છે અને પોતાના જ્ઞાતાસ્વભાવને ચૂકી જાય છે તેથી તે આત્મા પણ મિથ્યાદ્રષ્ટિ છે. આ રીતે ચારે બોલ મિથ્યાદ્રષ્ટિને લાગુ પડે છે.

## જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે.

કોઈ ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિ જીવ છે, તેને ઘેર કોઈ મેમાન આવે ત્યારે લાડવા, દૂધપાક, ચાપાણી વગેરે બને તે વખતે તેને અલ્પ રાગ પણ હોય છે પરંતુ તે તેનો કર્તા નથી. વાણી થાય છે અને ઘરમાં દૂધપાક વગેરેની ક્રિયા થાય છે, તેનો પણ જ્ઞાની કર્તા થતો નથી કેમ કે તેની દ્રષ્ટિ 'હું જ્ઞાતા છું' તેના ઉપર હોય છે. તેથી જ્ઞાની તો જ્ઞાનનો જ કર્તા છે.

હવે એમાં પ્રશ્ન થાય કે જ્ઞાની, પરનો કર્તા તો નથી પણ નિમિત્તકર્તાનો આરોપ તેના દ્રવ્યમાં, ગુણમાં, નિર્મળ પર્યાયમાં કે રાગમાં આવે કે કેમ ? તો કહે છે કે 'ના.'

૧. જ્ઞાનીને પોતાના દ્રવ્યમાં નિમિત્તપણાનો આરોપ આવતો નથી.
૨. તેના ગુણોમાં પણ નિમિત્તકર્તાનો આરોપ આવતો નથી.
૩. તેને શુદ્ધ પર્યાય જે પ્રગટી છે તેમાં પણ તે આરોપ આવતો નથી.
૪. સમ્યગ્દ્રષ્ટિને રાગની પર્યાય થઈ છે તેમાં પણ નિમિત્તકર્તાનો આરોપ આવતો નથી કેમ કે સમ્યગ્દ્રષ્ટિ રાગનો કર્તા નથી. "હું રાગ નહિ, શુદ્ધ પર્યાય જેટલો પણ નહિ, હું એક ગુણ પણ નહિ, પણ અનંતગુણનો પિંડ અભેદ આત્મા છું" એના ઉપર જ્ઞાનીની દ્રષ્ટિ છે, એટલે તે રાગનો કર્તા નથી. તેથી તેને નિમિત્તકર્તાપણાનો આરોપ આવે એવી યોગ્યતા જ નથી.

## જ્ઞાની પુણ્ય-પાપના ભાવને પેશાબ અને વિષ્ટા સમાન માને છે

શરીરમાં એક કોથળીમાં વિષ્ટા અને બીજી કોથળીમાં પેશાબ હોય છે. હવે જે મનુષ્ય શરીરમાં નિરોગ અવસ્થા રાખવા માગતો હોય તે પેશાબ અને વિષ્ટાનો ધણી થતો નથી. પેટમાં હોય ત્યારે પણ રાખવા જેવી છે, એમ માનતો નથી. તેમ સમ્યગ્દ્રષ્ટિ નિરોગી આત્મા છે. ચૈતન્ય અનંતગુણનો પિંડ નિર્વિકારી આત્મા તે તેનું શરીર છે. તેમાં જે પુણ્યના ભાવ થાય છે તેને જ્ઞાની પેશાબતુલ્ય માનીને કાઢવા માગે છે અને પાપના ભાવને તે વિષ્ટાતુલ્ય માને છે. જ્ઞાનીને નબળાઈના કારણે શુભાશુભ ભાવો થાય તે બન્નેને પેશાબ અને વિષ્ટાતુલ્ય માને છે તેથી તેને રાખવાનો તે કામી નથી.

એ રીતે સમ્યગ્દ્રષ્ટિ જીવને નિમિત્તકર્તાપણાનો આરોપ તેના (૧) દ્રવ્યમાં, (૨) ગુણમાં, (૩) શુદ્ધ પર્યાયમાં કે (૪) રાગમાં પણ આવતો નથી. જગતના કોઈ પણ પદાર્થની પર્યાય તેનો તે કર્તા તો નથી પણ નિમિત્તકર્તાપણાનો આરોપ પણ તેને લાગુ પડતો નથી.

## મિથ્યાદ્રષ્ટિના રાગની પર્યાયમાં નિમિત્તકર્તાનો આરોપ આવે છે

હવે કહે છે કે મિથ્યાદ્રષ્ટિને ત્યાં મેમાન આવે ત્યારે લાડવા, દૂધપાક વગેરેની જે અવસ્થા થાય છે, તેને તેનો આત્મા કરતો નથી એટલે કર્તાનો આરોપ આવે નહિ. વળી નિમિત્તકર્તાનો આરોપ તેના દ્રવ્ય, ગુણ અને ક્ષયોપશમની પર્યાયને પણ આવે નહિ. અજ્ઞાની રાગનો કર્તા થાય છે તેથી તેના રાગને નિમિત્તકર્તાનો આરોપ આવે છે.

અનંતકાળમાં વાસ્તવિક આત્માનું સ્વરૂપ શું છે ? તેનો ખ્યાલ કર્યો નથી. બાકી બધું કર્યું છે. શરીર, મન, વાણી આદિ પર દ્રવ્યની અવસ્થા થવા વખતે થાય છે. તેની અવસ્થાનો આત્મા કર્તા નથી. અજ્ઞાનીના રાગમાં નિમિત્તપણે કર્તાનો આરોપ આવે પણ જ્ઞાનીને તો તેવો આરોપ પણ આવતો નથી. માટે ધર્મીએ ક્ષણિક પર્યાયની રુચિ છોડી દેવી અને ત્રિકાળ ધ્રુવ પદાર્થ આત્મા છે તેની રુચિ કરવી.

જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે, એમ કહે છે :–

## ગાથા ૧૦૧

**જ્ઞાનાવરણાદિક જે પુદ્‌ગલ તણા પરિણામ છે,**

**કરતો ન આત્મા તેમને, જે જાણતો તે જ્ઞાની છે. ૧૦૧.**

**અન્વયાર્થ :**—જે જ્ઞાનાવરણાદિક પુદ્‌ગલ દ્રવ્યોનાં પરિણામ છે તેમને જે આત્મા કરતો નથી પરંતુ જાણે છે, તે જ્ઞાની છે.

જે જ્ઞાનાવરણાદિ આઠ કર્મો તથા બીજા જગતના પદાર્થો ઘટ, પટ, રથ, બોલવું, ચાલવું વગેરેની ક્રિયા થાય છે તેને જ્ઞાની કરતો નથી કેમ કે તે જડની ક્રિયા છે. ધર્મી જીવ તેને જાણે છે એટલે કે હું તેનો જાણનાર છું, પણ કરનાર નથી, એમ તે માને છે. આત્મામાં તો પોતાના ગુણ અથવા અવગુણ સિવાય બીજું કાંઈ કરવાની તાકાત નથી. એટલે કે આત્મા પોતાની અવસ્થા કરી શકે છે પણ પરની અવસ્થા કરી શકતો નથી કેમ કે બધાં દ્રવ્યો પૃથક્ પૃથક્ છે.

**<u>ટીકા :—</u>**જેમ દહીં, દૂધ કે જે ગોરસ છે, તેને માણસ કરતો નથી. માણસ જો કરતો હોય તો પાણીમાંથી દહીં કરી દે, પણ એમ બનતું નથી. દહીં–દૂધની અવસ્થા છે તે જડના પરિણામ છે. દહીંની ખાટી અવસ્થા દૂધના પરમાણુ પલટીને થઈ છે. ગોરસને તટસ્થપણે જોનારે એ અવસ્થાને કરી નથી. તટસ્થ માણસ લીધો છે. તેની અવસ્થાને હું કરી દઉં છું તેવા અભિમાની માણસને અહીં દ્રષ્ટાંતમાં લીધો નથી.

## <u>જ્ઞાની રાગદ્વેષના પરિણામ વખતે જ્ઞાનની શુદ્ધિની વૃદ્ધિ કરે છે.</u>

જેમ ગોરસને જાણનાર તટસ્થ માણસ ગોરસને કરતો નથી તેમ અહીં આચાર્ય ભગવાન કહે છે કે સમ્યગ્દ્રષ્ટિ જીવને નબળાઈના કારણે રાગ થાય છે. તેમાં દ્રવ્યકર્મ નિમિત્ત છે તેવાં જ્ઞાનાવરણીય આદિ કર્મોને તે જાણે છે પણ તેને કરતો નથી. ધર્મી જીવ આત્મતત્ત્વને એવું જાણે છે કે જે રાગ પર્યાયમાં થયો તેનો આત્મા જ્ઞાતા છે. નવાં કર્મો તે વખતે અલ્પ બંધાય છે તેની મુખ્યતા ન લેતાં અબંધ સ્વભાવ ખીલતો જાય છે, તેમ કહ્યું છે. સમ્યગ્દ્રષ્ટિ જીવ રાગનો કર્તા થતો નથી એટલે તેને નિમિત્તકર્તાનો આરોપ આવતો નથી. **<u>સ્વભાવને જાણતો એવો જ્ઞાની જે રાગ થાય તેનું જ્ઞાન કરે છે. રાગ થવા છતાં જ્ઞાનનો વધારો થાય છે.</u>** સ્વભાવ ખીલતો જાય છે. રાગનું નિમિત્ત પામીને નવાં કર્મો બંધાય છે તે વખતે જ્ઞાનીને જ્ઞાન જામતું જાય છે. દૂધમાંથી દહીં જામતું જાય છે તેમ જ્ઞાન જામે છે. પરમાણુમાં કર્મ ઘટ થતા જાય છે અને જ્ઞાનીને જ્ઞાન ઘટ થાય છે. **<u>જ્ઞાનીનું જ્ઞાન સ્વ-પર પ્રકાશક હોવાથી જ્ઞાનમાં તે કર્મ જ્ઞેય થાય છે, તેમ કહ્યું છે.</u>** જ્ઞાનીના આત્માને કોઈ રીતે કર્મને કરવામાં નિમિત્તપણાનો આરોપ આવતો નથી.

દૂધમાંથી દહીં ઘટ થાય છે એમાં તેને જોનાર પ્રવેશ કરતો નથી પણ તે માત્ર જ્ઞાન કરે છે. ગોરસને જાણનાર તટસ્થ માણસ જ્ઞાનમાં એકાગ્ર થાય છે. તેવી રીતે જ્ઞાની કર્મની પર્યાય થાય છે તેને માત્ર જાણે છે. જ્ઞાનીની ઋદ્ધિ અંતરમાં છે, તેની રિદ્ધિ, સિદ્ધિ, વૃદ્ધિ બહારમાં હોતી નથી. જ્ઞાની જ્ઞાનને કરતાં તટસ્થપણે જાણે છે કે કર્મની અવસ્થા એના કારણે થાય છે. નિમિત્ત આવ્યું માટે રાગ થયો, એમ જ્ઞાની માનતો નથી. અને પરચીજ આવી માટે જ્ઞાન થાય છે, એમ પણ તે માનતો નથી.

*

## <u>પ્રસાદ નં. ૧૨૮</u>
## <u>સમયસાર ગાથા ૧૦૧</u>

(માહ વદ ૧૪, મંગળવાર)

જ્ઞાની જ્ઞાનનો કર્તા છે, પણ તે જડનો કર્તા થતો નથી. કામ, ક્રોધાદિ તથા દયા, દાનાદિ ભાવોનો કર્તા પણ જ્ઞાની નથી.

ધર્મ અનંતકાળથી એક સેકન્ડ માત્ર પણ સાંભળ્યો નથી, એ ધર્મનું સ્વરૂપ કહેવાય છે. આત્મા છે તે જ્ઞાનસ્વભાવી નિર્મળાનંદ છે, શુદ્ધ ચૈતન્ય જ્ઞાતા છે. તે પરપરિણતિનો ત્યાગી છે એટલે દયા, દાન, પૂજા, ભક્તિ આદિના ભાવ કે જે વિભાવ છે તેને પરપરિણતિ કહે છે. ધર્મી તેનો ત્યાગી છે, તેનો કર્તા નથી. આત્મા શરીરની ક્રિયા તો કરી શકતો નથી. હું છું તો શરીર-વાણીની ક્રિયા થાય છે તેમ જે માને છે તે તો મૂઢ મિથ્યાદ્રષ્ટિ પાપી છે. વીતરાગ પ્રભુએ આત્માનો સ્વભાવ ચિદાનંદ, શુદ્ધ, જ્ઞાતાસ્વરૂપ કહ્યો છે. પર્યાયમાં રાગદ્વેષ આદિ થાય છે તે વિભાવ ભાવ છે, તે દુઃખદાયક છે, અધર્મ છે.

### <u>આત્મા નિર્વિકાર શુદ્ધ ચૈતન્ય ધાતુ છે.</u>

આત્મા વસ્તુ છે અને જ્ઞાનાદિ તેના ગુણ છે. તેની દ્રષ્ટિ કરવાથી સમ્યક્દર્શનરૂપ દશા પ્રગટ થાય છે, તે ધર્મ છે. શુભ પરિણતિ તે અશુદ્ધ છે અને શુદ્ધ પરિણતિ તે ધર્મ છે—એમ રેકર્ડની માફક અજ્ઞાની પણ બોલે છે પરંતુ તેના અર્થને સમજતો નથી. જેમ રેકર્ડને હૃદય નથી તેમ સમજ્યા વગર બોલે તેને પણ હૃદય નથી. હું એક ધ્રુવ શુદ્ધ ચૈતન્ય ધાતું છું અને વિકાર પરના લક્ષે થાય છે એટલે કે સ્વભાવની દ્રષ્ટિએ થતો નથી. તે વિકાર પોતાના અપરાધથી થાય છે. દયા, દાન, ભક્તિ આદિના ભાવો વિભાવ છે. હું તો જ્ઞાનની ક્રિયાનો કર્તા છું. રાગનો કર્તા નથી, એમ જ્ઞાની માને છે અને એ જ ધર્મ છે.

દૂધનું દહીં થાય છે, ગોરસનો તટસ્થ જોનાર માણસ તેને જાણે છે અને દેખે છે. જેમ દૂધમાંથી દહીં જામે છે તેમ તેનો તટસ્થપણે જાણનાર માણસ પોતાના જ્ઞાનભાવમાં જામે છે. જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે તે વખતે તેનું જ્ઞાન કરતા જ્ઞાનીને જ્ઞાન ઘટ થાય છે.

મિથ્યાદ્રષ્ટિની વાત આગળ કરી ગયા છે. અહીં આ ગાથામાં જ્ઞાનીની વાત કરે છે કે ધર્મીની રિદ્ધિ સિદ્ધિ કેવી હોય છે ? હું જ્ઞાન છું એવી દ્રષ્ટિમાં કર્મનું જ્ઞાન થતાં જ્ઞાન વધતું જાય છે. હું જ્ઞાન છું, ચૈતન્ય શુદ્ધ છું, તેમાંથી જ્ઞાનની વૃદ્ધિ થાય છે. ધર્મીને વિકાર કે કર્મની મુખ્યતા થતી નથી. ચૈતન્ય હીરો છે એમાંથી પ્રકાશ

નીકળે કે મેલ ? હીરામાંથી પ્રકાશ નીકળે છે તેમ જ્ઞાન જાણે છે. તેવી રીતે હું ચૈતન્ય હીરો છું, તેની પાસે કાંઈ ચીજ દેખાય તો તેનું આવરણ થતું નથી. હું જ્ઞાન છું, રાગ વખતે પણ જ્ઞાનીને જ્ઞાનની પર્યાય વધતી જાય છે, બંધન થતું નથી. કર્મની મુખ્યતા થઈ જાય તો પર્યાયબુદ્ધિ થાય છે અને ચૈતન્યની મુખ્યતામાં જ્ઞાનની શુદ્ધિ તથા વીતરાગતા વધતી જાય છે.

હું જ્ઞાન પરિણામનો કર્તા છું. ચૈતન્ય વસ્તુની પ્રતીતિ થઈ તેને દયા દાનની મુખ્યતા રહેતી નથી. ધર્મીમાંથી ધર્મ પ્રગટે છે. દર્શનાવરણીય કર્મના બંધન વખતે પણ જ્ઞાની જ્ઞાનનો કર્તા હોવાથી સમયે સમયે શુદ્ધિની વૃદ્ધિ થતી જાય છે. અજ્ઞાની માને છે કે આત્મા મોહનીય કર્મનું રમકડું છે. તેથી કર્મ આત્માને રમાડે છે પણ એ માન્યતા ભ્રમ છે. ખરેખર તો અજ્ઞાનદશામાં પોતાના અપરાધથી આત્મા રખડે છે, કર્મથી રખડતો નથી. વળી ચારિત્રમોહનીયના નિમિત્તે પોતાના કારણે પોતામાં રાગની પર્યાય થાય છે તેને જ્ઞાન જાણે છે, તેથી જ્ઞાની જ્ઞાનનો કર્તા છે.

જ્ઞાની જ્ઞાનની હીનતા તેમ જ મોહનીયના બંધનને પોતાનું કાર્ય માનતો જ નથી કેમ કે તેની દ્રષ્ટિ સ્વભાવ ઉપર છે. એ રીતે આયુષ્ય, નામ, ગોત્ર, અંતરાય વગેરે કર્મોની વાત લઈ લેવી. કર્મના બંધનની અવસ્થા વખતે પણ જ્ઞાનીને અબંધ સ્વભાવ ખૂલતો જાય છે. કેમ કે તેની દ્રષ્ટિ શુદ્ધ જ્ઞાતા ચૈતન્યમૂર્તિ ઉપર છે, સંયોગ અને કર્મ ઉપર નથી. અજ્ઞાનીની દ્રષ્ટિ દયા, દાન, ભક્તિ, પૂજા આદિના શુભ ભાવ ઉપર છે તેથી તે સંસાર વધારે છે. જ્ઞાનીને નબળાઈથી રાગ થઈ જાય છતાં તે વખતે પણ શુદ્ધતાની જ વૃદ્ધિ થાય છે.

સમ્યગ્દ્રષ્ટિને **ક્રોધ** હોય છે. કદાચિત્ લડાઈ કરવાનો ભાવ પણ હોય છે. છતાં તે ભાવનો તે સ્વામી થતો નથી. હું તો જ્ઞાતા છું એમ તે માને છે. ક્રોધ થયો માટે અજ્ઞાની છે, એમ નથી. શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ જન્મથી જ્ઞાની છે, ત્રણ જ્ઞાનના ધણી છે, છ ખંડ સાધવા જાય છે. ચક્રવર્તીને ક્રોધ થાય છે તે વખતે પણ દ્રષ્ટિ ચૈતન્ય ઉપર હોય છે.

જ્ઞાનીને **માન** પણ થાય છે, પણ દ્રષ્ટિ સ્વભાવ ઉપર હોય છે. નેમનાથ ભગવાનને સંસારદશામાં ભાભીએ મહેણું માર્યું તો માન થયું અને કહ્યું કે કૃષ્ણ કરતાં અમારામાં શક્તિ ઓછી નથી. પુરુષાર્થની નબળાઈથી માન થયું છે. સર્પની શય્યામાં સૂઈ ગયા અને શંખ લઈને ફૂંક્યો. આ રીતે માન આવ્યું, તે ક્ષણે પણ જ્ઞાનની શુદ્ધિનો વધારો થાય છે.

જ્ઞાનીને **માયા** પણ હોય છે. મિથ્યાશલ્યસહિતની માયા હોતી નથી. અલ્પ માયાના પરિણામ થાય છે પણ તેને સ્વભાવની મુખ્યતા હોય છે તેથી માયા વખતે પણ પોતાના જ્ઞાનની વૃદ્ધિ થતી જાય છે.

જ્ઞાનીને **લોભ** હોય છે છતાં લોભ ઉપર દ્રષ્ટિ હોતી નથી. તેને એવો લોભ હોતો નથી કે જે અનર્થનો કરનાર હોય. અહીં તો એમ કહેવું છે કે જ્ઞાનીને લોભ વખતે પણ અબંધ સ્વભાવનું લક્ષ હોવાથી જ્ઞાનની વૃદ્ધિ થાય છે. **નોકર્મ**—જ્ઞાનીને સ્ત્રી, પુત્ર, આબરૂ કે જે પર ચીજ છે તે લક્ષમાં આવે છે ત્યારે પણ તેની દ્રષ્ટિ સ્વભાવ ઉપર હોવાથી, તે પદાર્થો તેના જ્ઞાનમાં નિમિત્ત થાય છે. પરદ્રવ્ય તે જ્ઞાનનું જ્ઞેય છે, તે જણાતાં જ્ઞાનમાં વૃદ્ધિ થતી જાય છે. મિથ્યાદ્રષ્ટિને વિકારની મુખ્યતા હોવાથી બંધન થાય છે.

આઠ પાખંડીના કમળના આધારે છાતીમાં સૂક્ષ્મ રજકણોનું બનેલું જડ **મન** છે, તે આત્માનું નથી. આત્મા તે મનથી અતિ વેગળો (જુદો) છે. ભાવમનની વાત નથી. જ્ઞાની આત્માને મનથી રહિત માને છે, તેથી મનના વિકલ્પ વખતે પણ ધર્મી જ્ઞાનનો કર્તા છે. **વચન :** ભાષા આત્માની નથી. ભાષા થતી હોય એ વખતે પણ ધર્મીને જ્ઞાનની શુદ્ધિ થાય છે. **કાયા :** શરીરમાં ચાલવા આદિની ક્રિયા થાય છે. એ વખતે પણ જ્ઞાની શરીર મારું નથી, એમ માને છે. તે જ્ઞાતા છે. ધર્મી જીવની ચૈતન્ય ઉપર દ્રષ્ટિ છે તેથી તેને સમયે સમયે જ્ઞાનની વૃદ્ધિ થાય છે.

*

# <u>પ્રસાદ નં. ૧૨૯</u>
# <u>સમયસાર ગાથા ૧૦૧</u>

[માહ વદ ૦)) બુધવાર]

આત્મા જ્ઞાનનો કર્તા છે, પર દ્રવ્યનો કર્તા નથી. તે વાત ચાલે છે. એમાં કાયા સુધીની વાત આવી ગઈ છે. સમજી શકાશે એમ માનીને સાંભળવું જોઈએ, ન સમજાય એમ માનવું નહિ. આ શરીરાદિની અવસ્થા થાય છે, તેને જ્ઞાની જાણે છે. જ્ઞાનીની દ્રષ્ટિ શુદ્ધ દ્રવ્ય ઉપર છે તેથી જ્ઞાનીને જ્ઞાનની વૃદ્ધિ થાય છે અને એમાં શરીરાદિની પર્યાય નિમિત્ત થાય છે.

શરીર, વાણી આદિ પરપદાર્થ છે. તેની પર્યાયને આત્મા કરે તો તે પરિણામથી પરિણામી જુદો રહી શકે નહિ. જડની પર્યાયને આત્મા બદલાવે તો આત્મા જુદો ન રહેતાં તેનો નાશ થાય છે.

આત્માને પર પર્યાયનો નિમિત્તકર્તા માનવામાં આવે તો આત્માની મુક્તિ કદી થાય નહિ. આત્મા ત્રિકાળી છે. તેને નિમિત્તકર્તાનો આરોપ આવે તો નિમિત્તપણાના સંબંધરહિત સ્વભાવનો કર્તા કદી થઈ શકે નહિ. શરીરાદિનો ઉપાદાનપણે કર્તા તો જડપદાર્થ પોતે છે, પણ જો આત્માને તેનો નિમિત્તપણે કર્તા માનવામાં આવે તો પણ પરનું લક્ષ છોડી સ્વભાવની પ્રાપ્તિ થઈ શકે નહિ.

નિમિત્તકર્તાનો આરોપ આવે એવી કોઈ ચીજ છે કે ? હા, અજ્ઞાનીના યોગ અને ઉપયોગને નિમિત્તકર્તાનો આરોપ આવે છે પણ દ્રવ્ય ત્રિકાળ છે, તેને તો આરોપ આવતો નથી જ.

યોગ અને ઉપયોગનો કર્તા કોણ છે ? અજ્ઞાની યોગ અને ઉપયોગનો કર્તા છે તેથી તેના યોગ અને ઉપયોગને નિમિત્તકર્તાનો આરોપ આવે છે. ધર્મી તો યોગ અને ઉપયોગનો કર્તા નથી એટલે એને નિમિત્તકર્તાનો આરોપ આવતો નથી. ધર્મી પરની પર્યાયને તો કરતો નથી પણ તેની પર્યાય થાય છે તેમાં તે નિમિત્તકર્તા પણ નથી. ધર્મીની દ્રષ્ટિ યોગ અને ઉપયોગ ઉપર નથી તેથી નિમિત્તકર્તાનો આરોપ પણ તેને આવતો નથી. ધર્મી જ્ઞાનનો કર્તા છે. તે જ્ઞાનમા પર પદાર્થની પર્યાય નિમિત્ત કહેવાય છે. જ્ઞાનીની દ્રષ્ટિ સ્વ ઉપર છે, પર ઉપર હોતી નથી.

એ રીતે કાન, ચક્ષુ, નાક, રસન અને સ્પર્શન વગેરે પર પદાર્થો છે. તે બધાની અવસ્થાને જ્ઞાની કરતો નથી અને તેનો નિમિત્તકર્તા પણ તે નથી. જ્ઞાની દ્રવ્યથી, ગુણથી, શુદ્ધ પર્યાયથી કે રાગથી પણ પરનો નિમિત્તકર્તા થતો નથી, તે

તો માત્ર જ્ઞાતા છે. તેથી તેને બધા પદાર્થો જ્ઞાનનાં જ્ઞેય છે એટલે તે વિષયો જ્ઞાનમાં નિમિત્ત છે. ॥૧૦૧॥

હવે અજ્ઞાની પણ પર દ્રવ્યના ભાવોનો કર્તા નથી. તે કહે છે :–

## ગાથા ૧૦૨

**જે ભાવ જીવ કરે શુભાશુભ તેહનો કર્તા ખરે,**
**તેનું બને તે કર્મ, આત્મા તેહનો વેદક બને. ૧૦૨.**

**અન્વયાર્થ :—**અજ્ઞાની આત્મા જે શુભ કે અશુભ પોતાના ભાવને કરે છે તેનો તે ખરેખર કર્તા થાય છે, તે ભાવ તેનું કર્મ થાય છે અને તે આત્મા તેનો એટલે તે ભાવરૂપ કર્મનો ભોક્તા થાય છે.

**ટીકા :—**આત્માનો સ્વભાવ તો અચલિત, વિજ્ઞાનઘનરૂપ એક સ્વાદ છે. આ ગાથામાં ભોક્તાની વાત કહે છે. ગાથા ૧૦૦ માં કર્તાની વાત કહી હતી. અહીં કહે છે કે આત્માનું વેદન કહો કે અનુભવ કહો–તે એકરૂપ છે. જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ ચિદાનંદ એકરૂપ શાંતિનો અનુભવ કરનાર છે. જ્ઞાનીને ક્ષણે ક્ષણે પોતાના શાંતરસના સ્વાદની એકતા થતી જાય છે, તેમ અહીં કહે છે.

## જ્ઞાની આત્માના શાંતરસના સ્વાદને અનુભવે છે.

હું તો વિજ્ઞાનઘન, કદી ચલાયમાન ન થાય એવો એકરૂપ સ્વાદ લેવાવાળો છું એમ અજ્ઞાનીને ખબર નથી તેથી તે આત્મામાં હરખ—શોક આદિના જે પરિણામ થાય છે અને જે એકલા દુઃખરૂપ છે, આકુળતાવાળા છે, તેથી આત્માના શાંતરસને લૂંટનારા છે, તેનો કર્તા થાય છે. શુભ ભાવ હો કે અશુભ ભાવ હો, બન્ને દુઃખદાયક છે. આત્મા વિજ્ઞાનઘન હોવા છતાં અજ્ઞાની પરને અને પોતાને એક માનતો પુણ્ય પાપના સ્વાદને અનુભવે છે અને જ્ઞાની આત્માના શાંત રસને અનુભવે છે.

## હરખ-શોકના સ્વાદમાં અજ્ઞાની શાંતરસના સ્વાદને તોડી નાખે છે.

જેવી રીતે પાણીના એકરૂપ પ્રવાહના, પુલના થાંભલા વડે, ભાગ પડી જાય છે તેવી રીતે આત્માનો આનંદકંદ એકરૂપ સ્વભાવ છે. તેમાં હરખશોકરૂપી થાંભલા નાખીને અજ્ઞાની તે એકરૂપ પ્રવાહને તોડી નાખે છે. આત્મા ચૈતન્ય આનંદપૂર છે તેની દ્રષ્ટિ ચૂકીને હરખ-શોકની રુચિ કરે છે તે આનંદકંદના લોઢ (–પૂર)ને તોડી નાખે છે. આત્મા ચૈતન્યઘન પદાર્થ છે, તેમાં શરીર, વાણીનો પ્રવેશ નથી તેથી તેનું તો આત્મા કરતો નથી પણ હરખ-શોકના પરિણામ અને દયા, દાન આદિના ભાવ તે મારું કાર્ય છે, એમ અજ્ઞાની માને છે. જ્ઞાનીને અખંડ શુદ્ધ ચૈતન્યનું ભાન

હોવા છતાં નબળાઈથી હરખ-શોકના ભાવ થાય ખરા છતાં જ્ઞાની તેને પોતાનું સ્વરૂપ માનતો નથી. પણ અજ્ઞાની સ્વભાવને ચૂકીને હરખ-શોકના પરિણામને વેદતો શુભાશુભ ભાવનો કર્તા થાય છે.

અજ્ઞાનીનો આત્મા પણ હરખશોકના પરિણામ વખતે પરનો તો ભોક્તા નથી. મોટર, દાળ, ભાત, મેસુબ વગેરેનો ભોક્તા જો આત્મા થાય તો ભોગવવા યોગ્ય વસ્તુથી તે જુદો રહી શકે નહિ. તેથી પર સાથે એકપણું થાય છે ને એમ થતાં આત્માનો નાશ થાય છે. આત્મા પર પદાર્થનો નિમિત્તભોક્તા છે—એમ પણ નથી કેમ કે જો વસ્તુ નિમિત્તભોક્તા થાય તો પર તરફના ભોક્તાપણાની દ્રષ્ટિ છોડવાનો અવકાશ રહેતો નથી.

આત્મા શિખંડ, પૂરી, શરીરાદિનો ત્રણકાળમાં ભોક્તા નથી પણ અજ્ઞાની હરખ—શોકનો ભોક્તા થાય છે. તેને સ્વભાવના ભોક્તાપણાનું ભાન નથી. તેથી પરવસ્તુને હું ભોગવું છું, એવા ભાવને નિમિત્ત ભોક્તા કહેવાય છે. અજ્ઞાની વિજ્ઞાનઘનરૂપ પોતાના સ્વાદને તોડતો પરભાવનો કર્તા થાય છે.

પચીસ લાખની મૂડી હોય અને એક જ દીકરો હોય તેનાં લગ્નમાં જગતના લોકોને હરખ થાય છે. તેને કહે છે કે આખો આત્મા હરખશોકનો ભોક્તા નથી પણ અજ્ઞાનીને હરખ-શોકનો ભોક્તા કહેવાય છે, જ્ઞાની ભોક્તા થતો નથી. અજ્ઞાનીના ચાર બોલ છે કે :–

૧. આત્માને પરનો ભોક્તા માને તો મિથ્યાદ્રષ્ટિ છે.

૨. આત્માને નિમિત્તભોક્તાપણે માને તો મિથ્યાદ્રષ્ટિ છે.

૩. અજ્ઞાનીનો હરખ-શોકનો ભાવ નિમિત્તભોક્તાપણે થાય છે.

૪. અજ્ઞાની હરખ-શોકના ભાવનો કર્તા થાય છે.

આ રીતે અજ્ઞાનીના ચાર બોલ છે અને જ્ઞાની તો માત્ર પોતાની નિર્મળ પર્યાયનો કર્તા અને ભોક્તા છે. વસ્તુનું એવું જ સ્વરૂપ છે, એમાં ફેર નથી. તે યથાર્થ સમજ્યે ધર્મ થાય છે.

*

# પ્રસાદ નં. ૧૩૦
# સમયસાર ગાથા ૧૦૨

(ફાગણ સુદ ૧, ગુરુવાર)

આત્મા વિજ્ઞાનઘન હોવા છતાં અનાદિકાળથી અજ્ઞાની પોતાના સ્વભાવને ભૂલીને શુભાશુભ ભાવનો કર્તા થાય છે. આત્મા કેવો છે ? અચલિત વિજ્ઞાનઘન એટલે વિશેષ જ્ઞાનઘન છે, સહજાનંદ છે, પરમ અમૃતમય મૂર્તિ છે પણ એની દ્રષ્ટિ અનંતકાળથી થઈ નથી. જેની પર પદાર્થ ઉપર દ્રષ્ટિ છે—કે સંયોગ ઉપર દ્રષ્ટિ છે, તેને સ્વભાવની દ્રષ્ટિ થતી નથી.

જેમ માટીનો અજાણ કુંભાર ચૂનાની કણીવાળી માટીનાં વાસણ બનાવે અને નિભાડામાં નાખે તો બધાં વાસણ તૂટેલાં જ નીકળે, એકેય વાસણ સાજું (આખું) રહે નહિ, તેમ હું જ્ઞાનઘન છું, નિમિત્તથી મારામાં કાંઈ થતું નથી અને હું શુદ્ધ છું, એવી જેની માન્યતા નથી, તેને ઊંધા અભિપ્રાયરૂપી ચૂનાની કણી પડી છે. તેથી તેનો વિજ્ઞાનઘન એક સ્વાદ હોવા છતાં અનાદિકાળથી અજ્ઞાનને લઈને તે આત્માના અનુભવરૂપ સ્વાદના ટુકડા કરી નાખે છે, તેને આત્માનો એકરૂપ સ્વાદ આવતો નથી.

એક આત્મા બીજા આત્માનું કરી શકે નહિ, એક પુદ્‌ગલ બીજા પુદ્‌ગલનું કરી શકે નહિ. છતાં કોઈ કહે કે આત્મા છે તો શરીર ચાલે છે તો તે સ્થૂલ મિથ્યાદ્રષ્ટિ છે, મૂઢ છે. તેની વાત તો અહીં લીધી નથી. પણ અહીં તો શરીર અને લાડવા આદિનો ભોક્તા કોણ છે ? તેની વાત કરે છે. જેની નિમિત્ત ઉપર દ્રષ્ટિ છે તે એમ જાણે છે કે હું પરને ભોગવું છું પણ આત્મા પરને ભોગવી શકતો નથી. અહીં તો કહે છે કે અરે ભગવાન! આત્મા પર પદાર્થને તો ભોગવી શકતો નથી પરંતુ પર પદાર્થનો નિમિત્તપણે પણ ભોક્તા નથી. આત્મા અચલિત વિજ્ઞાનઘન એક સ્વાદનો અનુભવ કરનારો હોવા છતાં પુત્ર, પૈસા તે હું છું, પૈસાની અવસ્થા અમે કરી શકીએ છીએ, પર પદાર્થોને હું ભોગવું છું, તેમ માનનારા બધા પરને અને પોતાને એક માને છે. આત્મા અનાકુળ શાંતરસ છે તેમ તેઓ માનતા નથી.

સમ્યગ્દ્રષ્ટિ જીવની દ્રષ્ટિ ચૈતન્ય આનંદઘન સ્વભાવ ઉપર છે, પર ઉપર નથી એટલે કે રાગ ઉપર અને પરપદાર્થ ઉપર નથી અને અજ્ઞાનીની દ્રષ્ટિ નિમિત્ત તથા વિકાર ઉપર છે તેથી ત્રિકાળી આત્મ સ્વભાવને તે ચૂકી જાય છે. તેથી તે આત્માના એકરૂપ સ્વાદને તોડી નાખે છે.

નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય, એમ માનવું તે તો સ્થૂલ મિથ્યાત્વ છે. નિમિત્તથી કાર્ય થાય એમ માનનાર સંયોગને જુએ છે, સ્વભાવને જોતો નથી. તેને ત્રિકાળી સ્વભાવની રુચિ નથી. તે અજ્ઞાની વિજ્ઞાનઘન નિજ શાંતરસને તોડતો શુભભાવ અથવા તો અશુભભાવ કરે છે. પરંતુ જડની પર્યાયને અજ્ઞાની પણ કરે, એમ કદી બનતું નથી.

## મિથ્યાત્વભાવ અનંત ભવની ખાણ છે.

અજ્ઞાનીની દ્રષ્ટિ સંયોગ અને વિકાર ઉપર હોવાથી તે પુણ્ય અને પાપભાવનો કર્તા થાય છે. તે પુણ્ય અને પાપના ભાવો અધર્મ છે. તે અધર્મભાવને પોતાના માનવા તે મિથ્યાત્વ છે અને તે અનંત ભવની ખાણ છે. અજ્ઞાની અજ્ઞાનભાવનો કર્તા છે અને પુણ્ય-પાપ તેનું કાર્ય છે. પણ જડનું કાર્ય તો ત્રણ કાળમાં તે પણ કરી શકતો નથી. અજ્ઞાનીની દ્રષ્ટિ સંયોગ ઉપર છે, તેને ધર્મની ખબર નથી. તે શુભાશુભ ભાવનો કર્તા થઈને તે કાર્યને કરે છે.

આ ગાથામાં કર્તા ઉપરાંત ભોક્તાની વાત કહીને સિદ્ધાંત કહે છે કે :–

## શુભાશુભભાવનો અજ્ઞાની કર્તા થાય છે તેમ તેનો ભોક્તા થાય છે પણ પરદ્રવ્યને કરતો કે ભોગવતો નથી.

જેની સ્વભાવ ઉપર રુચિ નથી ??? રૂપે થનારો આત્મા છે. આત્મા ભાવક વિકારીભાવની ભાવના કરનારો હોવાથી અજ્ઞાની તે પુણ્યપાપરૂપે થઈ જનારો છે. અજ્ઞાનીને જ્યારે જ્યારે શુભ કે અશુભ ભાવ થાય છે ત્યારે ત્યારે તેને તેની જ ભાવના છે, પણ હું વિજ્ઞાનઘન છું એવી ભાવના નથી. પરની ભાવનામાં શુદ્ધ વિજ્ઞાનઘન શાંતરસની ભાવનાનો અભાવ છે. પરની ક્રિયા હું કરું એમ પરપદાર્થ ઉપર દ્રષ્ટિ રાખીને પોતામાં જે શુભ કે અશુભ ભાવો થાય છે તેનો અજ્ઞાની ભોક્તા થાય છે.

## આત્મા સ્વને ભોગવે પણ પરને ભોગવે નહિ—એ અનેકાંત છે.

આત્મા ઉષ્ણ કે ઠંડા પદાર્થને અડતો જ નથી કેમ કે ઠંડા અને ઉષ્ણપણાની અવસ્થા પુદ્ગલની છે અને પુદ્ગલનો આત્મામાં અત્યંત અભાવ છે. આ રીતે અભાવ હોવાથી આત્મા પુદ્ગલને અડતો નથી છતાં અજ્ઞાનીની દ્રષ્ટિ સંયોગ ઉપર જાય છે. અને તેથી ટાઢું પાણી પીધું તેમાં હરખને અનુભવે છે અને અગ્નિના સંયોગ વખતે દ્વેષને અનુભવે છે. આ રીતે અનાદિથી અજ્ઞાની શુદ્ધ સ્વભાવની દ્રષ્ટિને ચૂકીને સંયોગ દ્રષ્ટિ કરતો હરખ-શોકના પરિણામને ભોગવે છે. હરખશોકની

અવસ્થા આત્માની ભાવ્યદશા હોવાથી અજ્ઞાની તેનો ભોગવનાર થાય છે પણ જડનો ભોગવનાર આત્મા થાય, એમ ત્રણકાળમાં બનતું નથી.

૧. આ આત્મા પર પદાર્થનો ભોક્તા છે જ નહિ છતાં હું પરને ભોગવું છું, એમ માનવામાં આવે તો ભોગવવા યોગ્ય પદાર્થથી ભોક્તા જુદો નહિ રહેવાથી આત્માના નાશનો પ્રસંગ આવે માટે તે માન્યતા મિથ્યા છે.

૨. આત્મા ત્રિકાળ જ્ઞાનઘન છે. તે પરનો ભોક્તા તો નથી પણ પરને નિમિત્તપણે ભોગવવાનો આરોપ તેને આવે કે નહિ ? ઉપાદાન ભોક્તા તો તે તે દ્રવ્ય છે, એટલે ઉપાદાનપણે આત્મા પરનો ભોક્તા તો થાય નહિ પણ નિમિત્તપણે ભોક્તા ખરો કે નહિ ?

ઉત્તર :–જો ત્રિકાળી આત્માને નિમિત્તભોક્તા કહેવામાં આવે તો તે સ્વભાવનો ભોક્તા રહી શકતો નથી. અનાદિઅનંત હરખશોકનો ભોક્તા રહેશે, કદી તેના ભોક્તાપણાથી રહિત થવાનો પ્રસંગ રહેશે નહિ.

૩. નિમિત્તપણે ભોક્તા કહેવા કોને ? અજ્ઞાનીને પર્યાયમાં જે હરખ-શોકના ભાવ થાય છે તેમાં નિમિત્તભોક્તાપણે આરોપ આવવાની યોગ્યતા છે.

જ્ઞાનીને તેવી યોગ્યતા નથી. પૈસા, લાડવા, સ્ત્રી વગેરેને આત્મા ભોગવે એવી ભોક્તા શક્તિ તો આત્મામાં નથી. પરંતુ નિમિત્તભોક્તા થવાની પણ આત્મામાં શક્તિ નથી. વળી જ્ઞાનીને અલ્પ હરખશોકના પરિણામ થાય તેમાં પણ નિમિત્તભોક્તાપણાનો આરોપ આવવાની યોગ્યતા નથી. અજ્ઞાનીના હરખશોકના ભાવને તેવો આરોપ આવે છે.

૪. અજ્ઞાની પોતાના સ્વભાવને ચૂકીને હરખ-શોકના ભાવનો ભોક્તા થાય છે કેમ કે તેની હરખ-શોક ઉપર દ્રષ્ટિ છે.

આ રીતે ચાલ બોલ અજ્ઞાનીને—મિથ્યાદ્રષ્ટિને લાગુ પડે છે.

ગાથા ૧૦૨ માં જ્ઞાનીનું ધ્યેય શું છે તેનું વર્ણન કરીને એકદમ ગુલાંટ મારી અજ્ઞાની હરખ-શોકનો ભોક્તા થાય છે માટે હરખ-શોકના ભાવને નિમિત્તભોક્તાપણાનો આરોપ આવે છે, તે વાત કહી છે. મિથ્યાદ્રષ્ટિનું ધ્યેય હરખ શોકને ભોગવવા ઉપર છે. જ્ઞાનીનું ધ્યેય ત્રિકાળી સ્વભાવને કરું ને ભોગવું તે છે.

## આત્મામાં પરજીવને બચાવવાનો ભાવ થાય તે સ્વહિંસા છે.

આત્મામાં હરખ-શોક આદિના ભાવ થાય છે, તેનો પોતાને ભોક્તા માનવાથી આત્માની હિંસા થાય છે—આ હિંસાનું સ્વરૂપ છે. દયા, દાન, કામ, ક્રોધ

આદિના ભાવ થવા ન દેવા અને તેનાથી લાભ ન માનવો પરંતુ સ્વભાવના લક્ષે નિર્મળ પર્યાય પ્રગટ કરવી, તેને ભગવાન ખરેખર અહિંસા કહે છે.

શુભ કે અશુભ ભાવને કરે અને એને ભોગવે તે અજ્ઞાની આત્માની હિંસા કરી રહ્યો છે. આત્મા પર જીવને મારવાનો ભાવ કરે તે અશુભભાવ છે. પણ પરને મારી શકે નહિ અને પરને બચાવવાનો ભાવ તે શુભભાવ છે પણ પરને બચાવી શકે નહિ. તે શુભ કે અશુભનો અજ્ઞાની કર્તા થઈને એને ભોગવે છે.

આત્માના સ્વરૂપને સમજ્યા વગર મંદકષાયની જે લાગણી થાય ને તેનાથી પોતાને લાભ થાય, એમ માને તે હિંસા છે. તે પુણ્યાસ્રવ હોવાથી હિંસા છે. અસ્થિરતાનો રાગ થાય તે જુદી વાત છે અને રાગ થાય તેનાથી લાભ માનવો તે જુદી વાત છે. જ્ઞાની રાગમાં અટકતા નથી કેમ કે જ્ઞાનીની દ્રષ્ટિ રાગ ઉપર નથી. ત્રિકાળી જ્ઞાતા સ્વભાવ ઉપર તેમની દ્રષ્ટિ હોવાથી ક્ષણિક રાગનો તેમને આદર નથી. તે માને છે કે હું તો વિજ્ઞાનઘન છું. પૂર્વ પ્રારબ્ધને લીધે બાહ્ય સંયોગો આવી પડે છે. તેનો તો જ્ઞાની આદર કરતો નથી પણ ક્ષયોપશમ પર્યાયનો પણ આદર કરતો નથી. આમ તેને રાગ અને પર વસ્તુનો આદર હોતો નથી.

## <u>સમ્યગ્દર્શનપૂર્વક આત્માની આનંદદશામાં ઝૂલવું તે મુનિપણું છે.</u>

મુનિ તો સહજાનંદના હિંડોળે ઝૂલે, પહેલી ક્ષણે છઠ્ઠી ભૂમિકામાં અને બીજી ક્ષણે સાતમી ભૂમિકામાં એમ હજારોવાર થાય એનું નામ મુનિપણું છે. મુનિપણાની વર્તમાનમાં દુર્લભતા છે. સમ્યગ્દર્શન સહિત વિશેષ આત્મ-સ્થિરતા થાય તે મુનિપણું છે. અલ્પરાગ થાય તેનો પણ કર્તા નહિ તે મુનિ છે. મુનિને વસ્ત્રનો તાણોવાણો હોતો નથી, નગ્નદશા હોય છે. મુનિ વસ્ત્રને છોડતા નથી પણ સહજ વસ્ત્રરહિત દશા હોય છે. <u>મુનિદશામાં સ્વભાવના ભાન ઉપરાંત આનંદડુંગરામાંથી અમૃતનાં ઝરણાં વહેતા હોય, તેના ભોક્તા તે મુનિ છે</u>.

સમ્યગ્દ્રષ્ટિ હરખ-શોકનો ભોક્તા નથી. હરખ-શોકનો ભોક્તા થવું તે મિથ્યાબુદ્ધિ છે. માટે તે મિથ્યાબુદ્ધિ છોડી, સ્વભાવબુદ્ધિ કરવી તે ધર્મ છે.

*

# પ્રસાદ નં. ૧૩૧

## સમયસાર ગાથા ૧૦૨

(ફાગણ સુદ ૨, શુક્રવાર, ૨૦૦૭)

આત્મા કર્તા થઈને શું કરી શકે ? રચનાર થઈને શું કરી શકે ? તે કહે છે. શરીરની, વાણીની કે જડની કોઈપણ પર્યાય થાય તેને આત્મા ત્રણ કાળમાં કરી શકતો નથી. અજ્ઞાનીનો આત્મા પણ પરદ્રવ્યને કરે નહિ. જેની દ્રષ્ટિમાં પર પદાર્થની પર્યાયને કરવાનો ભાવ છે તે જીવ અજ્ઞાનભાવને કરે છે અને નિમિત્ત થાઉં તો પરની ક્રિયા થાય, એમ તે માને છે. સમ્યગ્દ્રષ્ટિ જીવની દ્રષ્ટિ ધ્રુવ ચૈતન્ય ઉપર છે, તેથી નિમિત્ત ઉપર તેની દ્રષ્ટિ નથી. જ્ઞાનીને વર્તમાન પુરુષાર્થની નબળાઈથી શુભ અશુભ થાય છે, છતાં તેની કર્તાબુદ્ધિ તેને હોતી નથી, તેથી જ્ઞાની વિકારી પર્યાયનો કર્તા નથી.

### કર્મના ઉદય વખતે પણ જ્ઞાની જ્ઞાનનો કર્તા છે.

જ્ઞાનાવરણીય આદિ કર્મો જે જડ છે, તેનો ઉદય થતાં જ્ઞાની તેને જાણે છે. પણ તે કર્મોનો તે કર્તા થતો નથી પણ જ્ઞાનનો કર્તા થાય છે. સાધકદશામાં પણ જ્ઞાની સ્વભાવનો કર્તા હોવાથી પુદ્‌ગલકર્મને જાણે છે. આત્મા વસ્તુ છે અને જડકર્મ પણ વસ્તુ છે. તે બન્ને પદાર્થનું પરિણમન સ્વતંત્રપણે થાય છે. જડમાં જડને કારણે અને આત્મામાં આત્માના કારણે પરિણમન થાય છે. જગતના બધા પદાર્થોનું પરિણમન એક સાથે થાય છે. અજ્ઞાનીની દ્રષ્ટિ ચૈતન્ય ઉપર નથી પણ સંયોગ ઉપર છે. કર્મની અવસ્થાને અજ્ઞાની પણ કરતો નથી, પરંતુ તે શુભાશુભ ભાવનો કર્તા થાય છે.

અજ્ઞાની સ્વભાવને ભૂલીને સારાં નિમિત્તો મળે તો કલ્યાણ થાય, એમ માનીને નિમિત્તને મેળવું, નજીક લાવું અને ખોટાં નિમિત્તથી દૂર રહું—એમ અજ્ઞાનીની પર પદાર્થ ઉપર દ્રષ્ટિ છે. અજ્ઞાની અજ્ઞાનભાવનો કર્તા થાય છે, પણ તેથી પર પદાર્થને તે મેળવી શકતો નથી.

જ્ઞાની જ્ઞાનનો કર્તા છે. વર્તમાન પર્યાયમાં નબળાઈના કારણે રાગદ્વેષ થાય છે, તેને સ્વભાવ સન્મુખ રહીને તે જાણે છે. જ્ઞાની કોને કહેવો ? અને અજ્ઞાની કોને કહેવો? સ્ત્રી, ઘરબારના સંયોગોમાં ન હોય તે જ્ઞાની અને બહાર સંયોગ હોય તે અજ્ઞાની, એવું તેનું લક્ષણ નથી. ચક્રવર્તી રાજાને છન્નુ હજાર સ્ત્રી, નવ નિધાન,

હાથી, લશ્કર વગેરેનો સંયોગ હોય છતાં તે જ્ઞાની હોય છે. અને અજ્ઞાની દ્રવ્યલિંગી મુનિને બહાર એવો સંયોગ હોતો નથી. બહારનો ત્યાગ વર્તે છે છતાં તે અજ્ઞાની છે. પરના ગ્રહણ—ત્યાગ કરવાનો આત્માનો સ્વભાવ નથી, છતાં મેં પરનો ત્યાગ કર્યો છે અને શુભભાવ ધર્મનું કારણ છે એવી તેની માન્યતા હોવાથી તે મિથ્યાદ્રષ્ટિ છે.

સમ્યગ્દ્રષ્ટિ હીરાના થાળમાં અને મણિરત્નના કટોરામાં ભોજન કરતો દેખાતો હોય ને તે વખતે આત્મામાં નબળાઈના કારણે રાગ હોય છતાં તેનો તે જાણનાર છે. તેને પરપદાર્થ ઉપર દ્રષ્ટિ છે જ નહિ અને અજ્ઞાનીને સ્વપદાર્થ ઉપર દ્રષ્ટિ નથી. જ્ઞાનીને રાગ થાય છે તે નબળાઈથી થાય છે, એમ તે માને છે. પર પદાર્થ રાગ કરાવે છે, એમ તે માનતો નથી. તેથી જ્ઞાની જ્ઞાનનો કર્તા થાય છે. જ્ઞાની રાગને જાણે છે, તે વ્યવહાર છે, નિશ્ચયથી તો તે આત્માને જાણે છે. પરજ્ઞેયને તન્મય થઈને જાણે નહિ માટે વ્યવહાર છે અને સ્વને તન્મય થઈને જાણે છે માટે નિશ્ચય છે. આત્માનો સ્વ—પર પ્રકાશક સ્વભાવ છે, એમાં પરજ્ઞેય જણાય છે પણ તેથી કાંઈ પરજ્ઞેય જ્ઞાનમાં આવી જતું નથી, કેમ કે બન્ને ભિન્ન પદાર્થ છે. લીંબુ ખાટું છે, તેનું જ્ઞાન થાય છે પણ તેથી કાંઈ જ્ઞાન ખાટું થઈ જતું નથી, અરૂપીમાં રૂપી પ્રવેશતું નથી. ખાટું તો જડદ્રવ્ય છે અને આત્મા તો ચેતન છે, તેમાં જડ કેવી રીતે આવી જાય ? ન જ આવે.

દર્પણમાં પરપદાર્થની પર્યાય ઝળકે છે તે પરપદાર્થની પર્યાય નથી. વળી તેમાં અગ્નિ ઝળકે છે, તે અગ્નિ નથી, તે તો અરીસાની પર્યાય છે. જો અગ્નિ તેમાં પ્રવેશી જાય તો અરીસો ગરમ થઈ જાય, પણ તે ગરમ થતો નથી કેમ કે બન્ને ભિન્ન પદાર્થ છે. તેવી રીતે આત્મા પણ પરજ્ઞેયથી ભિન્ન છે, તેથી આત્મા સ્વમાં રહીને પરને જાણે છે. પુદ્‌ગલ કર્મ તો જડ છે, ધૂળ છે. એને કાંઈ ખબર નથી, તેનો ઉદય થતાં જ્ઞાન તેને જાણે છે. સ્વ સન્મુખ દ્રષ્ટિ હોવા છતાં નબળાઈથી જે રાગ થાય છે તેને પણ જ્ઞાન જાણે છે. એનો અર્થ એ છે કે કર્મના ઉદયને કે રાગની પર્યાયને પણ આત્મા ખરેખર જાણતો નથી. જો ખરેખર જાણે તો રાગ અને જ્ઞાન એક થઈ જાય, પણ તેમ થતું નથી તેથી **જ્ઞાની જ્ઞાનને જાણે છે, તે નિશ્ચય છે; રાગને અને કર્મને જાણે છે, તે વ્યવહાર છે.**

## અજ્ઞાની અજ્ઞાનને લીધે કર્તા થાય છે.

કર્મનો ઉદય થતાં અજ્ઞાનીને રાગ થાય છે, એનો અર્થ એવો નથી કે જેવો કર્મનો ઉદય હોય તે પ્રમાણે વિકાર ભાવ થાય. અજ્ઞાની કહે છે કે કર્મના ઉદય

પ્રમાણે વિકાર થાય, તે વાત ખોટી છે. કેમ કે જો ઉદય પ્રમાણે વિકાર થાય તો નિગોદનો જીવ કદી ઊંચો આવી શકે જ નહિ અને ગતિ પણ ફરી શકે નહિ. અજ્ઞાની અજ્ઞાનનો કર્તા થાય છે, તે સ્વભાવબુદ્ધિનો નાશ કરે છે. અજ્ઞાનીને પણ કર્મના ઉદય પ્રમાણે રાગ થતો નથી. પોતે કરે તે પ્રમાણમાં રાગ થાય છે ને તેમાં કર્મ નિમિત્ત છે પણ કર્મના કારણે રાગનું પરિણમન નથી.

અજ્ઞાની અજ્ઞાનને લીધે શુભાશુભ ભાવનો કર્તા થાય છે. મેં દયા પાળી, શુભ પરિણામ કર્યા—એમ અજ્ઞાની કર્તા થાય છે. આ રીતે જ્ઞાની સ્વભાવનો અને અજ્ઞાની અજ્ઞાનભાવનો કર્તા થાય છે, પણ પરનો કર્તા તો કદી નથી.

કર્મના ઉદય પ્રમાણે વિકાર ન થાય પણ જેવો વિકાર થાય તેવું જડકર્મ બંધાય છે. તો પણ અજ્ઞાની જડકર્મોનો કર્તા નથી, પણ પોતાના ભાવનો કર્તા છે. કોઈ કહે કે આ નામકર્મનો પુરુષાર્થ કરવો હતો પણ કર્મનો તીવ્ર ઉદય આવ્યો એટલે પુરુષાર્થ થઈ શક્યો નહિ, તો તે વાત ખોટી છે.

## પરભાવને કોઈ દ્રવ્ય કરી શકે નહિ.

### ગાથા ૧૦૩

**જે દ્રવ્ય જે ગુણ—દ્રવ્યમાં, નહિ અન્ય દ્રવ્યે સંક્રમે;**
**અણસંક્રમ્યું તે કેમ અન્ય પરિણમાવે દ્રવ્યને ? ૧૦૩.**

* *

# પ્રસાદ નં. ૧૩૨

## સમયસાર ગાથા ૧૦૩ ટીકાના પ્રવચનમાંથી.

(ફાગણ સુદ ૩, શનિવાર, ૨૦૦૭)

અહીં અધિકાર એ ચાલે છે કે આત્મા ઘડો, રથ, વસ્ત્ર, મકાન, શરીર, વાણી અને કર્મ વગેરે કોઈપણ પર પદાર્થની પર્યાયને કરી શકે નહિ.

## વસ્તુ પોતાની મર્યાદામાં વર્તે છે.

જગતમાં જે કોઈ ચીજ—આત્મા કે પરમાણુ છે તે પોતાની મર્યાદામાં વર્તી રહેલ છે. વસ્તુ પોતાની મર્યાદાને કદી છોડે નહિ. કુંભારનો આત્મા પોતાના દ્રવ્ય કે ગુણને ઘડામાં મૂકતો નથી તો ઘડાને કુંભાર કઈ રીતે બનાવે ? કુંભાર ઘડાને બનાવી શકે નહિ. કોઈ કહે કે નિશ્ચયથી બનાવે નહિ પણ વ્યવહારથી તો બનાવે ને ? તો કહે છે કે ઘડો માટીમાંથી થવા કાળે થાય છે. એ વખતે કુંભારની ઉપસ્થિતિ છે પરંતુ કુંભારે વ્યવહારથી પણ ઘડો કર્યો નથી. કુંભાર આવ્યો માટે ઘડો થયો, એમ કહેવામાં આવે તો ઘડાનો કાળ રહેતો નથી. માટી પરિણમતી ઘડારૂપે થઈ છે, કુંભાર ઘડારૂપે થયો નથી. ન્યાયથી વાત કહેવાય છે, છતાં સંયોગદ્રષ્ટિવાળાને આ વાત સમજાતી નથી.

આત્માના દ્રવ્ય ગુણ શરીરમાં પેસતા નથી અને શરીરની પર્યાય આત્મામાં સંક્રમણ પામતી નથી. એક દ્રવ્યની પર્યાય પલટીને બીજા દ્રવ્યમાં જતી નથી. એટલે કે પ્રવેશ કરતી નથી. જગતમાં જે કોઈ જેવડી વસ્તુ છે, તે પોતાના નિજ સ્વભાવથી જ વર્તી રહી છે. તો આત્મા કેમ બોલી શકે ? ઘડો કેમ બનાવી શકે ? અને શરીરના પરમાણુને કેમ રાખી શકે ? શરીરના પરમાણુની અવસ્થા તેના કાળે થાય છે, તેને બીજો પદાર્થ શું કરે ? એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યમાં પ્રવેશે નહિ.

અહીં આચાર્ય ભગવાન જ્ઞાનમાં ઝૂલતા છઠ્ઠા—સાતમા ગુણસ્થાનની ભૂમિકામાં આનંદમાં તરબોળ હતા. છઠ્ઠા ગુણસ્થાનમાં ક્યારેક શાસ્ત્ર રચવાનો વિકલ્પ આવે તો તે વિકલ્પ પણ મારો સ્વભાવ નથી, એમ તેઓ માનતા. શાસ્ત્રના કર્તા આચાર્ય ભગવાન નથી. જ્ઞાનીને તો નિમિત્તકર્તાપણાનો ઉપચાર પણ આવતો નથી. અજ્ઞાનીને પર ઉપર રુચિ છે, તેથી તેની વિકારી પર્યાયમાં નિમિત્તકર્તાપણાનો આરોપ આવે છે.

ક્ષેત્ર સારૂં હોય તો પરિણામ સારા થાય. સમ્મેતશિખર ક્ષેત્રના કારણે પરિણામ સુધરે, એમ અજ્ઞાની માને છે. વળી ચોથો કાળ હોય તો ધર્મના પરિણામ ઘણા સારા થાય, ભગવાન અથવા પ્રતિમાજીથી પરિણામ સુધરે, સંઘયણ સારૂં હોય તો મોક્ષ થાય વગેરે અજ્ઞાની માને છે પણ તે વાત ખોટી છે. સંઘયણ તો બાળપણથી હોય છે, તો બાળપણમાં મોક્ષ થઈ જાય. સંઘયણ મિથ્યાદ્રષ્ટિને પણ હોય છે. માટે સંઘયણથી કદી પણ મોક્ષ થતો નથી. પર પદાર્થનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ આત્મામાં પેસતાં નથી તો તે કેમ પરિણમાવે ? ચૈતન્ય દ્રવ્ય તરફ વળે છે ત્યારે સ્વકાળરૂપ જે પર્યાય પ્રગટે છે, તે વખતે જે ક્ષેત્ર હોય તેને અને બહારના પદાર્થ હોય તેને નિમિત્ત કહેવાય છે. અહો ! આ વાત અજ્ઞાનીથી પકડાતી નથી. કોઈ પણ દ્રવ્ય અને તેનો સ્વભાવ બીજામાં પ્રવેશ કરતો નથી, તેથી તે બીજા પદાર્થને પરિણમાવે એમ કદી બને નહિ.

આત્મા કર્મની પર્યાયને કરે નહિ, આત્મા રોગીને નીરોગ બનાવે નહિ, આત્મા ખાઈ શકે નહિ. ત્યારે અજ્ઞાનીને પ્રશ્ન ઊઠે છે કે કોણ ખાય છે ? જડ ખાય છે ? તેનું સમાધાન : ખોરાકની પર્યાય બદલીને આત્મામાં પેસતી નથી, માટે આત્મા ખાતો નથી. જીવ અને અજીવ બન્નેમાં પલટવાનો સ્વભાવ છે. તેથી બન્ને પદાર્થો પોતાથી બદલે છે, પણ પરથી બદલતા નથી. ગાથા ૧૦૦માં સિદ્ધાંત કહ્યા પછી આ વાત પાછી લીધી છે. તેનું કારણ એ છે કે અજ્ઞાનીને પર ઉપરની દ્રષ્ટિ ખસતી નથી અને જ્ઞાનીને સ્વભાવની દ્રષ્ટિ ખસતી નથી.

ભગવાન સાક્ષાત્ ત્રિલોકનાથ બિરાજતા હોય તો શું ભગવાન પરને કાંઈ આપી દે એમ છે ? અને પ્રતિમાજી હોય તો શું તે ભાવ સુધારી દે એમ છે ? ના. ચકલા ઈયળ ખાઈને પ્રતિમાજી ઉપર બેસે છે, પ્રતિમાજી તેનો ભાવ સુધારી દેતાં નથી. આત્મામાં સ્વયં પરિણામ થતા હોય તો પછી તે પરિણામ નિમિત્ત કે પરથી થાય એમ કેમ બને ? અજ્ઞાનીને પરના કરવાપણાના અહંકારરૂપ મિથ્યાત્વનો ત્યાગ નથી તો પછી બહારના સંયોગોના ત્યાગથી તેને ત્યાગી કેવી રીતે કહેવો ? જ્ઞાનીને ક્ષણે ક્ષણે સ્વભાવદ્રષ્ટિના કારણે પરનો ત્યાગ જ વર્તે છે. એટલે સ્વભાવના લક્ષે પર પદાર્થના કર્તાપણાના અભાવની પ્રતીતિ વર્તે છે.

**ભાવાર્થ :** જે દ્રવ્યસ્વભાવ છે તેને કોઈ પણ પલટાવી શકતું નથી. જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એમ છયે દ્રવ્ય પોતાના કારણે પરિણમી રહ્યાં છે. કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યને બદલાવે નહિ—એ વસ્તુની મર્યાદા છે.

આ કારણે આત્મા ખરેખર પુદ્‌ગલ કર્મોનો કર્તા નથી, એમ હવે કહે છે :—

## ગાથા ૧૦૪

**આત્મા કરે નહિ દ્રવ્ય—ગુણ પુદ્‌ગલમયી કર્મો વિષે,**
**તે ઉભયને તેમાં ન કરતો કેમ તત્કર્તા બને ? ૧૦૪.**

**અન્વયાર્થ :—**આત્મા પુદ્‌ગલમય કર્મમાં દ્રવ્યને તથા ગુણને કરતો નથી; તેમાં તે બન્નેને નહિ કરતો થકો તે તેનો કર્તા કેમ હોય ?

અહીં કર્મને આત્મા કરી શકતો નથી, એ વાત લીધી છે કેમ કે આત્મા પોતે જેવા ભાવ કરે છે તેવાં જ કર્મ બંધાય છે છતાં પણ આત્મા એનો કર્તા નથી. તો શરીર તો આત્માની ઇચ્છા પ્રમાણે ચાલે અને ન પણ ચાલે. એનો કર્તા આત્મા છે, એમ માનવું તે મૂઢતા છે, તે તો સ્થૂલ મિથ્યાદ્રષ્ટિ છે. જેવો રાગ કરે તેવી કર્મની પર્યાય તો નિયમથી બંધાય છે, છતાં આત્મા તેનો કર્તા નથી. તો પછી શરીરની અવસ્થાનો કર્તા આત્મા હોય, એમ ત્રણ કાળમાં બને નહિ. શરીર નજીકના સંબંધવાળું છે, તેનો કર્તા પણ આત્મા નથી તો પછી સ્ત્રી, પુત્ર, પૈસા આદિ તો ઘણા દૂર વર્તે છે, તેનો કર્તા આત્માને માનવો તે તો ઘણી મૂઢતા છે.

**ટીકા :—**જેવી રીતે—માટીમય ઘડારૂપી કાર્ય કે જે માટીરૂપી દ્રવ્યમાં અને માટીના ગુણમાં નિજરસથી જ વર્તે છે. તેમાં કુંભાર પોતાને કે પોતાના ગુણને રાખતો—મૂકતો—ભેળવતો નથી. ઘડારૂપી કાર્ય માટીમય છે, કુંભારમય નથી. તે ઘડારૂપી કાર્ય માટીના દ્રવ્યમાં અને ગુણમાં નિજ સામર્થ્યથી—નિજરસથી વર્તે છે. કુંભાર પોતાના દ્રવ્ય અને ગુણને તેમાં નાખતો નથી.

### ઘડો થવાના કાળે કુંભાર હોય છે, પણ કુંભાર હતો માટે ઘડો થયો નથી.

માટીમાંથી ઘડો થાય છે ત્યારે કુંભાર હોય છે ખરો, પણ ઘડો થવાનો હતો તેથી કુંભાર છે, એમ નથી. કુંભારનો આત્મા ઘડામાં પેસી જતો નથી, કુંભારના ગુણો ઘડામાં પેસતા નથી. તે એમાં કાંઈ નાખતો નથી અને ભેળવતો પણ નથી, કેમ કે કોઈપણ દ્રવ્યમાં કોઈપણ અન્ય દ્રવ્યનું સંક્રમણ નથી. તો પછી કુંભારથી ઘડાની પર્યાય થઈ, એ વાત સાચી નથી.

### કાળને આધીન સિદ્ધનું પરિણમન છે, એમ અજ્ઞાની માને છે.

કાળદ્રવ્ય વગર સિદ્ધનું પરિણમન થતું નથી. એનો અર્થ તો એ થયો કે સિદ્ધ પ્રભુએ કાળપ્રભુને વિનવવું પડે કે તું હોય તો મારું સિદ્ધરૂપે પરિણમન થાય.

કાળપ્રભુને સિદ્ધપ્રભુ વિનંતી કે ઊભો રહેજે, કેમ કે મારે પરિણમવું છે. આમ હોય તો સિદ્ધનું પરિણમન પરાધીન થાય છે. જેમ ગાડીવાળાને શેઠ કહે કે ભાઈ, ઊભો રહેજે મારે સામાન મૂકવો છે, એમ સિદ્ધને પણ વિનંતી કરવી પડે. પરંતુ એમ છે નહિ. કાળદ્રવ્ય એના કારણે ઉપસ્થિત હોય છે પણ કાળદ્રવ્યને કારણે સિદ્ધનું પરિણમન થતું નથી. વસ્તુસ્થિતિ એવી છે. ધર્માસ્તિકાય અલોકમાં નથી માટે સિદ્ધ ત્યાં જતા નથી, એમ નથી. સિદ્ધ તે લોકનું દ્રવ્ય હોવાથી લોકમાં રહે છે. વળી કેવળીને ચાર ઘાતિકર્મો બાકી રહ્યાં છે માટે તેઓ સંસારમાં રહ્યા છે—એમ નથી, પણ પ્રતિજીવીગુણની વિભાવપર્યાયના કારણે રહ્યા છે.

## અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ પામ્યા વિના અન્ય વસ્તુને પરિણમાવવી અશક્ય છે.

કુંભાર પોતાના દ્રવ્ય અને ગુણને તે ઘડારૂપી કાર્યમાં નાખતો નથી. તેથી ખરેખર કુંભાર ઘડાનો કર્તા થતો નથી. તેવી રીતે પુદ્‌ગલમય જ્ઞાનાવરણાદિ કર્મ કે જે પુદ્‌ગલદ્રવ્યમાં અને પુદ્‌ગલગુણમાં નિજરસથી જ વર્તે છે તેમાં આત્મા પોતાના દ્રવ્યને કે ગુણને ખરેખર નાખતો નથી—મૂકતો નથી અને ભેળવતો પણ નથી. આત્મા જડકર્મને કરતો નથી. જડકર્મ પુદ્‌ગલમાં નિજશક્તિ વડે વર્તે છે. તેમાં આત્માના રાગદ્વેષ ભળતા નથી. રાગદ્વેષ મળીને કર્મરૂપી લાડવો થતો નથી, કર્મમાં નિજશક્તિ છે, તેથી તે બંધાય છે. આત્માની પર્યાય આત્મામાં રહે છે, જડની પર્યાય જડમાં રહે છે. રાગ જેટલા પ્રમાણમાં કર્યો એટલા પ્રમાણમાં કર્મમાં અનુભાગ પડે છતાં તે રાગના કારણે પડ્યો નથી, પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી એમ કહેવાય કે રાગ આત્માની પર્યાયમાં થાય તે વખતે પુદ્‌ગલમાં પોતાની પર્યાયની યોગ્યતાથી અનુભાગબંધ પડે. રાગના કારણે કર્મનો બંધ નથી, માટે આત્મા કર્મોનો કર્તા નથી.

# <u>પ્રસાદ નં. ૧૩૩</u>

## <u>સમયસાર ગાથા ૧૦૪</u>

(ફાગણ સુદ ૪, રવિવાર, ૨૦૦૭)

### આત્મા કર્મની પર્યાયરૂપે થતો નથી, માટે આત્મા કર્મનો કર્તા નથી.

કર્તા એટલે કરનારો અને કર્મ એટલે કર્તાનું કાર્ય, આત્મા કરનાર કહો, રચનાર કહો કે થનાર કહો અને તેની જે પર્યાય થાય છે, કરાય છે, રચાય છે તે તેનું કર્મ છે, પણ આત્મા કર્મની પર્યાયનો કર્તા ત્રણ કાળમાં નથી. કેમ કે જડની પર્યાય ભિન્ન છે અને આત્મા ભિન્ન છે.

કોઈ કહે કે ઘડો કુંભારે કર્યો, એમ કહેવાય છે ને ? પણ તે તો મિથ્યા નય છે. તેવી રીતે શરીરનો અને કર્મનો કર્તા આત્માને કહેવો તે પણ મિથ્યાનય છે, કેમ કે આત્મા જડની પર્યાયમાં પ્રવેશ કરતો નથી. માટીમાંથી માટીની શક્તિથી ઘડો થયો છે, તો પછી કુંભારે ઘડો કર્યો એ માન્યતા મિથ્યા છે, તેવી રીતે પરમાણુમાંથી કર્મ થયાં તેને આત્માએ કર્યાં, એમ માનવું તે પણ મિથ્યા છે.

માટે આ સિવાય બીજો—એટલે કે આત્માને પુદ્ગલકર્મોનો કર્તા કહેવો તે ઉપચાર છે, એમ હવે કહે છે :—

## <u>ગાથા ૧૦૫</u>

**જીવ હેતુભૂત થતાં અરે ! પરિણામ દેખી બંધનું,**
**ઉપચારમાત્ર કથાય કે આ કર્મ આત્માએ કર્યું. ૧૦૫.**

**<u>અન્વયાર્થ :—</u>**જીવ નિમિત્તભૂત બનતાં કર્મબંધનું પરિણામ થતું દેખીને, 'જીવે કર્મ કર્યું' એમ ઉપચારમાત્ર કહેવાય છે.

**<u>ટીકા :—</u>**આ લોકમાં—એમ કહેતાં લોક છે, તે અનાદિઅનંત છે એમ નક્કી થાય છે. જગતને કોઈએ બનાવ્યું નથી. 'છે' તેને કોણ બનાવે ? જો લોકને બનાવે તો લોક નિત્ય રહેતો નથી. પણ લોક તો નિત્ય છે એટલે તેને કોઈએ બનાવ્યો નથી.

આ લોકમાં ખરેખર આત્મા, નવાં જડકર્મ બંધાય છે તેને નિમિત્તભૂત નથી. એટલે કે જડકર્મ સમયે સમયે બંધાય છે, તેનો નિમિત્તકર્તા પણ આત્મા નથી. આત્મા જ્ઞાતાદ્રષ્ટા ચૈતન્યસ્વરૂપ છે. આત્મા સ્વભાવથી નવાં જડકર્મ કરતો નથી પણ તે કર્મની અવસ્થાને નિમિત્તભૂત પણ થઈ શકતો નથી.

સમ્યગ્દર્શન આત્માની નિર્મળ પર્યાય છે, ગુણ નથી, શક્તિવાન તે દ્રવ્ય છે અને શક્તિ તે ગુણ છે, તે ત્રિકાળી છે અને પર્યાય ક્ષણવર્તી છે. તે પર્યાયમાં ધર્મ

થાય છે. તેનું ધ્યેય તો ત્રિકાળી સ્વભાવ છે. તે સ્વભાવ પુદ્ગલકર્મને નિમિત્તભૂત નથી. હિંસા, ચોરી, દયા, દાનના ભાવો તે વિભાવભાવ છે, તે આત્મા નથી. આત્મા હોય તો આત્માથી છૂટે નહિ, પણ સિદ્ધદશામાં તે ભાવો છૂટી જાય છે. આત્મા પરનો નિમિત્તકર્તા પણ નથી. જ્ઞાનીની દ્રષ્ટિ સ્વભાવ ઉપર હોય છે એટલે પર્યાયમાં જે અલ્પ રાગ થાય છે, તેનો જ્ઞાની કર્તા નથી માટે કર્મના બંધનમાં તે નિમિત્તકર્તા નથી.

## પદાર્થ પોતાના કારણે પરિણમી રહ્યો છે તો નિમિત્તનું શું કામ છે ?

માટી પરિણમતી પરિણમતી ઘડારૂપે થાય છે, તો કુંભાર એમાં કરે શું? કુંભારે ઘડો બનાવ્યો તે વ્યવહાર જ નથી, નય જ નથી, નયાભાસ છે. આત્મા તો જ્ઞાતાદ્રષ્ટા છે. તેની પર્યાયમાં જે વિકાર થાય છે, તેના ઉપર ધર્મની દ્રષ્ટિ હોતી નથી. તેથી નવાં કર્મ બંધાય છે એમાં તેના રાગદ્વેષ નિમિત્ત હતા એવો આરોપ પણ જ્ઞાનીને આવી શકતો નથી અને સ્વભાવમાં પણ તેનું કર્તાપણું નથી. જડની પર્યાય થાય તેને આત્મા જાણનારો છે પણ કરનારો નથી. જડની પર્યાય જડના કારણે થાય છે, એમાં નિમિત્તકારણ આત્મા છે જ નહિ.

૧. પુદ્ગલકર્મની અવસ્થાને આત્મા કરે તો તે અવસ્થાથી અવસ્થાવાન જુદો રહે નહિ. એટલે આત્મા જડની પર્યાયમાં એકમેક થઈ જાય અને તેમ થતાં આત્માનો નાશ થાય.

૨. પુદ્ગલકર્મનું પરિણમન તો તેના કારણે થાય છે પણ આત્માનો ત્રિકાળ ધ્રુવસ્વભાવ છે તે કર્મનો નિમિત્તકર્તા થાય તો પર્યાયબુદ્ધિ ટળે નહિ અને સ્વભાવબુદ્ધિ થાય નહિ માટે આત્માને નિમિત્તકર્તાપણાનો આરોપ પણ આપી શકાય નહિ.

૩. કર્મની પર્યાય જડથી થાય છે, આત્માથી થતી નથી અને આત્મા નિમિત્તકર્તા પણ નથી. અજ્ઞાનીના યોગ અને ઉપયોગને નિમિત્તકર્તાનો આરોપ આવે છે.

૪. અજ્ઞાનીની બુદ્ધિ નિમિત્ત ઉપર છે. માટે નવાં કર્મને નિમિત્તરૂપ થતાં વિકારનો તે કર્તા છે અને વિકારી પરિણામ તેનું કાર્ય છે.

આ આત્મા જડની પર્યાય જે કર્મરૂપે થાય છે તેને તો બાંધતો નથી જ, પણ કર્મ બંધાય છે તે વખતે આત્મા ત્યાં નિમિત્તપણે છે, એમ પણ કહેતા નથી. તો

નિમિત્તપણે કોણ છે ? અજ્ઞાનીનો અજ્ઞાનભાવે થતો વિકારીભાવ તેમાં નિમિત્તરૂપે છે, તેથી નક્કી થયું કે પુદ્ગલ કર્મને જીવ નિમિત્ત જ નથી.

સમ્યગ્દ્રષ્ટિ રાજા હોય અને કદાચ લડાઈના સંયોગમાં ઊભો દેખાતો હોય છતાં લડાઈના કાર્યમાં તે નિમિત્ત નથી કેમ કે તેની દ્રષ્ટિ સ્વભાવ ઉપર છે, વિકાર કે નિમિત્ત ઉપર નથી. અજ્ઞાનીની દ્રષ્ટિ નિમિત્ત ઉપર છે. નિમિત્તથી કાર્ય થાય છે, એમ તે માને છે. તે અજ્ઞાનીનો અજ્ઞાનભાવ છે. તે કર્મબંધનમાં નિમિત્તભૂત થાય છે. અજ્ઞાનપૂર્વક થતા રાગદ્વેષનો અજ્ઞાની કર્તા થાય છે માટે અજ્ઞાનીએ પુદ્ગલકર્મ કર્યું, એવો નિમિત્તનો આરોપ આવે છે.

આત્મા તો ચૈતન્ય જ્ઞાતા છે. રાગદ્વેષ, પુણ્ય-પાપ તત્ત્વ છે. તે વિકાર છે. તે આત્મતત્ત્વ નથી. જો પુણ્ય—પાપ તત્ત્વને જીવતત્ત્વ કહેવામાં આવે તો નવતત્ત્વ રહેતાં નથી.

અજ્ઞાની માને છે કે આમાં ધર્મ ક્યાં આવ્યો ? જાત્રા કરવાનું કહો કે પૂજા, ભક્તિ, વ્રત, તપ વગેરે કરવાનું કહો તો ધર્મની વાત કરી કહેવાય. તો તેને કહે છે કે ધર્મ તો આત્માએ કરવાનો છે. તો આત્માએ પોતા સામે જોયા વગર અને પર્યાયબુદ્ધિ છોડ્યા વગર ધર્મ થતો નથી. અજ્ઞાનીને સ્વભાવદ્રષ્ટિ નથી તેથી તે વિકારનો કર્તા થાય છે અને વિકાર નિમિત્તભૂત થતાં પુદ્ગલકર્મ ઉત્પન્ન થાય છે.

પરની ક્રિયામાં હું નિમિત્ત છું, એવો અજ્ઞાનીનો વિકલ્પ છે. જ્ઞાનીને નિમિત્ત ને રાગ ઉપર દ્રષ્ટિ નથી, તેથી જ્ઞાનીને એવો વિકલ્પ હોતો નથી.

દુકાનમાં કે ઘરમાં જે કામો થાય છે, તેનો હું કર્તા હતો તો થયાં તેમ માનનાર તો આખા આત્માને પરમા એકમેક કરી નાખે છે પણ હું નિમિત્ત છું, એવો વિકલ્પ પણ અજ્ઞાનીને હોય છે. તેથી તે વિકારનો કર્તા થાય છે.

પુદ્ગલકર્મની અવસ્થામાં હું નિમિત્ત છું, એમ માને તો વિજ્ઞાનઘન સ્વભાવથી ભ્રષ્ટ થયો, તે પર્યાયનો આદર કરીને પર્યાયબુદ્ધિ થાય છે. તે અજ્ઞાનીનો વિકલ્પ છે. અજ્ઞાની પુણ્ય—પાપમાં તત્પર છે, જ્ઞાની તેમાં તત્પર નથી માટે જ્ઞાનીને વિકલ્પ નથી. જડની પર્યાય કર્મરૂપે થઈ ત્યારે અજ્ઞાની સ્વભાવ તરફ જોતો નથી ને રાગમાં તત્પર રહે છે. તે અજ્ઞાની કહે છે કે હું તેમાં નિમિત્ત છું.

## આત્મા કર્મને ભોગવે છે, એમ કહેવું તે નય જ નથી.

અજ્ઞાનીએ ઉનાળામાં લીલા બાગ બગીચા અને પાણીના ફુવારામાં આનંદ માન્યો છે. પણ તે બાગ બગીચા કે ફુવારાને ભોગવતો નથી પણ હરખ-શોકનો

ભોક્તા થાય છે, તેથી તે હરખ-શોકના ભાવને કુવારાદિનો નિમિત્તભોક્તા કહેવાય છે. પણ જ્ઞાની તો હરખ—શોકનો ભોક્તા નથી તેથી તે નિમિત્તભોક્તા પણ કહેવાતો નથી. પરનો ભોક્તા તો જ્ઞાની કે અજ્ઞાની ત્રણકાળમાં નથી.

પરપદાર્થનો કર્તા—ભોક્તા કહેવો તે ઉપચાર છે, યથાર્થ નથી. માટે પર તરફનું લક્ષ છોડી સ્વભાવની દ્રષ્ટિ કરવી તે જ યથાર્થ છે, એટલે કે પરમાર્થ છે.

**

# પ્રસાદ નં. ૧૩૪

## સમયસાર ગાથા ૧૦૫

(ફાગણ સુદ ૫, સોમવાર, ૨૦૦૭)

### અજ્ઞાની રાગમાં તત્પર હોવાથી કર્મનો કર્તા છું એવો વિકલ્પ ઉત્પન્ન કરે છે.

આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાતા છે, એની જેને દ્રષ્ટિ નથી તે રાગદ્વેષાદિના પરિણામમાં તત્પર થાય છે. જડ કર્માદિની પર્યાય થાય છે, તેને લક્ષમાં લઈને રાગ કરે છે કે હું છું માટે આ કર્મ થયું. ખરેખર તો કર્મ પુદ્ગલના કારણે થયું છે. પણ અજ્ઞાની માને છે કે મેં રાગ કર્યો માટે કર્મ થયું અને રાગ કર્યો માટે શરીર ચાલ્યું અને ઇચ્છા કરી તો હાથમાં તલવાર લેવાણી ને દ્વેષ કર્યો તો દુશ્મનના શરીરની પર્યાય જુદી પડી. આ રીતે અજ્ઞાની રાગદ્વેષના પરિણામમાં તત્પર છે. તે પરના કર્તાપણાનો વિકલ્પ ઉત્પન્ન કરે છે. અહીં તો કહે છે કે નિમિત્ત-નૈમિત્તિકભાવે પણ આત્મા પરનો કર્તા નથી. કર્તા માનવો તે મિથ્યા છે. આત્મા પરની ક્રિયામાં કારણ છે જ નહિ. અજ્ઞાની રાગમાં તત્પર છે એટલે લીન છે. તેથી તે વિકલ્પનો કર્તા થાય છે. જ્ઞાનીને રાગ ઉપર તત્પરતા નથી, માટે હું છું તો પરનું કાર્ય થાય છે એવો અભિપ્રાય તેને નથી, માટે તેને ઉપચારપણું આવતું નથી.

### લૌકિક વિદ્યા વર્તમાન પુરુષાર્થનું ફળ નથી.

વેપાર ધંધાનું જ્ઞાન, દાક્તરનું જ્ઞાન, વકીલાતનું જ્ઞાન વગેરે જે લૌકિક જ્ઞાન જેને જેને દેખાય છે, તે વર્તમાન પુરુષાર્થને કારણે ઊઘડ્યું છે એમ નથી; પણ પૂર્વનો ઉઘાડ લઈને આવ્યો છે, તે પ્રમાણે દેખાય છે. દાક્તરની વિદ્યા શીખતી વખતે જીવતો દેડકો કાપે અને જ્ઞાન ખીલે છે, એમ દેખાય છે. વાંદરાને કાપીને દાક્તર જ્ઞાન મેળવે છે, એમ દેખાય છે. તે દેડકો કે વાંદરાને કાપવાથી જ્ઞાન થયું નથી. કેમ કે તે કાપવાનો ભાવ તો પાપ છે. તેના ફળમાં જ્ઞાન ઊઘડે નહિ. પૂર્વનો ઉઘાડ લઈને આવ્યો છે, તેના પ્રમાણમાં તે જ્ઞાન દેખાય છે. વર્તમાનમાં જે ભાવ કરે છે તે વડે તો નવો બંધ થાય છે.

## લૌકિક કમાણી પણ વર્તમાન પ્રયત્નનું ફળ નથી.

વર્તમાન પૈસા મળે છે, તે પૂર્વના પુણ્ય પ્રમાણે મળે છે. પણ અજ્ઞાનીને પર પદાર્થ ઉપર રાગ છે, તેથી તેને એમ થાય છે કે મારા રાગના કારણે બહારમાં પૈસા મળે છે, તેથી તે વિકલ્પનો કર્તા થાય છે. સોલીસીટર કે વકીલનું જ્ઞાન હોવા છતાં પણ પૈસા તો પૂર્વનું પ્રારબ્ધ હોય તો જ મળે છે અને પૈસા પણ આવવાના હોય ત્યારે તેના કારણે આવે છે. તે વર્તમાન જ્ઞાનનું કે પ્રયત્નનું ફળ નથી, છતાં અજ્ઞાની માને છે કે હું છું તો તે આવે છે, તેવો વિકલ્પ કરે છે તે ભ્રમ છે.

## જ્ઞાનીને પર ઉપર દ્રષ્ટિ નથી, તેથી તે રાગમાં તત્પર થતો નથી.

જ્ઞાનીને પુરુષાર્થની નબળાઈથી વિકલ્પ આવે ખરો, પણ વિકલ્પનો તે કર્તા નથી. એ વિકલ્પ થયો માટે પરની ક્રિયા થાય, એમ જ્ઞાની માનતો નથી. અજ્ઞાની માને છે કે આપણી ફરજ છે તે બજાવવી જોઈએ. જેમ કોઈ મૂર્ખ માણસ પાયખાનામાંથી વિષ્ટા લઈને મોઢામાં મૂકે અને કહે કે ફરજ બજાવી, કેમ કે તે વ્યવસ્થા ન કરી હોત તો બીજાના હાથ બગડત. એવી રીતે અજ્ઞાની માને છે કે સંસારની વ્યવસ્થા કરવી જોઈએ. તે રાગમાં તત્પર થાય છે અને પરને હું કરું છું એવો વિકલ્પ કરે છે, તે તેની ભ્રમણા છે.

**ભાવાર્થ :—**કદાચિત્ થતા નિમિત્ત-નૈમિત્તિક ભાવમાં કર્તાકર્મ કહેવો તે ઉપચાર છે. જ્યારે જ્યારે પરની ક્રિયા એના કારણે થાય છે ત્યારે આત્માને કર્ત્તા કહેવો, તે માત્ર ઉપચાર છે એટલે યથાર્થપણું નથી. ॥૧૦૫॥

હવે તે ઉપચાર કઈ રીતે છે, તે દ્રષ્ટાંતથી કહેવામાં આવે છે :—

**ગાથા ૧૦૬**

**યોદ્ધા કરે જ્યાં યુદ્ધ, ત્યાં એ નૃપ કર્યું લોકો કહે,**
**એમ જ કર્યાં વ્યવહારથી જ્ઞાનાવરણ આદિ જીવે. ૧૦૬.**

આ મિથ્યાદ્રષ્ટિના નયની વાત છે, તેની દ્રષ્ટિ પર ઉપર હોય છે માટે ઉપચારથી કહેવામાં આવે છે. સમ્યગ્દ્રષ્ટિને લાગુ પડતું નથી.

**અન્વયાર્થ :—**યોદ્ધા વડે યુદ્ધ કરવામાં આવતા, 'રાજાએ યુદ્ધ કર્યું' એમ લોક (વ્યવહારથી) કહે છે. તેવી રીતે 'જ્ઞાનાવરણાદિ કર્મ જીવે કર્યું' એમ વ્યવહારથી કહેવાય છે. યોદ્ધા યુદ્ધ કરે છે તે વખતે રાજા ઘેર બેઠો હોવા છતાં પણ લોકો કહે છે કે આ યુદ્ધ રાજા કરે છે, તેમ કર્મની પર્યાયમાં આત્માનો અત્યંત અભાવ છે. એટલે આત્મા કર્મની પર્યાયને કરતો નથી છતાં લોકો વ્યવહારથી કહે

છે કે આ કર્મ આત્માએ કર્યું. અજ્ઞાનીને પર ઉપર દ્રષ્ટિ છે તેથી આ કામ મારાથી થયું, એમ ઉપચાર કરે છે પણ ખરેખર આત્મા પરનું કાર્ય કરતો નથી.

**ટીકા :—**જેમ યુદ્ધ પરિણામે પોતે પરિણમતા એવા યોદ્ધાઓ વડે યુદ્ધ કરવામાં આવતા, યુદ્ધ પરિણામે પોતે નહિ પરિણમતા એવા રાજાને ''રાજાએ યુદ્ધ કર્યું'' એવો જે ઉપચાર કરવામાં આવે છે, તે પરમાર્થ નથી. રાજા ઘેર બેઠો હોય ત્યારે તેને ઘરના ભાવો હોય છે અને તે વખતે યોદ્ધાઓ લડાઈ કરે છે તેમને યુદ્ધના ભાવો હોય છે. બન્નેના ભાવો ભિન્ન ભિન્ન છે, છતાં રાજાએ યુદ્ધ કર્યું એમ કહેવું તે ઉપચારમાત્ર છે, પરમાર્થ નથી. યોદ્ધાના પરિણામ યોદ્ધાને થાય છે, રાજાના પરિણામ રાજાને થાય છે, માટે યુદ્ધ રાજાએ કર્યું તે વાત સાચી નથી.

## પરમાર્થે જડકર્મના પરિણામને આત્મા કરતો નથી.

એવી રીતે જ્ઞાનાવરણાદિ કર્મપરિણામે પોતે પરિણમતા એવા પુદ્ગલદ્રવ્ય વડે જ્ઞાનાવરણાદિ કર્મ કરવામાં આવતાં, જ્ઞાનાવરણાદિ કર્મ પરિણામે પોતે નહિ પરિણમતા એવા આત્માને ''આત્માએ જ્ઞાનાવરણાદિ કર્મ કર્યું'' એવો જે ઉપચાર કરવામાં આવે છે, તે પરમાર્થ નથી. જડના પરિણામ જડથી થયા, એને આત્માએ કર્યા, એમ ઉપચાર કરવો તે વાત બરાબર નથી. જેવા આત્માએ ભાવ કર્યા, તેવાં જ કર્મ બંધાય છે. તે કર્મને આત્માએ કર્યાં એવો ઉપચાર આપવો તે સાચી વાત નથી. અહીં તો નિમિત્ત-નૈમિત્તિક ભાવે પણ આત્માને કર્મનો કર્તા કહેવો તે નયાભાસ છે, તે વાત કહે છે. અજ્ઞાનીની વાત છે. જ્ઞાની તો કર્તા થતો નથી તેથી એની વાત અહીં નથી.

**ભાવાર્થ :—**યોદ્ધાએ યુદ્ધ કર્યું હોવા છતાં 'રાજાએ યુદ્ધ કર્યું' એમ ઉપચારથી કહેવાય છે. તેમ પુદ્ગલ દ્રવ્યે જ્ઞાનાવરણાદિ કર્મ કર્યું હોવા છતા 'જીવે કર્મ કર્યું' એમ ઉપચારથી કહેવાય છે. અહીં ઉપચાર એટલે વ્યવહારનયની વાત નથી. પરદ્રવ્યની ક્રિયાનો આત્માને કર્ત્તા કહેવો તે નય જ નથી. આત્માનો ત્રિકાળી સ્વભાવ તે નિશ્ચયનય અને પર્યાય, વિકાર અને ગુણીનો ભેદ પાડવો તે વ્યવહાર નય છે, પણ પરની સાથે નય લાગુ પડતો નથી. કુંભારે ઘડો કર્યો એમ ભલે કહો પણ તે વ્યવહાર સાચો નથી. દ્રવ્ય સ્વયં પરિણમે છે, એમાં નિમિત્તનું શું કામ છે ? દરેક દ્રવ્યની પર્યાય સ્વતંત્ર છે. ॥૧૦૬॥

હવે કહે છે કે ઉપરના હેતુથી આમ ઠર્યું :—

## ગાથા ૧૦૭

**ઉપજાવતો, પ્રણમાવતો, ગ્રહતો અને બાંધે, કરે**
**પુદ્‌ગલ દરવને આતમા—વ્યવહારનય વક્તવ્ય છે. ૧૦૭.**

**અન્વયાર્થ :**—આત્મા પુદ્‌ગલદ્રવ્યને ઉપજાવે છે, કરે છે, બાંધે છે, પરિણમાવે છે અને ગ્રહણ કરે છે—એ વ્યવહારનયનું કથન છે. આત્મા કર્મને ગ્રહણ કરે છે, એમ કહેવું તે કથનમાત્ર છે, સ્વરૂપ નથી. આત્મસિદ્ધિમાં કહ્યું છે, ''ગ્રહણ કરે જડધૂપ'' કર્મ જડ છે, તેને આત્મા ગ્રહણ કરે છે પણ ખરેખર તે ગ્રહણ કરતો નથી.

**ટીકા :**—આ આત્મા ખરેખર, વ્યાપ્ય વ્યાપકભાવના અભાવને લીધે, પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય—એવા પુદ્‌ગલદ્રવ્યાત્મક એટલે પુદ્‌ગલદ્રવ્યસ્વરૂપ કર્મને ગ્રહતો નથી, પરિણમાવતો નથી, ઉપજાવતો નથી, કરતો નથી અને બાંધતો પણ નથી. આત્મા વ્યાપક અને જડકર્મ વ્યાપ્ય એમ પરિણામ—પરિણામી થઈને પરદ્રવ્યમાં આત્મા વ્યાપતો નથી. કર્મ થવાની યોગ્યતા છે, તે છતાં પર્યાય છે, તેને પુદ્‌ગલપરમાણુ પહોંચી વળે છે. તેને આત્મા કરતો નથી.

જેમ ગામ છે, તેને પહોંચી વળે છે. એમ જે કાળે કર્મની પર્યાય થાય છે, તેને પુદ્‌ગલ દ્રવ્ય પહોંચી વળે છે. તે વખતે આત્માની પર્યાયમાં જ્ઞાનની હીનતા થાય છે. કેમ કે અહીં અજ્ઞાનીની વાત લીધી છે. અજ્ઞાનીની દ્રષ્ટિ રાગ ઉપર છે, તેને કર્મ થાય છે. જ્ઞાનીને દ્રષ્ટિ સ્વભાવ ઉપર છે, તે તો નિર્મળ પર્યાયને પહોંચી વળે છે. શુદ્ધ જ્ઞાતા છું, તેને પહોંચી વળે છે. જેમ દ્રવ્ય-ગુણ સત્ છે તેમ પર્યાય પણ જે કાળે થઈ તે સત્ છે. તેને પ્રાપ્ય કહેવાય છે. બદલવાની અપેક્ષાએ તેને વિકાર્ય કહેવાય છે અને ઊપજવાની અપેક્ષાએ નિર્વર્ત્ય કહેવાય છે, પણ પર્યાય તો એક જ છે.

શરીરની નીરોગતાની અવસ્થા થઈ, તેને તે શરીરના પરમાણુ પહોંચી વળે છે પણ દવા કે વિકલ્પ પહોંચે નહિ અને રોગની પર્યાય થઈ, તે વખતે પણ પરમાણુ તેને પહોંચી વળે છે પણ બરાબર કાળજી ન રાખી માટે રોગ વધી ગયો—એમ નથી.

# <u>પ્રસાદ નં. ૧૩૫</u>

## <u>સમયસાર ગાથા ૧૦૭</u>

(ફાગણ સુદ ૬, મંગળવાર, ૨૦૦૭)

અહીં અધિકાર એ ચાલે છે કે અજ્ઞાનને લીધે આત્મા શુદ્ધ સ્વભાવને ભૂલીને અજ્ઞાનનો કર્તા થાય છે પણ જડની પર્યાયને કરતો નથી.

આ આત્મા છે તે જ્ઞાનસ્વરૂપ નિર્મળ વસ્તુ છે અને પર્યાયમાં જે વિકારભાવ થાય છે તે ભાવથી કે આત્માના સ્વભાવથી જડકર્મમાં આત્મા પ્રસરતો નથી, તેમ જડકર્મને અડતો પણ નથી. આત્મા વ્યાપક થઈને જડની અવસ્થાને કરે એવો આત્મામાં અભાવ છે. જડકર્મની પર્યાય એના કારણે એના કાળે થાય છે, આત્માના કારણે થતી નથી. તે પર્યાય એના કાળે થાય છે તે પ્રાપ્ય છે અને જડ પોતે પૂર્વની અવસ્થાથી બદલીને તે રૂપે થાય છે તે વિકાર્ય છે અને નવી અવસ્થાને જડ પોતે ઉપજાવે છે, તે તેનું નિર્વર્ત્ય છે. આત્મા પર પદાર્થમાં ફેલાય એવા ભાવનો અભાવ છે. આત્મા કર્મને ગ્રહતો નથી. **<u>આત્મા સ્વભાવથી તો ગ્રહતો નથી પણ વિભાવથી પણ કર્મને ગ્રહતો નથી.</u>**

આત્માએ રાગદ્વેષ કર્યા માટે કર્મ થયું નથી પણ કર્મ થવાને કાળે થયું છે, તે તેનું સત્ છે. તે તે જ સમયે હોય છે. તે કર્મની પર્યાયને જીવ ગ્રહતો નથી અને કર્મના કારણે જીવ રખડતો નથી. પણ પોતાની યોગ્યતાના કારણે રખડે છે. અજ્ઞાની કે જ્ઞાની કોઈ કર્મની પર્યાયને ગ્રહતો નથી. તો પછી શરીરાદિ પદાર્થોને આત્મા ગ્રહણ કરે, એવો તેનો સ્વભાવ નથી.

### આત્માએ કર્મને ગ્રહ્યું અને બાંધ્યું એ વિકલ્પ મિથ્યા છે.

આત્માએ પુણ્ય-પાપના ભાવ કર્યા માટે કર્મ બંધાયાં છે, એમ નથી. કર્મની એ સમયની યોગ્યતાને કાળે તે પર્યાય થઈ છે. આત્મા તે પર્યાયને કરતો નથી. આત્મા રાગ ન કરે તો કર્મની પર્યાય ન થાય, એમ પણ નથી. માટે આત્મા કર્મને ગ્રહે છે એવો વિકલ્પ મિથ્યા છે.

અહીં તો કહે છે કે મિથ્યાદ્રષ્ટિ પોતાનો શુદ્ધ સ્વભાવ છે તેને ભૂલીને અજ્ઞાનભાવ કરે છે, તે અજ્ઞાની પણ પરના ભાવને તો કરી શકતો જ નથી. જો સાથે રહીને કામ કરે તો બે દ્રવ્યનું એક પરિણામ થઈ જાય. આંગળીની ચાલવાની અવસ્થા પુદ્ગલે પણ કરી અને આત્માએ પણ કરી, એમ બનતું નથી, તેમ કર્મની

પર્યાય પુદ્‌ગલે પણ કરી અને આત્માએ પણ કરી, એમ નથી. બન્ને દ્રવ્ય સ્વતંત્ર છે.

## આત્મામાં કર્મનો અભાવ છે અને કર્મમાં આત્માનો અભાવ છે.

દરેકે દરેક પદાર્થનું સમય સમયનું પરિણમન જુદું જુદું છે. કેમ કે દરેક પદાર્થ પોતાનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી અસ્તિ છે અને પર પદાર્થના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી નાસ્તિ છે; અને પરપદાર્થ તેના સ્વચતુષ્ટયથી બિરાજમાન છે. તેમાં સ્વઆત્માની નાસ્તિ છે. આત્માની કર્મમાં નાસ્તિ છે. તે કર્મના પરિણામને આત્મા ગ્રહતો નથી છતાં ગ્રહે છે, એમ કહેવું તે ઉપચાર છે.

અહીં વ્યવહાર કહ્યો છે તે મિથ્યાનય છે, કેમ કે અજ્ઞાનીની વાત છે.

**ભાવાર્થ :—**વ્યાપ્યવ્યાપકભાવ વિના કર્તાકર્મપણું કહેવું તે ઉપચાર છે; માટે આત્મા પુદ્‌ગલદ્રવ્યને ગ્રહે છે, પરિણમાવે છે, ઉપજાવે છે ઇત્યાદિ કહેવું તે ઉપચાર છે એટલે કે સાચું નથી. ॥૧૦૭॥

હવે પૂછે છે કે એ ઉપચાર કઈ રીતે છે ? તેનો ઉત્તર દ્રષ્ટાંતથી કહે છે :—

### ગાથા ૧૦૮

**ગુણદોષઉત્પાદક કહ્યો જ્યમ ભૂપને વ્યવહારથી,**
**ત્યમ દ્રવ્યગુણ ઉત્પન્નકર્તા જીવ કહ્યો વ્યવહારથી. ૧૦૮.**

**અન્વયાર્થ :—**જેમ રાજાને પ્રજાના દોષ અને ગુણનો ઉત્પન્ન કરનાર વ્યવહારથી કહ્યો છે, તેમ જીવને પુદ્‌ગલદ્રવ્યના દ્રવ્ય—ગુણનો ઉત્પન્ન કરનાર વ્યવહારથી કહ્યો છે.

રાજા રામચંદ્ર જેવા હોય અને પ્રજા ખરાબ હોય, બાપ નરકે જાય અને દીકરો સ્વર્ગમાં જાય, છતાં રાજાને અને બાપને પ્રજાના તથા છોકરાના ગુણદોષનો કરનાર છે, એમ કહેવું તે વાત ખોટી છે, છતાં વ્યવહારથી કહેવાય છે. તેમ જીવ પુદ્‌ગલનો કર્તા નથી છતાં વ્યવહારથી કહેવામાં કરવામાં આવે છે, તે પરમાર્થ નથી.

**ટીકા :—**પ્રજાના ગુણ—દોષમાં પ્રજાનો આત્મા વ્યાપે છે, રાજાનો નહિ. પ્રજાના ગુણો એટલે નીતિ, ન્યાય, સમ્યગ્દર્શનાદિ છે તે અને દોષ એટલે અન્યાય, મિથ્યાત્વાદિ છે તે. તેની ઉત્પત્તિ પ્રજા પોતાના ભાવથી કરે છે, રાજા તે ગુણ—દોષનો ઉત્પન્ન કરનાર નથી. છતાં રાજા તે ગુણ—દોષનો કરનાર છે એમ કહેવામાં

આવે છે તે પરમાર્થ નથી. તેવી રીતે પુદ્‌ગલદ્રવ્ય તેની પર્યાયમાં વ્યાપે છે. જડ બદલતાં બદલતાં તે પર્યાયરૂપે થાય છે, આત્મા તેને બનાવતો નથી.

## કર્મનો ઉત્પાદક જીવ છે, એમ કહેવું તે મિથ્યા છે.

અહીં ગુણ—દોષ પર્યાયના અર્થમાં કહેલ છે. પુદ્‌ગલમાં કર્મની પરિણતિ થાય છે તે પુદ્‌ગલથી થાય છે. તે કર્મની પર્યાયને અને આત્માને અત્યંત અભાવ છે, છતાં કર્મની પર્યાય આત્માએ કરી એ ઉપચાર કરવામાં આવે છે તે પરમાર્થ નથી.

**ભાવાર્થ :—**જગતમાં કહેવાય છે કે જેવો રાજા તેવી પ્રજા. આમ કહીને પ્રજાના ગુણદોષનો ઉત્પન્ન કરનાર રાજાને કહેવામાં આવે છે. એવી જ રીતે પુદ્‌ગલદ્રવ્યના ગુણ—દોષનો ઉત્પન્ન કરનાર જીવને કહેવામાં આવે છે. પરમાર્થ દ્રષ્ટિએ જોતાં તે સત્ય નથી, ઉપચાર છે. અજ્ઞાનીની દ્રષ્ટિ પર્યાય ઉપર છે, તે માની લે છે કે મારાથી કર્મ થયા પણ જ્ઞાની માને છે કે મારો સ્વભાવ નિરુપાધિક છે. વિકાર નબળાઈથી થાય છે, તેને તે જાણે છે અને અજ્ઞાની વિકાર મારો છે, એમ માની પર્યાયમાં અટકે છે, તે અજ્ઞાનભાવ છે.

હવે આગળની ગાથાની સૂચનિકારૂપ કાવ્ય કહે છે :—

### કળશ ૬૩

**અર્થ :—**જો પુદ્‌ગલકર્મને જીવ કરતો નથી, તો તેને કોણ કરે છે ? એવી આશંકા કરીને હવે, તીવ્ર વેગવાળા મોહનો એટલે કે કર્તાકર્મપણાના અજ્ઞાનનો નાશ કરવા માટે 'પુદ્‌ગલકર્મનો કર્તા કોણ છે' તે કહીએ છીએ; તે હે જ્ઞાનના ઇચ્છક પુરુષો ! તમે સાંભળો ! પહેલાં કહ્યું હતું કે તેની સાથે સંધિ કરવા માટે કહે છે કે હે જિજ્ઞાસુ જીવો ! સાંભળો, એમ આદેશ કર્યો છે, કેમ કે અમે હવે એકદમ આત્માના ભિન્ન સ્વભાવને બતાવવા માગીએ છીએ. આત્મા જડનો કર્તા તો જરાપણ નથી પરંતુ વિકારભાવનો પણ કર્તા નથી, એવા આત્માનું વર્ણન કરવા માગીએ છીએ, તે સાંભળો.

### ગાથા ૧૦૯—૧૧૨

**સામાન્ય પ્રત્યય ચાર નિશ્ચય બંધના કર્તા કહ્યા,**
**–મિથ્યાત્વ ને અવિરમણ તેમ કષાયયોગો જાણવા. ૧૦૯.**

**વળી તેમનો પણ વર્ણવ્યો આ ભેદ તેર પ્રકારનો,**
**–મિથ્યાત્વથી આદિ કરીને ચરમ ભેદ સયોગીનો. ૧૧૦.**
**પુદ્‌ગલકરમના ઉદયથી ઉત્પન્ન તેથી અજીવ આ,**
**તે જો કરે કર્મો ભલે, ભોક્તાય તેનો જીવ ના. ૧૧૧.**
**જેથી ખરે ગુણ નામના આ પ્રત્યયો કર્મો કરે,**
**તેથી અકર્તા જીવ છે ગુણો કરે છે કર્મને. ૧૧૨.**

**અન્વયાર્થ :—**ચાર સામાન્ય પ્રત્યયો નિશ્ચયથી બંધના કર્તા કહેવામાં આવે છે. મિથ્યાત્વ, અવિરમણ તથા કષાય અને યોગ એ ચાર જાણવા. અને વળી તેમનો, આ તેર પ્રકારનો ભેદ કહેવામાં આવ્યો છે—મિથ્યાદ્રષ્ટિ ગુણસ્થાનથી માંડીને સયોગકેવળી ગુણસ્થાન સુધીનો. આ પ્રત્યયો અથવા ગુણસ્થાનો કે જેઓ નિશ્ચયથી અચેતન છે કારણ કે પુદ્‌ગલકર્મના ઉદયથી ઉત્પન્ન થાય છે. તેઓ જો કર્મ કરે તો ભલે કરે; તેમનો ભોક્તા પણ આત્મા નથી. જેથી આ 'ગુણ' નામના પ્રત્યયો કર્મ કરે છે, તેથી જીવ તો કર્મનો અકર્તા છે અને ગુણસ્થાનો જ કર્મોને કરે છે.

**ટીકા :—**અહીં એકદમ દ્રવ્યદ્રષ્ટિ બતાવી છે. જ્ઞાનીને શુદ્ધ સ્વભાવ ઉપર દ્રષ્ટિ હોય છે. હું જ્ઞાયક છું, કર્મ નહિ અને પુરુષાર્થની નબળાઈથી જે અલ્પ રાગ થાય છે તે પોતાની પર્યાયમાં થવા છતાં પણ નિમિત્ત તરફનો ભાવ હોવાથી તે પણ હું નહિ, એમ જ્ઞાની માને છે.

ખરેખર પુદ્‌ગલકર્મનો, પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા છે. મિથ્યાત્વાદિ આત્માના ભાવો છે તે જડના આશ્રયે થતા હોવાથી તે જડ જ છે. પુદ્‌ગલકર્મના ચાર ભેદ છે—મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ. એ બંધના સામાન્ય હેતુ છે.

અહીં આત્માના મિથ્યાત્વ આદિના ભાવોને પુદ્‌ગલના કહ્યા છે. અજ્ઞાનીને સમજાવે છે કે વર્તમાન પર્યાયમાં વિકાર થાય છે, તેને આત્મા સાથે સંબંધ નથી પણ પુદ્‌ગલની સાથે સંબંધ છે. પ્રથમ એક, પછી ચાર અને તેર પ્રકારના પ્રત્યયોના ભેદ પાડ્યા છે. એ પ્રત્યયો આત્માની પર્યાય છે. એમ પ્રથમ નક્કી કરાવીને તે તારો સ્વભાવ નથી માટે તે છોડાવવાના હેતુથી જડ છે, એમ કહે છે. એ તેર પ્રકારના આસ્રવોનો આત્મા કર્તા નથી, જડ કર્મ તેનો કર્તા છે.

આત્મા ત્રિકાળી એકરૂપ જ્ઞાનસ્વભાવી છે, તે નિરપેક્ષ છે. તેમાં તેર પ્રકાર પડતા નથી માટે મિથ્યાદ્રષ્ટિને કહે છે કે તારો આત્મા છે તે જડનો કર્તા નથી. વિકારી પરિણામ પરના આશ્રયે થાય છે માટે જડ છે. પર્યાયની યોગ્યતા તારી છે

પણ સ્વભાવમાં નથી. તે વિકારભાવમાં આત્મા બિલકુલ વ્યાપતો નથી. શુદ્ધ ચૈતન્યની દ્રષ્ટિ કરાવવા એટલે કે ત્રિકાળ શુદ્ધ દ્રવ્યની દ્રષ્ટિ કરાવવા તેમ કહે છે. વિકાર થાય છે તે અલ્પકાળ રહેશે કેમ કે શ્રદ્ધા થયા પછી વિકાર લાંબો કાળ રહેતો નથી. માટે રાગ રહે તો ભલે રહે, એમાં જીવને શું ? શુદ્ધ દ્રવ્યદ્રષ્ટિ કર્યા વગર રાગ છૂટે નહિ, બીજો કોઈ ઉપાય નથી.

**

# પ્રસાદ નં. ૧૩૬

## સમયસાર ગાથા ૧૦૯—૧૧૨

(ફાગણ સુદ ૭, બુધવાર, ૨૦૦૭)

કર્તાકર્મનો અધિકાર ચાલે છે. આ ગાથાઓમાં સમ્યગ્દર્શનનું ધ્યેય શુદ્ધ આત્મા છે, તે બતાવે છે. પ્રથમ એક વાત તો એ આવી ગઈ છે કે આત્મા પરનો કર્તા નથી અને પરનો ભોક્તા પણ નથી અને બીજી વાત એ આવી ગઈ કે આત્માની પર્યાયમાં વિકાર થાય છે, તે પરના કારણે થતો નથી, પણ આત્માની પર્યાયમાં પોતાના અપરાધથી થાય છે. આ બે વાત નક્કી કર્યા પછી હવે ત્રીજી વાત કરે છે.

## આત્માની પર્યાયમાં તેર ગુણસ્થાનના ભાવો થાય છે, તેનો કર્તા પુદ્‌ગલદ્રવ્ય છે.

આચાર્યદેવ કહે છે કે હે શિષ્ય ! આ આત્મા તો શુદ્ધ જ્ઞાતા ચૈતન્યસ્વરૂપ છે. તેની પર્યાયમાં જે પુણ્ય-પાપ આદિ થાય છે તે આત્મસ્વભાવનું કાર્ય નથી. મિથ્યાત્વથી માંડીને સયોગકેવળી સુધીના ગુણસ્થાનાદિ તે આત્માનું કાર્ય નથી. તે ભાવો પર લક્ષે થતા હોવાથી ચૈતન્ય ભાવને રોકનાર છે, માટે તે જડનું કાર્ય છે.

## આત્મા પર્યાયદ્રષ્ટિએ પણ પરનો કર્તા-ભોક્તા નથી.

આ આત્મા પર પદાર્થનું તો ત્રણકાળમાં કરતો નથી પણ પરના કારણે આત્મામાં લાભ—નુકશાન થાય અને પરનું કરું તો આત્મામાં લાભ થાય, એમ પર્યાયદ્રષ્ટિએ પણ બનતું નથી. પર્યાયદ્રષ્ટિએ તો આત્મા પોતે રાગદ્વેષાદિ કરે તો થાય છે, એમ સ્વીકાર કરીને હવે કહે છે કે, આત્મા તો ચૈતન્ય વસ્તુ છે. અને રાગદ્વેષાદિ કષાયના પરિણામ તથા યોગનું કંપન વગેરે થાય છે તે જડનું કાર્ય છે. તે કઈ અપેક્ષાએ છે, તે કહે છે. પ્રથમ પોતાની પર્યાય પોતાના કારણે થાય છે, એમ સ્વીકાર કર્યો. એટલી પાત્રતા મેળવ્યા પછીની વાત છે. આત્મામાં વિકાર થાય છે તે પરથી થાય છે એમ માને તે તો મૂઢ તીવ્ર અજ્ઞાની છે. તેને તો સ્વભાવ સમજવાની પાત્રતા પણ નથી. અહીં તો પોતાના કારણે વિકાર થાય છે, તે સ્વીકાર્યા પછી તે વિકાર તારો સ્વભાવ નથી એમ વિકાર છોડાવવા કહેવામાં

આવે છે. જો વિકાર તારો સ્વભાવ હોય તો તારાથી જુદો પડે નહિ. તે પરલક્ષે થતો હોવાથી પુદ્ગલ તેનો કર્તા છે, આત્મા નથી.

વિકારી કે અવિકારી પર્યાય પોતાના કારણે થાય છે, તેમ માને તેણે પર્યાયની સ્વતંત્રતા કબૂલી કહેવાય. જે પર્યાયની સ્વતંત્રતા ન કબૂલે તેને દ્રવ્યની સ્વતંત્રતા બેસતી નથી. કર્મની પર્યાય કર્મને લઈને અને વિકારની પર્યાય વિકારને લઈને થાય છે, તેમ નક્કી કરે ત્યાં સુધી તો હજુ મિથ્યાદ્રષ્ટિ છે. તે વાત જેણે નક્કી કરી નથી એ તો સમ્યગ્દર્શનને લાયક નથી. હવે સમ્યગ્દર્શન કેમ થાય, તે કહે છે.

હે શિષ્ય ! તે વિકારની પર્યાય પરને લક્ષે થાય છે માટે ચૈતન્યદ્રવ્યનું તે કાર્ય નથી. આત્મવસ્તુનું કાર્ય વિકાર હોય તો શુદ્ધતા કદી થઈ શકે નહિ. પર્યાયમાં વિકાર થાય છે પણ વસ્તુ વિકારમય થાય નહિ. વિકાર ચૈતન્યની જાગૃતિને રોકનાર છે તેથી વિકારને અચેતન કહેલ છે. તે અચેતન વિકાર આત્માના શુદ્ધ સ્વભાવમાં પ્રવેશ પામતો નથી માટે થાઓ તો ભલે થાઓ, એમ જ્ઞાની માને છે.

કળશ ૬૩માં લાયક શિષ્યે આશંકા કરી છે કે દરેક પદાર્થ સ્વતંત્ર છે અને પોતાના કારણે પરિણમી રહ્યા છે તો પછી જડ પુદ્ગલ આત્માને કેમ ચોંટ્યા છે ? તે શિષ્યને આચાર્યદેવ કહે છે કે :—

હું પરનું કરું અને પર મારું કરે, તેવો ભાવ તું કરે છે તો થાય છે. પણ તે ભાવ સ્વભાવદ્રષ્ટિએ તારો નથી. એટલે કે તે જડનું કાર્ય છે. માટે તે ભાવ સામે ન જો. સ્વદ્રવ્યનો આશ્રય કરાવવા અને પરદ્રવ્યનો આશ્રય છોડાવવા, જેટલો વિકાર થાય છે તે બધો જડનો છે, એમ કહ્યું છે. માટે તે જડનું કાર્ય હો તો ભલે હો ! એથી જીવના અંતરદળમાં શું પેસી ગયું ?

## જીવના સુખદુઃખમાં જડ ઉપકારી છે જ નહિ.

તત્ત્વાર્થસૂત્રમાં આવે છે કે જીવના સુખદુઃખમાં પુદ્ગલ ઉપકાર કરે છે. તેનો અર્થ ગુરુગમ વગર સમજાય એમ નથી. શાસ્ત્રની શૈલિ અનેક પ્રકારની હોય છે. શું આત્માને દુઃખ દેવામાં જડનો ઉપકાર છે ?—કે ના. આત્મા પોતે સુખદુઃખની પર્યાય કરે છે ત્યારે ક્યા પ્રકારનું નિમિત્ત હોય છે, તે બતાવ્યું છે. અહીં તો તે વાત જ નથી. અહીં તો કહે છે કે આત્મા તો શુદ્ધ ચૈતન્યઘન છે અને વિકાર તો જડ છે. સ્વભાવના આશ્રયે તે ભાવ થતો નથી. માટે મિથ્યાત્વ ગુણસ્થાનથી માંડીને તેરમું ગુણસ્થાન તે તારો સ્વભાવ નથી.

વિકારનો કર્તા ચૈતન્ય દ્રવ્ય નથી. વિકારનો દ્રવ્યમાં પ્રવેશ નથી. માટે વિકાર તે જડનું કાર્ય, અમે કહીએ છીએ. હે જીવ ! એ તેર ગુણસ્થાનનો ભેદ છે તે જડ છે—અચેતન છે. અભેદ ચૈતન્ય સ્વરૂપમાં તેર ગુણસ્થાનનો ભેદ હોઈ શકે નહિ, એમ નક્કી કર. તે વગર આગળ ચાલી શકાય એમ નથી.

પર્યાય સ્વતંત્રપણે તારાથી થાય છે, તેમ નક્કી કરાવવાનો હેતુ પર્યાય ઉપરથી દ્રષ્ટિ છોડાવી ત્રિકાળી દ્રવ્યનો આશ્રય કરાવવાનો છે. તે વિકાર તારો સ્વભાવ હોય તો શુદ્ધતા થઈ શકે નહિ. અહીં તો મિથ્યાદ્રષ્ટિને ઉપદેશ આપે છે. તે મિથ્યાદ્રષ્ટિ હોવા છતાં પાત્ર જીવ છે, તેને લીધો છે. તેને કહે છે કે પર્યાયમાં વિકાર સ્વલક્ષે થાય નહિ, પરના લક્ષે થાય છે. વિકાર તારા કારણથી થાય છે, તેમ પર્યાયદ્રષ્ટિથી કહ્યું હતું પણ દ્રવ્યદ્રષ્ટિએ વિકાર તારો નથી, એમ સમજ.

તત્ત્વાર્થસૂત્રમાં આત્માના પાંચ ભાવનું વર્ણન છે. ત્યાં ઉદયભાવ સ્વતત્ત્વની પર્યાય છે, એમ કહ્યું છે. તે વ્યવહારનયનો ગ્રંથ છે. તેથી ઉદયભાવને સ્વતત્ત્વ કહ્યું છે. પણ અહીં તો નિશ્ચયદ્રષ્ટિએ કહે છે કે ઉદયભાવ સ્વતત્ત્વ નથી, પરતત્ત્વ એટલે અજીવતત્ત્વ છે. આ રીતે જે અપેક્ષાથી કહેવામાં આવ્યું હોય તે ન સમજે તો વિરોધ ભાસે. પણ શાસ્ત્રમાં વિરોધ છે જ નહિ.

તેર ગુણસ્થાન વ્યવહારનયથી સ્વપર્યાય છે પણ તે વ્યવહારદ્રષ્ટિ એટલે પર્યાયદ્રષ્ટિ તો અનાદિકાળથી છે. તેથી અહીં કહે છે કે એ તેર ગુણસ્થાન જડ છે. ચૈતન્યની દ્રષ્ટિ કર તો એમાં વિકાર નથી. તે ભેદ પાડવા તે તારું કાર્ય નથી. ભેદ ત્રિકાળમાં હોય તો છૂટી શકે નહિ અને જો પર્યાયમાં પણ ન હોય તો પ્રગટ આનંદ હોય. માટે અપેક્ષા સમજવી જોઈએ.

સંસાર એક સમયનો છે, તે આત્માના પોતાના અપરાધથી છે. છતાં સ્વભાવદ્રષ્ટિએ વિકાર તારો નથી, એમ કહ્યું છે. પુદ્‌ગલના કારણે હો તો ભલે હો ! નબળાઈથી થતા વિકાર ઉપરની દ્રષ્ટિ છોડો અને ત્રિકાળી ધ્રુવ સ્વભાવની પ્રતીતિ કરો.

હવે શિષ્ય તર્ક કરે છે. શિષ્ય મિથ્યાદ્રષ્ટિ હોવા છતાં લાયક છે. તે કહે છે કે રાગદ્વેષનું વેદન થાય છે તે તો મને થાય છે. તેને તમો પુદ્‌ગલનું કાર્ય કહો છો, તે કેમ બને ? જો પુદ્‌ગલનું કાર્ય હોય તો દુઃખનું વેદન મને ન હોવું જોઈએ, શાંતિનું વેદન હોવું જોઈએ. માટે પર્યાય મારાથી થાય છે, એ વાત બરાબર છે. જો તે જડની પર્યાય હોય તો તેનો ભોગવટો મને કેમ હોય ? એમ શિષ્ય જિજ્ઞાસાથી પૂછે છે. કે જે ભોગવે છે તે જ કરે છે. અહીં તો મારે આત્માનું કરવું છે એમ પોતે ભળીને (મળીને) શિષ્ય પૂછે છે કે મિથ્યાત્વાદિ પુદ્‌ગલમય છે. તે સ્વભાવમાં નથી

એમ આપ કહો છો છતાં એ ભાવોને ભોગવતો જીવ પોતે જ મિથ્યાદ્રષ્ટિ થઈને પુદ્‌ગલકર્મને કરે છે. શ્રુતજ્ઞાન સ્વ તરફ વળ્યું હોય તો શાંતિ જણાય. વિકારનો કર્તા જો પર હોય તો, હે ભગવાન ! આ ઉપયોગમાં શાંતિ દેખાવી જોઈએ, પણ તે દેખાતી નથી. શિષ્યનું કહેવું એમ છે કે જે વેદે તે કરે. આત્મા વેદે છે માટે આત્મા વિકારનો કર્તા છે. તેનું સમાધાન કરે છે કે :—

આ તર્ક ખરેખર અવિવેક છે. કેમકે હરખ—શોકનું વેદન છે, તે પર્યાયદ્રષ્ટિનું છે. તે તારું વેદન નથી. સ્વભાવની દ્રષ્ટિએ એ વેદન આત્માનું નથી. ભલે વિકાર સમયે સમયે પોતે કરે છે પણ તે આત્મામાં ઘૂસી ગયો નથી. કેમ કે આત્મા ભાવક થઈને તે વિકારભાવનો કરનારો નથી. તેથી આત્મામાં તે વિકારીભાવને ભોગવવાના ભાવનો અભાવ છે. પર્યાયમાં વિકારનું વેદન છે, પણ વસ્તુદ્રષ્ટિમાં તે ભાવનો કરનારો થઈને વિકારને ભોગવે એવો આત્માનો સ્વભાવ નથી. વિકારી પર્યાયના વેદનને યોગ્ય જીવ નથી. ભાવક જડ કર્મ છે, તેનું ભાવ્ય આત્માની વિકારી પર્યાય છે. તે વિકારી પર્યાયને લાયક જીવ છે જ નહિ. આત્માનું કાર્ય તો શાંતિ છે, તેને બદલે અશાંતિ થઈ તે તારી નથી. આત્માની હોય તો છૂટે નહિ અને આત્મામાં ધર્મ કદી થાય નહિ.

પર્યાયમાં વિકાર થાય છે તે તો પ્રથમથી નક્કી કર્યું છે. હવે તે પર્યાયદ્રષ્ટિ ક્યાંસુધી રાખવી છે ? છોડ તે દ્રષ્ટિને !! અને સ્વભાવદ્રષ્ટિ કર! તે પર્યાયદ્રષ્ટિને યોગ્ય આત્મા છે જ નહિ. ધર્મ કરવો હોય તેણે પ્રથમ આ સાંભળવું જોઈએ. લોકોએ સત્ય સાંભળ્યું નથી અને બહારના ત્યાગથી ધર્મ માને છે. બહારની વાત હોય તો જલદી પ્રવેશ કરે. વેદનને યોગ્ય જે વિકારી ભાવ તેનો આત્મામાં અભાવ છે. પુદ્‌ગલના આશ્રયે થયેલો હોવાથી તે પુદ્‌ગલ જ છે. જો આત્મા વિકારને ભોગવતો નથી તો આત્મા વિકારને કરે કેમ ? ન જ કરે. એટલે કે આત્મા વિકારનો કર્તા—ભોક્તા નથી.

# <u>પ્રસાદ નં. ૧૩૭</u>

## <u>સમયસાર ગાથા ૧૦૯—૧૧૨</u>

(ફાગણ સુદ ૮, ગુરુવાર, ૨૦૦૭)

અધિકાર ઘણો સૂક્ષ્મ છે. આત્મા વસ્તુ છે. વિકારીભાવ તેનું ખરેખર કાર્ય હોય તો વસ્તુમાંથી વિકાર કદી ટળે નહિ. પર્યાયદ્રષ્ટિએ વિકારીભાવ જીવનો છે એટલે કે પુણ્યપાપાદિ થાય છે તે જીવની અવસ્થામાં થાય છે. તે નક્કી કર્યા પછી વસ્તુદ્રષ્ટિ કરાવવા માટે કહે છે કે પુણ્ય—પાપાદિનો કર્તા આત્મા નથી, તેનો કર્તા જડ છે, જડના લક્ષે તે થાય છે માટે જડનું કાર્ય છે.

શિષ્યે પ્રશ્ન કર્યો કે આત્મામાં વિકાર થાય છે, તે જડનું કાર્ય હોય તો અમને વર્તમાન શાંતિ હોવી જોઈએ અને દુઃખનું વેદન થવું જોઈએ નહિ. તેનું સમાધાન :—આત્મામાં વિકાર થાય છે તે પર કરાવે છે એમ માને તો વર્તમાન વેદન થાય છે, એનો પણ વિવેક નથી. પણ અહીં તો વિકાર પોતાથી થાય છે, એમ નક્કી કર્યા પછી તેને કહે છે કે આ તારો તર્ક અવિવેક છે. કેમ કે વર્તમાન અવસ્થામાં વેદન થાય છે, તેને આત્માનું માનવું તે જ અવિવેક છે. વિકારનું વેદન ચૈતન્ય જ્ઞાતા મૂળ દ્રવ્યનું હોઈ શકે જ નહિ. આત્માનું વેદન લાગે તે પર્યાયબુદ્ધિ છે. પરને પોતાનું માનવું તે વાત તો નથી જ. પણ પર્યાયમાં હરખ—શોકના ભાવનું વેદન થાય તેને પોતાનું માનવું તે પર્યાયબુદ્ધિ છે, તે અંશબુદ્ધિ છે, એટલે કે વ્યવહારબુદ્ધિ છે, તે સમ્યગ્દર્શન નથી, તે આત્માનું ધ્યેય નથી.

## પુદ્‌ગલદ્રવ્ય જ વિકારનો કર્તા અને ભોક્તા છે.

આત્મા તો આનંદની મૂર્તિ છે. એનું સુખ પરમાં તો નથી પણ પરના આશ્રયે જે હરખ થાય તે પણ આત્માનું સુખ નથી. જગતના લોકો પર પદાર્થમાં સુખ માને છે. અહીં કહે છે કે એ દુઃખની પર્યાય જે થઈ રહી છે એનો પણ ખરેખર આત્મા ભોક્તા નથી, તો તેનો કર્તા ક્યાંથી હોય? ન જ હોય. માટે <u>આત્મા વિકારનો કર્તા—ભોક્તા નથી.</u> પુદ્‌ગલ દ્રવ્ય જ વિકારનો કર્તા—ભોક્તા છે અને જે ગુણસ્થાન છે, તેઓ કર્મને કરે છે. એટલે કે પર્યાયબુદ્ધિ—વિકારબુદ્ધિ કર્મને કરે છે. સ્વભાવબુદ્ધિ કર્મને કરતી નથી. અભેદમાં ભેદ પડે છે તે ગુણસ્થાનોના ભેદો જ કર્મને કરે છે. સ્વભાવ કર્તા નથી તેથી જીવ પુદ્‌ગલકર્મોનો કર્તા નથી.

ધર્મી જીવ નિમિત્તથી ધર્મ થાય, એમ માનતો નથી પણ દયા, દાન, પૂજા, ભક્તિ આદિના ભાવોથી ધર્મ થાય, એમ પણ માનતો નથી. વળી સમ્યગ્દર્શનની પર્યાયના આધારે સમ્યગ્દર્શન પ્રગટતું નથી. વર્તમાન પર્યાય નિર્મળ હોવા છતાં પર્યાયમાંથી પર્યાય થતી નથી. વીતરાગી ધર્મની પર્યાય તો ત્રિકાળ ધ્રુવ પદાર્થ છે, તેમાંથી આવે છે. તેથી એમ કહ્યું કે વિકાર પર્યાયનો કર્તા પુદ્‌ગલદ્રવ્ય છે. એટલે કે પુદ્‌ગલકર્મનો કર્તા પુદ્‌ગલદ્રવ્ય જ છે. અપેક્ષા ન સમજે તો ગોટો ઊઠે એમ છે. દ્રવ્ય-ગુણ શુદ્ધ છે અને પર્યાયમાં વિકાર થાય છે, તે જડ કરાવે છે—એમ નથી. પર્યાયમાં વિકાર થાય છે તે આત્માના અપરાધથી થાય છે, છતાં તે સ્વભાવમાં નથી, એમ યથાર્થ માને તો વિકાર ટળે. આ સિવાય બીજો કોઈ ઉપાય ધર્મનો નથી.

## પુણ્યને ધર્મનું કારણ માનવું તે મિથ્યાત્વ છે.

અજ્ઞાની માને છે કે તપથી નિર્જરા થાય છે માટે ઉપવાસ કરી નાખો. પણ રોટલા આવવા કે ન આવવા એ એના ભાવને આધીન નથી. વળી રોટલા તરફના મંદરાગથી લાભ માને છે તે પણ મિથ્યાત્વ છે. સ્વભાવની દ્રષ્ટિએ આત્મા તેનો કર્તા—ભોક્તા નથી. જેમ પૈસા પુણ્યથી મળે છે, વર્તમાન પુરુષાર્થથી મળતા નથી, તેમ પૂર્વે પુણ્ય કર્યું હોય તો ધર્મ થાય, એમ નથી. પુણ્યને ધર્મનું કારણ માને તો મિથ્યાત્વ છે. અજ્ઞાની પુણ્ય અને એનાં ફળ—તે બધું આત્મા છે, એમ માને છે. તે આત્માનો નાશ કરનાર પશુ છે. જેમ ઢોરને ચૂરમું અને ઘાસનો વિવેક નથી તેમ આને વિકાર અને અવિકારનો વિવેક નથી. આચાર્ય ભગવાન કરુણાથી કહે છે, દ્વેષથી કહેતા નથી. અરેરે ! આ જગતના જીવો શું માને છે ? નિમિત્તની પરંપરાએ ધર્મ થાય એની વાત તો અહીં છે જ નહી પણ વિકારી પર્યાયની પરંપરાએ ધર્મ માને તો તે મિથ્યાદ્રષ્ટિ છે.

**ભાવાર્થ :—**શાસ્ત્રમાં પ્રત્યયો એટલે આસ્રવો જે વિકારી પરિણામ છે, તેને બંધના કર્તા કહ્યા છે. ગુણસ્થાનો પણ વિશેષ પ્રત્યયો જ છે. માટે તે બંધના કર્તા છે. ચોથા ગુણસ્થાને હોય કે છઠ્ઠે હોય તે વખતે પણ જે શુભભાવ હોય, તે તો બંધનું કારણ છે. તેનાથી ધર્મ નથી. અસ્થિરતાના કારણે તે હોય છે છતાં તે ધર્મનું કારણ નથી.

તેથી એ ગુણસ્થાનો બંધના કર્તા છે. એટલે કે પુદ્‌ગલકર્મના કર્તા છે. વળી મિથ્યાત્વથી માંડીને તેર ગુણસ્થાન છે તે બધા અચેતન પુદ્‌ગલદ્રવ્યમય જ છે કેમ

કે તે બધા પુદ્‌ગલના આશ્રયે ઉત્પન્ન થયેલા છે. તેથી એમ સિદ્ધ થયું કે પુદ્‌ગલદ્રવ્ય જ પુદ્‌ગલકર્મનું કરનારું છે; જીવ તેનો કરનાર નથી. જીવને પુદ્‌ગલકર્મનો કર્તા માનવો, તે અજ્ઞાન છે.

હવે કહે છે કે જીવને અને આસ્રવોને એકપણું નથી :—

## ગાથા ૧૧૩—૧૧૫

**ઉપયોગ જેમ અનન્ય જીવનો, ક્રોધ તેમ અનન્ય જો,**
**તો દોષ આવે જીવ તેમ અજીવના એકત્વનો. ૧૧૩.**
**તો જગતમાં જે જીવ, તે જ અજીવ પણ નિશ્ચય ઠરે;**
**નોકર્મ, પ્રત્યય, કર્મના એકત્વમાં પણ દોષ એ. ૧૧૪.**
**જો ક્રોધ એ રીત અન્ય, જીવ ઉપયોગઆત્મક અન્ય છે,**
**તો ક્રોધવત્ નોકર્મ, પ્રત્યય, કર્મ તે પણ અન્ય છે. ૧૧૫.**

**અન્વયાર્થ :—**જેમ જીવને ઉપયોગ અનન્ય અર્થાત્ એકરૂપ છે તેમ ક્રોધ પણ અનન્ય હોય તો એ રીતે જીવને અને અજીવને અનન્યપણું આવી પડ્યું. એમ થતાં, આ જગતમાં જે જીવ છે તે જ નિયમથી તેવી જ રીતે અજીવ ઠર્યો; બન્નેનું અનન્યપણું હોવામાં આ દોષ આવ્યો; પ્રત્યય, નોકર્મ અને કર્મના એકપણામાં પણ આ જ દોષ આવે છે. હવે જો આ દોષના ભયથી તારા મતમાં ક્રોધ અન્ય છે અને ઉપયોગસ્વરૂપ આત્મા અન્ય છે, તો જેમ ક્રોધ તેમ પ્રત્યયો, કર્મ અને નોકર્મ પણ આત્માથી અન્ય જ છે.

**ટીકા :—**'જેમ જીવના ઉપયોગમયપણાને લીધે જીવથી ઉપયોગ અનન્ય છે.' આત્મા ઉપયોગવવાળો કહે તો ભેદ પડે છે એટલે વ્યવહાર થઈ જાય છે. તેથી અહીં તો 'ઉપયોગમય' કહેલ છે. જીવ અને ઉપયોગ એક જ છે, જુદા નથી. શરીર, વાણી, મન તે જીવ નથી, શુભાશુભ ભાવો પણ જીવ નથી. આત્મા તો જાણનાર—દેખનાર છે. આત્મા ઉપયોગમયપણાને લીધે એકાકાર—તન્મય—તે સ્વરૂપ છે. સ્વભાવ અને સ્વભાવવાન તન્મય છે.

આત્મા ઉપયોગમય છે પણ વર્તમાન પરની રુચિ થઈ તેને આત્મા પ્રત્યે અરુચિ થઈ, એ ક્રોધ છે. તે ક્રોધ આત્મામાં તન્મય નથી. પરની રુચિમાં સ્વની રુચિ રહેતી નથી. તે આત્માના અનાદરરૂપી અનંતાનુબંધી ક્રોધ છે. જેમ જાણવું—દેખવું તે આત્માનું સ્વરૂપ છે તેમ આત્મા સ્વની રુચિ છોડીને પરની રુચિ કરે એ આત્માનું

સ્વરૂપ હોઈ શકે નહિ. અહીં પર્યાયબુદ્ધિ અને સ્વભાવબુદ્ધિ બેની વાત છે. દયાદાન આદિના ભાવો એક સમયની પર્યાય છે. તેની રુચિ કરે તો સ્વભાવની રુચિ રહેતી નથી, તેને અહીં ક્રોધ કહ્યો છે. તે ચૈતન્યમાં તન્મય નથી માટે તેને જડ કહ્યો છે. ચૈતન્યની જાગૃતિ અટકે છે, તે ક્રોધ છે અને તેને અહીં જડ કહ્યો છે.

ચારિત્રરૂપી ઝાડનું મૂળિયું સમ્યગ્દર્શન છે. તે સમ્યગ્દર્શન કેમ પ્રગટ થાય, તેની વાત ચાલે છે. સમ્યગ્દર્શનનું કારણ ઉપયોગમય આત્મા છે. સ્વભાવની રુચિ છોડવી અને પરની રુચિ કરવી તે આત્માનું કદ્રૂપ છે—અનાદર છે. બહારમાં રોકાય તેને સ્વભાવ તરફ જોવાનો અવકાશ પણ રહેતો નથી. જીવ સ્વભાવ તરફ ઢળે તો તે આત્મામાં તન્મય થાય છે અને જો પર્યાયબુદ્ધિએ પરમાં તન્મય થાય તો ચૈતન્ય અને જડ એક થઈ જાય છે. અંતર્મુખ થતાં ગુણગુણી એક થાય છે પણ પરના વલણમાં જડતા ઉત્પન્ન થાય છે. એક સમયના અંશમાં આખો આત્મા માની લેવો તે પણ પર્યાયબુદ્ધિ છે. તેને સ્વભાવનો અનાદર હોવાથી તે ક્રોધ છે. કોઈને મારે તો ક્રોધ કહેવાય, એમ નથી. ધ્યાનમાં બેઠો હોય પણ દયા, દાનના પરિણામથી ધર્મ થાય, એમ માનનાર ત્રિકાળ ધ્રુવ પદાર્થનો અનાદર કરનાર હોવાથી તેને અનંતાનુબંધીનો ક્રોધ છે. તે પરલક્ષે થતો હોવાથી જડ છે. તે ક્રોધ અને આત્માને એકપણું માને તો જડ અને ચેતન એક થઈ જાય છે.

આત્મામાં વિકલ્પ થાય તે વ્યવહાર છે. તેનાથી લાભ માનવામાં આવે તો વ્યવહારે નિશ્ચયનું સ્વરૂપ લઈ લીધું. તેથી નિશ્ચય, વ્યવહાર જુદા રહેતા નથી. જો રાગથી લાભ માનવામાં આવે તો રાગ અને આત્મા એકમેક થઈ જાય છે. જીવ તે જ અજીવ ઠરે છે. તેથી જીવનો લોપ થાય છે. જીવના ધ્રુવ સ્વભાવનો આદર રહેતો નથી, તેથી રાગથી જીવ જુદો પડે નહિ એટલે જીવની મુક્તિ થાય નહિ.

આ પ્રમાણે મિથ્યાત્વાદિ આસ્રવો છે, તેના આશ્રયે ધર્મ પ્રગટે તો તે આસ્રવોથી જીવ જુદો રહેતો નથી, એક થઈ જાય. ચૈતન્યનો નાશ થઈ જાય છે. એટલે કે તે ધીમે ધીમે નિગોદમાં ચાલ્યો જાય છે, જડ જેવો થઈ જાય છે. પ્રત્યયોથી લાભ માને તો પ્રત્યયો અને જીવ એક થઈ જાય છે. માટે પ્રત્યયોથી આત્મસ્વભાવ ત્રણે કાળે ભિન્ન છે, એમ માનવું તે ધર્મ છે.

**

# પ્રસાદ નં. ૧૩૮

## સમયસાર ગાથા ૧૧૩—૧૧૫

(ફાગણ સુદ ૮, શુક્રવાર, ૨૦૦૭)

આત્મા કર્તા થઈને શું કરી શકે છે ? આત્મા કોનું કામ કરી શકે છે, તે કહે છે. આત્મા જડનું કામ કરી શકતો નથી.

આત્મામાં જાણવા—દેખવાનો સ્વભાવ છે, તે આત્મામાં તન્મય છે. તે પ્રમાણે દયાદાનાદિનો વિકારભાવ પણ આત્માની સાથે તન્મય છે, એમ માને તો આત્મા વિકારવાળો થઈ જાય પણ આત્માનો વિકારરૂપે થવાનો સ્વભાવ નથી. આત્મામાં શુભાશુભભાવ થાય છે, તેની રુચિ થઈ તેને આત્માની અરુચિ થઈ એટલે કે આત્માનો અણગમો થયો, તે આત્મા પ્રત્યે ક્રોધ ઉત્પન્ન કરે છે, તેને મિથ્યાત્વ સહિતનો ક્રોધ કહે છે.

આત્માનો સ્વભાવ નિર્મળ શુદ્ધ છે. પણ અજ્ઞાની તેની રુચિ કરતો નથી. અહીં તો કહે છે કે ભેદજ્ઞાન વગર બધું વ્યર્થ છે. અજ્ઞાની માને છે કે આત્માને નિશ્ચયથી પણ લાભ થાય અને વ્યવહારથી પણ લાભ થાય, પણ એ વાત જૂઠી છે. અહીં તો કુંદકુંદાચાર્યદેવ કહે છે કે જેને પુણ્યની રુચિ એટલે કે વ્યવહારની રુચિ છે, તેને આત્માની રુચિ નથી. જ્ઞાનીને પુણ્યપરિણામ હોય છે ખરા, પણ તેમાં ઉપાદેયબુદ્ધિ હોતી નથી.

આત્મા જ્ઞાતા શુદ્ધ ચૈતન્ય છે, તે ઉપાદેય છે, તેની બુદ્ધિ છોડીને પુણ્યની બુદ્ધિ કરે છે, તે જડ છે. તેથી તે પુણ્યરૂપી વ્યવહાર આત્માના ધર્મને નાશ કરનાર હોવાથી હેય છે. નીચલી દશામાં જ્ઞાનીને પણ પુણ્યરૂપી વિકાર હોય છે ખરો, પણ તેને સ્વભાવની રુચિ છે તેથી પુણ્યની રુચિ હોતી નથી. અજ્ઞાનીને વિકારની રુચિ છે, આત્માની રુચિ નથી. તે જૈન સંપ્રદાયમાં હોવા છતાં તેને ભગવાન જૈન કહેતા નથી, તેને અનંતાનુબંધી ક્રોધનો કરનાર કહે છે.

જેને પિતાના દુશ્મન ઉપર પ્રેમ છે, તેને પિતા પ્રત્યે પ્રેમભાવ નથી. તેમ જેને હું જ્ઞાનાનંદ છું એવા આત્મા પ્રત્યે પ્રીતિ નથી અને વિભાવ ઉપર પ્રીતિ છે, તે ચૈતન્યનો વેરી છે. અનંતકાળમાં એક ક્ષણ પણ ભેદજ્ઞાન કર્યું નથી તેથી જન્મ-મરણ તૂટ્યું નથી. અનંત વખત દ્રવ્યલિંગી મુનિપણું પણ આત્માના યથાર્થ ભાન વગર લીધું છતાં એક ભવ પણ ઓછો થયો નહિ.

સમ્યગ્દર્શન પ્રથમ થાય છે અને પછી સમ્યગ્દર્શનપૂર્વક આત્મામાં લીનતા થાય છે, તે છઠ્ઠું ગુણસ્થાન છે, તેને મુનિપણું કહેવામાં આવે છે. અને સંસારનો

રાગ છૂટી જવાથી શરીરની નગ્નદશા સહજ થઈ જાય છે. કૃત્રિમ ત્યાગ કરે તે કાંઈ મુનિપણું નથી. આચાર્યદેવ છઠ્ઠા—સાતમા ગુણસ્થાનમાં ઝૂલતા હતા. શાસ્ત્ર લખવાનો વિકલ્પ આવ્યો પણ વિકલ્પના કર્તા તેઓ નથી. તો પછી શાસ્ત્રના કર્તા હોય, એમ તેઓ માનતા નથી. શાસ્ત્ર આચાર્યદેવે લખ્યું જ નથી કેમ કે તે તો જડની પર્યાય છે.

જેને પુણ્યની રુચિ છે એટલે દયા, દાન, ભક્તિ, પૂજા આદિની જેને રુચિ છે, તે મિથ્યાદ્રષ્ટિ છે, ધર્મી નથી. તેને અમે જૈન કહેતા નથી. જેમ સ્ફટિક નિર્મળ છે, તેમાં લાલ કાળી ઝાંય દેખાય છે તે મલિનતા છે, તે સ્ફટિકનો સ્વભાવ નથી, તેમ આત્મા સ્ફટિક જેવો નિર્મળ છે. તેમાં પુણ્ય-પાપના પરિણામ થાય તે સ્વભાવ નથી. જેને પુણ્યની રુચિ છે, તેને આત્મા પ્રત્યે દ્વેષ થયો છે, આવી રીતે ભેદજ્ઞાન કર્યા વગર બહારથી વ્રત, તપાદિ કરવામાં આવે તો તેનો એક પણ ભવ ઘટતો નથી એટલે ભવનો અભાવ થતો નથી.

અહીં આત્મામાં વિકારી પરિણામ થાય છે તેને જડ કહ્યો છે કેમ કે તે પરિણામ ચૈતન્ય જાગૃતિને રોકે છે, લાભ કરતો નથી. જેને તે વિકારની રુચિ છે તેને વિકાર અને આત્માનું એકપણું લાગે છે, તે જડથી પૃથક્ આત્માને માનતો નથી તેથી આત્માનો નાશ થયો.

નિશ્ચય તે યથાર્થ છે. જેટલી શુદ્ધતા સ્વભાવને લક્ષે પ્રગટ થાય છે, તે નિશ્ચય છે. અને તે સ્વભાવદ્રષ્ટિપૂર્વક દયા, દાન, ભક્તિ, વ્રતાદિના ભાવ થાય છે, તેને વ્યવહાર કહેવામાં આવે છે. પણ જેને સ્વભાવદ્રષ્ટિ પ્રગટ થઈ નથી, તેને સાચો વ્યવહાર પણ હોતો નથી. અજ્ઞાની બાહ્યક્રિયાને વ્યવહાર કહે છે, તે તો સ્થૂળ મૂઢતા છે.

ઘણા લોકો એમ માને છે કે આ પંચમકાળમાં ધર્મ કંઈક સહેલો હોવો જોઈએ અથવા પુણ્યમાં ધર્મ મનાવવો જોઈએ. તો તેને કહે છે કે લાખો વર્ષો પહેલાં સુખડી, ઘી, ગોળ, લોટની બનતી હતી તો અત્યારે પાંચમાં આરામાં કાંઈ ધૂળ, પેશાબ ને પાણીની સુખડી બને નહિ. તેવી રીતે :—

## “એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ”

ત્રણેકાળે એક જ ધર્મ હોય છે. આ કાળે કેવળજ્ઞાન પ્રગટ થતું નથી પણ સમ્યગ્દર્શનરૂપી ધર્મ તો આ કાળે પણ હોય છે. અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ જીવ પુણ્ય-

પાપનો ત્યાગ કરી શકતા નથી પણ પુણ્ય—પાપથી લાભ થાય નહિ અને તે મારો સ્વભાવ નથી, એમ દ્રષ્ટિ કરી શકે છે.

આ સમયસારશાસ્ત્ર પંચમકાળમાં રચાયું છે અને તેના રચનાર શ્રી કુંદકુંદાચાર્ય પણ પંચમકાળમાં થયા છે. તેમણે પાંચમા આરાના જીવો માટે આ બનાવ્યું છે. તેઓ કહે છે કે હે જીવ ! આત્માનું કલ્યાણ કરવું હોય તો પુણ્ય—પાપની રુચિ છોડ અને સ્વભાવની રુચિ કર ! શ્રેણિકરાજા અત્યારે નરકમાં છે. ત્યાં પણ આત્માની રુચિ કરી રહ્યા છે અને ક્ષાયિક સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વગર જે કાંઈ વ્રત, તપ, પૂજા, ભક્તિ આદિ કરવામાં આવે તે બધું રણમાં રૂદન છે. જેમ રણમાં કોઈ રૂદન કરે તે કોઈ સાંભળે નહિ, એમ સમ્યગ્દર્શન વિના બધો પુણ્યભાવ થાય છે, તે ધર્મને માટે નિરર્થક છે એટલે કે તેને ધર્મ થતો નથી.

અજ્ઞાની માને છે કે વ્યવહાર અને નિશ્ચય બન્ને કારણ છે, પણ તે વાત ખોટી છે. કેમ કે વ્યવહાર તો રાગ છે. રાગ કરતાં કરતાં વીતરાગ થવાય નહિ. વ્યવહારથી ધર્મ માને તે મૂળમાં ભૂલ છે. શુભાશુભ ભાવ તે આસ્રવ છે, તેનાથી ધર્મ થાય, એમ માને તે ક્રોધ છે. તેને આત્માની સાથે તન્મય માને તે જીવ—અજીવને એક માને છે.

શરીરાદિ નોકર્મ છે તે આત્માથી ચાલે છે, તેમ માનનાર આત્માને અને જડને એક માને છે. વાણી આત્માથી બોલી શકાય છે તેમ માનનાર જીવ અને જડને એક માને છે. વ્યવહારથી આત્મા બોલી શકે છે, નિશ્ચયથી બોલી શકતો નથી–એમ અજ્ઞાની માને છે. પણ તે વાત ખોટી છે. કેમકે આત્મામાં જડનો ત્રણે કાળે અભાવ છે. અજ્ઞાની રાગદ્વેષના પરિણામમાં રોકાય પણ પરમાં કાંઈ કરી શકે નહિ.

આત્માનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં જડનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ નથી અને આત્મામાં શુભાશુભ ભાવ થાય તે આત્માને લાભ કરતા નથી. તે ચૈતન્યની જાગૃતિને રોકે છે માટે તેને જડ કહ્યા છે. વર્તમાનમાં ભેદજ્ઞાનની એટલી દુર્લભતા થઈ ગઈ છે કે આ સત્ય વાત સાંભળવા પણ મળતી નથી. સ્વભાવની રુચિએ પરની રુચિ છૂટી જાય છે. તે આસ્રવની જેમ નોકર્મ, કર્મ પણ આત્માની ચીજ નથી.

પ્રત્યયો એટલે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગાદિ આસ્રવો આત્માથી પૃથક્ છે. તેવી રીતે શરીર, કર્મ આદિ પણ પૃથક્ છે. છતાં તે આસ્રવો, નોકર્મ અને કર્મ જીવથી તન્મય છે, એમ માનવામાં આવે તો જીવ અને અજીવના એકપણાનો દોષ આવે છે. તેથી જો આ દોષના ભયથી એમ સ્વીકારવામાં આવે કે આત્મા

ચૈતન્ય સ્વરૂપ અન્ય જ છે અને જડ સ્વભાવ અવો ક્રોધ અન્ય જ છે તો જેમ ક્રોધ જડ છે તેમ પ્રત્યય, નોકર્મ અને કર્મ પણ જડ છે. ઉપયોગ સ્વરૂપ ચૈતન્ય નિર્મળ સ્ફટિક જેવો મારો સ્વભાવ છે, એમ માનો અને વિકારી પર્યાયવાળો છું, એવી માન્યતાને છોડો. વિકારી પરિણામવાળો માનવાથી મિથ્યાદ્રષ્ટિ થવાય છે માટે હું ત્રિકાળી શુદ્ધ છું, એમ માનો.

સ્ત્રી, કુટુંબ આદિ આત્માનો સંસાર નથી. સંસાર તો આત્માની વિકારી પર્યાય છે. તે એક સમયની પર્યાય છે; ત્રિકાળી સ્વભાવમાં તે નથી, એવું ભેદજ્ઞાન કરો તો ધર્મની શરૂઆત થાય. જેને આવું ભેદજ્ઞાન નથી, તેને સાચું મુનિપણું હોતું નથી.

દ્રવ્યલિંગીપણું ધારણ કરીને પુણ્ય તો અનંતીવાર કર્યું અને સ્વર્ગના ભવ પણ અનંતીવાર મળ્યા પણ એમાં આત્માનું કલ્યાણ થયું નહિ. પુણ્યની રુચિ જેણે છોડી નથી, તેને સમ્યગ્દર્શનનો અભાવ છે. તે બહારથી વ્રત, તપાદિ કરી મુનિપણું નામ ધરાવે પણ તે બધું એકડા વગરનાં મીંડા જેવું છે.

કરીયાતાની કોથળી ભરી હોય અને ઉપર સાકર નામ લખી રાખે તેથી કરીને કરીયાતા સાકર થાય નહિ. તેમ મિથ્યાદ્રષ્ટિ મુનિપણું ધારણ કરે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન વગર સાચો ધર્મ પ્રગટે નહિ, તેને સાચા મુનિ કહેવાય નહિ.

**

# પ્રસાદ નં. ૧૩૯

## સમયસાર ગાથા ૧૧૩—૧૧૫

(ફાગણ સુદ ૯, શનિવાર, ૨૦૦૭)

આત્મામાં વિકાર થાય છે તે જડ છે, તે વાત ચાલે છે. પ્રવચનસારમાં કહ્યું છે કે આત્મામાં વિકાર થાય છે તે ચૈતન્યનો છે, જડનો નથી. આત્માની પર્યાયમાં થાય છે માટે આત્માનો છે, તે જ્ઞાનપ્રધાનથી કથન છે. અહીં તો સમ્યગ્દર્શનની પ્રધાનતાથી કહે છે કે જેમ શરીર, કર્મ જડ છે તેમ તે વિકાર પણ જડ છે.

### શરીર, કર્મ જડ છે તેમ આત્માની પર્યાયમાં થતો ક્રોધ પણ જડ છે.

જ્ઞાતાદ્રષ્ટા આત્માનો સ્વભાવ છે, તેનાથી ક્રોધ અન્ય છે કેમકે તે જડ છે. ચૈતન્યની જાગૃતિને રોકનાર છે. આસ્રવ, કર્મ, નોકર્મ બધું આત્માથી અન્ય છે. તે ચૈતન્ય સ્વભાવને રોકનાર છે માટે તે જડ છે. આત્માથી પર છે. તેના આશ્રયે ધર્મ થતો નથી. જેમ શરીરના આશ્રયે ધર્મ થતો નથી તેમ વિકારના આશ્રયે પણ ધર્મ થતો નથી.

### વ્યવહાર રત્નત્રય જડ છે કેમકે ચૈતન્યસ્વભાવને રોકે છે.

ચૈતન્ય સ્વભાવની દ્રષ્ટિમાં દેવ-ગુરુ-શાસ્ત્ર તરફનો રાગ તથા પંચમહાવ્રતાદિનો રાગ તે જડ છે. તે રાગ અને શરીર, કર્માદિમાં કાંઈ તફાવત નથી. પ્રવચનસારમાં કહ્યું હતું કે રાગાદિ પરિણામ ચૈતન્યથી ઉત્પન્ન થયેલા છે, તે કર્મમાંથી ઉત્પન્ન થયા નથી. ત્યાં તો સ્વતંત્રપણે પોતે કરે તો થાય છે–એમ બતાવ્યું છે. અહીં તો કહે છે કે વિકારની પર્યાય સ્વભાવદ્રષ્ટિએ તારી નથી કેમકે તેના આશ્રયે ચૈતન્ય સ્વભાવ રોકાય છે તેથી શરીરાદિમાં અને કષાયમાં કાંઈ તફાવત નથી એટલે કે બન્ને જડ છે.

### આત્માના મલિન પરિણામ પોતાને શરણભૂત નથી માટે જડ છે.

આત્મામાં થતા મલિન પરિણામ હેય છે, ઉપાદેય નથી. ચૈતન્ય માટે તે અશરણ છે, તેથી તેને જડ કહ્યા છે. તે બધો ચૈતન્ય સ્વભાવ નથી પણ જડ સ્વભાવ છે. જેમ શરીરના શરણે લાભ નથી તેમ વિકારના શરણે લાભ નથી. ધર્મને માટે ચૈતન્ય જ્ઞાતા અખંડ દ્રવ્ય એક જ શરણભૂત છે. એ સિવાય કોઈ વિકાર કે પર શરણભૂત નથી.

વિકાર આત્માથી અન્ય છે. આત્મા સાથે એ તન્મય હોય તો જુદા પડે નહિ. જેવી પર ચીજ એવા જ શુભાશુભ ભાવ—બધું એક જ પ્રકારનું છે. નવા શુભ ભાવ કરે તે પણ શરણ નથી તો પૈસા શરણ છે, એ વાત જ નથી.

સાતમી નરક હોય કે સમવસરણ હોય, બન્ને આત્માને શરણ નથી. કરોડો વર્ષ સુધી શુભભાવ કર્યો હોય, અને તેના નિમિત્તે પુણ્ય બંધાયું હોય, તે આત્માને શરણ નથી.

**ભાવાર્થ :—**મિથ્યાત્વાદિ આસ્રવો તો જડસ્વભાવ છે અને જીવ ચેતનસ્વભાવ છે. જો જડ અને ચેતન એક થઈ જાય તો ભિન્ન દ્રવ્યનો લોપ થઈ જાય, એ મોટો દોષ આવે. માટે આત્માને અને આસ્રવોને એકપણું નથી, એ નિશ્ચયનયનો સિદ્ધાંત છે. પુણ્યથી ધર્મ થાય, પરથી લાભ થાય તેવી ભ્રાંતિ અને રાગાદિ છે તે આસ્રવો છે. તે ચૈતન્યને રોકનાર હોવાથી જડસ્વભાવ છે. આત્મા જ્ઞાતા ચૈતન્ય છે. બન્નેનું એકપણું માને તો ચૈતન્યનો લોપ થાય માટે બન્નેનું એકપણું નથી.–એ નિશ્ચયનો સિદ્ધાંત છે. આત્માની પર્યાયમાં વિકાર થાય છે, તે બિલકુલ થતો નથી–એમ કોઈ કહે તો, તે પણ ખોટું છે. ॥૧૧૩—૧૧૫॥

હવે સાંખ્યમતના અનુયાયી શિષ્યપ્રતિ પુદ્‌ગલદ્રવ્યનું પરિણામ સ્વભાવપણું સિદ્ધ કરે છે :—

## ગાથા ૧૧૬—૧૨૦

**જીવમાં સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં કર્મભાવે પરિણમે,**
**તો એવું પુદ્‌ગલદ્રવ્ય આ પરિણમનહીન બને અરે ! ૧૧૬.**
**જો વર્ગણા કાર્મણ તણી નહિ કર્મભાવે પરિણમે,**
**સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે! ૧૧૭.**
**જો કર્મભાવે પરિણમાવે જીવ પુદ્‌ગલદ્રવ્યને,**
**ક્યમ જીવ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે ? ૧૧૮.**
**સ્વયમેવ પુદ્‌ગલદ્રવ્ય વળી જો કર્મભાવે પરિણમે,**
**જીવ પરિણમાવે કર્મને કર્મત્વમાં—મિથ્યા બને. ૧૧૯.**
**પુદ્‌ગલદરવ જે કર્મ પરિણત, નિશ્ચયે કર્મ જ બને;**
**જ્ઞાનાવરણ ઇત્યાદિ પરિણત, તે જ જાણો તેહને. ૧૨૦.**

**અન્વયાર્થ :—**આ પુદ્‌ગલદ્રવ્ય જીવમાં સ્વયં બંધાયું નથી અને કર્મભાવે સ્વયં પરિણમતું નથી, એમ જો માનવામાં આવે તો તે અપરિણામી ઠરે છે; અને

કાર્મણ વર્ગણાઓ કર્મભાવે નહિ પરિણમતાં, સંસારનો અભાવ ઠરે છે અથવા સાંખ્યમતનો પ્રસંગ આવે છે.

વળી જીવ પુદ્ગલદ્રવ્યોને કર્મભાવે પરિણમાવે છે, એમ માનવામાં આવે તો એ પ્રશ્ન થાય છે કે સ્વયં નહિ પરિણમતી એવી તે વર્ગણાઓને ચેતન આત્મા કેમ પરિણમાવી શકે ? અથવા જો પુદ્ગલદ્રવ્ય પોતાની મેળે જ કર્મભાવે પરિણમે છે, એમ માનવામાં આવે તો જીવ કર્મને અર્થાત્ પુદ્ગલદ્રવ્યને કર્મપણે પરિણમાવે છે—એમ કહેવું મિથ્યા ઠરે છે. માટે નિયમથી કર્મરૂપે પરિણમેલું પુદ્ગલદ્રવ્ય કર્મ જ છે તેવી રીતે જ્ઞાનાવરણાદિરૂપે પરિણમેલું પુદ્ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિ જ જાણો.

**ટીકા :—**જો પુદ્ગલદ્રવ્ય પોતાની મેળે જીવના સંબંધમાં આવ્યું થકું કર્મભાવે ન પરિણમે તો તે અપરિણામી ઠરે છે. કર્મ એના કારણે ન બંધાય તો તે જડનું બદલવું સાબિત થતું નથી. જડ પોતે પલટીને કર્મરૂપે થાય છે, આત્માએ તેને કર્યા નથી.

## જો પુદ્ગલદ્રવ્ય સ્વયમેવ કર્મરૂપે ન થાય તો આત્મામાં સંસારનો જ આસ્રવ થાય.

જો પુદ્ગલદ્રવ્ય સ્વયં કર્મરૂપે ન પરિણમે તો કર્મના નિમિત્તપણાનો અભાવ થાય એટલે આત્મામાં વિકાર ન થાય. એમ થતાં, સંસારનો જ અભાવ થાય. કર્મના નિમિત્ત વિનાનો જીવ અસંસારી ઠરે છે. જો કર્મ થતું જ નથી, તો પછી સંસાર કોનો ? જો કર્મ જ ન હોય તો જીવમાં નિમિત્ત જ રહેતું નથી, તેથી સંસાર જ સાબિત થતો નથી.

હવે અહીં કોઈ તર્ક કરે કે જીવ પુદ્ગલદ્રવ્યને કર્મપણે પરિણમાવે છે માટે જીવના સંસારનો અભાવ થતો નથી તો તેનું નિરાકરણ બે રીતે કરવામાં આવે છે :—

જીવ પુદ્ગલદ્રવ્યને કર્મભાવે પરિણમાવે છે તે શું જીવ સ્વયં અપરિણમતા પુદ્ગલદ્રવ્યને કર્મભાવે પરિણમાવે કે સ્વયં પરિણમતાને? એટલે કે પુદ્ગલદ્રવ્ય સ્વયં પરિણમે છે તેને પરિણમાવે છે કે નથી પરિણમતું તેને પરિણમાવે છે?

## (૧) પ્રથમ તો સ્વયં અપરિણમતા દ્રવ્યને પર વડે પરિણમાવી શકાય નહિ.

જો પદાર્થમાં પોતામાં વર્તમાન પરિણમવાની તાકાત નથી તો તેને કોઈ પરિણમાવી શકે નહિ. કેમ કે જેનામાં સ્વતઃ શક્તિ ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ. માટે પ્રથમ પક્ષ અસત્ય છે. લાકડામાં ઊંચું થવાની તાકાત ન હોય તો આંગળી તેને ઊંચું કરી શકે નહિ. પુદ્ગલ પોતે કર્મરૂપે થાય નહિ તો આત્મા તેને પરિણમાવે નહિ. કર્મમાં શક્તિ નથી તો આત્મા તે આપી શકે નહિ.

## (૨) સ્વતઃ પરિણમતા પદાર્થને પર પરિણમાવનારની અપેક્ષા હોય નહિ.

પુદ્ગલદ્રવ્ય પોતે કર્મરૂપે થાય છે તો તે જીવની અપેક્ષા રાખતું નથી. લાકડી સ્વયં ઊંચી થાય છે તે આંગળીની અપેક્ષા રાખતી નથી. કારણ કે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી. માટે બીજો પક્ષ પણ અસત્ય છે. કર્મમાં પલટવાની શક્તિ છે તો તે પરની અપેક્ષા રાખતું નથી. ઘડો માટીમાંથી તેના કારણે થાય છે, તે કુંભારની અપેક્ષા રાખતો નથી. કર્મ શાતાવેદનીયરૂપે પરિણમ્યું છે તે આત્મામાં પુણ્યભાવ થયા માટે પરિણમ્યું છે, એમ અપેક્ષા રાખતું નથી.

શિષ્યમાં પોતામાં સમજવાની તાકાત ન હોય તો કોઈ આપી શકે નહિ અને જો એનામાં તાકાત છે તો તે પરની અપેક્ષા રાખે છે, તે વાત ખોટી છે. શરીરમાં રોગ છે તેને દવા બદલાવે નહિ. રોગને દવા બદલાવે છે કે એનાથી બદલે છે ? રોગ એનાથી બદલે છે તો તે દવાની અપેક્ષા રાખતો નથી. આત્મામાં ક્ષેત્રાંતર થવાની શક્તિ છે તો ક્ષેત્રાંતર થાય છે. શરીરના કારણે ક્ષેત્રાંતર થતું નથી. આકાશમાં ક્ષેત્રાંતર થવાનો સ્વભાવ નથી તો તેને કોઈ આપી શકે નહિ. જો પર દ્રવ્યની અપેક્ષા રાખતું હોય તો આકાશનો કટકો ફેરવી દે, પણ એમ બનતું નથી.

કર્મમાં જ્ઞાનાવરણીયાદિરૂપે થવાની તાકાત છે કે નહિ ? કે આત્માથી થાય છે ? કર્મમાં તેની શક્તિના કારણે પરિણમન થાય છે. આયુષ્ય કર્મના કારણે આત્માને અહીં રહેવું પડે, એ વાત ખોટી છે. આત્મા આત્માના કારણે અને જડ જડના કારણે છે. દરેક પદાર્થની સમય સમયની પર્યાય સ્વતંત્ર છે. જ્ઞાનાવરણીયમાં સમયે સમયે પરિણમવાની શક્તિ છે. જો એનામાં શક્તિ ન હોય તો બીજો આપે એમ ત્રણકાળમાં બનતું નથી, માટે બન્ને પક્ષ મિથ્યા છે.

પૈસો પુણ્યના કારણે આવે છે ને પાપના કારણે જાય છે, એમ કહેવામાં આવે તો પૈસામાં આવવા—જવાની તાકાત માની નહિ. જો તેનામાં તાકાત ન હોય તો પુણ્ય તેને લાવી શકે નહિ પણ પૈસાની પરિણતિ સ્વતંત્ર છે, તે પુણ્યની અપેક્ષા રાખતી નથી. પુણ્યને લઈને આવે છે, એમ કહેવું તે વ્યવહારનું કથન છે. બહુ હોશિયાર માણસ હોય તો પૈસા બરાબર સાચવી રાખે અને હોશિયાર બાઈ હોય તો રસોઈ બરાબર કરે તે વાત ખોટી છે. કેમ કે તે તે વસ્તુ સ્વયં પરિણમે છે, તે કોઈ પરની અપેક્ષા રાખતી નથી. માટે કર્મ તેના કારણે પરિણમે છે. આત્માના કારણે પરિણમતું નથી માટે પરબુદ્ધિ ટાળીને સ્વભાવબુદ્ધિ કરવી એ પ્રયોજન છે.

**

# પ્રસાદ નં. ૧૪૦

## સમયસાર ગાથા ૧૧૬—૧૨૦

(ફાગણ સુદ ૧૦, રવિવાર, ૨૦૦૭)

## પુદ્‌ગલદ્રવ્ય સ્વતઃ પરિણમનશીલ છે માટે પુદ્‌ગલદ્રવ્ય પોતાની પર્યાયનો કર્તા છે.

પુદ્‌ગલ દ્રવ્યો સ્વયમેવ પરિણમન શક્તિવાળાં ન હોય તો બીજો પદાર્થ તેને પરિણમાવી શકે નહિં અને તે પોતે પરિણમન શક્તિવાળાં છે તો બીજાની અપેક્ષા હોઈ શકે નહિ. જેમ ઘડારૂપે પરિણમેલી માટી પોતે જ ઘડો છે તેમ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય વગેરે કર્મરૂપે પરિણમેલું પુદ્‌ગલદ્રવ્ય જ પોતે જ્ઞાનાવરણાદિ કર્મ છે.

આ રીતે પુદ્‌ગલદ્રવ્યનું પરિણામ સ્વભાવપણું સિદ્ધ થયું. ॥૧૧૬—૧૨૦॥

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

### કળશ ૬૪

**અર્થ :—**આ રીતે પુદ્‌ગલ દ્રવ્યની સ્વભાવભૂત પરિણમન શક્તિ નિર્વિઘ્ન સાબિત થઈ. જ્ઞાનાવરણીય વગેરે આઠ કર્મરૂપે પુદ્‌ગલ દ્રવ્ય પોતે પરિણમે છે, આત્માનો વિકાર તેને પરિણમાવતો નથી. પુદ્‌ગલ દ્રવ્ય પોતાના ભાવને કરે છે, માટે તેનો પુદ્‌ગલદ્રવ્ય જ કર્તા છે.

**ભાવાર્થ :—**સર્વ દ્રવ્યો પરિણમન સ્વભાવવાળાં છે. તેથી પોતપોતાના ભાવના પોતે જ કર્તા છે. પુદ્‌ગલદ્રવ્ય પણ પોતાના જે ભાવને કરે છે, તેનો પોતે જ કર્તા છે.

હવે જીવનું પરિણામીપણું સિદ્ધ કરે છે :—

### ગાથા ૧૨૧—૧૨૫

**કર્મે સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં ક્રોધભાવે પરિણમે,**
**તો જીવ આ તુજ મત વિષે પરિણમનહીન બને અરે ! ૧૨૧.**

**ક્રોધાદિભાવે જો સ્વયં નહિ જીવ પોતે પરિણમે,**
**સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે! ૧૨૨.**
**જો ક્રોધ—પુદ્‌ગલકર્મ–જીવને પરિણમાવે ક્રોધમાં,**

**ક્યમ ક્રોધ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે ? ૧૨૩.**
**અથવા સ્વયં જીવ ક્રોધ ભાવે પરિણમે—તુજ બુદ્ધિ છે,**
**તો ક્રોધ જીવને પરિણમાવે ક્રોધમાં—મિથ્યા બને. ૧૨૪.**
**ક્રોધોપયોગી ક્રોધ, જીવ માનોપયોગી માન છે,**
**માયોપયુત માયા અને લોભોપયુત લોભ જ બને. ૧૨૫.**

**અન્વયાર્થ :—**સાંખ્યમતના અનુયાયી શિષ્ય પ્રતિ આચાર્ય કહે છે કે, હે ભાઈ ! આ જીવ કર્મમાં સ્વયં બંધાયો નથી અને ક્રોધાદિ ભાવે સ્વયં પરિણમતો નથી, એમ જો તારો મત હોય તો તે જીવ અપરિણામી ઠરે છે; અને જીવ પોતે ક્રોધાદિ ભાવે નહિ પરિણમતાં, સંસારનો અભાવ ઠરે છે અથવા સાંખ્યમતનો પ્રસંગ આવે છે.

વળી પુદ્‌ગલકર્મ જે ક્રોધ, તે જીવને ક્રોધપણે પરિણમાવે છે, એમ તું માને તો એ પ્રશ્ન થાય છે કે સ્વયં નહિ પરિણમતા એવા તે જીવને ક્રોધ કેમ પરિણમાવી શકે ? અથવા જો આત્મા પોતાની મેળે ક્રોધ ભાવે પરિણમે છે, એમ તારી બુદ્ધિ હોય તો ક્રોધ જીવને ક્રોધપણે પરિણમાવે છે, એમ કહેવું મિથ્યા ઠરે છે.

માટે એ સિદ્ધાંત છે કે ક્રોધમાં ઉપયુક્ત અર્થાત્ જેનો ઉપયોગ ક્રોધાકારે પરિણમ્યો છે એવો આત્મા ક્રોધ જ છે, માનમાં ઉપયુક્ત આત્મા માન જ છે, માયામાં ઉપયુક્ત આત્મા માયા છે, અને લોભમાં ઉપયુક્ત આત્મા લોભ જ છે.

## આત્મા અપરિણામી હોય તો આ સંસાર કેનો ?

**ટીકા :—**જીવ જડ કર્મમાં બંધાયો નથી પણ પોતાના પરિણામના વખતે પોતાના ભાવમાં બંધાએલો છે. પોતાના જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવનાં શ્રદ્ધા—જ્ઞાન નહિ કરતાં સ્વભાવની રુચિ છોડીને પુણ્ય પાપ વગેરે ભાવોની રુચિ કરીને, પુણ્ય પાપને ઉપાદેય માને છે. તેને સ્વની અરુચિ એટલે અનંતાનુબંધીનો ક્રોધ વર્તે છે. કર્મનો ઉદય આવે ત્યારે જીવને તેમાં જોડાવું જ પડે તો જીવનો પરિણામી સ્વભાવ સાબિત થતો નથી. આત્મા બદલ્યા વિનાનો કૂટસ્થ થઈ જાય, એમ બની શકે નહિ. સમયે સમયે ક્રોધ, માન, માયા, લોભ આદિના ભાવરૂપે આત્મા બદલતો ન હોય તો સંસારનો જ અભાવ થઈ જાય. તો પછી આ સંસાર કેનો ? સંસાર જડનો નથી. સ્ત્રી, પુત્ર, ધંધો, દુકાન વગેરે બાહ્ય પદાર્થો સંસાર નથી. સંસાર સ્વદ્રવ્યની વિકારી પર્યાય છે. આત્મા બદલતો નથી એમ દલીલ સ્વીકારવામાં આવે તો સંસારના અભાવનો પ્રસંગ આવે પણ વસ્તુ સ્થિતિ એમ નથી, માટે તે દલીલ ખોટી છે. ॥

## "કર્મના ઉદય પ્રમાણે જીવને પરિણામ કરવા જ પડે, તેથી સંસારનો અભાવ થતો નથી." આમ શિષ્ય ઊંધો તર્ક કરે છે.

હવે અહીં શિષ્ય તર્ક કરે છે કે ક્રોધાદિક પુદ્‌ગલ કર્મની પ્રકૃતિઓ છે. તે જીવને ક્રોધ વગેરે ભાવરૂપ પરિણમાવે છે, તેથી સંસારનો અભાવ થતો નથી. આત્મામાં સંસારના અભાવનો પ્રસંગ કેવી રીતે નહિ આવે તે માટેની શિષ્ય દલીલ કરે છે :—જેમ કે મિથ્યાદર્શનનો ઉદય આવે એટલે જીવને મોહ કરવો જ પડે, જેટલા પ્રમાણમાં સ્થિતિ અને રસવાળાં કર્મો ઉદયમાં આવ્યાં હોય તેટલા પ્રમાણમાં જીવને પરાણે જોડાવું પડે. બૈરાં—છોકરાં, દુકાન, ધંધો ગળે વળગ્યાં છે માટે જીવને ધંધાના ભાવમાં જોડાવું જ પડે. કાટ ખાયેલી સોયની જેમ નિધ્ધત કર્મોને ગરમ કરેલી સોયની જેમ નિકાચિત કર્મો આત્માને ચોટી પડ્યાં છે, તેના ઉદય અનુસાર આત્માને વિકાર કરવો જ પડે ને અનંત સંસારમાં રખડવું પડે છે. જડ કર્મમાં વેદનનો ઉદય આવે તો પરને ભોગવવાના ભાવ જીવ કરે જ. તેમ જ હાસ્ય, રતિ, અરતિ વગેરે પ્રકૃતિના ઉદય પ્રમાણે જીવ ભાવ કરે જ. નિગોદના જીવ બિચારા મન વગરના છે. તેને તો જેવો જેવો પ્રચુર કર્મનો ઉદય આવે તેવા ભાવ કરવા પડે છે. કારણ કે બીજાં નિમિત્તો કરતાં કર્મરૂપ નિમિત્તમાં ફેર છે. કર્મ તે પ્રેરક નિમિત્ત છે, જેથી કર્મના ઉદય પ્રમાણે જીવને પરિણમવું પડે છે ને તેથી સંસારનો અભાવ થતો નથી, એમ શિષ્ય આ બધી ઊંધી દલીલો કરે છે.

હવે શિષ્યના તર્કનું સમાધાન બે પક્ષ લઈને કરવામાં આવે છે :—ક્રોધ, માન, માયા વગેરે જડ પ્રકૃતિઓ ઉદયમાં આવીને જીવને પરિણમાવે છે—એમ તું કહે છે, તો તને પૂછીએ છીએ કે તે પ્રકૃતિઓ અપરિણમતા જીવને પરિણમાવે છે કે સ્વયં પરિણમતા જીવને પરિણમાવે છે ?

## "જીવ અપરિણમનશીલ હોય તો બીજા કોઈપણ પદાર્થો તેને પરિણમાવી શકે નહિં".

તું એમ કહે કે તે કર્મો અપરિણમતા જીવને પરિણમાવે છે, તો જે વસ્તુમાં પરિણમવાની શક્તિ ન હોય તેને લાખો સંયોગો મળે તો પણ તે પરિણમી શકે નહિ, કારણ કે જે વસ્તુમાં જે શક્તિ ન હોય તે બીજો કોઈ આપી શકે નહિ. જેમ તું કહે કે શિક્ષકને લીધે જ છોકરા ભણે છે, જો તેમ હોય તો પાડાને શિક્ષક પાસે બેસાડવાથી પાડો છોકરાની જેમ ભણવો જોઈએ, પણ પાડા ભણતા દેખાતા નથી, કારણ કે એ પ્રકારના જ્ઞાનના ઉઘાડની યોગ્યતા પાડામાં નથી, તો શિક્ષક શું કરે ?

વળી જો તારી એમ માન્યતા હોય કે કર્મો આત્માની લાયકાત વગર આત્માને પરિણમાવે છે, એમ હોય તો, જ્યારે જ્ઞાનાવરણીયનો ઉદય હોય ત્યારે જીવને પોતાની યોગ્યતા ન હોવા છતાં જ્ઞાનની હીનતા કરવી જ પડે, તો પોતાને કેવળજ્ઞાન પ્રગટવાનો અવસર રહેશે નહિ.

દર્શનાવરણીયનો ઉદય હોય ત્યારે દર્શનની હીનતા કરવી જ પડે તો પોતાને કેવળ દર્શન પ્રગટવાનો અવસર રહેશે નહિ. મોહનીયના ઉદય વખતે ભ્રાન્તિ કરવી જ પડે તો જીવ ભ્રાન્તિ રહિત કદી થઈ શકે નહિ. "અમારે તો ઘણું વીર્ય ફોરવવું હતું પણ વીર્યાંતરાયને લીધે પુરુષાર્થ કરી શકતા નથી. દાન દેવાનો ભાવ ઘણો હતો પણ કર્મના ઉદયના લીધે દાન આપી શકતા નથી. ભોગાંતરાય કર્મ મંદ પડે તો સ્વરૂપને ભોગવી શકાય ને તે કર્મ તીવ્ર હોય તો વિભાવને ભોગવવો પડે" એવી જો તારી માન્યતા હોય તો જીવને પોતામાં પુરુષાર્થ ફોરવી મુનિપણું અંગીકાર કરી અનંત વીર્ય પ્રગટાવવાનો, પોતાના સ્વરૂપનું દાન દેવાનો, પોતાના સ્વરૂપનો ભોગવટો કરવાનો પ્રસંગ રહેતો નથી.

વળી કર્મના ઉદય પ્રમાણે પરિણામ કરવા જ પડે તો નિગોદમાં કર્મનો ઉદય તીવ્ર છે તો નિગોદનો જીવ કદી પણ મનુષ્ય થઈ કેવળજ્ઞાન પામી શકે નહિ.

લૌકિકમાં કહેવત છે કે જણનારીમાં જોર ન હોય તો સુયાણી શું કરે ? તેમ જીવમાં સ્વતઃ શક્તિ ન હોય તો બાહ્ય પદાર્થો શું કરે ? ધર્માસ્તિકાય દ્રવ્ય બધે રહેલું છે. જ્યારે જીવની પોતાની ચાલવાની યોગ્યતા પર્યાયમાં હોતી નથી, ત્યારે ધર્મદ્રવ્ય તેને પરાણે ચલાવી દે છે ? બાહ્ય પદાર્થને ધર્મદ્રવ્ય ચલાવી દેતું હોય તો બધા પદાર્થો ચાલવા જ જોઈએ, કોઈ પદાર્થ સ્થિર રહેવો ન જોઈએ, પણ એમ તો બનતું નથી, માટે અપરિણમન શક્તિવાળા પદાર્થોને બાહ્ય કોઈ પદાર્થ પરિણમાવી શકે નહિ, આમ તારી પ્રથમ દલીલ ખોટી છે. દરેક પદાર્થ સ્વતઃ પોતાની પરિણમન શક્તિની વર્તમાન સમય સમયની પરિણમન શક્તિની યોગ્યતા અનુસાર પરિણમી રહ્યો છે,કોઈ બાહ્ય પદાર્થ અથવા કર્મ તેને પરિણમાવતું નથી ॥

## જીવ સ્વતઃ પરિણમનશીલ છે તો તેના પરિણમન માટે તેને બીજા પદાર્થની અપેક્ષા નથી.

હવે જે પદાર્થો સ્વયં પોતાની સમય સમયની લાયકાત અનુસાર પરિણમે છે તેને બીજા પરિણમાવનારની અપેક્ષા રહેતી નથી, કારણ કે વસ્તુની સ્વતઃ

શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી. જીવ પોતે પોતાના કારણે જ્ઞાન દર્શનની હીણતા વગેરે રૂપે પરિણમે છે માટે તે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય વગેરે આઠ કર્મની પ્રકૃતિની અપેક્ષા રાખતો નથી. સિધ્ધના જીવો પોતે પોતાના કારણે પલટન પામી રહ્યા છે, તો પછી કાળ દ્રવ્ય છે માટે પરિણમે છે, એવી અપેક્ષા રહેતી નથી. ગતિની યોગ્યતાવાળા જીવો પોતાના કારણે ગતિ કરે છે, માટે ધર્માસ્તિકાય છે, તો જીવ ગતિ કરે છે એવી અપેક્ષા રહેતી નથી. ગતિમાન પદાર્થો પોતાના કારણે સ્થિર રહે છે. તો પછી અધર્માસ્તિકાય છે માટે તે સ્થિર રહે છે, એવી અપેક્ષા રહેતી નથી. કેવળજ્ઞાનરૂપે સ્વતઃ જીવ પરિણમે છે, માટે કેવળજ્ઞાનાવરણીય ટળે તો કેવળજ્ઞાન પ્રગટે, એવી અપેક્ષા રહેતી નથી. જીવ પોતાના કારણે ક્ષાયિક સમ્યક્દર્શન પ્રગટ કરે છે, તો પછી દર્શન મોહનીય કર્મ ક્ષય થાય તો પ્રગટે અથવા શ્રુતકેવળી કે કેવળીની હાજરી હોય તો પ્રગટે એવી અપેક્ષા રહેતી નથી. માટી પોતાના કારણે ઘડારૂપ થાય છે, તો પછી કુંભાર આવ્યો માટે થઈ, એવી અપેક્ષા રહેતી નથી. માટે નિગોદથી માંડીને સિધ્ધ સુધીના બધા જીવો અનાદિ અનંત પોતાની સ્વતઃ શક્તિથી પરિણમન કરી રહ્યા છે—બદલી રહ્યા છે, વિકારીરૂપે કે અવિકારીરૂપે, સ્થિરરૂપે કે ગતિરૂપે, વ્યંજન પર્યાય હો કે અર્થ પર્યાય હો—દરેક પર્યાયનું—વર્તમાન પરિણમન સ્વતઃ થઈ રહ્યું છે. અહીં દ્રવ્ય ધ્રુવની વાત નથી. સમય સમયનો પર્યાય સ્વતઃ થઈ રહ્યો છે. તેમાં બીજા જીવની, કર્મોની અથવા જડ સંયોગોની—અપેક્ષા હોતી નથી. દરેક પર્યાય સત્ અહેતુક છે.

## જ્ઞાની જીવ પરપદાર્થને વિકારનું કારણ માનતા નથી.

રામ સમ્યગ્દ્રષ્ટિ હતા પણ ચારિત્ર મોહનીયનો તીવ્ર ઉદય આવ્યો માટે સીતાની તપાસ માટે ઝાડે ઝાડે પૂછે છે. વળી લક્ષ્મણના મડ્દાને છ માસ રામે રાખ્યું ને ચારિત્ર મોહ શાંત થયો પછી વૈરાગ્ય આવ્યો, એમ જે જીવો માને છે, તે બરાબર નથી. સમ્યગ્દ્રષ્ટિ જીવને ચારિત્રમોહનીય કર્મને લીધે રાગ થતો નથી. સીતાજી માટે રાગ થયો નથી. વળી કોઈવાર સમ્યગ્દ્રષ્ટિ તીર્થંકર ભગવાનના સમવસરણમાં હોય તો ત્યાં ભગવાનને જોઈને શુભરાગ થતો નથી. તે તે વખતે ચારિત્ર ગુણની વિપરીત અવસ્થાનો રાગનો કાળ હતો, માટે રાગ થયો છે. તે નિમિત્તથી થયો નથી, કર્મે કરાવ્યો નથી, સ્વભાવમાં રાગ છે નહિ. તે વખતે પણ સ્વભાવનું ભાન વર્તે છે. વિશેષ પુરુષાર્થ કરી રાગ ટાળી વીતરાગ થઈ જશે.

## અજ્ઞાનીની ભ્રમણા

અજ્ઞાની જીવ માને છે કે દુશ્મન આવ્યો માટે દ્વેષ થયો, બીજાએ ગાળ દીધી માટે ક્રોધ થયો, લાડવામાં કાંકરી આવી માટે અણગમો થયો, તો તને પૂછવામાં આવે છે કે તે તે વખતે ક્રોધના પરિણમનરૂપે થવાનો તારો પર્યાય સ્વભાવ ન હતો ? જો તું અપરિણામી હોય તો દુશ્મન, કાંકરી, ગાળો વગેરે એ તને શું કર્યું ? પરાણે પરિણમાવી દ્યે ? અપરિણામી પદાર્થને કોઈ પરાણે પરિણમાવી શકે નહિ ને જો તું સ્વતઃ તારા કારણે રાગરૂપ થયો છે, તો આ પદાર્થ આવ્યો માટે દ્વેષ થયો, તેવી અપેક્ષા રહેતી નથી.

## જીવ પોતે જ વિકારી ભાવનો કર્તા છે.

આ રીતે જે તર્ક ઉઠાવ્યો હતો, તે અસત્ય છે. તેથી જીવ સ્વતઃ પરિણમન સ્વભાવવાળો નક્કી થાય છે. આમ હોવાથી જેવી રીતે ગરુડના ધ્યાનરૂપે પરિણમેલો મંત્રસાધક પોતે ગરુડ છે, તેવી રીતે ચૈતન્યની જાગૃતિને રોકે તેવા અજ્ઞાનરૂપ જે જીવ પરિણમ્યો છે, એવો જીવ જ પોતે ક્રોધ, માન, માયા, લોભ આદિ રૂપ થયો છે. જીવ પોતે જ પોતાના ક્રોધાદિ ભાવનો કર્તા છે, પણ કર્મે અથવા પર પદાર્થે તેને ક્રોધાદિ રૂપ કર્યો નથી. આમ જીવનું પરિણમન સ્વભાવપણું નક્કી થયું.

આ પ્રમાણે પોતાની વિકારી પર્યાય જીવ સ્વતંત્ર કરે છે, એમ નક્કી કરે તો પર ઉપરથી લક્ષ ઉઠાવી, સ્વ તરફ કરે. આ તરફ જોતાં સ્વદ્રવ્ય તો વિકાર રહિત છે, એમ જ્ઞાન થતાં ત્રિકાળ ઉપરથી પણ લક્ષ ખસી જાય છે અને દ્રવ્ય દ્રષ્ટિ થાય છે. આમ દ્રવ્યદ્રષ્ટિ થવી તે ધર્મનું કારણ છે.

**

# <u>પ્રસાદ નં. ૧૪૧</u>

## <u>સમયસાર ગાથા ૧૨૧—૧૨૫</u>

(ફાગણ સુદ ૧૧, સોમવાર, ૨૦૦૭)

જીવ વિકારી તથા અવિકારી પરિણામનો પોતે કર્તા છે.

**<u>ભાવાર્થ :—</u>**જીવ પરિણામ સ્વભાવ છે. સમયે સમયે પલટવાનો સ્વભાવ સ્વયંસિદ્ધ છે. જ્યારે પોતે પોતાનો સ્વભાવ ચૂકીને વિકાર ને સંયોગની રુચિ કરે છે ત્યારે પોતે ક્રોધાદિરૂપે જ થાય છે, પણ કર્મને આધીન નથી, એમ જાણવું.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

## <u>કળશ ૬૫</u>

**<u>અર્થ :—</u>**આ રીતે જીવની સ્વભાવભૂત પરિણમનશક્તિ નિર્વિઘ્ન નક્કી થઈ. આ આત્મા પરિણમતો ન હોય તો પરની તાકાત નથી કે એને વિકારરૂપે પરિણમાવી શકે ને જીવ પોતે વિકારરૂપે પરિણમે છે તો બીજાની અપેક્ષાની શી જરૂર છે ?

## હે ભાઈ, શરીર ખોખું ખાખ થઈ જવાનું છે, તો તે ખોખા માટે આત્માની પર્યાય ખાખ કરીશ નહિ.

**<u>ભાવાર્થ :—</u>**જીવ શુભાશુભ ભાવે અથવા શુદ્ધભાવે પોતે પરિણમે છે ને તેનો કર્તા થાય છે. જીવને પૂર્વના વિકારી ભાવ સાથે સંબંધ નથી. ત્રિકાળ ને વર્તમાન—બેને સંબંધ છે. તારા પરિણામ પરને લીધે નથી. <u>**હે ભાઈ, આ શરીર ખોખું તો ખાખ થઈ જવાનું છે. તે ખોખા માટે તારા આત્માની પર્યાયને ખાખ કરીશ નહિ.**</u> પરનો આશ્રય લઈશ નહિ, એમ કહે છે. કર્મનો ઉદય આવ્યો માટે રોકાવું પડ્યું. બૈરાં—છોકરાં વગેરે માટે રોકાવું પડ્યું, દુકાન માટે રોકાવું પડ્યું, એ બધી સંયોગી દ્રષ્ટિ કાઢી નાખજે. તે બધા પદાર્થો માટે તું શા માટે તારા પરિણામ બગાડે છે ? તે કોઈ તને નડતા નથી. ત્યારે શું નડે છે? તારી પોતાની સંયોગીબુદ્ધિ આડી આવે છે. <u>સંસારની દુકાન ઉઠાવવી હોય ને સિદ્ધની દુકાન કરવી હોય તેને માટે આ વાત છે.</u> સ્વતંત્ર પર્યાય નક્કી કરે તો તે જીવને શુદ્ધ ચૈતન્ય સ્વભાવનો સ્વીકાર થયા વિના રહે નહિ ને સ્વભાવનો સ્વીકાર થયા વિના રહે નહિ. ને સ્વભાવનો સ્વીકાર કરતાં સમ્યક્ શ્રદ્ધા—જ્ઞાન પ્રગટે છે. ।।૧૨૧—૧૨૫।।

જ્ઞાની જ્ઞાનમય ભાવનો અને અજ્ઞાની અજ્ઞાનમય ભાવનો કર્તા છે, એમ હવે કહે છે :—

## ગાથા ૧૨૬

**જે ભાવને આત્મા કરે, કર્તા બને તે કર્મનો;**
**તે જ્ઞાનમય છે જ્ઞાનીનો, અજ્ઞાનમય અજ્ઞાનીનો. ૧૨૬.**

**અન્વયાર્થ :—**આત્મા જે ભાવને કરે છે, તે ભાવરૂપ કર્મનો તે કર્તા થાય છે; જ્ઞાનીને તો તે ભાવ જ્ઞાનમય છે અને અજ્ઞાનીને અજ્ઞાનમય છે.

## જ્ઞાનીના સર્વ ભાવો જ્ઞાનમય જ છે.

**ટીકા :—**આ રીતે આ આત્મા સ્વયમેવ પરિણામસ્વભાવવાળો છે, બીજો કોઈ પરિણામ કરાવતો નથી. નિમિત્તની રુચિ, વિકારની રુચિ, વર્તમાનપર્યાય ઉપરની રુચિ છોડી પોતાના સ્વભાવની રુચિ કરી શ્રદ્ધા—જ્ઞાનરૂપી ભાવ કરે તો તે ભાવનો આત્મા પોતે કર્તા થાય છે ને તે ભાવ તેનું કાર્ય છે.

## જ્ઞાની જીવના બધા ભાવો જ્ઞાનમય જ છે.

(૧) જ્ઞાની કર્મને અત્યંત ભિન્ન સમજે છે માટે કોઈ કર્મ રાગ—દ્વેષ કરાવવા સમર્થ નથી, એમ જાણે છે.

(૨) કોઈ કર્મનો ઉદય અત્યંત આકરો આવ્યો તે તેના ખ્યાલમાં આવી ગયું પણ તે આકરા કર્મને લીધે મને રાગ થાય, એમ તે માનતો નથી. તેમ જ તે કર્મનો ઉદય છે, માટે જ્ઞાન થયું, એમ પણ માનતા નથી. જ્ઞાન સ્વતંત્ર થાય છે.

૩. વળી કોઈ દુશ્મન ઉપસર્ગ આપે છે માટે મને દ્વેષ થાય છે અથવા ઘોર નિંદાના વચનો બોલે છે માટે મને દ્વેષ થાય છે, એમ જ્ઞાની માનતા નથી અને કોઈ શરીરે ચંદન ચોપડે છે માટે રાગ થાય છે અથવા સાચા દેવ-ગુરુ મળ્યા માટે મને રાગ થાય છે, એમ જ્ઞાની માનતા નથી. રાગ-દ્વેષનું કારણ પોતાની નબળાઈ છે, એમ તે જાણે છે.

૪. વળી ભગવાનની દિવ્યધ્વનિ કાને પડી, માટે જ્ઞાન થયું એમ માનતા નથી પણ જ્ઞાન સ્વતંત્ર છે. શુભરાગને લીધે અથવા વાણીને લીધે જ્ઞાન થયું, એમ તે માનતા નથી.

૫. જ્ઞાની પોતાના આત્માને શુદ્ધ સ્વભાવ જ્ઞાતાદ્રષ્ટા માને છે, સંયોગ ઉપરની રુચિ હઠી ગઈ છે. એક એક સમયની પર્યાય સ્વતંત્ર છે. તે પરને લીધે નથી તેમજ પૂર્વ પર્યાયને લીધે નથી. પૂર્વે અમુક ભાવ કર્યા માટે વર્તમાનમાં આવો ભાવ થયો, એમ જ્ઞાની માનતા નથી. વળી વર્તમાનમાં એક ગુણની પર્યાય એવા અનંતગુણની અનંત પર્યાયો એકી સમયે છે. છતાં એક ગુણની એક પર્યાય, બીજા ગુણની પર્યાયને લીધે નથી. ચારિત્રગુણની પર્યાય, દર્શનગુણની પર્યાયને લીધે નથી. આમ વિકાર રહિત, ગુણભેદ રહિત, પરાધીનતા રહિત પોતાના સ્વભાવને જાણે છે.

૬. આવી દ્રષ્ટિ થઈ છે, રાગની રુચિ નથી. પણ સાધકદશા છે તેથી હજી પોતાની નબળાઈને કારણે રાગ થાય છે, તે રાગનો કર્તા નથી પણ રાગનું જ્ઞાન પણ વ્યવહારે કરે છે. રાગમાં તન્મય થઈને રાગને જાણતા નથી. પણ નિશ્ચયથી પોતાના સ્વભાવને જાણતાં રાગને વ્યવહારે જાણે છે. રાગને જાણે છે એમ કહેવું તે ઉપચાર છે. નિશ્ચયથી તો પોતાને જાણે છે.

આવી સાચી માન્યતાના કારણે જ્ઞાનીના સર્વભાવો જ્ઞાનમય જ છે.

## જ્ઞાનીને સ્વ-પર વિવેકને લીધે આત્મખ્યાતિ ઉદય પામી છે.

આ પ્રમાણે જ્ઞાની જડ-ચેતનને અત્યંત ભિન્ન સમજે છે. શરીરની તથા ભાષાની ક્રિયા સ્વતંત્ર છે, તેના ઉપરની કર્તાબુદ્ધિ ટળી ગઈ છે. ગયાકાળના ભાવ તો જે થઈ ગયા તે થઈ ગયા, મારે તેની સાથે સંબંધ નથી. મારે તો વર્તમાનમાં મારી પર્યાયને દ્રવ્ય સાથે સંબંધ છે. આમ પરપદાર્થો ને પરભાવો ઉપરથી રુચિ ટળી ગઈ છે તેથી સ્વ-પરના વિવેક વડે જ્ઞાનીને આત્માની પ્રસિદ્ધિ અત્યંત ઉદય પામી છે. અહો ! હું તો ઘણા શુભભાવો કરી નવમી ગ્રૈવેયકનો દેવ થયો, એમાં પણ મારી આબરૂ ન હતી પણ **સ્વ સાથે સંબંધ બંધાતા સ્વ-પર વિવેક જ્યોતિ ઉદય પામી છે તેમાં મારી આબરૂ ને ખ્યાતિ છે. એમ જ્ઞાનીને આત્માની ખ્યાતિ ઉદય પામી છે.** (અમૃતચંદ્રાચાર્ય મહારાજની સમયસાર ઉપરની ટીકાનું નામ 'આત્મખ્યાતિ' છે.) આમ જ્ઞાની બાહ્ય રાગદ્વેષના પ્રસંગમાં હોવા છતાં તે જડની ક્રિયા ને રાગ-દ્વેષના ધણી થતા નથી. તે સ્વ-પર ભેદવિજ્ઞાન ટકાવે છે તેથી રાગદ્વેષ હોવા છતાં પણ જ્ઞાનીને આત્માની ખ્યાતિ અત્યંત ઉદય પામી છે.

## અજ્ઞાનીને સ્વ-પર એકત્વબુદ્ધિના કારણે આત્મખ્યાતિ અત્યંત અસ્ત પામી છે.

અજ્ઞાનીને પરપદાર્થો સાથે એકત્વબુદ્ધિ વર્તે છે. નિમિત્તથી ને રાગથી ધર્મ માને છે. તેને સંયોગ ઉપર જ દ્રષ્ટિ છે. તેને સમ્યક્પ્રકારે સ્વપરનો વિવેક નહીં હોવાને લીધે.

ભિન્ન આત્માની ખ્યાતિ અસ્ત પામી છે એટલે પહેલાં ખ્યાતિ ઉદય પામી હતી ને પછી અસ્ત પામી, એવો એનો અર્થ નથી પણ સંયોગી દ્રષ્ટિવાળાને આત્મજ્યોતિ પ્રગટતી જ નથી એટલે ખ્યાતિ અત્યંત અસ્ત થઈ ગઈ છે, એમ કહેવામાં આવ્યું છે. તેની દ્રષ્ટિ પર ઉપર જ છે. ધર્મ પામવા માટે ભગવાનનું નિમિત્ત મેળવવું જોઈએ ને રાગ કરવો જોઈએ, એવી તેની દ્રષ્ટિ મિથ્યા છે.

(૧) પોતાની પર્યાયને પોતાના શુદ્ધ સ્વભાવની સાથે મેળવવી જોઈએ, એમ નહિ માનતાં પોતાની પર્યાયને ભગવાન સાથે—નિમિત્ત સાથે મેળવવા જાય છે. તે નિમિત્ત મેળવવાની રુચિ તે ભ્રાંતિ છે, કારણ પરપદાર્થો મેળવ્યા મેળવાતા નથી, તે પૂર્વનાં પુણ્યના નિમિત્તે મળે છે.

(૨) પોતાના શુદ્ધ સ્વભાવનો આશ્રય લેવો જોઈએ, તેમ નહિ માનતાં કેવળી કે શ્રુતકેવળીનો આશ્રય લેવો જોઈએ ને તેનાથી ક્ષાયિક સમકિત પ્રગટ થશે—એમ માને છે, તે તેની ભ્રાંતિ છે. કારણ કે સમકિત તો પોતાના સ્વભાવના આશ્રયે પ્રગટ થાય છે, ભગવાનના આશ્રયે થતું નથી.

(૩) તીર્થંકર નામકર્મ બાંધવા ઉપર તેમ જ તે કર્મ બાંધવા માટેના શુભરાગ ઉપર દ્રષ્ટિ છે તે રાગની ભાવના ને કર્મબંધની ભાવના કરી રહ્યો છે. પણ શુદ્ધ સ્વભાવની ભાવના કરતો નથી તેથી તે મિથ્યાત્વ બાંધી રહ્યો છે.

(૪) નિમિત્ત-નૈમિત્તિક સંબંધ દ્રવ્યમાં હોતો નથી, પણ પર્યાયમાં હોય છે ને તે વર્તમાન પર્યાયમાં કાર્ય થાય તો નિમિત્તનો આરોપ ભગવાન ઉપર અપાય છે. વર્તમાન પોતાની પર્યાયમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત તો થયું નથી. **નૈમિત્તિક પર્યાય તો વિદ્યમાન નથી, તો નિમિત્ત કોનું ? ક્યા નિમિત્ત પાસે તારે જવું છે? નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તો એક સમયનો છે. કાર્ય તો થયું નથી. કોણ જાય ? શરીર જાય, રાગ જાય કે આત્મા ક્ષેત્રાંતર કરીને જાય ? કે ઇચ્છા કરે ? વસ્તુ શું છે તેનો હજી વિવેક નથી.** માટે તું નિમિત્ત-નૈમિત્તિક સંબંધના જ્ઞાન વિષે પણ ભ્રાંતિમાં છો.

(૫) તીર્થંકર પ્રકૃતિ તો સમ્યગ્દ્રષ્ટિને જ શુભરાગના વખતે બંધાય છે. તારી દ્રષ્ટિ તો તીર્થંકર પ્રકૃતિના કર્મ ઉપર તથા રાગ ઉપર છે. મિથ્યાદ્રષ્ટિને તે પ્રકૃતિ બંધાતી નથી. તે પણ શાસ્ત્ર સંબંધી તારું અજ્ઞાન બતાવે છે.

આવી રીતે મિથ્યાદ્રષ્ટિ જીવને બધા ભાવો અજ્ઞાનમય છે, કારણ કે તેની રુચિ પર ને રાગ ઉપર જ રહેલી છે. જેથી તેને ભેદવિજ્ઞાન પ્રાપ્ત થયું નથી. જ્ઞાનજ્યોતિ અત્યંત અસ્ત પામી છે એટલે જ્ઞાનસ્વભાવનો ઘણો અનાદર વર્તે છે ને પરમાં એકત્વબુદ્ધિ વર્તે છે. તેથી તેના બધા ભાવો—પછી જાત્રાનો ભાવ હો, ભક્તિનો હો કે પાંચ મહાવ્રતના પાલનના ભાવ હો—બધા ભાવો અજ્ઞાનમય છે.

પ્રશ્ન :—ભગવાનની સ્તુતિમાં એમ કહે છે કે હે ભગવાન ! ભવોભવ તમારી ભક્તિ હજો. તો પછી ત્યાં પણ શુભરાગ લંબાવવાની ભાવના છે ને?

## જ્ઞાનીને શુભરાગ લંબાવવાની ભાવના નથી પણ શુભનો વ્યય થઈ શુદ્ધતા લંબાય એવી ભાવના છે.

સમાધાન :—ધર્મી જીવને શુભરાગ વર્તમાનમાં જે થાય છે તેને તે હેય સમજે છે. પરને લીધે શુભ માનતા નથી, તેમ જ શુભથી ધર્મ થશે, એમ પણ માનતા નથી. પણ શુદ્ધ સ્વરૂપમાં ઠરી ન શકે ત્યાંસુધી અશુભથી બચવા શુભભાવ આવે છે ને શુભભાવ થતાં ભગવાન ઉપર લક્ષ થાય છે. વાણી તો વાણીને કારણે નીકળે છે. હવે ભક્તિ ભવોભવ હજો એમ જે માગણી કરે છે તેનો ખુલાસો એ છે કે ત્યાં રાગની માગણી છે જ નહિં. વર્તમાનમાં શુભરાગનો આદર નથી ને ભવિષ્યના કોઈ રાગનો પણ આદર નથી. દરેક સમયે રાગને હેય સમજે છે. છદ્મસ્થને શુભભાવ વધારે વખત ટકી શકે નહિ. શુભભાવ બદલ્યા કરે છે ને અશુભભાવ પણ આવે ખરો એટલે આ શુભભાવ પલટીને શુદ્ધ થઈ જાઓ, પણ અશુભરૂપે ન થાઓ એવી ત્યાં ભાવના છે. હું મારો પુરુષાર્થ કરી, શુભને છેદી, શુદ્ધમાં ઠરી જાઉં એવી ભાવના છે. રાગ લંબાય એવી ભાવના નથી પણ શુભને છેદી શુદ્ધ સ્વભાવનો આશ્રય થઈ શુદ્ધભાવ લંબાય એવી ભાવના છે. અશુભથી બચવા શુભ આવે છે એનો ખરો અર્થ એ છે કે તે શુભ ફરીને અશુભ નહિ થતાં શુભનો વ્યય થઈ શુદ્ધ થાઓ, એવી ભાવના છે.

પ્રશ્ન :—દીક્ષા લેવા માટે શ્રાવક ગુરુ પાસે જાય ખરો કે નહિ ?

## ધર્મી જીવ દીક્ષાના વિકલ્પથી અથવા નગ્ન અવસ્થાથી મુનિપણું માનતો નથી.

સમાધાન :—ધર્મી શ્રાવકને પાંચમે ગુણસ્થાને વિકલ્પ આવે છે ખરો.

૧. તે દીક્ષા લેવાનો વિકલ્પ ઊઠ્યો માટે દેહની ક્ષેત્રાંતરની ક્રિયા ગુરુ પાસે જવાની થાય, તેમ તે માનતો નથી. દેહની ક્ષેત્રાંતર ક્રિયા સ્વતંત્ર માને છે. તેમ જ દેહની ક્ષેત્રાંતરની ક્રિયા ને આત્માની ક્ષેત્રાંતર ક્રિયા સાથે હોવા છતાં બન્નેની ક્ષેત્રાંતરની ક્રિયા સ્વતંત્ર સમજે છે.

૨. દીક્ષાનો વિકલ્પ ઊઠ્યો છે એટલે શ્રીગુરુ ઉપર લક્ષ જાય છે પણ તે વિકલ્પના કારણે વાણી નીકળતી નથી. વાણી સ્વતંત્ર થાય છે.

૩. તે વિકલ્પનું સ્વામીપણું નથી. તેમ જ તે વિકલ્પથી શરીરની નગ્નદશા થશે, તેમ તે માનતો નથી. નગ્નદશા જડના કારણે થાય છે.

૪. **દીક્ષાનો વિકલ્પ ઊઠ્યો તેથી અને શરીરની નગ્નદશા થઈ તેથી મને છઠ્ઠું ગુણસ્થાન આવી ગયું છે, મુનિપણું આવ્યું છે, એમ તે ધર્મી જીવ માનતો નથી. પણ અંતર સ્વરૂપમાં વિશેષ સ્થિરતા થતાં છઠ્ઠું સાતમું ગુણસ્થાન આવે છે. મુનિપણાને બાહ્ય સાથે અથવા વિકલ્પની સાથે નિશ્ચયથી સંબંધ નથી.**

આવી રીતે જ્ઞાની જેમ છે તેમ સમજે છે. અજ્ઞાની ઉલટું સમજી દેહની ક્રિયાનો તેમ જ વિકલ્પનો સ્વામી થાય છે.

**ભાવાર્થ :—**જ્ઞાનીને તો સ્વ—પર ભેદજ્ઞાન થયું છે તેથી તેને પોતાના જ્ઞાનમય ભાવનું જ કર્તાપણું છે; અને અજ્ઞાનીને સ્વ—પર ભેદજ્ઞાન નથી તેથી તે અજ્ઞાનભાવનો જ કર્તા છે. અજ્ઞાની માને ભલે કે પરનું કરી દઉં તો પણ તે પર પદાર્થને તો કર્તા છે જ નહિ પણ ભ્રાંતિ, રાગદ્વેષનો કર્તા થાય છે.

આમ યથાર્થ કર્તાકર્મપણું સમજી પોતાના સ્વભાવની શ્રદ્ધા કરી જ્ઞાનભાવના કર્તા થવું એ સાર છે.

* * *

આજના વ્યાખ્યાનમાં લબ્ધજ્ઞાન સંબંધી પ્રશ્ન થયો હતો તે બાબત સ્પષ્ટતા નીચે મુજબ છે :—

## લૌકિક કળાનો ઉઘાડ પૂર્વ લબ્ધના કારણે છે, વર્તમાન પુરુષાર્થનું ફળ નથી.

(૧) જુઓ પ્રસાદ નં. ૧૩૪, પૃષ્ઠ ૭.

## માન તથા અશુભ ભાવના હેતુથી શાસ્ત્રના વાંચનથી દેખાતો ઉઘાડ પણ પૂર્વ લબ્ધના કારણે છે.

(૨) કોઈ બીજો જીવ ધાર્મિક શાસ્ત્રો વાંચે છે, પરંતુ તેમાં સ્વલક્ષ નથી. માત્ર માન ખાતર વાંચે છે. હું ધાર્મિક શાસ્ત્રો ભણીને મોટો થઈશ ને તેમાંથી પૈસા કમાઈશ, એવા ભાવથી શાસ્ત્ર ભણતો હોય ને શાસ્ત્ર સંબંધી ઉઘાડ દેખાતો હોય તો તે ઉઘાડ પણ વર્તમાન પુરુષાર્થનું ફળ નથી કારણ કે શાસ્ત્ર વાંચીને કમાવાના ભાવ તો અશુભ છે અને તેનાં ફળમાં જ્ઞાનનો ઉઘાડ વધે, એમ કદી બને નહિ. તે પણ પૂર્વની કષાય મંદતાના કારણે થયેલું લબ્ધજ્ઞાન વર્તમાનમાં સમયે સમયે પર્યાયમાં ધારી રાખે છે, તે તેના અવસરે વ્યક્ત દેખાય છે. સ્વભાવનો અનાદર કરે છે એથી જ્ઞાનાવરણીયનો ને બીજી પાપ પ્રકૃતિનો બંધ પડે છે. માટે અશુભ ભાવથી કરેલા શાસ્ત્ર વાંચનથી દેખાતો ઉઘાડ વર્તમાન પુરુષાર્થનું ફળ નથી, પણ પૂર્વના લબ્ધના કારણે છે.

## પરલક્ષે કષાય મંદતાથી થયેલ જ્ઞાનનો ઉઘાડ વર્તમાન પુરુષાર્થનું ફળ છે પણ આત્મજ્ઞાનમાં નિમિત્ત નથી.

(૩) ત્રીજો જીવ ધાર્મક શાસ્ત્રનો વૈરાગ્યપૂર્વક અભ્યાસ કરે છે. તે જીવને કષાયમંદતા હોવાથી જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ થઈ પહેલાં કરતાં જ્ઞાનનો ઉઘાડ વધારે દેખાય છે ને તે વર્તમાન પુરુષાર્થનું ફળ છે, પૂર્વનું કારણ નથી પણ તે જીવ હજી સ્વ લક્ષે થયો નથી. શાસ્ત્રના લક્ષે અથવા પરલક્ષે થયો છે તેથી તે ઉઘાડનો જે વિકાસ થયો છે તે પરજ્ઞેયો જાણવા માટે કાર્યકારી થાય. પણ સ્વજ્ઞેયને પકડવામાં અથવા આત્મજ્ઞાન થવામાં તે કારણ થતું નથી. આ પ્રમાણે અહીં વર્તમાન શુભરાગનું ફળ ઉઘાડ દેખાય છે પણ આત્મજ્ઞાન માટે તે કાર્યકારી નથી.

## સ્વલક્ષે કષાયમંદતાથી થયેલ જ્ઞાનનો ઉઘાડ વર્તમાન પુરુષાર્થનું ફળ છે, ને આત્મજ્ઞાનમાં નિમિત્ત થાય છે.

(૪) ચોથો જીવ સ્વ આત્માના લક્ષે પોતાના હિત ખાતર અંતર રુચિ કરે છે. તેને જ્ઞાનનો નવો વિકાસ થાય છે. તે કોઈ અશુભના હેતુસર નથી તેમ જ પરલક્ષે થયેલો નથી. સ્વલક્ષે થયેલો તે ઉઘાડ સ્વજ્ઞેય પકડવામાં કામ આવે છે. તેના નિમિત્તે આત્મજ્ઞાન થાય છે ને આત્મકલ્યાણ થાય છે. ભાવશાસ્ત્રના લક્ષે રાગ મંદ પાડીને થયેલો ઉઘાડ સ્વને પકડવામાં મદદગાર છે. તે પૂર્વના લબ્ધને કારણે નથી પણ વર્તમાન પુરુષાર્થને કારણે છે ને તે ધર્મ પ્રગટવામાં નિમિત્ત થાય છે.

# <u>પ્રસાદ નં. ૧૪૨</u>

## <u>સમયસાર ગાથા ૧૨૭</u>

(ફાગણ સુદ ૧૨, મંગળવાર, ૨૦૦૭)

જ્ઞાનમય ભાવથી શું થાય છે અને અજ્ઞાનમય ભાવથી શું થાય છે, તે હવે કહે છે :—

**અજ્ઞાનમય અજ્ઞાનીનો, તેથી કરે તે કર્મને;**
**પણ જ્ઞાનમય છે જ્ઞાનીનો, તેથી કરે નહિ કર્મને. ૧૨૭.**

**<u>અન્વયાર્થ :—</u>**અજ્ઞાનીને અજ્ઞાનમય ભાવ છે. તેથી અજ્ઞાની કર્મોને કરે છે અને જ્ઞાનીને તો જ્ઞાનમય ભાવ છે, તેથી જ્ઞાની કર્મોને કરતો નથી.

## સ્વપર ભેદ વિજ્ઞાનના અભાવના કારણે અજ્ઞાનીના બધા ભાવો અજ્ઞાનમય જ છે.

**<u>ટીકા :—</u>**પોતે શુદ્ધ સ્વભાવી છે ને રાગાદિ તથા બીજા પદાર્થો પર છે, એવો વિવેક અજ્ઞાનીને નથી. શરીર, મન, વાણી, પરપદાર્થ સ્વતંત્ર છે. તેનાથી સુખદુઃખ નથી. પર્યાયમાં પરલક્ષે શુભાશુભભાવો થાય છે, તે વિકાર છે. ક્ષણિક ઉપાધિ છે. દ્રવ્ય તો નિરુપાધિક શુદ્ધ છે, ઉપાધિ ભાવ નથી. ઉપાધિભાવનો ને પરપદાર્થનો આત્મામાં અભાવ છે. એવો સ્વપરનો વિવેક નહિ હોવાના કારણે અજ્ઞાનીને આત્માની પ્રસિદ્ધિ અત્યંત આથમી ગઈ છે. પ્રથમ પ્રસિદ્ધિ પ્રગટ થઈ હતી ને પછી આથમી ગઈ, એમ નથી પણ કોઈ વખત અજ્ઞાનીને સમ્યક્જ્ઞાન પ્રગટ થયું નથી તેથી આત્માની ખ્યાતિ આથમી ગઈ છે—એમ કહ્યું છે.

પ્રવચનસારમાં જે વિષય ચાલે છે ત્યાં તો વિકારી પર્યાયોને સ્વતંત્ર બતાવી પરથી જુદા પડાવવાનો હેતુ છે. અહીં દ્રવ્યદ્રષ્ટિથી કથન ચાલે છે કે તારા અપરાધને લીધે થતો વિકાર તારું સ્વરૂપ નથી, ને ત્રિકાળીમાંથી નીકળી જાય છે માટે તેને પર કહી, અહીં શુદ્ધ દ્રવ્યને દ્રષ્ટિનો વિષય કહ્યો છે. તે શુદ્ધ દ્રવ્યના અજ્ઞાનના કારણે અજ્ઞાનીના બધા ભાવો અજ્ઞાનમય જ છે. જીવ પોતે શુદ્ધ સ્વભાવ તે સ્વ છે ને વિકાર તે પર છે, એમ અજ્ઞાની માનતો નથી.

## "અજ્ઞાની જીવ આત્મા તથા રાગને એક માની અહંકાર કરે છે, તે રાગદ્વેષનો કર્તા થાય છે."

દેવ, ગુરુ, શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, લક્ષ્મી વગેરે પદાર્થોને અજ્ઞાની જીવ પોતાના માને છે. તેને કાયમ રાખવા માગે છે, છતાં તે પદાર્થો તેની સાથે કાયમ રહેતા નથી. અજ્ઞાન, રાગ, દ્વેષ વગેરે વિકારીભાવો જે અસંખ્ય પ્રદેશે થાય છે, તેને પોતાના માને છે છતાં પણ તે આત્માનું ખરું સ્વરૂપ નથી. તેથી અહીં જ્ઞાનમાત્ર કહ્યું છે. તેમાં પરનો તો અભાવ છે, પરંતુ વિકારનો પણ અભાવ વર્તે છે. જેમાં જાણવા દેખવાનો સ્વભાવ છે, તે ચુકીને પાપને સુખનું કારણ માની તથા પુણ્યને ધર્મનું કારણ માની, જ્ઞાન સ્વભાવી એવા પોતામાંથી ભ્રષ્ટ થયેલો, પર એવા રાગ દ્વેષ સાથે એકરૂપ થઈને જેને અહંકાર વર્તે છે, તે માને છે કે મે આટલી દયા પાળી, આટલા કામ કર્યાં, આમ અહંકાર કરીને માને છે કે દયા, દાન કરનારો તે જ હું છું. દ્વેષનો ભાવ થયો તે જ હું છું, એમ તે માને છે પણ હું જ્ઞાનસ્વભાવી છું એવો અભ્યાસ તે કરતો નથી, તેથી અજ્ઞાનમય ભાવોને લીધે અજ્ઞાની પોતાથી જુદા એવા રાગદ્વેષનો કર્તા થઈ સંસાર—બંધ દશાને પામે છે.

## "સ્વ પર ભેદવિજ્ઞાનને કારણે ધર્મીના બધા ભાવો જ્ઞાનમય જ છે."

ધર્મી જીવ પોતાના આત્માને શુદ્ધ, બુદ્ધ, ચૈતન્ય ઘન, સ્વયંજ્યોતિ, સુખધામ માને છે. કુટુંબ, કબીલા, દેવ, ગુરુ, શાસ્ત્ર તો પર છે જ પણ શુભાશુભ લાગણીઓ ઉઠે છે તેને પણ પર સમજે છે. વિકારની રુચિ છૂટીને સ્વઅંતર વલણ થયું છે તેથી પોતાના શુદ્ધ સ્વભાવના લક્ષથી પોતાની આત્મખ્યાતિ ઉદય પામી છે ને સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય પ્રગટ થઈ છે—તેના બધા ભાવો જ્ઞાનમય જ હોય છે. સંપૂર્ણ જ્ઞાનમય ભાવ એટલે વિકાર રહિત ભાવ કેવળી ભગવાનને હોય છે. સાધક જીવને અંશે વિકાર હોય છે પણ તેને ગૌણ કરી દ્રવ્ય દ્રષ્ટિને મુખ્ય કરી તેના ભાવો જ્ઞાનમય જ હોય છે, એમ કહ્યું છે.

## નજીક ક્ષેત્રે રહેલાં શરીરના અનંતા પરમાણુઓ જીવનું માનતા નથી તો દૂર એવા કુટુંબીઓનો ધોખો શો કરવો ?

સ્વપરના ભેદ વિજ્ઞાનને કારણે પોતાના શુદ્ધ સ્વભાવના સમ્યક્પ્રકારે શ્રદ્ધા, જ્ઞાન કરે છે, તેથી રાગદ્વેષને મારા માનતો નથી. પર જીવોની પરિણતિ

બદલાવવાનો આગ્રહ તેને છૂટી ગયો છે. મારામાં મારા કારણે વિકલ્પ થાય છે, તેપણ મારો ત્રિકાળી સ્વભાવ નથી, તો હું પરને કેવી રીતે ફેરવું ? ઘરના માણસો કદાચિત પોતાનું ન માનતા હોય ત્યારે ધર્મીજીવ વિચાર કરે છે કે શરીર જે એક ક્ષેત્રે રહેલું છે તે તંદુરસ્ત રહે એવી ઇચ્છા હોવા છતાં એ શરીરના અનંતા પરમાણુઓ મારું માનતા નથી તો ઘરના થોડા માણસ મારું માને નહિ તો હું કોનો ધોખો કરું ? એમ ખરેખર એ પર તરફનો વિકલ્પ જ તોડી નાખવા જેવો છે, એમ વિચારી જ્ઞાન સ્વભાવ તરફ વળે છે.

## ધર્મીને રાગ ફેરવવાની દ્રષ્ટિ નથી તો પરને ફેરવી દઉં એવી દ્રષ્ટિ કદી હોઈ શકે નહિ.

જીવ વિચારે છે કે મને જે વૃતિ ઊઠી છે તે મારે ફેરવવી છે. પરંતુ તે રાગને પણ ફેરવી શકતો નથી.

(૧) જે રાગનો ઉત્પાદ થઈ ગયો છે તેનો તે જ સમયે વ્યય કરી ફેરવી શકાતો નથી.

(૨) જે રાગ પૂર્વમાં હતો તે તો વ્યય થઈ ગયો એટલે તેને વ્યય કરી ફેરવવાપણું રહેતું નથી.

(૩) જે રાગ ભવિષ્યમાં થવાનો છે તેને મારે ફેરવવો છે, એમ કોઈ કહે તો તે હજી ઉત્પન્ન જ થયો નથી, તો તેને તું કેવી રીતે ફેરવી શકીશ ?

કોઈ વિચારે કે મારે ભવિષ્યમાં આવો રાગ કરવો નથી, તો એવા વિકલ્પથી તો રાગ થયા જ કરવાનો છે ને રાગ વર્તમાનમાં હોવા છતાં મેં રાગને ફેરવ્યો કે મેં ટાળ્યો એમ માનનાર જીવ તો મિથ્યાદ્રષ્ટિ છે. તો રાગ કેમ ટળે ? અહો ! જ્ઞાન સ્વભાવી હું છું, મારો સ્વભાવ જ્ઞાનમય છે. એવા જ્ઞાનમય સ્વભાવમાં એકાગ્ર થતાં રાગની ઉત્પત્તિ જ થતી નથી. સ્વભાવદ્રષ્ટિ થતાં રાગદ્વેષ પૃથક્ જ છે. જ્યારે પર્યાયમાં થતાં રાગદ્વેષને જીવ ફેરવી શકતો નથી તો પરચીજો તો ક્યાંય પૃથક્ છે. તેને જીવ ત્રણ કાળમાં ફેરવી શકે નહિ. તેથી ધર્મીજીવને રાગ ફેરવવા ઉપર દ્રષ્ટિ નથી પણ સ્વભાવ ઉપર જ દ્રષ્ટિ છે.

## "ધર્મીજીવ રાગદ્વેષનો કર્તા નથી પણ જ્ઞાતાદ્રષ્ટા છે."

આવી રીતે ધર્મીજીવ પોતાના જ્ઞાનસ્વભાવને રાગથી જુદો જાણે છે ને પરના તથા રાગના કર્તૃત્વના અહંકારથી નિવૃત્ત થયો છે. સ્વભાવબુદ્ધિ થતાં પર્યાય

બુદ્ધિમાં એકાકાર થતો નથી એટલે અહંકારથી નિવૃત્ત થતો, એમ કહેવામાં આવે છે. ખરેખર તો પોતે જ્ઞાતાદ્રષ્ટા રહે છે. શુભાશુભ પરિણામો થાય છે તે મારું સ્વરૂપ જ નથી, તેને હું કરતો જ નથી, હું તો માત્ર જાણું છું—આમ જ્ઞાનસ્વભાવનાં શ્રદ્ધા જ્ઞાનને કારણે રાગ, દ્વેષનો કર્તા થતો નથી. જેથી જ્ઞાની કર્મોને કરતો નથી.

**ભાવાર્થ :—**'આત્માને ક્રોધાદિક પ્રકૃતિનો ઉદય આવતાં' એમ કહ્યું છે, તે નિમિત્તથી કથન છે. જડનો ઉદય જડમાં છે ને જડનો સ્વાદ આત્માને આવતો નથી. પોતાનો સ્વભાવ ચૂકીને પરમાં એકત્વ બુદ્ધિ કરીને અજ્ઞાની જીવે પોતાનો ઉપયોગ મલિન કર્યો છે ને તેથી રાગદ્વેષની આકુળતાનો સ્વાદ આવે છે. અજ્ઞાનીને જ્ઞાન સ્વભાવ ને રાગ વચ્ચેનું ભેદજ્ઞાન નહિ હોવાના કારણે તે માને છે કે મલિન ઉપયોગરૂપે પરિણમ્યો તે જ હું છું ને તે જ મારું ત્રિકાળી સ્વરૂપ છે. એમ રાગદ્વેષમાં કર્તાપણાની અહંબુદ્ધિ કરી ભાવ બંધને કરે છે. આ પ્રમાણે અજ્ઞાનમયભાવથી ભાવ બંધ થાય છે.

જ્ઞાની જીવને જ્ઞાન સ્વભાવને રાગ વચ્ચે ભેદજ્ઞાન વર્તે છે. તે જાણે છે કે જ્ઞાતાદ્રષ્ટાપણું તે જ મારું સ્વરૂપ છે. રાગદ્વેષ અલ્પ થાય તેને માત્ર જાણે છે. રાગદ્વેષ આકુળતાના રસવાળા છે તે મારું સ્વરૂપ નથી. આમ રાગદ્વેષની પર્યાય વખતે સ્વભાવ સન્મુખ હોવાના કારણે રાગદ્વેષનો કર્તા થતો નથી. કેવળ જ્ઞાતા રહે છે, તેથી તેને ભાવબંધ થતો નથી. આ પ્રમાણે જ્ઞાનમય ભાવોથી કર્મબંધ થતો નથી.

હવે આગળની ગાથાના અર્થની સૂચનારૂપ કાવ્ય કહે છે :—

## કળશ ૬૬

## જ્ઞાની સંસારમાં હોવા છતાં તેને નિર્જરા કેમ કહો છો ? ને અજ્ઞાની ત્યાગી થઈ બાહ્યતપ કરતો હોય છતાં તેને બંધનું કારણ કેમ કહો છો?

**અર્થ :—**અહીં પ્રશ્ન એ છે કે જ્ઞાનીને કેમ જ્ઞાનમય જ ભાવ હોય અને અજ્ઞાનમય ન હોય ? વળી અજ્ઞાનીને કેમ સર્વભાવ અજ્ઞાનમય જ હોય અને જ્ઞાનમય ન હોય ?

અહીં પ્રશ્ન પૂછે છે કે ધર્મી જીવ ચક્રવર્તી બહારના સંયોગોના ઢગલામાં હોય છે, ૯૬૦૦૦ સ્ત્રી હોય છે, મણિરત્નના ઢગલા હોય, હીરાના હાર પહેરતો હોય, બીજી અનેક પ્રકારની સાહ્યબી હોય ને બાહ્યથી વ્રત નિયમ કોઈ દેખાતા ન હોય છતાં તે જ્ઞાનીના બધા ભાવો જ્ઞાનમય જ કેમ કહો છો ? ને ભોગમાં હોવા છતાં નિર્જરા કેમ કહો છો ? ને અજ્ઞાની ત્યાગને એક પણ સ્ત્રી નથી, બ્રહ્મચારી છે,

ડુંગરના શિખર ઉપર ધોમ તાપમાં તપ કરે છે, એકલો છે, છ છ માસના ઉપવાસ કરે છે, અઠ્ઠાવીસ મૂળગુણનું પાલન કરે છે છતાં તેના બધા ભાવો અજ્ઞાનમય કેમ કહો છો ? એમ શિષ્ય પ્રશ્ન કરે છે.

અજ્ઞાની ગમે તેટલા બાહ્ય તપ કરતો હોવા છતાં અજ્ઞાનના કારણે તેના બધા ભાવો અજ્ઞાનમય છે ને જ્ઞાની બાહ્યસંયોગોમાં હોવા છતાં ભેદવિજ્ઞાનના કારણે તેના બધા ભાવો જ્ઞાનમય છે. તેમાં પક્ષપાત નથી. કારણ કે ધર્મને બાહ્યવસ્તુ સાથે સંબંધ નથી પણ વસ્તુદ્રષ્ટિ સાથે સંબંધ છે. તેના ઉત્તરરૂપે ગાથા કહે છે :—

## ગાથા ૧૨૮—૧૨૯

**વળી જ્ઞાનમય કો ભાવમાંથી જ્ઞાનભાવ જ ઊપજે,**
**તે કારણે જ્ઞાની તણા સૌ ભાવ જ્ઞાનમયી ખરે; ૧૨૮.**
**અજ્ઞાનમય કો ભાવથી અજ્ઞાનભાવ જ ઊપજે,**
**તે કારણે અજ્ઞાનીના અજ્ઞાનમય ભાવો બને. ૧૨૯.**

**અન્વયાર્થ :—**કારણ કે જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય જ ભાવ ઉત્પન્ન થાય છે. તેથી જ્ઞાનીના સર્વ ભાવો ખરેખર જ્ઞાનમય જ હોય છે અને કારણકે અજ્ઞાનમય ભાવમાંથી અજ્ઞાનમય જ ભાવ ઉત્પન્ન થાય છે તેથી અજ્ઞાનીના ભાવો અજ્ઞાનમય જ હોય છે.

## અજ્ઞાનીને શુભભાવ હોવા છતાં પર્યાયબુદ્ધિના કારણે તેની બધી ક્રિયા અજ્ઞાનમય જ છે.

ખરેખર અજ્ઞાનીના અજ્ઞાનમય ભાવમાંથી જે કાંઈ પરિણામ થાય તે બધા ભાવો અજ્ઞાનમય છે. કારણ કે શરીરની ક્રિયાથી ધર્મ, દયાદાનાદિ શુભભાવ કરતાં કરતાં ધર્મ થશે. વ્યવહાર હોય તો નિશ્ચય પમાય, એવી સંયોગ ને સંયોગી ભાવ ઉપરની તેની દ્રષ્ટિના કારણે તેનો બધો ભાવ અજ્ઞાનમય છે. તે જીવ નરકમાં હોય કે નવમી ગ્રૈવેયકમાં હોય, બહાર સંસારમાં હોય કે તીર્થંકરના સમવસરણમાં સાક્ષાત્ પ્રભુની પાસે બેઠો હોય; પણ પુણ્યથી ધર્મ થશે, વાણીથી જ્ઞાન થશે, એવી માન્યતાના કારણે જેટલા વિકલ્પો ઉઠાવે છે તે બધાય અજ્ઞાનમય છે. કારણ કે પરથી ધર્મ, પુણ્યથી ધર્મ—એવું અજ્ઞાનપણું ટકાવી રાખે છે.

## જ્ઞાનીના જ્ઞાનસાગરના મધ્યબિંદુમાંથી ઊછળતાં જ્ઞાનમોજાંને વિકારરૂપી તાપ સુકવી શકતો નથી.

જ્યારે જ્ઞાનીના બધા ભાવો જ્ઞાનમય છે, કારણ કે તે કોઈપણ વખતે જ્ઞાનસ્વભાવને ઉલ્લંઘતો નથી. તેને અવ્રતના ભાવ હોય, સંસારમાં બેઠો હોય, છતાં તે પરની ક્રિયાનો ધણી નથી, શુભાશુભનો કર્તા નથી. રાગમાં તન્મય થયા વિના સ્વસન્મુખ રહીને રાગનું પણ જ્ઞાન કરે છે. તેથી જ્ઞાનીના બધા ભાવો જ્ઞાનમય છે. જેમ સમુદ્ર પોતાના મધ્યબિંદુથી ઊછળી રહ્યો હોય ત્યારે બહારમાં સૂર્યના ધોમ તડકા પડવા છતાં સમુદ્રની ભરતીને સુકવીને ઓટ કરાવી દેવા સમર્થ નથી. તેમ સમ્યગ્દ્રષ્ટિને ચૈતન્યસ્વભાવ પરથી નિરાળો ને વિકારરહિત છે એવાં શ્રદ્ધા—જ્ઞાન કર્યાં છે તેથી જ્ઞાનસાગર ઊછળવા માંડ્યો છે, તેના મધ્યબિંદુમાંથી જ્ઞાનનાં મોજાંની લહરીઓ વહ્યા જ કરે છે. તે જ્ઞાનની પર્યાયો ને શુભાશુભભાવ હોવા છતાં અજ્ઞાનમય કરવા તાકાત ધરાવતા નથી. ધર્મીનું ધ્યેય જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વરૂપ જ્ઞાનસાગર છે.

## જ્ઞાની જીવ અનંતા શુદ્ધ ગુણોનો આદર કરે છે; અજ્ઞાની અનંતા શુદ્ધ ગુણોનો અનાદર કરે છે.

અજ્ઞાની એક સમયના શુભભાવની રુચિને અગ્ર કરે છે ને અનંતા શુદ્ધગુણોનો ભંડાર પડ્યો છે તેનો અનાદર કરે છે તેથી તે અનંત સંસાર રખડે છે. જ્યારે જ્ઞાની જીવ શુભાશુભ ભાવો હોવા છતાં તેને હેય સમજે છે અને અનંતા ગુણો અનાદિઅનંત શુદ્ધ પડ્યા છે, તેનો તેને આદર વર્તે છે. તે સ્વભાવના આદરમાં તેના બધા ભાવો જ્ઞાનમય છે.

અજ્ઞાની રાગની રુચિ કરીને તથા શરીરાદિ પરની પર્યાય કરી શકું છું, એમ માનીને મિથ્યાભ્રાંતિ સેવે છે. તે પર સન્મુખ જોયા જ કરે છે, જ્યારે જ્ઞાની પર તથા રાગ તરફ નહિ જોતાં સ્વભાવ સન્મુખ જોયા જ કરે છે, તે કારણે તેના બધા ભાવો જ્ઞાનમય જ છે.

આ પ્રમાણે આત્મા જ્ઞાનસ્વભાવી છે એવાં શ્રદ્ધા—જ્ઞાન કરવા તે ધર્મ છે.

**

# <u>પ્રસાદ નં. ૧૪૩</u>

## <u>સમયસાર ગાથા ૧૨૮—૧૨૯</u>

(ફાગણ સુદ ૧૩, બુધવાર, ૨૦૦૭)

## જ્ઞાનીને ચૈતન્ય સ્વભાવ ઇષ્ટ છે, તેથી તેના બધા ભાવો જ્ઞાનમય જ છે.

**<u>ભાવાર્થ :—</u>**જ્ઞાનીનું પરિણમન અજ્ઞાનીના પરિણમન કરતાં જુદી જ જાતનું છે કારણ કે તેની દ્રષ્ટિ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ ઉપર છે.

૧. જ્ઞાનીની દ્રષ્ટિ પર પદાર્થો, નિમિત્તો કે સંયોગો ઉપર નથી. તે સ્વભાવને પરના અભાવસ્વરૂપ માને છે.

૨. જ્ઞાનીની દ્રષ્ટિ પોતાની નબળાઈથી થતા શુભાશુભભાવો ઉપર નથી કારણ કે તે મલિન છે. તે પોતાનું કાયમી સ્વરૂપ નથી તેથી તેને હેય સમજે છે.

૩. જ્ઞાનીની દ્રષ્ટિ અધૂરી પર્યાય ઉપર નથી કારણ કે પર્યાયમાંથી પર્યાય આવતી નથી.

૪. જ્ઞાનીની દ્રષ્ટિ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ ઉપર છે. પોતાનાં સુખ—જ્ઞાન વગેરેનું કારણ અનંત ગુણોના પિંડરૂપ દ્રવ્યસામાન્ય છે, તેને તે ચૂકતો નથી.

અવિરત સમકિતીને ક્યારેક લડાઈના પરિણામ હોય, ચોથે—પાંચમે ગુણસ્થાને આર્ત અથવા રૌદ્રધ્યાન ક્યારેક હોય ને છઠ્ઠે ગુણસ્થાને કોઈવાર આર્તધ્યાન હોય છતાં તે ભાવોને જ્ઞાની હેય માને છે. તેને નબળાઈનું કારણ માને છે, ને તે વખતે પણ શુદ્ધ સ્વભાવ ઉપરની દ્રષ્ટિ વર્તે છે. શુભાશુભ જે વિકલ્પો ઊઠે છે તેનું તેમાં તન્મય થયા વિના શુદ્ધ સ્વભાવ સન્મુખ રહીને જ્ઞાન કરે છે. જ્ઞાનીના તે સર્વ ભાવો જ્ઞાનજાતિને ઉલ્લંઘતા નથી. તેથી તેના બધા ભાવો જ્ઞાનમય જ છે. કારણ કે જ્ઞાની શુદ્ધ સ્વભાવના લક્ષે થતી નિર્મળ પર્યાયનો કર્તા છે. કર્તાનું ઇષ્ટ તે કાર્ય. નિર્મળ પર્યાય તેનું કાર્ય છે. જ્ઞાનીને શુદ્ધ સ્વભાવ તથા નિર્મળ પર્યાય વહાલી લાગે છે માટે જ્ઞાનીનું પરિણમન જ્ઞાનમય છે. વિકારમય નથી.

## અજ્ઞાનીને વિકાર ઇષ્ટ છે તેથી તેના બધા ભાવો અજ્ઞાનમય જ છે.

અજ્ઞાનીનું પરિણમન બધું અજ્ઞાનમય છે કારણ કે તેની દ્રષ્ટિ સ્વભાવ ઉપર નથી.

૧. નિમિત્તો—સંયોગો હોય તો કાર્ય થાય, એમ તે માને છે. સંહનન, ક્ષેત્ર વગેરે ધર્મમાં મદદગાર થશે, એમ તે માને છે.

૨. તેને શુભભાવની રુચિ છે. પુણ્ય ધર્મમાં મદદગાર થશે, એમ તે માને છે.

૩. શુદ્ધ સ્વભાવ ચૈતન્ય સ્વરૂપ છે, તેનું ભાન નથી. તેનો અનાદર વર્તે છે. વસ્તુસ્વરૂપની ખબર વિના પાંચ મહાવ્રતનું પાલન કરી જીવ નવમી ગ્રૈવેયકે ગયો. શરીરના ખંડખંડ ટુકડા થવા જેવા પરિષહ આવવા છતાં ક્રોધ ન કર્યો, શુક્લલેશ્યાના પરિણામ છે છતાં અંતરમાં શુભથી ધર્મ થશે એવી પર્યાયબુદ્ધિના કારણે સંસાર મટતો નથી. અજ્ઞાનીના ક્રોધ, માન વગેરે ભાવો તો અજ્ઞાનમય છે જ પણ અજ્ઞાની વ્રત ને તપ પણ જેટલાં કરે છે તે બધાં અજ્ઞાનમય છે. કારણ કે અંતર સહજાનંદ સ્વરૂપ છે તેનું ભાન નથી. અજ્ઞાની વિકારભાવનો કર્તા—રચનાર—બનાવનાર થઈને વિકારભાવને તન્મયપણે કરે છે. સ્વતંત્રપણે કરે તે કર્તા, કર્તાનું ઇષ્ટ તે કર્મ. અજ્ઞાની સ્વતંત્રપણે વિકાર કરે છે ને વિકાર તે તેનું વહાલું કાર્ય છે. અજ્ઞાનીને નિમિત્ત ને રાગ વહાલો લાગે છે પણ શુદ્ધ જ્ઞાનસ્વભાવ વહાલો લાગતો નથી. તેથી તેના ભાવો બધા અજ્ઞાનમય છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

## કળશ ૬૭

**અર્થ :—**જ્ઞાનીના સર્વ ભાવો ચૈતન્ય સ્વભાવના આશ્રયે નીપજેલા છે. સ્વભાવના આશ્રયે તેને વીતરાગી સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્રની પર્યાય નીપજેલી છે, ને તેનો તે કર્તા છે. કારણ કે જ્ઞાની મિથ્યાત્વશલ્યરહિત થયો છે, જ્યારે અજ્ઞાનીને પરનું હું કરી શકું છું તથા પુણ્યથી ધર્મ થશે એવા મિથ્યાત્વશલ્યના કારણે બધા ભાવો અજ્ઞાનમય છે.

હવે આ અર્થને દ્રષ્ટાંતથી દ્રઢ કરે છે :—

## ગાથા ૧૩૦—૧૩૧

**જ્યમ કનકમય કો ભાવમાંથી કુંડલાદિક ઊપજે,**
**પણ લોહમય કો ભાવથી કટકાદિ ભાવો નીપજે; ૧૩૦.**
**ત્યમ ભાવ બહુવિધ ઊપજે અજ્ઞાનમય અજ્ઞાનીને,**
**પણ જ્ઞાનીને તો સર્વ ભાવો જ્ઞાનમય એમ જ બને. ૧૩૧.**

**અન્વયાર્થ :—**જેમ સુવર્ણમય ભાવમાંથી સુવર્ણમય કુંડળ વગેરે ભાવો થાય છે અને લોહમય ભાવમાંથી લોહમય કડાં વગેરે ભાવો થાય છે, તેમ

અજ્ઞાનીને અજ્ઞાનમય ભાવમાંથી અનેક પ્રકારના અજ્ઞાનમય ભાવો થાય છે અને જ્ઞાનીને જ્ઞાનમય ભાવમાંથી સર્વ જ્ઞાનમય ભાવો થાય છે.

## સોનામાંથી સોનાના જ દાગીના થાય ને લોઢામાંથી લોઢાની જ વસ્તુઓ થાય, અન્ય ન થાય.

**ટીકા :—**પુદ્‌ગલદ્રવ્ય સ્વયં પરિણામસ્વભાવવાળું છે, એમ અગાઉની ગાથામાં નક્કી થયું છે. જો તે અપરિણામી હોય તો બીજા કોઈપણ પદાર્થો તેને પરિણમાવી શકે નહિ ને જો તે સ્વયં પરિણમે છે તો બીજા પદાર્થની તેના પરિણમનમાં અપેક્ષા રહેતી નથી. પુદ્‌ગલદ્રવ્ય સ્વયં પરિણામ સ્વભાવવાળું હોવા છતાં, કારણ જેવાં કાર્યો થાય છે. જેમ કે સોનામાંથી સોનાના જ દાગીના થાય પણ સોનાની જાતને ઉલ્લંઘીને લોઢાના દાગીના થાય નહિ. સોનું તો અનંત પરમાણુની સ્કંધરૂપ અવસ્થા છે પણ સમજવા માટે સોનાને દ્રવ્ય તરીકે લીધું છે. તે સોનું પોતાના સુવર્ણમય સ્વભાવને છોડતું નથી. સોનું પોતે જ દાગીનારૂપે થાય છે.

અહીં સોનામાંથી દાગીના થતી વખતે સોની તેમ જ હથોડાને યાદ જ કર્યા નથી. સોનામાંથી દાગીના પોતાના કારણે થયા છે. સોની તથા હથોડાને લીધે તો થયા નથી, પરંતુ પૂર્વ પર્યાયમાંથી પણ થયા નથી. કડાની પર્યાયનો વ્યય થઈને કુંડળ થાય છે. કડાનો સદ્‌ભાવ રહીને કુંડળ થતું નથી પણ સોનું દ્રવ્ય છે, તેમાથી કુંડળ થાય છે. અભાવમાંથી ભાવ થતો નથી. છતાં અભાવમાંથી ભાવ થયો અથવા પૂર્વ પર્યાયમાંથી થયું, એમ કહેવું તે વ્યવહાર છે. કોઈ કહે કે પૂર્વે આ પર્યાય કેમ નહોતી? વર્તમાન અમુક નિમિત્તો આવ્યાં તો થઈ ને ? તે પ્રશ્ન જ બરાબર નથી. કારણ કે પૂર્વે તેનો સ્વકાળ નહોતો. પૂર્વની પર્યાય પૂર્વની યોગ્યતાને લીધે થઈ હતી ને વર્તમાન પર્યાય વર્તમાન યોગ્યતાને લીધે થઈ છે. કોઈ પર્યાય નિમિત્ત કે પૂર્વના કારણે નથી. તેવી જ રીતે લોખંડમાંથી લોખંડની વસ્તુઓ થાય છે. લોખંડમાંથી સોનાના દાગીના થાય નહિ. કારણ કે લોખંડ પોતાના સ્વભાવને કદી ઉલ્લંઘતું નથી. ગમે તે કરો તોપણ લોખંડ ફીટીને સોનારૂપ થતું નથી.

## અજ્ઞાનીના ઊંચા શુભ પરિણામો પણ લોઢાસમાન અજ્ઞાનમય જ છે.

તેમ અજ્ઞાની જીવને અહીં લોઢા સમાન લીધો છે. અનાદિના અજ્ઞાનીને સમજાવવું છે, તેથી પ્રથમ અજ્ઞાનીની વાત કરી છે. અજ્ઞાનીને પોતાના શુદ્ધ સ્વભાવનું ભાન નથી. સ્વભાવનો અનાદર વર્તે છે ને રાગનો, પુણ્યનો, નિમિત્તોનો, સંયોગોનો આદર વર્તે છે. તેવા આદરને કારણે તેને પર્યાયબુદ્ધિ છે. જેમ

લોઢામાંથી લોઢાના દાગીના થાય છે તેમ પર્યાયબુદ્ધિમાંથી અજ્ઞાનમય ભાવો જ નીકળે છે. પર્યાયબુદ્ધિ કારણ છે ને અજ્ઞાનમય ભાવો તેનું કાર્ય છે. પછી તે ભલે વ્રતનો ભાવ હો, દયાદાનનો ભાવ હો, પાંચ મહાવ્રતનો ભાવ હો—બધા લોઢાસમાન વિકારી અજ્ઞાનમય ભાવ છે.

## અજ્ઞાની જીવ પર્યાયદ્રષ્ટિના કારણે સંસારમાં દુ:ખી થઈ રહ્યો છે

આત્મા આનંદનો સાગર છે, તેમાંથી અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંવીર્ય પ્રગટે તેવી તાકાત છે. સિદ્ધદશા પ્રગટે એવી તાકાતવાળો સ્વભાવ છે પણ પોતાના શુદ્ધ સ્વભાવની ખબર નહિ હોવાના કારણે અજ્ઞાની જીવ નિમિત્તથી તથા પુણ્યથી લાભ થશે, એમ માની વિકાર ઉત્પન્ન કરે છે. સમ્યક્દર્શન, મોક્ષમાર્ગ, કેવળજ્ઞાન ને સિદ્ધદશા—બધા પર્યાયો છે. તે પર્યાયો પરના આધારે, નિમિત્તના આધારે કે પૂર્વના આધારે પ્રગટતી નથી પણ શુદ્ધ સ્વભાવના આધારે પ્રગટે છે. પરંતુ અજ્ઞાનીને તેની ખબર નથી. તેથી પર ઉપરની દ્રષ્ટિના કારણે નવો નવો સંસાર ઉત્પન્ન કરે છે એટલે કે દુ:ખી ને દુ:ખી રહ્યા કરે છે.

## નિગોદનો જીવ ને નવમી ગ્રૈવેયકે જનારો દ્રવ્યલિંગી મુનિ—બન્ને અજ્ઞાન અપેક્ષાએ સમાન છે.

શુભ ભાવો ને અશુભભાવો અસંખ્ય પ્રકારના છે. વિકારની તારતમ્યતા અનેક પ્રકારની હોય છે. કોઈવાર કૃષ્ણલેશ્યાના માઠા પરિણામ હોય છે, કોઈ વાર શુક્લ લેશ્યાના શુભ પરિણામ હોય છે. પણ અજ્ઞાનીને પર્યાય ઉપરની રુચિ હોવાને કારણે બધા ભાવો અજ્ઞાનમય છે. નિગોદનો જીવ તીવ્ર માઠા પરિણામ કરી રહ્યો છે. એક જીવ સાતમી નરકમાં છે ને તીવ્ર અશુભભાવ કરી રહ્યો છે, કૃષ્ણ લેશ્યાના પરિણામ કરે છે. બીજો જીવ મનુષ્ય થઈ, મુનિપણું અંગીકાર કરી, નવમી ગ્રૈવેયકને યોગ્ય શુભભાવ કરે છે ને શુક્લ લેશ્યાના પરિણામ હોય છે, ને અઠ્ઠાવીસ મૂળગુણનું પાલન કરે છે. પણ પુણ્યથી ધર્મ થશે, શરીરની ક્રિયાથી ધર્મ થશે, એવી પરાઙ્મુખદ્રષ્ટિ તે બધા જીવોને હોવાથી તે બધાના ભાવો અજ્ઞાનમય છે. કારણ કે અજ્ઞાનમય ભાવો અજ્ઞાનજાતિને ઉલ્લંઘતા નથી. એ અપેક્ષાએ નિગોદનો જીવ ને નવમી ગૈવેયકે જનારો જીવ બન્ને સમાન છે.

## ચેતન ઈશ્વર છે, તેમ જડ પણ ઈશ્વર છે, એટલે કે શક્તિવાન છે.

અજ્ઞાની જીવ પરને પોતાનું માને છે. અજીવ પદાર્થને—શરીર, પૈસા વગેરેને પોતાનાં માને છે ને પરથી પોતામાં કામ થાય તેમ માને છે. પર વસ્તુનો પોતામાં

અભાવ છે, પોતાનો પરમાં અભાવ છે. અભાવ શું કરે ? દરેક પદાર્થની શક્તિ પોતામાં છે. આ જીવ ચેતના આદિ ગુણનો ભંડાર છે. પોતાના સ્વભાવમાં પરિપૂર્ણ ઈશ્વર છે તેમ પરમાણુ જડેશ્વર છે. તે પરમાણુ પોતાની શક્તિમાં ઐશ્વર્યવાન છે. તેને ચેતન કેમ પલટાવી શકે ?—ન જ પલટાવી શકે. એક પરમાણુ એક સમયે સફેદ, ને બીજે સમયે અનંતગુણો લીલો થાય છે. કોણે લીલો કર્યો ? કોઈ કારણ નથી. સ્વતઃ વસ્તુને કોણ કરે?

## અજ્ઞાની અનેકાંતના રહસ્યના અજ્ઞાનના કારણે ચારે ગતિમાં રખડે છે.

છતાં પણ અજ્ઞાનીની દ્રષ્ટિ પર ઉપર જ છે. પોતાના ચૈતન્ય સ્વભાવનો ભરોસો તેને આવતો નથી. તેથી માને છે કે મહાવિદેહમાં ગયો માટે ધર્મ થયો, ભગવાનને લીધે ન્યાલ થઈ ગયો વગેરે માને છે. દ્રષ્ટિ પર ઉપર જ છે. દ્રવ્ય દ્રવે છે. જે સ્વયંસિદ્ધ દ્રવ્ય છે તેમાંથી પર્યાય દ્રવે છે. પણ પર્યાયમાંથી પર્યાય આવતી નથી. તો પછી પોતાની જ્ઞાનપર્યાય મહાવિદેહથી અથવા વાણીથી આવે છે, એમ માનવું તે અજ્ઞાન છે. તે જીવ અનેકાંતને જાણતો નથી. એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી અસ્તિ—નાસ્તિ આદિ પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે.

૧. ધર્મની પર્યાય સ્વભાવના આશ્રયે થાય છે, ને વિકાર તથા નિમિત્તના આશ્રયે થતી નથી.
૨. પોતે આત્મા સ્વપણે છે ને પરઆત્મા અને જડપણે નથી.
૩. એક ગુણ પોતાપણે છે ને બીજા ગુણરૂપે નથી.
૪. એક વર્તમાન પર્યાય તે વર્તમાન પર્યાયરૂપે છે પણ ભૂત અથવા ભવિષ્યની પર્યાયરૂપે નથી.

અજ્ઞાનીને અનેકાંતની ખબર નથી. ને સ્વ ઉપર દ્રષ્ટિ નથી. પછી તે જીવ તત્ત્વનો વિરોધ કરીને નિગોદમાં જાય, માયા કરીને તિર્યંચ થાય, સામાન્ય શુભ કરીને મનુષ્ય થાય, તીવ્ર પાપ કરીને સાતમી નરકે જાય અને ઘણા શુભ ભાવો કરીને નવમી ગ્રૈવેયકે જાય, તો પણ તે બધા જીવોને અનેકાંત રહસ્યની ખબર નથી, તેથી બધા સરખા અજ્ઞાની છે, તેના બધા ભાવો અજ્ઞાનમય છે.

આમ અજ્ઞાનીની પર્યાયબુદ્ધિ બતાવીને તે પર્યાયબુદ્ધિ છોડવા જેવી છે અને સ્વભાવબુદ્ધિ કરવા જેવી છે, એમ કહેવાનો આશય છે.

**

# <u>પ્રસાદ નં. ૧૪૪</u>

## <u>સમયસાર ગાથા ૧૩૦—૧૩૧</u>

(ફાગણ સુદ ૧૪, ગુરુવાર, ૨૦૦૭)

### જ્ઞાનીના બધા ભાવો જ્ઞાનમય છે.

જ્ઞાનીને જ્ઞાનમય ભાવ છે. જ્ઞાની જ્ઞાનની જાતને ઉલ્લંઘતો નથી. જ્ઞાનીને કદીપણ અજ્ઞાનના ભાવો થાય નહિ. શરીર વગેરે પરપદાર્થ છે, પુણ્યપાપ વિકાર છે, આસ્રવ છે, તે આત્માનું સ્વરૂપ નથી. ચિદાનંદ જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવની ઉપાદેયબુદ્ધિ વર્તે છે, તેને ધર્મી કહે છે. જ્ઞાનીની દ્રષ્ટિ શુભાશુભ ઉપર નથી પણ અંતર સ્વભાવ ઉપર છે. શુદ્ધ ચૈતન્ય સ્વભાવના આશ્રયે વીતરાગી પરિણામ થયા જ કરે છે તેથી જ્ઞાનીના સર્વે ભાવો જ્ઞાનમય છે.

ધર્મી જીવ માને છે કે મારા ચેતનને કોઈની ઉપમા આપી શકાય એમ નથી, મારું પદ તો સિદ્ધસમાન છે. રાગદ્વેષના ભાવને પોતાની નબળાઈ માને છે, પરનું કારણ માનતા નથી. આવી રીતે જ્ઞાનીના બધા ભાવ જ્ઞાનમય છે.

### ‘‘રાગ થવાનો હશે તેમ થશે’’ એ વાત કોના માટે સાચી છે ?

જે જીવને સાચી શ્રદ્ધા થઈ છે તેને અનંતાનુબંધી કષાયનો અભાવ થયો જ છે. ઘણા જીવો કહે છે કે ‘‘રાગ થવાનો હશે તેમ થશે’’—એમ કહી સ્વચ્છંદ સેવે છે, તેમ જ્ઞાનીને હોતું નથી. જ્ઞાનીને સ્વભાવ ઉપર દ્રષ્ટિ છે. તેને અનંતાનુબંધી કષાય તો કદી પણ થાય નહિ. આત્માના અનંતા ગુણોના આદરના સદ્‌ભાવમાં ચારિત્રગુણની વિકારી પર્યાય અનંતમા ભાગે થઈ જાય છે. એટલે કે વિકાર અનંતમા ભાગે હોય છે. ‘‘**<u>રાગ જે થવાનો હશે તે થશે’’ એ વાત તો સાચી જ છે, તે પરિણામો તો વ્યવસ્થિત જ થાય છે. પણ કોને માટે ? જે જીવને ધ્રુવ સામાન્ય સ્વભાવની પ્રતીતિ વર્તે છે, ને સાથે સ્વરૂપ આચરણ વર્તે છે, તેને માટે તે વાત સાચી છે. તે ધર્મી જીવને પર્યાય ઉપર દ્રષ્ટિ નથી પણ શુદ્ધ સ્વભાવની પ્રતીતિ વર્તે છે ને અનંતાનુબંધી રાગનો અભાવ થઈ સ્વરૂપ તરફ વલણ છે, તેને માટે તે વાત વ્યાજબી છે. સ્વચ્છંદી જીવ પોતાની પર્યાયને સ્વભાવ તરફ વાળતો નથી, તેને માટે તે વાત સાચી નથી. તે શાસ્ત્રને નામે સ્વચ્છંદ સેવે છે.</u>**

## જ્ઞાનીની શ્રદ્ધા અક્રમ સ્વભાવને સ્વીકારે છે.

દ્રવ્ય તે સામાન્ય છે ને સમ્યગ્દર્શન પર્યાય અથવા શ્રદ્ધાની પર્યાય વિશેષ છે. શ્રદ્ધાની પર્યાય ક્રમેક્રમે વર્તે છે. શ્રદ્ધા કોઈ પર્યાયને અથવા ક્રમને સ્વીકારતી નથી પણ શ્રદ્ધા અક્રમ સ્વભાવસામાન્યને કબૂલે છે. જ્ઞાની જીવ અક્રમ દ્રવ્યને સ્વીકારે છે માટે ''રાગ ક્રમસર થઈ રહ્યો છે'' એવું તેનું જ્ઞાન સાચું છે. સ્વચ્છંદી માટે સાચું નથી.

## ''સ્વભાવે પ્રભુ છું ને પર્યાયે પામર છું'' એમ જ્ઞાની યથાર્થ જ્ઞાન કરે છે.

ધર્માત્મા જીવને પોતાના શુદ્ધ સ્વભાવનું ભાન છે. શ્રદ્ધા પરપદાર્થ, વિકાર ને અલ્પજ્ઞતાને સ્વીકારતી નથી. શ્રદ્ધા તો ચિદાનંદ સ્વભાવને જ શ્રદ્ધા કરે છે. તેની દ્રષ્ટિ સ્વભાવ સન્મુખ જ રહ્યા કરે છે. છતાં પણ તે શ્રદ્ધાની સાથે પ્રગટ થયેલું સમ્યગ્જ્ઞાન એમ જાણે છે કે 'હું સ્વભાવે શુદ્ધ ચિદાનંદ પ્રભુ છું છતાં પર્યાયે તો પામર છું.' અનંતાનુબંધી કષાયનો નાશ થયો હોવા છતાં ધર્મી જીવ પોતાની પર્યાયનો વિવેક કરે છે કે અહો ! કેવળી ભગવાનને કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતવીર્ય, અનંતસુખની પર્યાયો પ્રગટ થઈ તે પરિપૂર્ણદશા ક્યાં ? ને મારી શ્રુતજ્ઞાનની તથા સ્વરૂપાચરણ ચારિત્રની ઘણી અલ્પ ને પામર પર્યાયો ક્યાં ? મારી નિર્મળતા ઘણી ઓછી છે. એમ પોતાની પામર પર્યાયનું જ્ઞાન કરે છે. છતાં આટલી બધી હીણી પર્યાયમાંથી ક્યારે સિદ્ધદશા થશે, એવી શંકા પડતી નથી. પર્યાય જરૂર સિદ્ધ જેવી થઈ જ જવાની, એમ નિઃશંકતા વર્તે છે.

जो ण य कुव्वदि गव्वं पुत्तकलत्ताइसव्वंअत्थेसु ।
उवसमभावे भावदि अप्पाणं मुणदि तिणमित्त ।।३१३।। (સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા)

## સમ્યગ્દર્શન હોવા છતાં ધર્મી જીવ પોતાની પર્યાયને તૃણસમાન હીન માને છે.

જે જીવ સમ્યગ્દ્રષ્ટિ છે, તે સ્ત્રી, પુત્ર, ધન વગેરે સર્વ પરદ્રવ્યો તથા પરદ્રવ્યોના ભાવ વિષે ગર્વ કરતા નથી. પરદ્રવ્ય વિષે અભિમાન કરે તો સમકિત શેનું ? જે જીવ પરપદાર્થનું અભિમાન કરી સુખ માને છે તે સમ્યગ્દ્રષ્ટિ કહેવાતો નથી. સમકિતી જીવે તો અનંતાનુબંધી તીવ્ર રાગદ્વેષના પરિણામનો અભાવ કરેલ છે ને સંપૂર્ણ વીતરાગતાની ભાવના તે નિરંતર રાખે છે. તે પોતાને તૃણસમાન હીન માને છે. પોતે અનંત જ્ઞાનાદિ સ્વરૂપ છે ને જ્યાંસુધી પર્યાયમાં તેની પ્રગટતા ન થાય ત્યાંસુધી બહારના પદાર્થોનો તો ગર્વ કરતો નથી પણ પોતાની અલ્પ

પર્યાયનો પણ ગર્વ કરતો નથી. તે વિચારે છે કે અહો ! ક્યાં કેવળીભગવાનની પર્યાય ! ક્યાં મુનિપણાની પર્યાય ! ને ક્યાં મારી અલ્પ પર્યાય ! એમ પામરપણું લાવી સ્વભાવમાં એકાગ્ર થતો નિર્માનપણે વિચારે છે. પોતાના જ્ઞાનમય ભાવને ઓળંગતો નથી. જ્ઞાનીને પુણ્યનો ગર્વ નથી. બહારના શુભાશુભમાં હોવા છતાં દ્રષ્ટિ અખંડ સ્વભાવ ઉપર છે. જ્ઞાનીને ગર્વ નથી, વિકાર રુચિ નથી ને એક સમયની પર્યાય વ્યક્ત થઈ એટલો પોતાને માનતો નથી. અવ્યક્ત ધ્રુવ સ્વભાવ ઉપર દ્રષ્ટિ છે તેથી તેના સર્વ ભાવો જ્ઞાનમય છે.

## અજ્ઞાનીને સંયોગી દ્રષ્ટિ હોવાને કારણે ધર્મ થતો નથી.

મિથ્યાદ્રષ્ટિ જીવને પરપદાર્થોનું તેમ જ શુભાશુભ ભાવનું અભિમાન વર્તે છે. તે નિમિત્તથી, પુણ્યથી ધર્મ માને છે ને તેને આત્માનું કાર્ય માને છે. બીજાનું મારાથી કલ્યાણ થશે ને નિમિત્તથી મને લાભ થશે, એવી બુદ્ધિ હોવાને કારણે તે મિથ્યાદ્રષ્ટિ છે. તેના બધા ભાવો અજ્ઞાનમય છે. તેને આત્માનો લાભ થતો નથી.

## જ્ઞાનીને વિકારમાં આત્મબુદ્ધિ નથી.

ચોથે ગુણસ્થાને ચારિત્રની નબળાઈના કારણે સમકિતી જીવને અલ્પ ક્રોધ આદિના પરિણામ થાય છે. પણ તે ભાવો મને લાભદાયક છે, એમ તે માનતો નથી. પરપદાર્થને લીધે થાય છે, એમ તે માનતો નથી. પોતે સ્વભાવમાં કરી શકતો નથી એટલે નબળાઈને લીધે થાય છે, એમ તે માને છે. કર્મનો ઉદય ઉદય આવે એવો ક્રોધ કરવો પડે તે તો સ્થૂલ ભૂલ છે. જ્ઞાની એવી રીતે કદી માનતો નથી. પોતાની પર્યાયમાં ક્રોધ આદિ થાય છે ત્યારે કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. કર્મ તો જડ છે, જડ કર્મનો ઉદય જડમાં છે, ચેતનમાં નથી. જ્ઞાની તે ભાવોને નિમિત્તના લક્ષે થયેલા ભાવ સમજે છે.

## જ્ઞાની રાગદ્વેષનો જ્ઞાતા છે તેથી સંસારનું પરિભ્રમણ વધતું નથી.

ધર્મી જીવ શુભાશુભભાવોને હેય સમજે છે. જેમ શરીરની નીરોગતા ઈચ્છનાર પેસાબ ને વિષ્ટાને રાખવા જેવા ગણતો નથી કારણ કે તે શરીરની નીરોગતાનાં લક્ષણ નથી. તેમ પુણ્ય તે પેસાબ સમાન છે ને પાપ તે વિષ્ટા સમાન છે. આત્મા ચૈતન્ય સ્વરૂપ નીરોગ છે. પુણ્યપાપ બિમારી છે, તેને સંઘરવાલાયક ધર્મી માનતો નથી. પૂર્વ, ક્રોધાદિ કર્મો ઉદયમાં આવે છે પણ સમ્યગ્દ્રષ્ટિને કર્મ તરફનું વલણ નથી. કર્મથી લાભ નુકશાન માનતો નથી તેથી તે

કર્મો આગામી એવો બંધ કરતાં નથી કે જેથી સંસારનું ભ્રમણ વધે. જ્ઞાનીને અનંતાનુબંધી કષાય ટળી ગયો છે. પોતાની નબળાઈ અનુસાર રાગનો ઉદય છે ને નિમિત્તરૂપે કર્મનો ઉદય છે. પણ કર્મને લીધે રાગ થયો એવી બુદ્ધિ તથા રાગથી ધર્મ થશે એવી બુદ્ધિ ટળી ગઈ છે. વળી સ્વભાવને ચૂકીને રાગમાં તન્મય થઈને કાર્ય કરતો નથી. અલ્પ રાગ થાય છે, તેને સ્વભાવનું કાર્ય માનતો નથી. જ્ઞાની તો પોતાના સ્વભાવમાં ઢળવા માગે છે, તેથી તે ઉદ્યમી થઈને શ્રદ્ધા અપેક્ષાએ ક્રોધાદિરૂપે પરિણમતો નથી.

જ્ઞાની 'ઉદયની બળજોરીથી પરિણમે છે' એનો અર્થ એવો નથી કે ચારિત્રમોહનીયકર્મનો ઉદય તેને બળજોરીથી પરિણમાવે છે. પણ ચારિત્રગુણની નબળાઈથી પરિણમે છે. તો પણ જ્ઞાનસ્વભાવી આત્મા છે એવા શ્રદ્ધા—જ્ઞાનને તે કદી ચૂકતો નથી.

## સંયોગીદ્રષ્ટિના કારણે અજ્ઞાનીના બધા ભાવો અજ્ઞાનમય છે.

અહો, જીવોને વસ્તુસ્વરૂપની ખબર નથી. તત્ત્વના યથાર્થ જ્ઞાન વિના જીવ બધું કરી ચૂક્યો છે. શાસ્ત્રમાં લખાણ આવે કે ઉદયની બળજોરીથી પરિણમે છે. ત્યાં નિમિત્તની પકડવાળા અર્થ કરે કે કર્મને લીધે રખડવું પડે છે પણ એ બધી ભ્રાંતિ છે. ઘણા શાસ્ત્રનો અભ્યાસ અજ્ઞાની કરે છે. પણ તે પરપ્રકાશક જ્ઞાન પોતાના આત્માના સ્વ—પ્રકાશક જ્ઞાન વિના બધું વૃથા છે. અજ્ઞાની કહે છે કે ''બૈરાં છોકરા છોડી દ્યો નહિતર પાપથી નરકમાં જવું પડશે. માટે લઈ લ્યો દીક્ષા'' પણ સમ્યગ્દર્શન વિના શેની દીક્ષા ? ભાઈ, શાંત થા. કોનો અભાવ કરવો છે ? તારા આત્મામાં અનંતા પરદ્રવ્યોનો અભાવ વર્તે છે. અહીં સંસારમાં કે જંગલમાં, બધે ક્ષેત્રે ને કાળે, બધા પરનો તારામાં અભાવ વર્તે છે. પણ

૧. અજ્ઞાની જીવ સંયોગાંતર કરવા માગે છે, એક સંયોગ છોડી બીજો સંયોગ ગ્રહણ કરું, એમ ઇચ્છે છે. સંયોગી વસ્તુનો ફેરફાર કરવા માગે છે.
૨. અજ્ઞાની જીવ ક્ષેત્રાંતર કરવા માગે છે. ઘરનું ક્ષેત્ર સંસારનું કારણ છે. માટે જંગલના ક્ષેત્રમાં જાઉં—એમ વિચારી ક્ષેત્રાંતર કરે છે.
૩. અજ્ઞાની જીવ પર્યાયાંતર કરવા માગે છે. અશુભની પર્યાય ફેરવી શુભ કરું, એક શુભ કરી બીજું શુભ કરું—એમ શુભઅશુભ પલટાવવા માગે છે. આવી રીતે રાગદ્વેષ કર્યા જ કરે છે.

૪. પણ પોતાનો જ્ઞાન સ્વભાવ ધ્રુવ શાંત છે, જેમાંથી સમ્યક્જ્ઞાનની તથા વીતરાગતાની પર્યાય પ્રગટે છે તે ઉપર દ્રષ્ટિ કરતો નથી માટે તેના બધા ભાવો અજ્ઞાનમય છે.

## સ્વભાવદ્રષ્ટિને કારણે જ્ઞાનીના સર્વભાવો જ્ઞાનમય જ છે.

અહીં તો જ્ઞાનીને ક્ષેત્રાંતર કરું, સંયોગાંતર કરું કે પર્યાયાંતર કરું એવી દ્રષ્ટિ નથી. જ્ઞાન સ્વભાવનો આદર વર્તે છે. કર્મ તો વિકાર કરાવતું નથી પણ પોતાની નબળાઈના કારણે રાગદ્વેષને લીધે હીણું પરિણમન થાય છે પણ શ્રદ્ધા તેને સ્વીકારતી નથી. વિકાર હોવા છતાં તે આદરણીય નથી. પોતાનો સ્વ—પરપ્રકાશક સ્વભાવ ખીલ્યો છે. તેથી રાગમાં તન્મય થયા વિના રાગને વ્યવહારે જાણે છે. બીજા પદાર્થો જેમ જ્ઞેય છે તેમ જ્ઞાનીને રાગદ્વેષ પણ જ્ઞેય છે, તેનો તે કર્તા થતો નથી. આ રીતે જ્ઞાનીના સર્વ ભાવો જ્ઞાનમય જ છે.

**

# પ્રસાદ નં. ૧૪૫

## સમયસાર ગાથા ૧૩૦—૧૩૧

(ફાગણ સુદ ૧૫, શુક્રવાર, ૨૦૦૭)

હવે આગળની ગાથાની સૂચનાના અર્થરૂપ શ્લોક કહે છે :

## અજ્ઞાનીની પર્યાયબુદ્ધિ જ નવા દ્રવ્યકર્મનો હેતુ બને છે.

### કળશ ૬૮

**અર્થ :—**અજ્ઞાની પોતાના અજ્ઞાનમય ભાવોની ભૂમિકામાં વ્યાપીને આગામી દ્રવ્યકર્મના નિમિત્ત જે અજ્ઞાનાદિક ભાવો તેમના હેતુપણાને પામે છે અર્થાત્ દ્રવ્યકર્મના નિમિત્તરૂપ ભાવોનો હેતુ બને છે.

આત્મા પોતે તો શુદ્ધ ચૈતન્ય છે, નિર્મળ ધ્રુવ પદાર્થ છે. જે વસ્તુ હોય તે નિત્ય હોય છે. ને નિત્યનો કોઈ બનાવનારો હોય નહિ. વસ્તુ નિર્મળ છે, તેમાં ઉપાધિ કે દુઃખ હોઈ શકે નહિ. સ્વભાવમાં વિકાર નથી પણ અજ્ઞાનીને પોતાના સ્વભાવનું ભાન નથી તેથી નિમિત્તનો આશ્રય લ્યે છે ને પરની રુચિ કરે છે. આવી પર્યાયબુદ્ધિ જ નવાકર્મબંધનો હેતુ થાય છે.

(૧) અજ્ઞાની પર્યાયબુદ્ધિ કરે છે માટે તેને અજ્ઞાનમય પરિણામ થાય છે.

(૨) અજ્ઞાની કર્મ ઉપર દ્રષ્ટિ કરીને પર્યાયબુદ્ધિ કરે છે માટે તેના અજ્ઞાનમય પરિણામમાં જૂના જડકર્મનો ઉદય નિમિત્ત કહેવાય છે.

(૩) વળી તે પરિણામ અજ્ઞાનમય છે તેથી તેના નિમિત્તે નવાં દ્રવ્યકર્મો બંધાય છે. તેનું દ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ છે. તે દ્રવ્ય વિકારનું કારણ નથી, તેમ જ દ્રવ્ય નવા જડકર્મનો હેતુ નથી. કારણ કે

(અ) વસ્તુ જો વિકારનું કારણ હોય તો જીવ વિકારરહિત કદી થઈ શકે નહિ.

(બ) તેમ જ કર્મનો ઉદય પણ વિકારનું કારણ નથી. જો તે ઉદય વિકારનું કારણ હોય તો વિકારરહિત કદી થઈ શકે નહિ. જ્ઞાની તેના ઉપર લક્ષ નહિ કરતાં સ્વભાવનું લક્ષ કરે છે, તેથી ઉદય આવેલાં કર્મ ખરી જાય છે. અજ્ઞાની કર્મ ઉપરની સંયોગીદ્રષ્ટિને લીધે, અજ્ઞાનમય ભાવો કરે છે ને તેથી નવું કર્મબંધન થાય છે.

આ જ અર્થ પાંચ ગાથાઓથી કહે છે :—

**અજ્ઞાન તત્ત્વ તણું જીવોને, ઉદય તે અજ્ઞાનનો,**
**અપ્રતીત તત્ત્વની જીવને જે, ઉદય તે મિથ્યાત્વનો. ૧૩૨.**
**જીવને અવિરતભાવ જે, તે ઉદય અણસંયમ તણો,**
**જીવને કલુષ ઉપયોગ જે, તે ઉદય જાણ કષાયનો. ૧૩૩.**
**શુભ કે અશુભ પ્રવૃત્તિ કેનિવૃત્તિની ચેષ્ટા તણો,**
**ઉત્સાહ વર્તે જીવને, તે ઉદય જાણ તું યોગનો. ૧૩૪.**
**આ હેતુભૂત જ્યાં થાય, ત્યાં કાર્મણવરગણારૂપ જે,**
**તે અષ્ટવિધ જ્ઞાનાવરણ ઇત્યાદિ ભાવે પરિણમે. ૧૩૫.**
**કાર્મણવરગણારૂપ તે જ્યાં જીવનિબદ્ધ બને ખરે,**
**આત્માય જીવપરિણામભાવોનો તદા હેતુ બને. ૧૩૬.**

**અન્વયાર્થ :—**જીવોને જે તત્ત્વનું અજ્ઞાન (અર્થાત્ વસ્તુસ્વરૂપનું અયથાર્થ—વિપરીત જ્ઞાન) છે, તે અજ્ઞાનનો ઉદય છે અને જીવને જે (તત્ત્વનું) અશ્રદ્ધાન છે તે મિથ્યાત્વનો ઉદય છે; વળી જીવોને જે અવિરમણ અર્થાત્ અત્યાગભાવ છે તે અસંયમનો ઉદય છે અને જીવોને જે મલિન (અર્થાત્ જાણપણાની સ્વચ્છતારહિત) ઉપયોગ છે, તે કષાયનો ઉદય છે; વળી જીવોને જે શુભ કે અશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિરૂપ (મનવચનકાયા—આશ્રિત) ચેષ્ટાનો ઉત્સાહ છે, તે યોગનો ઉદય જાણ.

આ ઉદયો હેતુભૂત થતાં જે કાર્મણવર્ગણારૂપ પુદ્ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિ ભાવોરૂપે આઠ પ્રકારે પરિણમે છે, તે કાર્મણવર્ગણાગત પુદ્ગલદ્રવ્ય જ્યારે ખરેખર જીવમાં બંધાય છે, ત્યારે જીવ પોતાના અજ્ઞાનમય પરિણામભાવોનો હેતુ થાય છે.

**ટીકા :—**વસ્તુસ્વરૂપ જેવું છે તેવું ન જાણવું તે અજ્ઞાનભાવ છે, તે અજ્ઞાનનો ઉદય છે. દ્રવ્યદ્રષ્ટિમાં અજ્ઞાનમય ભૂમિકા હોતી નથી. દ્રવ્યદ્રષ્ટિમાં તો સમ્યગ્દર્શન પ્રગટ થઈ મોક્ષની દશા પ્રગટ થાય છે. દ્રવ્યદ્રષ્ટિ જો અજ્ઞાનનું કારણ હોય તો સંસારનો કદી અભાવ થાય નહિ. પણ તે દ્રષ્ટિ છોડી જડકર્મ તરફ વલણબુદ્ધિ—પર્યાયબુદ્ધિ તે અજ્ઞાનનું કારણ છે. અજ્ઞાની ચૈતન્ય જ્ઞાતાદ્રષ્ટાનો આદર છોડી વિકારનો આદર કરે છે. વિકારનો આદર તે જ પર્યાયબુદ્ધિ છે. તેના આદરમાંથી સંસારના ફણગા ફૂટે છે, આત્મામાંથી સંસાર ફૂટતો નથી.

કોઈ છોકરો કુસંગે ચડી જાય તો તેનો બાપ તેનો વાંક હોવા છતાં તેને કહે છે કે ભાઈ, તને ખરાબ છોકરાની સોબત મળી માટે તું બગડ્યો, તું તો ખાનદાનનો દીકરો છે. તું તો ડાહ્યો છે, વગેરે કહી તેને સારે રસ્તે ચડાવે છે. એમ અહીં આચાર્ય

ભગવાન કરુણાથી કહે છે કે જડકર્મના સંગે તારામાં અજ્ઞાનભાવ થયો છે. તારા અસંગ તત્ત્વને તું ચૂક્યો છે માટે અજ્ઞાન થયું છે. તારો સ્વભાવ તો ચેતના, સુખ વગેરે શુદ્ધ ગુણોથી ભરપૂર છે. તારી ચૈતન્ય શક્તિમાંથી સંસાર ફાટે નહિ. સંસાર તો પર્યાયબુદ્ધિનું કાર્ય છે. તારા સ્વભાવનું કાર્ય નથી એટલે કે જડનું કાર્ય છે.

અજ્ઞાનનો ઉદય ચાર પ્રકારે છે. મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગના ઉદયો છે. તે ઉદયો નવાં જડકર્મના હેતુ છે. તેઓ તે-મય અર્થાત્ અજ્ઞાનમય ચાર ભાવો છે.

**૧) મિથ્યાત્વ :—**પુણ્યમાં ધર્મ છે, પાપમાં સુખ છે, અનુકૂળ સંયોગો સુખનું કારણ છે, પ્રતિકૂળ સંયોગો દુઃખનું કારણ છે—એવો તત્ત્વના અશ્રદ્ધાનરૂપે જ્ઞાનમાં સ્વાદ આવે છે, તે દર્શનમોહનીય જડકર્મનો ઉદય છે. તે અશ્રદ્ધાનરૂપ ભાવ તારા સ્વભાવમાંથી આવતો હોય તો આત્મામાંથી અશ્રદ્ધા કદી ટળે નહિ. તેથી અશ્રદ્ધાન ભાવ તારા દ્રવ્યસ્વભાવનું કાર્ય નથી પણ તે દર્શનમોહનીયનો ઉદય છે.

**૨) અસંયમ :—**વિષમ, કામ, ક્રોધાદિના પરિણામની આસક્તિ તે અત્યાગભાવરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો અસંયમનો ઉદય છે. તે અવિરતભાવનું કારણ ચૈતન્યવસ્તુ હોઈ શકે નહિ. શુદ્ધ વસ્તુ તેનું કારણ હોય તો અવિરતભાવનો અભાવ કદી થાય નહિ. સ્વભાવમાંથી વીતરાગી પર્યાય પ્રગટે છે, આસક્તિના ફણગા ફૂટે નહિ. તેથી તે અવિરતિભાવમાં અપ્રત્યાખ્યાનાવરણીયનો ઉદય છે. અહીં મિથ્યાદ્રષ્ટિની વાત છે. એટલે અનંતાનુબંધી સહિત અપ્રત્યાખ્યાનાવરણીયના ઉદયની વાત સમજવી.

**3) કષાય :—**કલુષ (મલિન) ઉપયોગરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો કષાયનો ઉદય છે. કામક્રોધનો સ્વાદ આવે છે તે આત્માના જ્ઞાનનો સ્વાદ નથી. સ્વભાવદ્રષ્ટિમાં એકત્વબુદ્ધિના ભાવ હોઈ શકે નહિ એટલે અહીં પર્યાયદ્રષ્ટિની વાત છે. સ્વભાવની અરુચિ થઈ જડના સંગે થયેલા કામક્રોધના ભાવ છે. દયાદાન વગેરેના પરિણામ મલિન સ્વાદવાળા છે. આંબાના ઝાડમાં અદ્ધર લીંબડાનું વૃક્ષ થાય તો તે લીંબડાનુ ફાટવું આંબાના મૂળમાંથી નથી. આંબામાંથી તો મીઠી કેરી થાય પણ લીંબડાની કડવાશ ફાટે નહિ. તેમ કામક્રોધાદિ ને દયાદાનાદિ વગેરે તીવ્ર-મંદ કષાયના ભાવો તારા ચૈતન્ય શુદ્ધ સ્વભાવરૂપી આંબામાંથી પાક્યા નથી પણ જડકર્મના આશ્રયે પાક્યા છે.

**૪) યોગ :—**શુભાશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિના વ્યાપારરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો યોગનો ઉદય છે. શુભપરિણામની પ્રવૃત્તિ ને અશુભ પરિણામની નિવૃત્તિ તથા યોગનું કંપન થવું તે આત્માના કારણે થતું નથી. આત્માના કારણે યોગની

વિભાવદશા હોય તો આત્મા કદી પણ યોગરહિત થાય નહિ. તેથી શુભાશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિરૂપે વ્યાપર જડકર્મનું કાર્ય છે, તે યોગનો ઉદય છે, આત્માનો ઉદય નથી. આત્માના ઉદયે કેવળજ્ઞાન પ્રગટીને સિદ્ધદશા પ્રગટ થાય.

## જૂનાં કર્મોનો ઉદય, જીવનું અજ્ઞાનાદિભાવે પરિણમવું, નવાં કર્મોનું બંધાવું એકી સમયે છે.

આ પૌદ્ગલિક મિથ્યાત્વ, અવિરતિ, કષાય ને યોગના ઉદયોના નિમિત્તે કાર્મણવર્ગણાના પરમાણુ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય વગેરે આઠ પ્રકારે સ્વયમેવ પરિણમે છે. ને તે કર્મો જીવ સાથે બંધાય ત્યારે જીવ સ્વયમેવ અજ્ઞાનથી શરીર વગેરેની સાથેની તથા પુણ્ય સાથેની એકત્વબુદ્ધિના કારણ તત્ત્વઅશ્રદ્ધાન આદિ અજ્ઞાનમય પરિણામ ભાવોનો હેતુ થાય છે. જડકર્મનો ઉદય, જીવનું અજ્ઞાનરૂપે પરિણમવું ને નવાં કર્મનું બંધાવું—એ ત્રણે એકી સમયે છે.

(૧) જડકર્મનો ઉદય આવ્યો માટે અજ્ઞાનમય ભાવ થયા, એમ કર્તાકર્મ સંબંધ નથી.

(૨) અજ્ઞાનમય ભાવો થયા માટે નવાં કર્મ બંધાય છે, એમ કર્તાકર્મ સંબંધ નથી.

પણ જીવ પોતાનો સ્વભાવ ચૂકે છે ને પરલક્ષ કરે છે તો પોતામાં અજ્ઞાનમય ભાવ થાય છે ને તો જૂનાં કર્મ નિમિત્ત કહેવાય છે ને નવાં કર્મ બંધાય છે. અજ્ઞાની જીવ હું જ્ઞાનસ્વભાવી છું ને પરપદાર્થ તથા વિકારપણે હું નથી, એમ માનતો નથી. પોતાને રાગ જેટલો ને અંશ જેટલો માની સ્વભાવનો અનાદર કરે છે તેથી અજ્ઞાનમય ભાવ કરે છે. જીવ અજ્ઞાનભાવ કરે તો જડકર્મનો ઉદય કહેવાય છે ને નવાં કર્મ બંધાય છે. જીવ અજ્ઞાન કરે નહિ તો જૂનાને નિમિત્ત કહેવાતું નથી ને નવાં બંધાતા નથી.

**<u>ભાવાર્થ :</u>**—અજ્ઞાનભાવના ભેદરૂપ જે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગના ઉદયો તે પુદ્ગલના પરિણામ છે. જુઓ અહીં સ્વચ્છંદની વાત નથી. ઘણા જીવો આનો ઊંધો અર્થ કરે છે કે કર્મને લીધે અજ્ઞાન થાય જ—પણ તે વાત ખોટી છે. દ્રવ્ય—ગુણ શુદ્ધ છે પણ પર્યાયમાં વિકાર કર્મને લીધે થાય છે, એમ જે માને છે તે સ્થૂલ મિથ્યાદ્રષ્ટિ છે.

તે પુદ્ગલ પરિણામનો સ્વાદ અતત્ત્વશ્રદ્ધાન વગેરેરૂપે જ્ઞાનમાં આવે છે. તે ઉદયોના નિમિત્તે, કાર્મણ વર્ગણારૂપ નવાં પુદ્ગલો સ્વયમેવ જ્ઞાનાવરણીય વગેરેરૂપે પરિણમે છે અને જીવ સાથે બંધાય છે. અને તે સમયે જીવ સ્વયમેવ

પોતાની પર્યાયબુદ્ધિથી અતત્ત્વશ્રદ્ધાનાદિ ભાવોરૂપે પરિણમે છે અને એ રીતે પોતાના અજ્ઞાનમય ભાવોનું કારણ પોતે જ થાય છે.

જડકર્મ મિથ્યાત્વાદિનો ઉદય થવો, નવા પુદ્‌ગલકર્મોનું કર્મરૂપે પરિણમવું ને બંધાવું તથા જીવનું ખોટી શ્રદ્ધા વગેરેરૂપ પરિણમવું—એ ત્રણે એક જ સમયે છે. સૌ સ્વતંત્રપણે પરિણમે છે, કોઈ કોઈને પરિણમાવતું નથી.

જડકર્મનો ઉદય આવ્યો માટે રાગ થયો, એમ કર્તાકર્મ સંબંધ નથી.

રાગ થયો માટે જડકર્મનો ઉદય આવ્યો, એમ કર્તાકર્મ સંબંધ નથી.

રાગ થયો માટે નવાં કર્મ બંધાયા, એમ કર્તાકર્મ સંબંધ નથી.

નવા કર્મ બંધાયા માટે રાગ કરવો પડ્યો, એમ કર્તાકર્મ સંબંધ નથી.

નવા કર્મ બંધાયા માટે જૂનાં કર્મ ઉદયમાં આવ્યાં,એમ કર્તાકર્મ સંબંધ નથી.

જૂના કર્મનો ઉદય આવ્યો માટે નવા કર્મ બંધાયા,એમ કર્તાકર્મ સંબંધ નથી.

સ્વભાવબુદ્ધિ કરાવવા ને પર્યાયબુદ્ધિ છોડાવવા આ ગાથામાં કથન કરેલ છે.

**

# પ્રસાદ નં. ૧૪૬

## સમયસાર ગાથા ૧૩૭—૧૩૮

(ફાગણ વદ ૧, શનિવાર, ૨૦૦૭)

આત્મા શરીર ને કર્મથી જુદો છે. તે પોતાના સ્વભાવને ચૂકે છે ત્યારે વિકાર થાય છે. તે વિકાર કોઈ કર્મ કરાવતું નથી. પોતે વિકાર કરે છે તો કર્મને નિમિત્ત કહેવાય છે, ને વિકાર કરતો નથી તો કર્મ નિમિત્ત કહેવાતાં નથી. આત્માથી શરીર તો જુદું છે ને કર્મ પણ જુદું છે, છતાં જેટલા પ્રમાણમાં રાગદ્વેષ કરે તેટલા પ્રમાણમાં કર્મ બંધાય જ એવો મેળ છે. જીવની ઇચ્છા પ્રમાણે શરીરમાં અથવા બહારમાં કાર્ય થતું દેખાય અથવા ન પણ દેખાય પરંતુ રાગદ્વેષના પ્રમાણમાં કર્મનો બંધ કર્મના કારણે થાય જ, છતાં તે કર્મનું પરિણામ જીવથી જુદું છે.

કોઈ પ્રશ્ન કરે કે કર્મને કેવી રીતે ખબર પડે કે જીવના પરિણામના પ્રમાણમાં જ મારે બંધાવું છે ?

**સમાધાન :—**કર્મ બંધાય છે એમાં જ્ઞાનની જરૂર નથી. ત્રાજવામાં વજન પાંચ શેર મૂકે ને સામે પાંચ શેર પેંડા મૂકે તો કાંટો સરખો રહે છે. તેને જ્ઞાનની જરૂર નથી. જ્ઞાન હોય તો જ કાંટો સરખો થઈ જાય, તેવું નથી; તેમ રાગદ્વેષના પ્રમાણમાં જ કર્મ બંધાય, તેમાં કર્મને જ્ઞાનની જરૂર નથી. તે સ્વયં સહજ એટલા જ પ્રમાણમાં બંધાય છે. તે કર્મનું પરિણમન જીવથી જુદું છે, તે હવે કહે છે :—

### ગાથા ૧૩૭—૧૩૮

**જો કર્મરૂપ પરિણામ, જીવ ભેળા જ, પુદ્‌ગલના બને,**
**તો જીવ ને પુદ્‌ગલ ઉભય પણ કર્મપણું પામે અરે ! ૧૩૭.**
**પણ કર્મભાવે પરિણમન છે એક પુદ્‌ગલદ્રવ્યને,**
**જીવભાવ હેતુથી અલગ, તેથી, કર્મના પરિણામ છે. ૧૩૮.**

**અન્વયાર્થ :—**જો પુદ્‌ગલદ્રવ્યને જીવની સાથે જ કર્મરૂપ પરિણામ થાય છે (અર્થાત્ બન્ને ભેળા થઈને જ કર્મરૂપે પરિણમે છે.) એમ માનવામાં આવે તો એ રીતે પુદ્‌ગલ અને જીવ બન્ને ખરેખર કર્મપણાને પામે, પરંતુ કર્મભાવે પરિણામ તો પુદ્‌ગલદ્રવ્યને એકને જ થાય છે તેથી જીવભાવરૂપ નિમિત્તથી રહિત જ અર્થાત્ જુદું જ કર્મનું પરિણામ છે.

## જ્ઞાનીનું માપ બાહ્ય સંયોગોથી નથી, અંતર પરિણમનથી છે.

જીવોને વસ્તુસ્વરૂપની ખબર નથી એટલે બહારથી માપ કાઢે છે. કોઈ જીવ ધર્મી હોય તેને પૂર્વના પુણ્ય હોય અથવા ન પણ હોય ને અધર્મીને પુણ્યના ઢગલા દેખાય.

૧. પુણ્યનો ઢગલો દેખાય માટે તે ધર્મી છે, એમ પણ નથી ને

૨. પુણ્યનો ઢગલો ન દેખાય માટે તે અધર્મી છે, એમ પણ નથી. વળી કોઈ જીવે

૩. બાહ્ય સંયોગો છોડ્યા દેખાય માટે તે ધર્મી છે, એમ પણ નથી, ને કોઈને

૪. બાહ્ય સંયોગોના ઢગલા હોય માટે પાપી છે, એમ પણ નથી.

એટલે બાહ્ય સંયોગ ઉપરથી ધર્મી કે અધર્મીનું માપ નથી.

એક જીવ પૂર્વે વેપારના કામમાં હોય ત્યારે સાધારણ પુણ્યના યોગે પૈસા ઓછા દેખાય ને તે જીવ સ્વરૂપ સમજવા માટે સત્ સમાગમ કરવા લાગ્યો ને કમાવાની ઇચ્છા ઓછી કરી પણ પુણ્યનો ઉદય જોરદાર આવવાથી પૈસાની કમાણી થઈ ગઈ. અજ્ઞાનીને લાગે કે પહેલા કરતા આ જીવને પૈસાની તૃષ્ણા વધી લાગે છે કારણ કે તેને પહેલા પૈસા ઓછા હતા ને પછી વધ્યા—એમ બાહ્ય સંયોગથી માપ કાઢ્યું, તે સત્ય નથી. ખરેખર તો તેણે કમાવાની ઇચ્છા મંદ કરીને સ્વને સમજવાનો પુરુષાર્થ કરેલ છે.

**બીજું દ્રષ્ટાંત :** મહાવીર ભગવાન છદ્મસ્થ અવસ્થામાં મુનિપણે હતા ત્યારે એકલા રહેતા. કોઈવાર આહારનો યોગ પણ થતો નહિ, જંગલમાં રહેતા, કોઈ સેવા કરનારા ન હતા. જ્યાં વીતરાગદશા થઈ, સર્વજ્ઞપદ પ્રાપ્ત કર્યું ત્યાં તીર્થંકર પ્રકૃતિ ઉદયમાં આવીને ભવ્ય સમવસરણ રચાયું. અનેક દેવો આવ્યા, સભાઓ ભરાઈ, મણિરત્નના અને હીરાના ગઢ રચાયા, અજ્ઞાનીને થાય કે ભગવાન રાગવાળી દશામાં હતા ત્યારે કાંઈ પરિગ્રહ ન હતો ને વીતરાગ થયા ત્યાં આટલો બધો ભગવાનને પરિગ્રહ ! ત્યાગી હતાને ! આ શું થઈ ગયું ! આમ અજ્ઞાનીને આશ્ચર્ય ભાસે છે. અજ્ઞાનીને જડકર્મનો ઉદય ને આત્મા જુદો છે, તેનું ભાન નથી. બાહ્ય સંયોગોથી ધર્મી કે અધર્મીનું માપ નથી. ધર્મીનું માપ અંતર સમજણથી છે.

ચોથે ગુણસ્થાને ધર્મી જીવને પોતાના સ્વભાવનું ભાન છે, તેથી તે નવા કર્મમાં નિમિત્ત નથી. વસ્તુસ્વભાવમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ માનતા નથી. સમવસરણ હોય કે પુણ્યના ઢગલા હોય તે સંયોગો અને તે કર્મો કે જેના નિમિત્તે ઢગલા થયા છે, તેને જ્ઞાની પોતાના માનતો નથી.

## પુદ્‌ગલદ્રવ્યનું પરિણમન જીવથી જુદું છે.

અજ્ઞાનીને સાચી સમજણ નહિ હોવાને કારણે બહારથી માપ કાઢે છે, તેને અહીં આચાર્ય ભગવાન કહે છે કે જીવના અજ્ઞાનભાવ જેટલા પ્રમાણમાં હોય તેટલા પ્રમાણમાં જડકર્મ બંધાય છે, છતાં તે પુદ્‌ગલકર્મનો કર્તા જીવ નથી. અજ્ઞાની કહે છે કે જીવ જેવા પરિણામ કરે તેવાં જ કર્મ બંધાય છે ને જીવ વિકાર કરતો નથી ત્યારે કર્મ બંધાતા નથી માટે અજ્ઞાન રાગદ્વેષ પણ અમો કરીએ છીએ ને જડકર્મ પણ અમો બાંધીએ છીએ. અમે બંન્નેના–રાગ-દ્વેષ તેમ જ જડકર્મના કર્તા છીએ— એમ અજ્ઞાની કુતર્ક કરે છે.

જેમ હળદર ને ફટકડી ભેળાં થતાં બન્નેને લાલ રંગરૂપ પરિણામ થાય છે તેમ, આત્મા ને પુદ્‌ગલદ્રવ્ય બન્ને ભેગાં થઈને કામ કરતા હોય તો બન્નેને એકરૂપ પરિણમન આવી પડવાનો પ્રસંગ આવે. એટલે કે પુદ્‌ગલદ્રવ્ય જેમ જ્ઞાનાવરણીયાદિ કર્મરૂપે પરિણમે છે તેમ જીવ પણ જ્ઞાનાવરણીયાદિ કર્મરૂપે પરિણમવો જોઈએ. પણ એમ તો કદી બનતું નથી. જીવ કદી પણ કર્મરૂપે થતો નથી, માત્ર પુદ્‌ગલદ્રવ્ય જ કર્મરૂપે થાય છે. જીવ ઇચ્છા કરે ને બહારના સંયોગનું કાર્ય તેના કારણે બને અથવા ન પણ બને. પરંતુ જીવ જેવા રાગદ્વેષ કરે તેવાં જ કર્મ બંધાય છતાં જીવ દ્રવ્યકર્મને પરિણમાવતો નથી. માટે જીવનું રાગાદિ અજ્ઞાન પરિણામ કે જે કર્મનું નિમિત્ત છે તેનાથી જુદું જ પુદ્‌ગલકર્મનું પરિણામ છે.

## વસ્તુસ્વભાવના જ્ઞાન વિના એક અંશ પણ ધર્મ થતો નથી.

અહીં તો એમ કહ્યું કે જડકર્મ રાગદ્વેષના પ્રમાણમાં બંધાવા છતાં જીવનું તે કાર્ય નથી તો પછી શરીરની તેમ જ બાહ્ય પદાર્થોની અવસ્થા જીવ કરી શકે, એમ માનવું તે સ્થૂલ અજ્ઞાન છે. પ્રથમ તો જીવે યથાર્થ જ્ઞાન કરવું જોઈએ. સંસારમાં જ્ઞાન વગર કઈ ચીજ થાય છે, તે બતાવો. કોઈ બાઈ કહે કે મારે શીરો કેમ થાય તેનું જ્ઞાન કરવા રોકાવું નથી, તેમાં વખત લાગે છે. મારે તો શીરો જલદી બનાવવો છે, એમ કહીને પાણીમાં લોટને શેકી નાખે ને પછી ઘી નાખે તો શીરો થાય નહિ. તે ખાવામાં કામ આવે નહિ પણ લોપરી થશે. પ્રથમ ઘીમાં લોટ શેકવો જોઈએ ને પછી તૈયાર કરી રાખેલું ગોળનું પાણી તેમાં નાખવું જોઈએ તો શીરો

થાય છે. તેમ અજ્ઞાની કહે કે અમારે આત્મા સમજવા રોકાવું નથી. વ્રત, તપ, અજ્ઞાનભાવે મંડો કરવા. તો તેથી ધર્મ થાય નહિ ને સંસાર મટે નહિ પણ પ્રથમ આત્મા શુદ્ધ સ્વરૂપી છે, પર પદાર્થથી જુદો છે, પુણ્ય પાપ વિકાર છે, જ્ઞાનસ્વભાવી આત્માની શ્રદ્ધા કરવી જોઈએ. પ્રથમ સમ્યક્ શ્રદ્ધા—જ્ઞાન દ્વારા આત્માને રોકવો જોઈએ ને પછી સ્થિરતારૂપી ગોળનું પાણી અંતર રેડે તો વિકલ્પનો અભાવ થઈ સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્રની એકતા થઈ વીતરાગી શાંતરસ ઉત્પન્ન થાય ને સંસારનો નાશ થાય. તે સિવાય બીજો ઉપાય નથી. અજ્ઞાની જીવ શ્રાવક કે મુનિપણાનું નામ ધરાવે ને મહાવીરના અનુયાયી કહેવડાવે પણ જેમ કરિયાતાની થેલી ભરી હોય ને ઉપર સાકરનું નામ લખ્યું હોય તો કરિયાતું સાકર થતું નથી, તેમ મહાવીરના તત્ત્વને જાણ્યા વિના અર્થાત્ વસ્તુસ્વરૂપ જાણ્યા વિના શ્રાવક કે મુનિપણું હોઈ શકે નહિ. તે જીવને અંતરમાં પરપદાર્થની સાથે એકત્વબુદ્ધિ વર્તે છે. કર્મનો ઉદય આવે તો રખડવું પડે ને પુણ્યથી ધર્મ થાય એવી કરિયાતાની જેમ અંતર પર્યાયબુદ્ધિ પડેલી છે, તેના કારણે કદી સમ્યગ્દર્શન થાય નહિ ને સમ્યગ્દર્શન વિના મુનિપણું હોઈ શકે નહિ. આત્મા જ્ઞાનસ્વભાવી છે, પરમેશ્વર જ્ઞાનસાગર છે—તેના અંતરભાનથી સમ્યગ્દર્શન થાય છે ને પછી સ્થિરતા થતાં રાગદ્વેષનો અભાવ થાય છે.

**<u>ભાવાર્થ :</u>—**જો પુદ્‌ગલદ્રવ્ય અને જીવ ભેળાં થઈને કર્મરૂપે પરિણમે છે, એમ માનવામાં આવે તો જીવ અને પુદ્‌ગલ બન્નેનું પરિણામ કર્મ ઠરે. પરંતુ જીવ કદી જડ થતો નથી તેથી અજ્ઞાનનું નિમિત્ત જડકર્મ જીવના અજ્ઞાનથી તદ્દન જુદું છે.

પુદ્‌ગલદ્રવ્યથી જુદું જ જીવનું પરિણામ છે, એમ હવે પ્રતિપાદન કરે છે :—

## <u>ગાથા ૧૩૯—૧૪૦</u>

**જીવના, કરમ ભેળા જ, જો પરિણામ રાગાદિક બને,**
**તો કર્મ ને જીવ ઉભય પણ રાગાદિપણું પામે અરે ! ૧૩૯.**

**પણ પરિણમન રાગાદિરૂપ તો થાય છે જીવ એકને,**
**તેથી જ કર્મોદય નિમિત્તથી અલગ જીવપરિણામ છે. ૧૪૦.**

**<u>અન્વયાર્થ :</u>—**જો જીવને કર્મની સાથે જ રાગાદિ પરિણામો થાય છે અર્થાત્ બન્ને ભેળા થઈને રાગાદિરૂપે પરિણમે છે, એમ માનવામાં આવે તો એ રીતે જીવ અને કર્મ બન્ને રાગાદિપણાને પામે પરંતુ રાગાદિભાવે પરિણામ તો જીવને

એકને જ થાય છે, તેથી કર્મોદયરૂપ નિમિત્તથી રહિત જ અર્થાત્ જુદું જ જીવનું પરિણામ છે.

## જીવના પરિણામ પુદ્ગલકર્મના ઉદયથી સ્વતંત્ર છે.

**ટીકા :—**જીવ જ્યારે અજ્ઞાન રાગદ્વેષ કરે છે ત્યારે કર્મ નિમિત્ત છે, પણ કર્મને લીધે રાગદ્વેષ થતો નથી. છતાં અજ્ઞાની જીવ માને છે કે જેવો જેવો કર્મનો ઉદય આવે તેવો જીવને વિકાર કરવો જ પડે એટલે કે જીવ ને કર્મ બન્ને સાથે મળીને અજ્ઞાન—રાગદ્વેષ કરે છે, એમ અજ્ઞાની માને છે. જો તેમ બને તો જેમ ભેગા થયેલાં ફટકડી ને હળદર બન્નેને લાલ રંગરૂપ પરિણામ થાય છે તેમ, જીવ અને પુદ્ગલકર્મ બન્નેને રાગાદિ પરિણામનો પ્રસંગ આવશે પણ રાગદ્વેષના પરિણામ તો એકલા જીવને થાય છે પણ પુદ્ગલ રાગદ્વેષ કરતું નથી. માટે નક્કી થાય છે કે બન્ને ભેગાં થઈને રાગદ્વેષ કરતા નથી પણ જીવ એકલો જ રાગદ્વેષરૂપે પરિણમે છે માટે રાગદ્વેષનું નિમિત્ત જે જડકર્મ તેનાથી જીવના પરિણામ જુદા છે.

જીવોને વસ્તુસ્વરૂપની ખબર નથી ને બાહ્યથી ત્યાગ કરે છે. ઉપવાસ કરે, પડિમા ધારણ કરે, કમંડળ ને મોરપીંછ રાખે પણ કર્મના ઉદયને લીધે જીવને રખડવું પડે એવી માન્યતાના કારણે તેને ધર્મ થતો નથી. પાઠો માત્ર મોઢે ગોખી જાય પણ અર્થની ખબર નહિ હોવાના કારણે કાંઈ ફાયદો થતો નથી. અજ્ઞાની જીવો કહે છે કે કાળદ્રવ્યને લીધે સિદ્ધને પરિણમન કરવું જ પડે છે ને અલોકાકાશમાં ધર્મદ્રવ્ય નથી માટે સિદ્ધના જીવો ત્યાં જઈ શકતા નથી. તે અજ્ઞાન—સ્થૂલ ભૂલ છે. સિદ્ધના જીવ લોકનું દ્રવ્ય છે તે પોતાના કારણે લોકમાં રહે છે ને પરિણમન કરે છે તે પોતાના કારણે છે. સિદ્ધના જીવો ધર્મદ્રવ્યને તથા કાળને પરાધીન નથી.અહો ! વસ્તુસ્વરૂપ જીવોએ જાણ્યું નથી. અહીં બહારના દ્રવ્યની તો વાત નથી પણ કર્મના ઉદયને લીધે જીવના પરિણામ નથી. પણ જીવના પરિણામ કર્મના ઉદયથી સ્વતંત્ર છે. પોતે કરે તો થાય ને ન કરે તો ન થાય. આમ જીવના પરિણામની સ્વતંત્રતા નક્કી કરે તો સ્વભાવ તરફ વળવાનો પ્રસંગ રહે.

આમ સાચું જ્ઞાન કરવું તે ધર્મનું કારણ છે.

**

# પ્રસાદ નં. ૧૪૭

## સમયસાર ગાથા ૧૩૯—૧૪૦

(ફાગણ વદ ૨, રવિવાર, ૨૦૦૭)

### વાસ્તવિક દુઃખ શું છે તેની પણ અજ્ઞાની જીવોને ખબર નથી.

આત્મામાં વિકાર થાય છે તે પોતાના કારણે થાય છે, પર પદાર્થને લીધે થતો નથી. કર્મને લીધે વિકાર થતો હોય તો વિકાર રહિત થવાનો પ્રસંગ બને નહિ. જીવોને વસ્તુસ્વરૂપની જ ખબર નથી. સુખી થવું છે, એમ કહે છે તો નક્કી થાય છે કે વર્તમાન સુખદશા પ્રગટ નથી પણ દુઃખ અથવા અધર્મદશા વર્તે છે. તે દુઃખઅવસ્થા કર્મમાં, બહારના સંયોગોમાં, શરીરના રોગમાં, બૈરા મરવામાં, નિર્ધનતામાં નથી. તેમ જ પોતાનો આત્મા ત્રિકાળી શુદ્ધ છે ને ગુણો શુદ્ધ છે તેમાં પણ દુઃખ નથી. દુઃખ પોતાની એક સમયની અવસ્થામાં છે. જેમ શરીરમાં રોગ જણાય છે તો તેને છોડવાની દ્રષ્ટિ કરે તેમ જીવને દુઃખ જણાય તો દુઃખને છોડવાનો ઉપાય કરે. જીવો કાં તો દુઃખને સુખ માની બેઠા છે. શરીર, પૈસા, કુટુંબ વગેરે અનુકૂળ પ્રસંગોમાં સુખ માની બેઠો છે. પણ પર પદાર્થમાં સુખની કલ્પના કરવી તે જ મોટું દુઃખ છે. તેની તેને ખબર નથી. વળી દુઃખ પોતાના અજ્ઞાન ને મોહના કારણે હોવા છતાં કર્મને લીધે દુઃખ છે—પ્રતિકૂળ સંયોગોમાં દુઃખ છે, એમ કોઈ જીવ માની રહ્યા છે એટલે કે દુઃખના વાસ્તવિક સ્વરૂપની પણ જીવને ખબર નથી.

### દુઃખ અથવા સંસાર આત્માની એક સમય પૂરતી અવસ્થામાં છે.

સંસાર કહો, દુઃખ કહો, અધર્મ કહો—એક જ વસ્તુ છે. પોતાનો જ્ઞાનસ્વભાવ ચૂકીને પર-પદાર્થમાં એકત્વબુદ્ધિ કરવી તે સંસાર છે. સંસાર બૈરા—છોકરાં, લક્ષ્મી દુકાનમાં નથી કે તેને લીધે નથી. પણ તે મારાં છે ને હું એનો છું ને તેનાથી મને સુખ છે, એવી ભ્રાંતિ તે સંસાર છે. વળી કોઈ જીવ કર્મના ઉદયને લીધે મોહ થયો માને છે. કર્મ તો જડ છે. વિકાર જડને લીધે નથી પણ પોતાના અપરાધને કારણે છે. શુભાશુભ ભાવ બન્ને વિકાર છે છતાં શુભથી ધર્મ માનવો તે ભ્રાંતિ છે. "અપનેકો આપ ભૂલકે હેરાન હો ગયા" જીવ પોતાનું સ્વરૂપ ભૂલીને હેરાન થઈ ગયો છે. કોઈએ હેરાન કર્યો નથી. કર્મને લીધે વિકાર હોય તો જીવ નિર્દોષ ઠરે પણ એમ નથી. પરંતુ પોતે પોતાને ભૂલીને અપરાધ કરે છે. કર્મ અપરાધ કરાવતું નથી. પણ ગુણ વિકારાઃ પર્યાયા = પોતાના ગુણનું વિશેષ કાર્ય તે પર્યાય છે.

પછી તે વિકારી હોય અથવા અવિકારી હોય. તે વિશેષ કાર્ય પરને લીધે હોઈ શકે નહિ.

## કસ્તુરિયા મૃગની જેમ અજ્ઞાની બહારમાં સુખ શોધે છે.

હવે તે વિકાર બે કારણથી હોય છે.

૧. શરીર મારું છે, પરથી લાભ—નુકશાન માને છે, એવી એવી ભ્રાંતિને કારણે મિથ્યાત્વસહિતનો વિકાર હોય છે.

૨. શુદ્ધ સ્વભાવનું ભાન થયું હોય, સમ્યગ્દર્શન પ્રગટ થયું હોય પણ હજી સાધકદશામાં પોતાને આસક્તિ હોય છે તે પોતાની નબળાઈને કારણે ચારિત્રગુણની વિકારી અવસ્થા એટલે કે વિકાર હોય છે.

જીવોને વસ્તુસ્વરૂપની ખબર નથી. દ્રવ્ય—ગુણો તો શુદ્ધ છે ને પર્યાયમાં પણ શુદ્ધ હોય તો સિદ્ધદશા પ્રગટ હોવી જોઈએ. પણ પર્યાયમાં અશુદ્ધતા છે. તે અશુદ્ધતા પરને લીધે હોય તો કદી ટળે નહિ ને સ્વભાવ જો વિકારમય હોય તો વિકાર ટાળી અવિકારી કદી થાય નહિ. કસ્તુરિયા મૃગને પોતાની ડૂંટીમાં કસ્તુરી છે તેની ખબર નથી તેથી સુગંધ માટે બહારમાં ફાંફા મારે છે. તેમ અજ્ઞાનીને ખબર નથી કે પોતાનું સુખ પોતામાં છે તેથી બહારમાં સુખને માટે—ધર્મને માટે ઝાંવાં નાખે છે.

## જીવના પરિણામ દ્રવ્યકર્મથી સ્વતંત્ર છે.

આ ગાથામાં આચાર્ય ભગવાન કહે છે કે જો જીવ અને પુદ્‌ગલકર્મ ભેગાં થઈને રાગાદિના પરિણામ કરે, એમ માનવામાં આવે તો બન્નેને રાગના પરિણામ થવા જોઈએ. કર્મ રાગ કરાવે છે, એમ માને તો કર્મને રાગ થવો જોઈએ. કર્મ તો રાગરૂપે કદી થતું નથી. જીવ સ્વતંત્રપણે પોતે વિકાર કરે છે ને વિકાર કરે તો કર્મનું નિમિત્ત કહેવાય છે. વિકાર ન કરે તો કર્મ નિમિત્ત કહેવાતું નથી. રાગદ્વેષનું દુઃખ તો જીવને થાય છે, કર્મને દુઃખ થતું નથી. માટે જીવ જે પરિણામ કરે છે તે જડકર્મના પરિણામથી જુદા છે, એમ નક્કી કરે તો સ્વભાવ તરફ વળવાનો પ્રસંગ રહે ને સમ્યગ્દર્શન પ્રગટી શકે ।।૧૩૯—૧૪૦।।

''આત્મામાં કર્મ બદ્ધસ્પૃષ્ટ છે કે અબદ્ધસ્પૃષ્ટ છે''–તે હવે નયવિભાગથી કહે છે :—

## ગાથા ૧૪૧

**છે કર્મ જીવમાં બદ્ધસ્પૃષ્ટ—કથિત નય વ્યવહારનું;**
**પણ બદ્ધસ્પૃષ્ટ ન કર્મ જીવમાં—કથન છે નય શુદ્ધનું. ૧૪૧.**

**અન્વયાર્થ :—**જીવમાં કર્મ તેના પ્રદેશો સાથે બંધાયેલું છે તથા સ્પર્શાયેલું છે, એવું વ્યવહારનયનું કથન છે અને જીવમાં કર્મ અણબંધાયેલું, અણસ્પર્શાયેલું છે, એવું શુદ્ધનયનું કથન છે.

## આત્મામાં કર્મ બંધાયેલું છે એ વ્યવહારનયનું કથન છે.

**ટીકા :—**જીવ પોતાનો સ્વભાવ ચૂકીને વિકાર કરે છે. કર્મ વિકાર કરાવે છે તે તો વાત છે જ નહિ પણ સ્વયં અપરાધ કરે છે ત્યારે કર્મ નિમિત્તરૂપે હોય છે. એવો સંસારદશામાં રાગને તથા કર્મને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. આવી રીતે જીવને રાગવાળી દશામાં જડકર્મનું નિમિત્ત છે. તેથી કર્મથી જીવ બંધાયેલો છે, એમ કહેવાય છે. આવી રીતે પર્યાયમાં કર્મ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોવાને કારણે કર્મ સાથે અત્યંત ભિન્નતા નથી. કારણ કે એટલો વ્યવહારે એકક્ષેત્રે સંબંધ છે તેથી જીવમાં કર્મ બંધાયેલું છે એવો વ્યવહારનયનો પક્ષ છે. ઘડો માટીનો હોવા છતાં ઘીના સંયોગે ઘીનો ઘડો કહેવાય છે તેમ જીવ વીતરાગદશા પ્રાપ્ત ન કરે ત્યાં સુધી ભાવબંધ કરે છે તેથી કર્મનો સંબંધ છે એમ વ્યવહારનયનું કથન છે અને તે વ્યવહારનયનો પક્ષ છે એટલે કે રાગ છે—વિકલ્પ છે.

## આત્મામાં કર્મ બંધાયેલું નથી એ નિશ્ચયનયનો પક્ષ છે.

આત્મા કર્મ, શરીર વગેરે પદાર્થથી જુદો છે. શરીર સાથે તો બંધન છે જ નહિ કારણ કે શરીર તો અહીં પડ્યું રહે છે. કર્મ વગેરે સાથે જાય છે. તે કર્મ વગેરેનો સંબંધ તો પર્યાયમાં છે. પણ સ્વભાવદ્રષ્ટિથી જોવામાં આવે તો આત્મા કર્મથી કદી પણ બંધાયેલો નથી. ત્રિકાળી સ્વભાવ આત્મા અને પુદ્‌ગલકર્મ બન્નેને અનેકપણું છે એટલે કે જુદાપણું છે તેથી જીવમાં કર્મ બંધાયેલું નથી. તેમ જ જીવને કર્મ સ્પર્શ્યું નથી. સ્વભાવ તો ચૈતન્યજ્યોતિસ્વરૂપ છે, તેને અને કર્મને અત્યંત ભિન્નતા છે એવું કથન તે નિશ્ચયનયનો પક્ષ છે એટલે વિકલ્પ છે.

અહીં હજી નિશ્ચયનયનો આશ્રય નથી. પણ "હું કર્મથી બંધાયેલો નથી, હું અબદ્ધ છું" એવો નિશ્ચયનયનો વિકલ્પ છે. મુમુક્ષુભૂમિકામાં એવો વિકલ્પ ઊઠે છે ખરો પણ તે હજી સમ્યગ્દર્શન નથી.

## નયપક્ષના રાગમાં રોકાવું તે પર્યાયદ્રષ્ટિ છે.
## તે વિકલ્પોના આશ્રયે ધર્મ નથી.

આત્મામાં વ્યવહારથી કર્મ બંધાયેલાં છે તે તો ઉપચારકથન છે પણ આત્મામાં કર્મ બંધાયેલાં નથી. શરીર, મન, વાણી પરપદાર્થ છે. વિકાર પર્યાયમાં છે, ત્રિકાળી સ્વરૂપમાં નથી. આત્મા તો ત્રિકાળી શુદ્ધ છે, ચૈતન્યજ્યોત છે, સિદ્ધ સ્વરૂપ છે. તે વાત તો સાચી છે પણ "હું શુદ્ધ છું ને બંધાયેલો નથી" એવો જે વિકલ્પ ઉઠાવવો તે નયનો રાગ છે. વ્યવહારનયમાં નિમિત્તના પક્ષનો રાગ છે ને નિશ્ચયનયમાં નિમિત્તના અભાવનો રાગ છે. બન્નેમાં રાગનો પક્ષ છે. એવા રાગમાં રોકાવું ને તેને આત્માનું કર્તવ્ય માનવું તે મિથ્યાભ્રાંતિ છે. આત્મા કર્તા ને નયના પક્ષના વિકલ્પ ઉઠાવવા તે તેનું કર્મ છે, એમ જે માને છે તે જીવે રાગ અથવા વિકલ્પને પોતાનું કાર્ય માન્યું છે. તે વિકલ્પથી સમ્યગ્દર્શન થતું નથી.

## કર્તાકર્મ અધિકારની સૂક્ષ્મતાની પરાકાષ્ટા.

અહો ! અહીં તો આચાર્ય ભગવાને કર્તાકર્મ અધિકારની છેલ્લી ટોચ ને સૂક્ષ્મ વાત કરી છે.

૧. શરીર, મન, વાણી, ઘટ, પટ વગેરેની તથા બીજા આત્માની અવસ્થા તે તે પદાર્થોને લીધે થાય છે છતાં તેની અવસ્થા આત્મા કરી શકે છે, એમ જે કર્તાકર્મ માને છે તે મિથ્યાદ્રષ્ટિ છે.

૨. આત્માનો સ્વભાવ ચૂકીને રાગદ્વેષ કરે ત્યારે પોતાના એકક્ષેત્રે રાગદ્વેષના પ્રમાણમાં જ જડકર્મ બંધાય એવો નિયમ છે છતાં જડકર્મનો આત્મા કર્તા છે, એમ કર્તાકર્મ માને તે મિથ્યાભ્રાંતિ છે.

૩. પોતાના સ્વભાવને ચૂકીને જીવ પરલક્ષે વિકાર કરે છે. તે વિકાર પર્યાયમાં છે. સ્વભાવ તો રાગરહિત છે છતાં સ્વભાવને રાગનો કર્તા માનવો તે પણ મિથ્યાભ્રાંતિ છે.

૪. આટલી વાત તો વિસ્તારપૂર્વક કર્તાકર્મમાં કહેતા આવ્યા છે. હવે તો કહે છે કે આત્મા કર્મથી બંધાયેલો છે ને કર્મથી બંધાયેલો નથી એવા નયપક્ષમાં

રોકાવું–તે વિકલ્પ આત્માનું કાર્ય ને આત્મા તેનો કર્તા—એવો કર્તાકર્મસંબંધ માને તો તે પણ મિથ્યાભ્રાંતિ છે. કારણ કે એવો વિકલ્પ ઉઠાવવો તે વસ્તુસ્વરૂપમાં છે જ નહિ.

આટલી સૂક્ષ્મ વાત કરી છે તો પછી નિમિત્ત હોય તો ધર્મ થાય ને કર્મ મંદ પડે તો ધર્મ થાય, પરની દયા પાળું તો ધર્મ થાય, કાળ સારો હોય તો ધર્મ થાય, એવી વાત તો ઘણી દૂર રહી, તે તો સ્થૂલ અજ્ઞાન છે.

જીવે વસ્તુસ્વરૂપ જાણ્યું નથી ને જાણ્યા વિના ધર્મ કરવા માગે છે ને વ્રત, તપ કરો એમ કહે છે. અજ્ઞાન વ્રત—તપ કરી નવમી ગ્રૈવેયકે ગયો પણ મિથ્યાત્વ ટળ્યું નહિ તેથી સંસાર ચાલુ રહ્યો છે.

## નયોના રાગ છોડી સ્વભાવનો આશ્રય કરે છે તેને સમ્યગ્દર્શન થાય છે.

પણ તેથી શું? જીવે બૈરાં—છોકરાંનો તથા પૈસાનો ત્યાગ કર્યો તેથી શું? વ્રત લીધાં તેથી શું? ઉપવાસ કર્યા—તેથી શું? આત્મામાં સંસારદશામાં કર્મ બંધાયેલાં છે એવો વ્યવહારનયનો વિકલ્પ ઉઠાવ્યો, તેથી શું? આત્મામાં કર્મ બંધાયેલાં નથી એવો વિકલ્પ ઉઠાવ્યો—તેથી શું? કારણ કે રાગની ઉત્પત્તિ થવી તે સમ્યગ્દર્શન નથી. કર્મ વિનાનો કે નિમિત્ત વિનાનો આત્મા શુદ્ધ છે એવો વિકલ્પ ઉઠાવી રાગમાં રોકાવાની દશા ને નિશ્ચયનયનો પક્ષ કહે છે, પણ તે નિશ્ચયનયનો આશ્રય નથી. જે બન્ને નયપક્ષને ઓળંગીને આત્મા શુદ્ધ છે તેવી નિર્વિકલ્પ પ્રતીતિ કરે છે તે જ સમ્યગ્દર્શન ને ધર્મ છે. તેણે નિશ્ચયનયનો આશ્રય કર્યો છે. ''નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની'' ત્યાં નિશ્ચયનયનો રાગ નથી, પણ રાગનો અભાવ કરી નિર્વિકલ્પ સ્વભાવનો આશ્રય કરી સમ્યક્દર્શન—જ્ઞાન—ચારિત્રની પર્યાય પ્રગટ કરી છે તેણે નિશ્ચયનયનો પક્ષ છોડ્યો છે ને નિશ્ચયનયનો આશ્રય કર્યો છે ને તે જ સમ્યગ્દર્શન ને ધર્મ છે.

**

# પ્રસાદ નં. ૧૪૮

## સમયસાર ગાથા ૧૪૨

(ફાગણ વદ ૩, સોમવાર, ૨૦૦૭)

જે આત્મા બન્ને નયપક્ષોને ઓળંગી ગયો છે તે જ સમયસાર છે, એમ હવે કહે છે :—

**છે કર્મ જીવમાં બદ્ધ વા અણબદ્ધ એ નયપક્ષ છે;**
**પણ પક્ષથી અતિક્રાંત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૨.**

**અન્વયાર્થ :—**જીવમાં કર્મ બદ્ધ છે અથવા અબદ્ધ છે—એ પ્રકારે તો નયપક્ષ જાણ; પણ જે પક્ષાતિક્રાંત (અર્થાત્ પક્ષને ઓળંગી ગયેલો) કહેવાય છે તે સમયસાર અર્થાત્ નિર્વિકલ્પ શુદ્ધ આત્મતત્ત્વ છે.

### નયપક્ષના રાગમાં રોકાવાથી જ્ઞાન સમ્યક્પણાને પામતું નથી.

**ટીકા :—**આત્મા અનંતગુણનો પિંડ છે તેની અવસ્થામાં વિકાર થાય છે, તેને કર્મ નિમિત્તરૂપે હોય છે. એવો જે વિકલ્પ ઉઠાવવો તે નિમિત્તના પક્ષનો રાગ છે ને આત્મા ચૈતન્યસ્વરૂપ છે, પરમાનંદ છે, રાગરહિત છે ને તેને કર્મનો સંબંધ નથી એવો નિમિત્તની અપેક્ષા વિનાનો આત્મા છે એવો જે વિકલ્પ ઉઠાવવો તે નિશ્ચયનયના પક્ષનો રાગ છે. બન્ને રાગના પક્ષો છે. श्रुतविकल्पा नया ભાવશ્રુતજ્ઞાનમાં રાગપૂર્વક ભેદ પડે તે નય કહેવાય છે. અહીં જે નયો કહ્યા છે તે રાગવાળા નયો છે. આત્મા દેહ, મન, વાણી વગેરે જડ પદાર્થોનો તો કર્તા નથી તેમ જ પરપદાર્થને લીધે રાગ નથી. અજ્ઞાની ઊંધું માને છે તો પણ તે પરનો કર્તા થતો નથી. તેમ જ પરને લીધે અજ્ઞાનીને પણ રાગ થતો નથી. આવી રીતે પ્રથમ તો નક્કી કરેલ છે કે રાગ સ્વથી થાય છે ને પરનું કાર્ય પરથી થાય છે. ને જીવ રાગ કરે છે ત્યારે દ્રવ્યકર્મ નિમિત્તરૂપે હોય છે. એવા નિમિત્તનૈમિત્તિક સંબંધવાળી પર્યાયને ખ્યાલમાં રાખીને કહેવું કે આત્મા બદ્ધ છે, એવો વિકલ્પ રાગ છે, તેનો નિષેધ તો પ્રથમથી કરાવેલ છે અને આત્મા શુદ્ધ છે ને સ્વભાવમાં આવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે જ નહિ, એમ પણ વિકલ્પ ઉઠાવવો તે પણ નિશ્ચયનયના પક્ષનો રાગ છે. જ્યાંસુધી જીવ તેવા નયપક્ષના રાગમાં અટક છે ત્યાંસુધી સમ્યક્ ભાવશ્રુતજ્ઞાન થતું નથી.

# જુદા જુદા નયપક્ષના વિકલ્પો.

(૧) જે જીવ એમ વિચાર કરે છે કે સંસારદશામાં જીવ રાગદ્વેષ કર્યા કરે છે ને તેથી પર્યાયમાં કર્મ બંધાયેલા છે એવો જે વિકલ્પ ઉઠાવે છે તે જીવ 'આત્મામાં કર્મ બંધાયેલાં નથી' એવા વિકલ્પ-પક્ષને ઓળંગી ગયો છે એટલે કે ત્યારે તે પ્રકારના વિચાર કરતો નથી. તે વ્યવહારનયના વિકલ્પમાં રોકાયો છે માટે તે વિકલ્પને અતિક્રમતો નથી એટલે કે રાગમાં અટક્યો છે.

(૨) જે જીવ એમ વિચાર કરે છે કે ''આત્મા બંધાયેલો નથી. શુદ્ધસ્વભાવમાં કર્મનો સંબંધ નથી,'' તે જીવ ''આત્મામાં કર્મ બંધાયેલાં છે'' એવા વ્યવહારનયના પક્ષને ઓળંગી ગયો હોવા છતાં ''આત્મા અબદ્ધ છે'' એવા નિશ્ચયનયના રાગને અતિક્રમતો નથી એટલે તે પણ રાગમાં અટક્યો છે.

(૩) જે જીવ એમ વિચાર કરે છે કે ''અવસ્થા દ્રષ્ટિએ આત્માના વિકારમાં કર્મનું નિમિત્ત છે ને શુદ્ધ દ્રષ્ટિએ સ્વભાવમાં એવું કર્મનું નિમિત્ત નથી'' એમ બન્ને પક્ષોનું જ્ઞાન કરી પ્રમાણ કરવા માગે છે. પણ તે પ્રમાણજ્ઞાન નથી. કારણ કે તે બન્ને પક્ષોમાં રાગ છે. તે બન્ને પક્ષોને અતિક્રમતો નથી, તેથી તે રાગને અતિક્રમતો નથી.

મૂળમાં તો બે જ વાત હતી પણ શ્રી અમૃતચંદ્રાચાર્યે ટીકામાં ત્રીજી વાત કરી કે કોઈ જીવ એમ માને કે અમો તો બન્ને પક્ષને માનીયે છીએ માટે અમારું જ્ઞાન પ્રમાણ ખરું કે નહિ ?—ના, તે પ્રમાણાભાસ છે. વ્યવહારનયને તો પ્રથમથી જ ગૌણ કરાવેલ છે. પણ નિશ્ચયનયના રાગમાં રોકાવું તે પણ સમ્યગ્દર્શન નથી; તો પછી બન્નેના રાગમાં રોકાવું તે સમ્યગ્દર્શન છે જ નહિ. આ રીતે સ્પષ્ટતા કરી છે.

આ જીવો વિકલ્પમાં અટક્યા છે. તેને નય નથી, તેમ જ પ્રમાણ પણ નથી. વિકલ્પ તોડીને સ્વભાવમાં નિશ્ચય પ્રગટે તો વ્યવહાર નય નામ પામે છે, નહિતર તેવા વિકલ્પનું જ્ઞાન વ્યવહારનય પણ નામ પામતું નથી કારણ કે તેમાં રાગનો આદર છે. શુદ્ધ સ્વભાવનો આદર નથી. અહીં જે જ્ઞાન રાગ સાથે એકત્વ પામે છે તેવા એકત્વબુદ્ધિના રાગના આદરમાં મિથ્યાદર્શનપણું છે, સમ્યગ્દર્શન નથી. સમ્યગ્દ્રષ્ટિને સ્વભાવનું ભાન છે પણ અસ્થિરતાનો રાગ આવે તે વાત ગૌણ છે. પણ જે રાગનું આત્મામાં એકત્વ થાય છે તે વિકલ્પની અહીં વાત છે. તેની આદરબુદ્ધિમાં સમ્યગ્દર્શન થતું નથી.

# નયપક્ષના રાગરહિત સ્વભાવની પ્રતીતિ તે જ શુદ્ધ આત્માની પ્રાપ્તિ છે.

જીવને કર્મનું બંધન છે, એવા વિકલ્પની નિરર્થકતા તો બતાવી દીધી હતી પણ જીવ કર્મબંધરહિત છે એવો વિકલ્પ ઉઠાવવો તે પણ નિરર્થક છે કારણ કે આત્મ સ્વભાવ તો સમસ્ત વિકલ્પથી પાર છે. કોઈ વિકલ્પથી શુદ્ધ સ્વભાવ પમાય તેમ નથી. પ્રથમ રાગના લક્ષે અનેકતા થતી, હવે તે રાગ તરફ લક્ષ નથી એટલે અનેકતા થતી નથી. શુદ્ધ સ્વભાવ તરફ વળે છે તેથી એકતા થાય છે ને તે જીવ વિજ્ઞાનઘન સ્વભાવરૂપ થાય છે. એટલે તે જ્ઞાનમાં પરપદાર્થનો તો પ્રવેશ નથી પણ નયોના સૂક્ષ્મ વિકલ્પનો પણ પ્રવેશ નથી. એવા સ્વભાવમાં જે ઠરે છે તે સમયસાર એટલે શુદ્ધ આત્માને પ્રાપ્ત કરે છે. જે જીવ બધા પ્રકારના નયોના રાગને અતિક્રમે છે એટલે કે જે રાગને ઓળંગે છે તે શુદ્ધ આત્માને અનુભવે છે. જેમ કૂવામાં ડૂબકી મારનાર નીચેથી તાગ લાવે છે, તેમ જે જીવ રાગ ને જ્ઞાનની એકત્વબુદ્ધિ તોડીને વિજ્ઞાનઘનસ્વભાવમાં ડૂબકી મારે છે તેને આત્માનો તાગ આવે છે. એટલે કે પત્તો લાગે છે ને તેને સમ્યક્દર્શન—જ્ઞાન—ચારિત્રરૂપી પર્યાય પ્રગટ થાય છે. આમ જે જીવ નિર્વિકલ્પ પ્રતીતિ કરે છે તેનું ભાવશ્રુતજ્ઞાન પ્રમાણ છે ને તેના બધા નયો સાચા છે.

**ભાવાર્થ :—**જીવ કર્મથી બંધાયેલો છે ને કર્મથી બંધાયેલો નથી એ બન્ને નયના પક્ષો છે. કર્મને લીધે બંધાયેલો છે તે વાત તો સાચી નથી પણ આત્મા પોતાના કારણે નબળાઈથી રોકાયેલો છે ત્યારે કર્મ નિમિત્ત છે એવા બંધપક્ષને જે જીવ પકડે છે તેણે વિકલ્પને પકડ્યો છે. પણ કોઈ જીવ વિચારે છે કે ''આત્મા કર્મથી બંધાયેલો નથી, અબંધ છે'' તે પણ અબદ્ધના વિકલ્પમાં રોકાયો છે અને કોઈ જીવ બન્ને પક્ષ પકડીને રાગમાં અટક્યો તેણે પણ વિકલ્પનું જ ગ્રહણ કર્યું છે. પરની દયા પાળવી, શરીરનું કરવું તે વાત તો છે જ નહિ પણ રાગના પક્ષમાં એકાંત ઢળે ને સ્વભાવ તરફ વળે નહિ તો તે મિથ્યાજ્ઞાન છે. જે કોઈપણ પક્ષ ન પકડે ને શુદ્ધ સ્વરૂપ જાણી તેમાં ઠરે તે શુદ્ધાત્માને પામે છે. નયપક્ષને પકડવો તે રાગ છે. તેથી બધા નયપક્ષને છોડવાથી વીતરાગી શુદ્ધ આત્મા અનુભવાય છે. કોઈ જીવ કહે કે વીતરાગી સમ્યક્દર્શન સાતમે ગુણસ્થાને થાય છે, તે વાત ખોટી છે. પ્રથમ ચોથે ગુણસ્થાને નિર્વિકલ્પ અનુભવ થાય છે ને આ ચોથા ગુણસ્થાનની વાત છે. વળી સમસ્ત નયપક્ષને છોડવાનું જે કહ્યું છે તેનો અર્થ એ છે કે વ્યવહારનયનો પક્ષ તો છોડવા જેવો છે જ, પણ નિશ્ચયનયના પક્ષનો જે રાગ

ઊઠે છે તે પણ છોડવાનું કહ્યું છે. નિશ્ચયનયનો આશ્રય છોડવાનું કહ્યું નથી પણ તેનો રાગ છોડી નિર્વિકલ્પ પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે.

હવે, જો આમ છે તો નયપક્ષના ત્યાગની ભાવનાને ખરેખર કોણ ન નચાવે ? એમ કહીને શ્રી અમૃતચંદ્રાચાર્ય નયપક્ષના ત્યાગની ભાવનાના ૨૩ કળશરૂપ કાવ્યો કહે છે :—

## કળશ ૬૯

**અર્થ :—**આત્મા બદ્ધ છે કે અબદ્ધ છે એવા પક્ષને છોડીને જેઓ પોતાના જ્ઞાનસ્વભાવમાં ગુપ્ત થઈને સદા રહે છે તેઓ જ, જેમનું મન વિકલ્પની જાળથી રહિત થઈને શાંત થયેલ છે એવા થયા થકા, વીતરાગી અંતર અનુભવને સાક્ષાત્ ભોગવે છે.

**ભાવાર્થ :—**જે જીવ બન્ને પક્ષોના રાગમાં રોકાઈ રહે તેને તો સમ્યગ્દર્શન થતું નથી. પણ કોઈ ધર્મી જીવ સ્વભાવના ભાનસહિત નિશ્ચયનયની મુખ્યતા કરે તો મિથ્યાત્વનો રાગ ન થાય પણ અસ્થિરતાનો રાગ થાય. પણ વિકલ્પો હોય ત્યાં સુધી સ્વરૂપનો અનુભવ થતો નથી. જ્યારે સર્વે નયોનો પક્ષપાત છૂટી જાય ત્યારે સ્વરૂપમાં અંતર પ્રવૃત્તિ થાય છે અને અતીન્દ્રિય સુખનો અનુભવ થાય છે.

હવેના ૨૦ કળશમાં નયપક્ષને વિશેષ વર્ણવે છે અને કહે છે કે આવા સમસ્ત નયપક્ષોને જે છોડે છે તે તત્ત્વનો જાણનાર અંતર અનુભવ પામે છે :—

## કળશ ૭૦

**અર્થ :—**જીવ કર્મથી બંધાયેલો છે એવો વ્યવહારનયનો પક્ષ છે અને જીવ કર્મથી બંધાયેલો નથી એવો નિશ્ચયનયનો પક્ષ છે; આમ જ્ઞાનસ્વભાવ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. **વ્યવહારનયનું કથન નિરર્થક છે, નિશ્ચયનયનું કથન નિરર્થક નથી; પણ નિશ્ચયનયના રાગમાં રોકાવું નિરર્થક છે.** આવી રીતે વસ્તુસ્વરૂપ જાણનાર રાગમાં અટકતો નથી. તેને જ્ઞાનસ્વભાવ જેવો છે તેવો નિરંતર અનુભવમાં આવે છે.

## વ્યવહારનયને તો સદા ગૌણ કરજે.

**ભાવાર્થ :—**પરપદાર્થને લીધે અથવા કર્મને લીધે વિકાર થાય, દેવ-ગુરુ-શાસ્ત્રથી લાભ થાય, નિમિત્તના કારણે જીવમાં અસર થાય તે વાત તો અહીં છે જ નહિ કેમ કે તે તો સ્થૂલ અજ્ઞાન છે. પણ નબળાઈના કારણે પરના નિમિત્તે જે

શુભભાવ થાય છે તે શુભભાવને પણ આચાર્ય ભગવાને ગૌણ જ કરી દીધો છે. તેની મુખ્યતા કદી છે જ નહિ. વ્યવહાર રત્નત્રયથી લાભ થાય—તે માનીશ નહિ. કારણ કે અશુદ્ધતા તે જીવનું ત્રિકાળી સ્વરૂપ નથી, માટે વ્યવહારનયને સદા ગૌણ કરજે.

## નિશ્ચયનયનો પણ રાગ કરીશ નહિ.

આત્મા અશુદ્ધતારહિત છે. અનિત્ય પર્યાયને ગૌણ કરી આત્મા નિત્ય છે, જુદા-જુદા ભેદોને ગૌણ કરી આત્મા અભેદ છે, એમ જે જીવ માને છે ને પોતાનો શુદ્ધસ્વભાવ જેવો છે તેવો માને છે, તેને કહે છે કે હે ભાઈ ! આ શુદ્ધનયના રાગમાં પણ રોકાઈશ તો તને અંતર અનુભવ થશે નહિ. આચાર્ય ભગવાન કરુણા કરી કહે છે કે તે નયપક્ષનો રાગ તને અનુભવ થવા દેશે નહિ માટે તેવો રાગ પણ કરીશ નહિ.

આ સાંભળીને કોઈ અજ્ઞાની જીવ કહે કે અમો નિશ્ચય ને વ્યવહાર બન્ને રાખીએ તો અમારું જ્ઞાન પ્રમાણ ખરું ને ? બદ્ધ—અબદ્ધ બન્ને માનીએ તો વસ્તુ પ્રમાણ થાય છે ?

ભાઈ, અમોએ તો વ્યવહારનયને પહેલેથી ગૌણ કરેલ છે માટે તેની સામે તો કદી જોઈશ નહિ, પહેલાં પણ આદરણીય નથી ને પછી પણ આદરણીય નથી. વ્યવહારનયને ગૌણ કર્યો છે ને શુદ્ધનયને અમોએ મુખ્ય કર્યો છે. આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે. તે વાત તો બરાબર જ છે. પણ 'હું શુદ્ધ છું, હું અબદ્ધ છું, અબદ્ધ છું' એવા રાગમિશ્રિત વિચારમાં રોકાઈશ નહિ. કારણ કે એવા રાગમાં રોકાવાથી પણ તને સમ્યગ્દર્શનનો અનુભવ થશે નહિ.

જે જીવ નયપક્ષના રાગને તોડી જ્ઞાન સ્વભાવમાં ઠરે છે તેને ધર્મ થાય છે.

**

# <u>પ્રસાદ નં. ૧૪૯</u>

## <u>સમયસાર ગાથા ૧૪૨</u>

(ફાગણ વદ ૪, મંગળવાર, ૨૦૦૭)

## નયપક્ષના રાગથી ધર્મ થતો નથી.

જેને આત્માનું કલ્યાણ કરવું છે તેણે આત્માનું સ્વરૂપ યથાર્થ જાણવું જોઈએ. કર્મને લીધે કે પરને લીધે વિકાર થાય તે તો વાત છે જ નહિ. પણ આત્મા પોતાના સ્વભાવને ચૂકીને પર લક્ષે વિકાર કરે છે ત્યારે કર્મ નિમિત્ત છે એવો પર્યાયમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહેનાર અશુદ્ધ નયને તો ગૌણ જ કરેલ છે. પણ આત્મા કર્મના નિમિત્ત વિનાનો, રાગની ક્ષણિક ઉપાધિ વિનાનો, ત્રિકાળી શુદ્ધ છે, એમ શુદ્ધનયનો પક્ષ કરી રાગમાં અટકશે તો તેને ધર્મ થશે નહિ. તો પછી અશુદ્ધનયની તો વાત જ શી ?

અહીં કોઈ પ્રશ્ન કરે કે બન્ને નયનો પક્ષ સરખો થાય છે ને ?

**<u>સમાધાન :</u>**—ના, વ્યવહારનયનો તો પ્રથમથી જ નિષેધ કરવામાં આવ્યો છે ને શુદ્ધનય જ આદરવા યોગ્ય છે પણ શુદ્ધનયના રાગમાં જે રોકાય છે તેને પણ ધર્મ થતો નથી. માટે રાગમાં નહિ અટકતા જ્ઞાતા સ્વરૂપમાં નિર્વિકલ્પ પ્રતીતિ કરવી તે ધર્મ છે.

## નયપક્ષનો રાગ છોડી સ્વરૂપના આશ્રયે વીતરાગીદશા પ્રાપ્ત કરવી યોગ્ય છે.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે. શુદ્ધ છે એવા વિકલ્પને પણ છોડી સ્વરૂપમાં લીન થવાથી આત્માની અનુભૂતિ થાય છે. શુદ્ધનય કોઈ ભેદને કે નિમિત્તને સ્વીકારતો નથી, અભેદ એકાકાર શુદ્ધ ચિદાનંદ સ્વરૂપને જ સ્વીકારે છે, એ પ્રથમ જાણવું ને તેનો પણ પક્ષપાત છોડી એટલે કે તે રાગનો પણ અભાવ કરી અભેદ સ્વભાવમાં ઠરવું તે શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે. દેહની ક્રિયાનો તો આત્મા કર્તા નથી, પુણ્ય—પાપના ભાવનો ત્રિકાળી સ્વભાવ કર્તા નથી, પણ આત્મા અબદ્ધ છે એવા વિકલ્પનો પણ આત્મા કર્તા નથી. આ કર્તાકર્મ અધિકાર છે. આત્મા રચનારો થઈ શરીરને રચે? કપડાંને રચે? પુણ્યપાપના ભાવને રચે? ને નયપક્ષના રાગને રચે? ના, તે તેનું કાર્ય નથી. સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયને રચવાનું તેનું કાર્ય

છે. માટે પરપદાર્થ ને વિકારથી નિવૃત્તિરૂપ ને સ્વભાવમાં નિર્વિકલ્પ પ્રવૃત્તિરૂપ રમણતા કરી વીતરાગદશા પ્રાપ્ત કરવી યોગ્ય છે.

## કળશ ૭૧

શરીર મારું છે ને તેમાં સુખ છે, પુણ્યથી ધર્મ થાય છે, નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય છે, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય છે એવા પ્રકારની મિથ્યામાન્યતા મોહ છે. અજ્ઞાની જીવ એવા પ્રકારના મોહના ભાવ પર્યાયમાં કરે છે. માટે જીવ મોહી છે. તે પર્યાયદ્રષ્ટિએ બરાબર છે ને તે વ્યવહારનયને પક્ષ છે.

આત્માની પર્યાયમાં આવો મોહભાવ હોવા છતાં ત્રિકાળી સ્વભાવમાં મોહ પેઠો નથી, આત્મસ્વભાવ નિર્મોહી છે એવો નિશ્ચયનયનો પક્ષ છે ને તે ત્રિકાળી સ્વરૂપની અપેક્ષાએ બરાબર છે. આવી રીતે જ્ઞાનસ્વભાવ આત્મા વિષે બે નયોના પક્ષપાત છે.

આત્મા પર્યાયદ્રષ્ટિએ મોહી છે તે વાત તો યાદ જ કરીશ નહિ કારણ કે તે ત્રિકાળી સ્વરૂપ નથી. તેથી તે વાત ગૌણ કરી છે. પણ આત્મા ચિદાનંદ સ્વરૂપ છે એવા રાગમિશ્રિત વિચારમાં રોકાઈશ તો પણ ધર્મ થશે નહિ. સાલમપાક પચીસ રૂપિયાનો શેર મળે છે એમ ગોખે જાય તો સાલમપાકનો સ્વાદ આવે નહિ. તેમ આત્મા નિર્મોહી છે, એમ ગોખવાથી આત્માનો અનુભવ થતો નથી માટે જે જીવ રાગને છોડી ચિદાનંદ સ્વરૂપને ધ્યાવે છે તેને જીવ જેવો છે તેવો અનુભવાય છે.

## કળશ ૭૨

જીવ પોતાના સ્વભાવને ચૂકીને શુભ કે અશુભ રાગ કરે છે ને તે પોતાના કારણે કરે છે તે વાત પર્યાયદ્રષ્ટિએ બરાબર છે. ને તે વ્યવહારનયનો પક્ષ છે. પણ જીવના શુદ્ધસ્વરૂપમાં રાગ નથી માટે જીવ રાગી નથી તે ત્રિકાળી સ્વરૂપની અપેક્ષાએ બરાબર છે, ને તે નિશ્ચયનયનો પક્ષ છે. આવી રીતે જ્ઞાનસ્વભાવ વિષે બે નયોના બે પક્ષપાત છે.

પર્યાયમાં રાગ થાય છે પણ તે ત્રિકાળી સ્વરૂપ નથી માટે તે વાત કદી યાદ કરીશ જ નહિ, તેથી તે વાત તો ગૌણ કરેલ છે પણ આત્મા વીતરાગી છે એ નિશ્ચયનયની વાત સાચી છે પરંતુ તેનો વિકલ્પ કરવાથી વીતરાગ થવાતું નથી માટે તે પક્ષનો રાગ છોડાવવાની વાત છે. નિશ્ચયનયનો આશ્રય છોડાવવાની વાત નથી. જે જીવ નિશ્ચયનયના વિકલ્પને પણ છોડી શુદ્ધસ્વરૂપને ધ્યાવે છે તેને વીતરાગી પરિણામની પ્રાપ્તિ થાય છે.

## કળશ ૭૩

રોગ આવવાથી, દુશ્મનને જોવાથી, આત્માને દ્વેષ થાય છે, તે વાત તો સર્વથા મિથ્યા છે. પણ પોતાનો સવભાવ ચૂકીને પોતાના કારણે જીવ દ્વેષ કરે છે, એ વાત પર્યાયદ્રષ્ટિએ બરાબર છે ને તે વ્યવહારનયનો પક્ષ છે.

વસ્તુસ્વરૂપમાં દ્વેષ નથી કારણ કે સ્વભાવ તો શુદ્ધ જ છે, દ્વેષરહિત છે. એ ત્રિકાળ સ્વભાવની અપેક્ષાએ બરાબર છે પણ તે નિશ્ચયનયનો પક્ષ છે. આવી રીતે જ્ઞાનસ્વભાવ વિષે બે નયોના બે પક્ષપાત છે.

તારી પર્યાયમાં તારા કારણે જે દ્વેષ થાય છે, તે તારું ત્રિકાળી સ્વરૂપ નથી માટે તેને તું કદી પણ યાદ કરીશ નહિ. તેને તો ગૌણ કરેલ છે. પણ આત્મા દ્વેષી નથી એવા વિચારમાં રોકાવાથી ધર્મ થતો નથી માટે જે જીવ વિકલ્પોને છોડે છે તે જ્ઞાનાનંદ સ્વભાવને અનુભવે છે.

## કળશ ૭૪

જીવ શરીર, મન, વાણી તથા બીજા પદાર્થોનો કર્તા છે જ નહિ, પણ સ્વભાવને ચૂકીને પોતાની પર્યાયમાં રાગદ્વેષ કરે છે તેનો પર્યાયદ્રષ્ટિએ કર્તા છે. એ વ્યવહારનયનો પક્ષ છે.

જીવમાં વિકાર નથી, ત્રિકાળી સ્વરૂપમાં રાગદ્વેષ પેઠા જ નથી માટે આત્મા રાગદ્વેષનો કર્તા છે નહિ અથવા શુદ્ધ સ્વભાવના ભાનસહિત પોતાના સ્વરૂપનો કર્તા ને નિર્મળ પર્યાય તેનું કાર્ય—એવો કર્તાકર્મનો ભેદ ત્રિકાળી સ્વભાવમાં નથી. સ્વભાવદ્રષ્ટિએ આત્મા રાગદ્વેષનો કે ભેદનો કર્તા નથી, એ નિશ્ચયનયનો પક્ષ છે. આમ જ્ઞાનસ્વભાવ આત્મા વિષે બે નયોના પક્ષપાત છે.

જીવ પર્યાયમાં રાગદ્વેષનો કર્તા છે પણ તે આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી માટે તેને તો ગૌણ કરેલ છે પણ આત્મા રાગદ્વેષનો અથવા ભેદનો કર્તા નથી એવો વિકલ્પ ઉઠાવીશ તો પણ ધર્મ થશે નહિ. અવિકારી આત્મ સ્વભાવમાં જે ઠરે છે તેને આત્માનો અનુભવ થાય છે.

## કળશ ૭૫

જીવ પરપદાર્થ—દાળ, ભાત, લાડવાને તો ભોગવતો નથી પણ પરને ભોગવું છું એવા હરખ-શોકના ભાવને પર્યાયમાં ભોગવે છે. વ્યવહારદ્રષ્ટિએ આત્મા હરખ-શોકનો ભોક્તા છે, એ વ્યવહારનયનો પક્ષ છે.

હરખ-શોકના ભાવ પર્યાયમાં થાય છે ખરા, પણ ત્રિકાળી સ્વભાવમાં હરખ-શોક નથી. ત્રિકાળી આત્મા હરખ-શોકનો ભોક્તા નથી કારણ ત્રિકાળીમાં તે હરખ-શોક પેઠા નથી, એ કથન નિશ્ચયનયનું છે. આમ જ્ઞાનસ્વભાવ વિષે બે પક્ષપાત છે.

જીવ પર્યાયમાં હરખ-શોકનો કર્તા છે તે વાત ત્રિકાળસ્વભાવની અપેક્ષાએ ખોટી છે. માટે પર્યાયની વાત તો સદા ગૌણ કરવાની છે. પણ આત્મા હરખ-શોકનો ભોક્તા નથી એવો રાગ ઉઠાવવો તે પણ રાગનો પક્ષ છે માટે તે વિકલ્પ છોડી સ્વભાવમાં ઠરે તે સ્વઆનંદને ભોગવે છે.

## કળશ ૭૬

જીવ જીવે છે એ વસ્તુસ્વરૂપની અપેક્ષાએ—નિશ્ચયનયની અપેક્ષાએ વાત બરાબર છે ને તે નિશ્ચયનયનો પક્ષ છે. જીવ પરજીવરૂપે નથી એ વ્યવહારનયની અપેક્ષા છે. આમ આત્મા વિષે બે પક્ષપાત પડે છે.

જીવ પરરૂપે નથી એ નાસ્તિ અપેક્ષાનું કથન સદાય ગૌણરૂપ રાખજે. પણ 'હું જીવ છું, હું જીવ છું' એમ ગોખીશ તો પણ અનુભવ થશે નહિ. પોપટ ઘણા શબ્દો ગોખી રાખે છે પણ તેનું ભાવભાસન તેને નથી, એમ 'હું જીવ છું' એમ ગોખવાથી ભાવભાસન થતું નથી માટે એ વિકલ્પનો પણ અભાવ કરી પોતાના જ્ઞાનસ્વરૂપમાં ઠરે છે તેને સમ્યગ્દર્શન થાય છે.

## કળશ ૭૭

જીવનું સ્વરૂપ સૂક્ષ્મ છે. અસંખ્યપ્રદેશી ગુણધામ વસ્તુ છે. પરનું રૂપ તેમાં નથી. રૂપી પદાર્થો ઇન્દ્રિયજ્ઞાન દ્વારા જણાય છે પણ આત્મા ઇન્દ્રિય દ્વારા જણાય એવો નથી. માટે સૂક્ષ્મ છે, એમ વ્યવહારનયનું કથન છે. વળી જીવ અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવથી જરૂર જણાય તેવો છે. માટે જીવ સૂક્ષ્મ નથી, એ નિશ્ચયનયનું કથન છે. એ બન્ને આત્મા વિષે પક્ષપાત છે.

જીવ જણાય એવો નથી ને સૂક્ષ્મ છે, એ વાત તો કાઢી જ નાખજે. તેને યાદ કરીશ નહિ પણ જીવ જ્ઞાનમાં જણાય એવો છે, એમ ગોખવાથી પણ જીવ જણાશે નહિ માટે એવા વિકલ્પને છોડી જે જીવ જ્ઞાન સ્વભાવમાં ઠરે છે તેને આત્માનો અનુભવ થાય છે.

## કળશ ૭૮

સંસારનું કારણ જીવ પોતે છે. બીજું કોઈ કારણ નથી, એ વ્યવહારનયે બરાબર છે. એ વ્યવહારનયનો પક્ષ છે. જીવનો ત્રિકાળી સ્વભાવ સંસારનું કારણ

છે જ નહિ કારણ કે સ્વભાવ સંસારનું કારણ હોય તો સંસાર કદી ટળી શકે નહિ માટે તે નિશ્ચયનયનો પક્ષપાત છે. આમ આત્મા વિષે બે પક્ષપાત છે.

સંસારનું કારણ જીવ છે, તે વાત તો યાદ કરવા જેવી નથી પણ સંસારનું કારણ જીવ નથી એમ ગોખ્યા કરીશ તો અંતરઅનુભવ થશે નહિ માટે જે જીવ તે વિકલ્પોને તોડી સ્વભાવમાં ઠરે છે, તેને ધર્મ થાય છે.

## કળશ ૭૯

દયાદાનાદિના પરિણામ અથવા પંચમહાવ્રતના પરિણામ તે કારણ અને આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના વીતરાગી પરિણામ પ્રગટવા તે કાર્ય—આવી રીતે જીવ કાર્ય છે, એવો વ્યવહારનયનો પક્ષ છે. પૂર્વપર્યાયની અપેક્ષાએ કથન કરવામાં આવે છે પણ વસ્તુસ્વરૂપની દ્રષ્ટિએ જોવામાં આવે તો વીતરાગી પરિણામ તે વિકારી પરિણામનું કાર્ય નથી. વિકાર કારણ ને વીતરાગી પર્યાય કાર્ય—એમ હોઈ શકે નહિ. માટે જીવ કાર્ય નથી, એ નિશ્ચયનયનું કથન છે. આમ આત્મા વિષે બે નયોના બે પક્ષપાત છે.

વિકાર કારણ ને વીતરાગી પર્યાય કાર્ય—તે વ્યવહારનયને તો સદાય ગૌણ જ કરજે પણ વિકારને લીધે વીતરાગી કાર્ય નથી, એમ માત્ર ગોખવાથી કામ આવશે નહિ. જીવ કોઈ પરનું કે વિકારનું કાર્ય નથી, એ વાત સાચી છે પણ રાગમાં અટકવું નિરર્થક છે, એમ સમજી જ્ઞાન સ્વભાવમાં ઠરીશ તો આત્માનો અનુભવ થશે.

**

# પ્રસાદ નં. ૧૫૦

## સમયસાર ગાથા ૧૪૨ના કળશ.

(ફાગણ વદ ૬, બુધવાર, ૨૦૦૭)

### કળશ ૮૦

આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે ભાવથી ભરેલો છે. અસ્તિત્વ, વસ્તુત્વ વગેરે અનંતા ગુણોનો પિંડ છે, માટે ભાવરૂપ છે. એ વાત બરાબર છે ને તે નિશ્ચયનયનો પક્ષ છે. અને આત્મા શરીર, કર્મ તથા બીજા અનંત ચેતન ને જડ પદાર્થોથી અભાવરૂપ છે કારણ કે તે આત્મામાં કદી પેઠા નથી. વળી પર્યાયમાં શુભાશુભ લાગણીઓ થાય છે, તે પણ આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી માટે ત્રિકાળી સ્વભાવ વિકારથી અભાવરૂપ છે અને તે વ્યવહારનયનો પક્ષ છે. પર્યાયદ્રષ્ટિએ તે વાત બરાબર છે. આવી રીતે જીવસ્વરૂપ વિષે નિશ્ચયનય અને વ્યવહારનયના બે પક્ષપાત છે.

### 'ભાવ અને અભાવ' બન્નેનો પક્ષપાત પહેલેથી છોડી દઈએ તો ?

અહીં કોઈ કહે છે કે જ્યારે તમો ભાવ—અભાવ બન્નેને પક્ષપાત કહો છો તો અમો કહીએ છીએ કે ભાવ—અભાવ બન્ને ભ્રાંતિ છે—એમ કોઈ દલીલ કરે તો તે સ્થૂલ ભૂલ છે. તેને વ્યવહારજ્ઞાનની પણ ખબર નથી. જેમ બરફી લેવા જાય ત્યારે કઈ દુકાને સારી મળશે, કેવી બનાવેલી છે, શું ભાવ છે તે પૂછે છે ને માલ, વજન, કાંટો બરાબર તપાસે છે તેમ આત્માના અનુભવ પહેલા આત્મા અનંતા પરપદાર્થથી અભાવસ્વરૂપ છે, તે વ્યવહારનયથી છે ને જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે ભાવોથી ભરેલો ભાવસ્વરૂપ છે તે નિશ્ચયનયથી છે. એમ પ્રથમ વ્યવહાર જ્ઞાન વિકલ્પ દ્વારા, સાચા જ્ઞાનના કાંટા દ્વારા, પ્રમાણ કરવું જોઈએ. તેના વિના વસ્તુ હાથ લાગશે નહિ.

અહીં તો બરાબર નક્કી કર્યા પછી કહે છે કે ભાઈ, પરના અભાવસ્વરૂપ છે તે વાત તો સદાય ગૌણ રાખજે કારણ કે તેમાં નાસ્તિની અપેક્ષા આવે છે પણ તું ભાવસ્વરૂપ છો, જ્ઞાનાદિથી ભરેલો છો, એમ માત્ર ગોખ્યા કરીશ તો અનુભવ થશે નહિ. મિઠાઈની જાત નક્કી કરીને પછી મિઠાઈ ચાખે નહિ પણ 'પાંચ રૂપિયે શેર મિઠાઈ' એમ ગોખ્યા કરે તો તેનો સ્વાદ લઈ શકે નહિ, તેમ આત્મા જ્ઞાન, દર્શન વગેરે ભાવસ્વરૂપ છે, તે વાત સાચી છે પણ માત્ર તેના વિકલ્પમાં રોકાઈશ તો

આત્માનો અનુભવ થશે નહિ. માટે જે તત્ત્વનો જાણનાર એવા વિકલ્પને છોડીને આત્મતત્ત્વમાં નિર્વિકલ્પ ઠરે છે, તેને ધર્મ દશા પ્રગટ થાય છે.

## કળશ ૮૧

આત્મા અનંતગુણોનો પિંડ, અસંખ્યપ્રદેશી, અખંડ એક છે. તે ત્રિકાળી વસ્તુ સ્વભાવની અપેક્ષાએ બરાબર છે ને તે નિશ્ચયનયનો પક્ષ છે. વળી જીવ એક નથી, અનેક છે. કારણ કે ગુણભેદ—દર્શન, જ્ઞાન વગેરે અપેક્ષાએ ને સમય સમયની અવસ્થાની અપેક્ષાએ જીવમાં અનેકપણું છે. એમ અનેકપણું ભેદની અપેક્ષાએ બરાબર છે ને તે વ્યવહારનયનો પક્ષ છે. આ પ્રમાણે જ્ઞાનસ્વભાવ વિષે બે નયોના બે પક્ષપાત છે.

અહીં કોઈ કહે કે કોઈ મતવાળા જીવને એક કહે છે ને કોઈ અનેક કહે છે, તો આપણે બન્નેનો પક્ષપાત છોડી દઈએ તો ? છેવટે પક્ષપાત છોડવાનું કહો છો એના કરતાં પહેલેથી જ પક્ષપાત છોડી દઈએ તો ? સમાધાન :—તે તો સ્થૂલ ગ્રહીત મિથ્યાત્વ છે. પ્રથમ તો અનંતા જીવો, પુદ્‌ગલો, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ એમ છ દ્રવ્યો માનવાં પડશે. વળી દરેક દ્રવ્ય વસ્તુ અપેક્ષાએ એક છે ને તે જ વસ્તુમાં ગુણપર્યાયની અપેક્ષાએ અનેકપણું છે. એક જ વસ્તુમાં એક ને અનેકપણું છે, આમ પ્રથમ કબૂલ કરવું પડશે. વસ્તુસ્વરૂપ કબૂલ કર્યા પછી આચાર્ય ભગવાન કહે છે કે ભાઈ, ગુણપર્યાયની અનેકતાનું લક્ષ કરતાં ભેદ પડે છે ને ભેદ ઉત્પન્ન થવાથી રાગ ઉત્પન્ન થાય છે ને સમ્યગ્દર્શન થતું નથી માટે તે ભેદની વાત તો સદાય ગૌણ રાખજે. પણ આત્મા એક છે, એવા રાગમિશ્રિત વિચાર છોડી દે. કારણ કે તે વિકલ્પ પુણ્યબંધનું કારણ છે. તેથી જે જીવ નયપક્ષોના વિકલ્પ છોડી જ્ઞાનસ્વભાવ વિષે ઠરે છે તે આત્માનો અનુભવ પામે છે ને તેને ધર્મ થાય છે.

## કળશ ૮૨

જીવમાં સમયે સમયે અવસ્થા થાય છે તે બીજે સમયે નાશ થાય છે. તે ઉત્પાદ—વ્યયની અપેક્ષાએ જીવ અંતસહિત છે ને પર્યાયદ્રષ્ટિએ તે વાત બરાબર છે. તે વ્યવહારનયનો પક્ષ છે.

૧. જે જીવ ઉત્પાદ—વ્યય પર્યાયમાં હોવા છતાં તેને ન માને એટલે કે દ્રવ્યને પરિણમનશીલ ન માને તે તો વ્યવહારનયમાં પણ આવતો નથી.

૨. વળી જે જીવ પોતાના ઉત્પાદ—વ્યય કર્મને લીધે અથવા પરને લીધે માને અને જડના ઉત્પાદ—વ્યય જીવને લીધે માને અર્થાત્ ઉત્પાદ—વ્યય પરાધીન માને તે પણ વ્યવહારનયમાં છે જ નહિ.

અહીં તો દરેક વસ્તુમાં પર્યાયનું સમયસમયનું પરિણમન સ્વતંત્ર થાય છે, એમ કબૂલે તે પણ હજી વ્યવહારનયનો પક્ષ છે. પણ ત્રિકાળી સ્વભાવથી જુઓ તો આત્મા ધ્રુવ, અનાદિ અનંત છે, તે પ્રથમ કબૂલ કરવું જોઈએ. જે જીવ નિત્ય વસ્તુ કબૂલતો નથી, તેની તો વાત જ નથી પણ ઉત્પાદ—વ્યય હોવા છતાં પદાર્થ ધ્રુવ, આદિ—અંત વિનાનો છે, એમ કબૂલવું તે નિશ્ચયનયનો પક્ષ છે. આમ જ્ઞાનસ્વભાવ વિષે બે નયોના બે પક્ષપાત છે. સમયે સમયે અવસ્થામાં ઉત્પાદ—વ્યય થાય છે ખરા પણ તેના લક્ષે ધર્મ થતો નથી કારણ કે તે અવસ્થા ક્ષણિક છે, માટે તેના ઉપર તો કદી પણ લક્ષ દેવા જેવું નથી, એનો તો પ્રથમથી જ નિષેધ કર્યો છે. પણ આત્મા અંત વિનાનો છે એવા રાગમાં રોકાવું તે ધર્મ નથી. નય, નિક્ષેપ, પ્રમાણના વિચારો પહેલાં હોય ખરા પણ તે વિકલ્પોમાં રોકાવું તે આત્માનું કાર્ય નથી. જડનું કાર્ય આત્માનું કાર્ય નહિ, પુણ્યપાપનું કાર્ય પણ આત્માનું કાર્ય નહિ, પણ નયપક્ષોના રાગમાં રોકાવું તે પણ આત્માનું કાર્ય નહિ—એમ સમજી જે જીવ પોતાના જ્ઞાનસ્વભાવ વિષે ઠરે છે ને નયના વિકલ્પોમાં રોકાતો નથી તેને મનાતીત—વિકલ્પાતીત સ્વઅંતરમાં અનુભવ થાય છે.

## કળશ ૮૩

જીવ પોતાના ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ નિત્ય છે. તે વાત બરાબર છે ને તે નિશ્ચયનયનો પક્ષ છે. સમયે સમયે પર્યાય પલટે છે, એ અપેક્ષાએ જીવ નિત્ય નથી. તે પર્યાયની અપેક્ષાએ બરાબર છે ને તે વ્યવહારનયનો પક્ષ છે.

આમ જીવ વિષે બે નયોના બે પક્ષપાતો છે પણ કોઈ કહે કે આ નિર્ણય પણ કરવો નથી તો તેનું રખડવું મટે નહિ. ચૌદ બ્રહ્માંડમાં ચોરાશીના અવતારમાં આ આત્મા રતન ચારે બાજુ રખડે છે. પરવસ્તુ તારામાં નથી ને પરને લીધે તારું નિત્ય—અનિત્યપણું નથી, તારે લીધે તારામાં નિત્ય—અનિત્યપણું છે, એમ કબૂલ કર્યા પછી આચાર્ય ભગવાન કહે છે કે ભાઈ, પર્યાયમાં અનિત્યપણુ છે, તેના લક્ષે ધર્મ થશે નહિ કારણ કે તે ત્રિકાળી સ્વરૂપ નથી માટે તેમાં અટકીશ નહિ. તેને તો સદાય ગૌણ રાખજે. પણ આત્મા નિત્ય છે, એવા રાગમિશ્રિત વિચારમાં રોકાઈશ તો પણ ધર્મ થશે નહિ માટે જે જીવ નયપક્ષનો રાગ છોડી જ્ઞાનસ્વભાવ વિષે ઠરે છે તેને ધર્મ થાય છે.

## કળશ ૮૪

જીવનું સ્વરૂપ વચનથી કથંચિત્ કહી શકાય છે. વાચક શબ્દ છે ને વાચ્ય તેનો ભાવ છે, એમ વાચક—વાચ્ય સંબંધથી જીવનું સ્વરૂપ કોઈ અપેક્ષાએ કહી

શકાય છે. તે વાત બરાબર છે ને તે વ્યવહારનયનો પક્ષ છે. કોઈ જીવ એમ કહે કે વસ્તુસ્વરૂપ સર્વથા વાણીમાં ન જ આવે તો તે સ્થૂલ અજ્ઞાન છે. કથંચિત્ વાણીમાં આવે છે, એમ ન હોય તો વસ્તુસ્વરૂપ સમજવાનું સાધન બને નહિ માટે કથંચિત્ વાચ્ય છે, તે વ્યવહારનયનો પક્ષ છે. વસ્તુસ્વરૂપ કથંચિત્ વાણીમાં આવવા છતાં તે વાણીથી પાર પડે તેવું નથી કારણ કે આત્મા ચેતન છે ને વાણી જડ છે. જડથી ચેતનનો પાર પમાય નહિ, એ અપેક્ષાએ આત્મા વચનગોચર નથી ને સ્વસંવેદનથી પાર પમાય છે, તે વાત સાચી છે, તે નિશ્ચયનયનો પક્ષ છે. આમ જ્ઞાનસ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાતો છે.

હવે કથંચિત્ આત્મા વાચ્ય છે એ વ્યવહારનયની વાત તો સદાય ગૌણ રાખજે. પણ આત્મા વચનાતીત છે એમ ગોખવાથી સ્વસંવેદન થશે નહિ માટે તે નયના વિકલ્પનો અભાવ કરી જે જીવ જ્ઞાન સ્વભાવ વિષે ઠરે છે, તેને સ્વસંવેદન અનુભવ થાય છે.

## કળશ ૮૫

જીવ અનેકસ્વરૂપ છે. સમયે સમયે અનેક પ્રકારની અવસ્થા થાય છે, એ વ્યવહારનયનો પક્ષ છે ને જીવ અનેક સ્વરૂપ નથી, એ નિશ્ચયનયનો પક્ષ છે. એમ ચિત્ સ્વભાવ વિષે બે પક્ષપાત છે. અનેકતાના લક્ષે ધર્મની પ્રાપ્તિ થતી નથી માટે તે પક્ષ તો ગૌણ કરવા જેવો છે પણ આત્મા અનેકસ્વરૂપ નથી પણ એક સ્વરૂપ છે એવા વિકલ્પમાં પણ રોકાઈશ નહિ. માટે જે જીવ એકસ્વરૂપ—અનેકસ્વરૂપના પક્ષનો રાગ છોડી સ્વભાવમાં ઠરે છે, તેને ધર્મ થાય છે.

## કળશ ૮૬

આત્મા ચેતનારો છે, ચેતના આત્માનો ગુણ છે ને આત્મા ચેત્ય છે એટલે ચેતાવાયોગ્ય છે. ચેતનારો, ચેતના, ચેત્ય એવા ભેદ આત્મામાં પડે છે, તે વ્યવહારનયે બરાબર છે. ભેદ છે, માટે તે વ્યવહારનયનો પક્ષ છે. આત્મામાં એવા ત્રણ ભેદ નથી માટે આત્મા ચેત્ય નથી, એ ત્રિકાળી સ્વરૂપની અપેક્ષાએ બરાબર છે. કારણ કે સ્વરૂપ અભેદ છે, એ નિશ્ચયનયનો પક્ષ છે. આમ ચિત્સ્વભાવ વિષે બે પક્ષપાત છે. અહીં તો આચાર્ય ભગવાન કહે છે કે ચેતનારો, ચેતના, ચેત્ય એવા ભેદને તો અગ્ર કરવા જેવું નથી, તેને તો સદાય ગૌણ રાખજે પણ આત્મા એવા ભેદરહિત છે એટલે ચેત્ય નથી, એમ માત્ર ગોખવાથી સમ્યગ્દર્શન થતું નથી પણ જે જીવ નયોના ભેદને તોડી જ્ઞાનસ્વભાવમાં ઠરે છે તેને સમ્યગ્દર્શન થાય છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે આત્મા કાંઈ કરી શકતો નથી તો આ બધા મંદિર, સ્વાધ્યાયમંદિર, પ્રવચનમંડપ, સમવસરણ મંદિર, વૈરાગ્યચિત્રો વગેરે બધું વ્યવસ્થિત થયું એમ અમને લાગે છે. ને તમો કહો છો કે આત્મા પરનું કાંઈ કરી શકે નહિ, તો આમાં શું સમજવું ?

**સમાધાન :—**એ બધી જડની ક્રિયા છે. મંદિરો વગેરે જડની અવસ્થા ક્ષેત્રાંતર, રૂપાંતર થઈને થાય છે. દિવાલો ઉપર ચિત્રોનું પણ એમ જ છે. કોઈની હોશિયારીથી અથવા શુભ ભાવથી તે અવસ્થા થઈ નથી. આત્મા તેનો કર્તા—હર્તા નથી. તે અવસ્થાઓ થાય તો જીવના શુભભાવને નિમિત્ત કહેવાય ને છદ્મસ્થ જીવને અધૂરી દશામાં શુભરાગ હેય દ્રષ્ટિએ હોય છે ને તે વખતે તે તે પ્રકારના નિમિત્તો ઉપર લક્ષ જાય છે. પણ તે જડની ક્રિયા આત્માનું કર્તવ્ય નથી. નિગોદથી માંડીને કેવળી સુધીના જીવો જડનું—એક પરમાણુનું પણ કરવા શક્તિવાન નથી. અહીં તો વિશેષ એમ કહેવું છે કે જડના કાર્યોનો તો આત્મા કર્તા નથી પણ શુભરાગનો પણ આત્મા કર્તા નથી. અહીં કર્તાકર્મ અધિકારમાં નયોનો અધિકાર નાખવાનું પ્રયોજન એ છે કે નયોના લક્ષે જે રાગ ઉત્પન્ન થાય છે, તે તારું કર્મ ને જ્ઞાનસ્વભાવી આત્મા તેનો કર્તા—એમ કર્તાકર્મ તું માનીશ નહિ. રખે ભૂલ ખાતો. એટલા માટે સૂક્ષ્મ વાત અહીં નાખી છે કે નયપક્ષના સૂક્ષ્મ રાગનો પણ કદી કર્તા થઈશ નહિ ને તે રાગ કરવા જેવો છે એમ માનીશ નહિ. જે જીવ નયપક્ષના રાગને છોડે છે તે ચિત્ સ્વભાવને અનુભવે છે.

## કળશ ૮૭

આત્મા દ્રષ્ટા છે. આત્મામાં દર્શનસામાન્ય તેનો ગુણ છે ને આત્મા પોતે દ્રશ્ય છે—દેખાવાયોગ્ય છે. ભેદદ્રષ્ટિએ તે વાત બરાબર છે ને તે વ્યવહારનયનો પક્ષ છે. આત્મામાં દ્રષ્ટા, દર્શન ને દ્રશ્ય એવા ત્રણ ભેદ નથી તેથી આત્મા દ્રશ્ય નથી, એ નિશ્ચયનયનો પક્ષ છે. આમ જીવસ્વભાવ વિષે બે નયોના બે પક્ષો છે.

આત્મામાં દ્રષ્ટા, દર્શન ને દ્રશ્ય એવા જે ભેદો પડે છે, તે ભેદને તો સદાય ગૌણ રાખજે. કારણ કે ત્રિકાળીમાં એવા ભેદ નથી. વસ્તુ અભેદ દ્રષ્ટાસ્વરૂપ જ છે. એમ માત્ર વિકલ્પ ઉઠાવવાથી ધર્મ થશે નહિ. માટે જે જીવ નયોના પક્ષપાતને છોડે છે તેને અંતર અનુભવ થાય છે.

## કળશ ૮૮

જીવ જણાવાયોગ્ય છે. આત્મા જ્ઞાતા છે, જ્ઞાન તેનો ગુણ છે. દ્રવ્ય ગુણ પર્યાય ત્રણેય જ્ઞેય છે એમ જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય એવા ભેદ પડે છે તે ભેદદ્રષ્ટિએ બરાબર છે ને તે વ્યવહારનયનો પક્ષ છે.

ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ જોવામાં આવે તો જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય એવા ત્રણે ભેદ સ્વભાવમાં નથી. સ્વભાવ તો એવા ભેદ રહિત છે, એ નિશ્ચયનયનો પક્ષ છે. આમ જીવસ્વરૂપ વિષે બે નયોના બે પક્ષો છે.

જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય એવા જે ત્રણ ભેદો પડે છે, એવા ભેદને તો સદાય ગૌણ કરજે પણ સ્વભાવમાં એવા ભેદ નથી. ભેદથી આત્મા જણાય તેવો નથી, એ વાત સાચી છે પણ આત્મા વેદ્ય નથી, એમ રાગ ઉઠાવવાથી સાર્થકતા થતી નથી, માટે જે જીવ એવા નયપક્ષના રાગને છોડે છે તે પોતાના આત્માને જાણે છે ને અનુભવે છે.

**